66

श्री शङ्कर माहात्म्य



શ્રી શંકર માહાત્મ્ય.

(બ્રહ્મોતર ખંડનું શુદ્ધ ગુજરાતી ભાષાંતર).

પ્રગટ કર્તા,

વલ્લભભાઈ નાગરજી

હેડમાસ્તર, લાલબજાર મુખ્ય સ્કૂલ,

ભરૂચ

અમદાવાદ

શ્રી જૈન પ્રિન્ટિંગ પ્રેસમાં

શા. જેઠાલાલ દલસુખભાઇએ છાપ્યું.

મૂલ્ય રૂ. ૦-૧૨-૦

અર્પણ પત્રિકા.



અનંતકોટિ બ્રહ્માંડોના અધિષ્ઠાતા તથા નિરંજન
નિરાકાર, સર્વવ્યાપક અને અશરણશરણ
એવા એક અદ્વિતીય શ્રીશંકર આપ
મ્હારા ઇષ્ટદેવ છો. આપે મ્હારા
ઉપર કૃપા કરી મ-
હારા ચંચળ
ચિત્તને પોતાના ચરણ
કમળમાં સ્થિર કરી સ્વસ્વરૂપનું
ઓળખાણ કરાવ્યું છે અને આ મ-
શોગાન પ્રકાશ કરવામાં સદ્બુદ્ધિ આપી
સહાય કરી છે તો હવે આ ગ્રંથાર્પણ સ્વીકારવા
નમ્ર પ્રાર્થના છે તે_સ્વીકારી_સફળ કરવા કૃપા કરશો.

તથાસ્તુ.

(ઉપોદ્ઘાત.) પ્રસ્તાવના.



પ્રિય વાચક વૃન્દ—આપણી મહાન્ પવિત્ર આર્ય ભૂમિના પ્રાચીન સમયના દેવ, રૂષિ, મુની વગેરે પ્રચંડ તપસ્વીઓએ જગમંડલના કલ્યાણ માટે અરાઢ પુરાણ તથા બીજાં ઉપપુરાણો બનાવેલાં છે તે મહાન્ વિષયો ઉપર હાલના સમયમાં કમનશીબે ઢાંકપિછોડો થયો છે. એટલે ધર્મનું ખરૂં રહસ્ય નહિ સમજતા અન્ય માર્ગીઓએ વિચિત્ર ફેરફાર કરી મૂક્યો છે. તેવા સમયમાં સર્વ લોકોને અનુકુળ થાય એવું એક પુસ્તક બહાર પાડવાને મારા મનમાં લાંબા વખતથી વિચાર હતો. પરંતુ યોગ્ય સમયે મારા એક મિત્ર શાસ્ત્રીજી પ્રેમાનંદ વિ. કેશવરામ કે જેઓ અનુભવી અને વિદ્વાન્ છે તેમના આગળ મારો હેતુ જણાવ્યો જેથી એઓએ એ બાબતનો મને ટેકો આપી પૂરતી મદદ આપવા કબુલ કર્યું. આથી મેં તેમને **બ્રહ્મોત્તરખંડ** નું શુદ્ધ ગુજરાતી ભાષાંતર કરવા પ્રાર્થના કરી, જે તેઓએ ખુશીથી સ્વીકારી ભાષાંતરનું કામ પૂર્ણ કરી મને સોંપ્યું. કે જે ભાષાંતર **શ્રી શંકરમાહાત્મ્ય** એ નામથી બહાર પાડી મારા સ્વધર્મી બંધુઓ આગળ મૂકવા ઇચ્છાથી શક્તિવાન્ થયો છું.

પ્રિય બંધુઓ, આ પુસ્તકમાં બ્રાહ્મણાદિ દરેક હિંદુ વર્ગના માણસોને ઉપયોગી સાધનો મૂકવામાં આવ્યાં છે. ભાષા કઠિણ વાપરી પંડિતાઇ દેખાડવામાં ખુશી નહિ થતાં સામાન્ય વર્ગ પણ તેનો લાભ લે તેટલા સારૂ સરળ ભાષાજ વાપરી છે.

દરેક મનુષ્યે પોતાના ઇષ્ટદેવ નિમિત્તના વિધિઓ જાણવા જોઇએ તેમાં બ્રાહ્મણોએ તો વિશેષ કરી તમામ વિધિ જાણવાની જરૂર છે. ઇષ્ટદેવ તરફની પ્રીતિ માટે આપણા વેદ વ્યાસજીએ સ્કંધ પુરાણમાં કહ્યું છે કે,

या प्रीतिरात्मनः पुत्रेया कलत्रे धनेपि सा
कृता चेच्छिव पूजायां त्रायतेति किमद्भुतं ॥

જે પ્રીતિ પોતાના પુત્ર ઉપર, વળી જે પ્રીતિ સ્ત્રી તથા ધનમાં છે. તેજ પ્રીતિ શંકર પૂજામાં કરી હોય, તો જન્માંતરના પાપોનો નાશ કરી તારે તેમાં આશ્ચર્ય શાનું ?

માટે એવા જે શંકર તેમની પૂજા વગેરેના માહાત્મ્ય સર્વને જાણવાં આવશ્યક છે, પણ એવી આવશ્યકતા પૂરી પાડનાર પુસ્તકરૂપી સાધનુ ગુજરાતીમાં નહિ હોવાથી આ મૂળ પુસ્તકનું શુદ્ધ ગુજરાતી ભાષાંતર બહાર પાડી જીજ્ઞાસુઓના હાથમાં મૂક્યું ઉચિત ધાર્યું છે. ઇષ્ટનો સાક્ષાત્કાર થવા માટે મહાત્માઓએ કર્મ, ઉપાસનાને જ્ઞાન એ ત્રણ મુખ્ય સાધનો શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલાં છે. એ ત્રણેનું ફળ એકજ છે. નિષ્કામ કર્મ, અનન્ય ભક્તિ અને સર્વ વ્યાપક પ્રભુનું અભેદ સ્વરૂપ એ ત્રણેની ઐક્યતા થવામાં આ પ્રચંડ કલિયુગમાં સરલ સાધન કિર્તનભક્તિ છે. બીજાં સાધનો અનુકુલ થવામાં કઠિણતા છે. માટે બનતા સુધી દરેક કથામાં એક કે વધારી શંકરસ્તુતિના પદો યથાશક્તિ ગોઠવ્યાં છે. આધુનિક કાળમાં મોક્ષાર્થ જીતેંદ્રિય સમ્યક જ્ઞાની મહાત્માઓના સત્સંગની ઘણી જરૂર છે. પણ તેવા મહાત્માઓ દરેક ઠેકાણે દરેકને મળવા કઠિણ છે તો તેની થોડી ઘણી ખોટ આ પુસ્તક પૂરી પાડશે.

પુરાણની વાતોને હાલનાં ઘણા માણસો ગપ્પાં તરીકે ગણી કાઢે છે માટે તેમને પુરાણ ઉપર શ્રદ્ધા બેસવા માટે ચાલતા જમાનામાંજ થયલા એવા ભક્તોના ચમત્કારી ચરિત્રો આ પુસ્તકના પાછલા ભાગમાં આપવામાં આવ્યાં છે.

પ્રીય વાંચકો આ પુસ્તકનો સાર ગ્રહણ કરી પ્રગટ કરનારના શ્રમને પાર પાડશો તો લેખક તથા પ્રગટકર્ત્તા બન્ને કૃતાર્થ થયા સમજીશું. હંસશક્તિ પ્રમાણે સાર ગ્રહણ કરી દોષને પડતા મૂકી સુધારી વાંચી લેશો ને પડતા શ્રમ માટે ક્ષમા કરશો. તથાસ્તુ.

મિતિ. સંવત ૧૯૬૦ ના લી.

પોશવદ. ૧૨ પ્રગટકર્ત્તા.

વલ્લભભાઈ નાગરજી

ભરૂચ.

ॐ

॥ श्री गणेशायनमः ॥

॥ श्री शंकर महात्म्य. ॥

શ્રી ગણેશ સ્તુતિ.

गजवदन मचिंत्यं तीक्ष्णदंतं त्रिनेत्रं ।
बृहदुदरमशेषं भूतराजं पुराणम् ॥
अमरवरसुपूज्यं रक्तवर्णं सुरेशं ।
पशुपति सुतमीशं विघ्नराजं नमामि ॥ १ ॥

પદ.

(રાગ ધનાશ્રી.)

વિઘ્ન વિનાશ કરે, હો ગજાનના વિઘ્ન વિનાશ કરે.
સુંઢાદંડ વિરાજીત સુંદર, આદ્ય અનુપમ દેવ. હો ગજાનના૦
સુરનર મુનીજન ગાંધર્વ કિન્નર, પ્રથમ કરે તારી સેવ. હો ગજાનના૦
જન સુખકારક, ભવદુઃખહારક; તારક ગણપતિ દેવ. હો ગજાનના૦
સન્મતિ આપે તું, દુર્મતિ કાપે; પાપદહનકરરે. હો ગજાનના૦

શ્રી સરસ્વતી પ્રાર્થના.

शुद्धां ब्रह्म विचारसार परमां मायां जगद्व्यापिनीं ।
वीणा पुस्तक धारिणी मभयदां जाड्यांधकारा पराम् ॥
हस्ते स्फाटिक मालिकां विदधतीं पद्मासने संस्थितां ।
वंदे तां परमेश्वरीं भगवतीं बुद्धिमदां शारदाम् ॥ १ ॥

॥ श्री भवानीशंकराभ्यानमः ॥



ज्योति मात्र स्वरुपाय निर्मल ज्ञानचक्षुषे ॥
नमः शिवाय शांताय ब्रह्मणे लिंग मूर्त्तये ॥ १ ॥

શૌનકાદિક ઋષિઓ પૂછે છે, હે સુતપુરાણીક તમોએ અનેક પ્રકારનાં પાપોને દૂર કરનારૂં અને પુણ્યની વૃદ્ધિ કરનારૂં એવું શ્રી વિષ્ણુનું ઉત્તમ મહાત્મ્ય અમોને વિસ્તારીને કહ્યું જે અમોએ શુદ્ધ શ્રદ્ધાથી સાંભળ્યું પણ હવે ત્રિપુરાસુરનો નાશ કરનાર જે શ્રી શંકર તેમનું પવિત્ર મહાત્મ્ય કે જે સાંભળવા માત્રથીજ નાના પ્રકારના દોષોને દૂર કરી મોક્ષધર્મને વધારનારૂં છે તે અને તેમના (શંકરના) ભકતોનું મહાત્મ્ય સાંભળવાને ઇચ્છીએ છીએ તો તેમના મંત્ર તેમની પવિત્ર કથા અને તેમની ભક્તિનો પ્રભાવ એઓનું વર્ણન કરવા કૃપા કરો.

સુતપુરાણીક—હે ઋષિઓ સંસારમાં મનુષ્યોને ઇશ્વરકથામાં અહેતુકી (ફળની ઈચ્છા વગરની) ભક્તિ ઉત્પન્ન થાય એજ સનાતન અને પરમ કલ્યાણકારક છે જે તમો મેળવો છો.

હવેથી હું શ્રી શંકરની ભક્તિનું મહાત્મ્ય મારી મતિના અનુસારે વર્ણન કરૂં છું, કારણ કે કોઇ કલ્પ જેટલા આયુષ્યવાળો હોય તે પણ વિસ્તારથી કહેવાને શક્તિવાન નથી.

સર્વ પુણ્યોમાં, સર્વ કલ્યાણમાં અને સર્વ યજ્ઞમાં જપયજ્ઞનેજ સ્મૃતિએ શ્રેષ્ઠ ગણ્યો છે. તેમાં પણ પરમ કલ્યાણને કરવાવાળા શિવષડક્ષરમંત્રને સૌથી શ્રેષ્ઠ ગણ્યો છે. જે પ્રમાણે દેવોમાં શ્રેષ્ઠ શ્રીશંકર છે તે પ્રમાણે મંત્રોમાં શ્રેષ્ઠ ષડક્ષરમંત્ર છે. એ મંત્ર, જપવાવાળાઓને તત્કાળ સિદ્ધિ આપનારો છે. જેથી મુક્તિની ઇચ્છાવાળા બધા ઋષિઓ એનુંજ સેવન કરે છે. એ મંત્રના અક્ષરનું મહાત્મ્ય કહેવાને બ્રહ્મા ચારમુખવાળા છતાં સમર્થ થતા નથી. એ મંત્રમાં શ્રુતિઓ (વેદ વાકયો) સિદ્ધાંત પામેલી નિવૃત્તિ પામે છે. વળી એ મંત્રમાં સર્વજ્ઞ, પરિપૂર્ણ ને સચ્ચિદાનંદ લક્ષણ શિવ રમણ કરી રહ્યા છે. તેમજ સર્વ ઉપનિષદાત્મક એ મંત્રરાજ વડે સર્વ મુનિઓ નિર્વિકાર બ્રહ્મને પામ્યા છે કારણ કે **नमः शिवाय** મંત્રમાં **नमः** પદ તે જીવપણાનું

શિવમાં ઐક્ય બતાવે છે તેથીજ એ મંત્ર કેવળ પરબ્રહ્મ સ્વરૂપ છે. સંસારપાસમાં બંધાયલા પ્રાણીઓનાં કલ્યાણ માટે ॐ નમઃ શિવાય ॥ એ આદ્ય મંત્ર પ્રત્યક્ષ શિવજ છે. જેમને આ મંત્ર હૃદયમાં રમી રહ્યો છે તેમને બીજા અનેક મંત્ર, અનેક તીર્થ, અનેક તપ અને અનેક યજ્ઞથી શું વધારે છે?

જ્યાં સુધી પ્રાણીઓ આ મંત્રનો ઉચ્ચાર કરતા નથી ત્યાં સુધી મહાન દુઃખોથી ભરેલા એવા અતિ કઠણ સંસારમાંથી તેઓ જન્મ મરણથી છૂટતા નથી. સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ અને સર્વ વેદાન્તમાં ઉત્તમ, મોક્ષમાર્ગનો દીવો, માયારૂપ સમુદ્રનો વડવાગ્નિ અને મહાપાતકને દહન કરનાર દાવાનળ રૂપ તે આ ષડક્ષરમંત્રજ છે. વળી મુક્તિની ઇચ્છા કરનાર સ્ત્રી, શુદ્ર કે નીચમાં નીચ જાતિનો માણસ પણ શ્રીશંકરરૂપ એવો પંચાક્ષરમંત્ર (**નમઃ શિવાય**) ધારણ કરી શકે છે. એને દિક્ષા, હોમ, સંસ્કાર, તર્પણ અને કાળની પણ જરૂર નથી. કેમકે ગમે તેવી સ્થિતિમાં અને સમયમાં શિવપંચાક્ષરમંત્ર પવિત્રજ રહે છે. મહાપાતકોનો નાશ કરવાને માત્ર શિવ (કલ્યાણ) એ બે અક્ષરજ શ્રેષ્ઠ છે તો પછી નમસ્કારયુક્ત શિવ શબ્દ મોક્ષને મેળવે એમાં આશ્ચર્ય નથી. તેમાં જે વળી એ મંત્રનો સદ્‌ગુરૂના ઉપદેશથી પાવન ક્ષેત્રમાંજ જો જપ કર્યો હોય તો તે મનેપ્સિત સિદ્ધિને આપે એમાં પણ નવાઇ નથી. માટે સદ્‌ગુરૂને પામીને આ મંત્રરાજનું ગ્રહણ કરી પૂણ્ય ક્ષેત્રમાં તેનો જપ કરવાથી તત્કાળજ સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. માટે જે નિર્મળ, શાન્ત, મિતભાષી, કામ ક્રોધ વિનાના, સદાચારવાળા અને જીતેંદ્રિય એવા ગુરૂએ જો આ મંત્ર કૃપાવડે આપ્યો હોય તો કેવું ઉત્તમ ફળ આપે તે કહેવાને હું અશક્ય છું.

હે મહર્ષિઓ એ મંત્રરાજનો જપ કરવાને માટે ક્યાં ક્યાં સ્થળો યોગ્ય છે તે હું સંક્ષેપમાં કહુંછું તે સાંભળો. પ્રયાગ, પુષ્કર, કેદાર, શ્વેતબિંદુરામેશ્વર, ગોકર્ણતીર્થ અને નિમિષારણ્ય એ તીર્થો જપ કરવા માટે અતિ ઉત્તમ છે. એની કથામાં એક પુરાતન ઇતિહાસનું વર્ણન સાધુઓ કરે છે જે એક વાર કે અનેક વાર પણ સાંભળવાથી મંગળ કરનાર છે તે હું તમોને કહુંછું.

મથુરાં નગરમાં શ્રેષ્ઠ અને સર્વમાન્ય દાશાર્હ એવે નામે રાજા હતો તે મોટો ઉત્સાહી, બુદ્ધિવાન, બળવાન, શાસ્ત્રજ્ઞ, નીતિવાન, કાન્તીવાળો, શૂરો અને ધીર તથા ગંભિર હતો. તે સુંદર વર્ણ તથા રૂપ અને ગુણેયુક્ત

એવી કાશીરાજની પુત્રી વેરે પરણ્યો હતો. લગ્ન કર્યા પછી તે રાજા પોતાને ઘેર ગયો. પછી રાતના સમયે પોતાની સુખંસય્યામાં બેઠેલી પેલી પરણેલી સ્ત્રીને તે રાજાએ પાસે બોલાવી પણ તે સ્ત્રી રાજા પાસે ગઇ નહિ તેથી બળથી બોલાવવાને રાજા ઉભો થયો કે તુરતજ તે સ્ત્રી બોલી. હે મહારાજ! ઘણાં કારણોને લીધે હું વ્રતમાં રહેલી છું તેથી મને અડશો નહિ. ધર્મ અને અધર્મને આપ જાણો છો માટે સાહસ કરશો નહિ. સ્ત્રી પુરૂષના પ્રીતિયોગથી થયેલો સંબંધ આનંદકરે છે. માટે મારી જ્યારે પ્રસન્નતા થાય ત્યારેજ આપણો બેનો સંબંધ થવો યોગ્ય છે. પ્રીતિ વિનાની, ગર્ભિણી, રોગવાળી, વ્રતવાળી અને રજસ્વલા એવી સ્ત્રીની પુરૂષે ઇચ્છા કરવી નહિ જોઇએ. પ્રીતિ, લાલનપાલન અને મનરંજન કરી સ્વામીએ સ્ત્રી સાથે ને સ્ત્રીએ સ્વામી સાથે સંબંધ જોડવો યોગ્ય છે. આ પ્રમાણે કહ્યા છતાં રમવાની ઇચ્છાવાળો કામાતુર રાજા સ્ત્રીને સ્પર્શ કરવા ગયો, પણ તે સ્ત્રીનું શરીર તપેલા લોઢાના ગોળા જેવું લાગવાથી અડકતાં સાથેજ આઘો ખસી ગયો. પછી આશ્ચર્ય પામીને તે રાજા બોલ્યો કે હે સ્ત્રી કમળના દાંડા જેવું તારૂં કોમળ શરીર તે અગ્નિની પેઠે કેમ બાળે છે? આ પ્રમાણે રાજાનું બોલવું સાંભળી હસતાં હસતાં રાણી બોલી કે હે સ્વામી નાનપણમાં મને, ઋષિઓમાં શ્રેષ્ઠ એવા દુર્વાસા મુનિએ કૃપા કરીને શૈવી પંચાક્ષર વિદ્યાનો મંત્ર આપ્યો હતો. તે મંત્રના મહિમાથી મારૂં શરીર પાપ વગરનું થઇ ગયું છે. તેથી કોઇ પણ પાપવાળો પુરૂષ મને અડી શકતો નથી. હે મહારાજ! તમોએ રાજસી ગુણને લીધે પાપકર્મવાળી ગુણકાઓનું સેવન કર્યું છે. તેમજ કુળ ધર્મ પ્રમાણે સ્નાન સંધ્યા પણ કર્યાં નથી, તેમજ કોઇ પવિત્ર મંત્રનો જાપ પણ કર્યો નથી તેને લીધે મારો સ્પર્શ કરવાને તમે અયોગ્યછો.

રાજા કહે છે હે સુંદરાંગી તેં જે શિવ પંચાક્ષરી વિદ્યા સેવી છે તે મને આપ. જેથી હું પણ તારા જેવો નિષ્પાપ થાઉં ને તારી સાથે રમણ કરૂં. રાણી કહે કે હે મહારાજ! આપને ઉપદેશ કરવાને હું લાયક નથી. કારણકે શાસ્ત્રમર્યાદા પ્રમાણે તો આપ મારા ગુરૂ છો માટે વેદશાસ્ત્રમાં નિપુણ એવા ગર્ગાચાર્ય ગુરૂ પાસે જઇને આપ ઉપદેશ લો.

સુતપુરાણીક—એ પ્રમાણે વાત થયા પછી તે સ્ત્રી પુરૂષે ગર્ગાચાર્ય મુનિના આશ્રમમાં આવી મુનિના ચરણ કમળમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ને પ્રસન્ન મૂર્ત્તિ એવા તે ગુરૂનું પૂજન કર્યું. પછી નમ્ર વાણીથી તે રાજા બોલ્યો કે હે ગુરૂદેવ! આપ કૃપા દૃષ્ટિ કરી મને શૈવપંચાક્ષરી વિદ્યાનો

ઉપદેશ કરી કૃતાર્થ કરવા યોગ્ય છો. હે મહારાજ મેં જાણે અજાણે જે પાપો કર્યાં હશે તે એનાથી નાશ થશે. આ પ્રમાણે પ્રાર્થના કરવાથી ગર્ગાચાર્ય મુનિ તે સ્ત્રી પુરૂષને લઇ યમુનાજીના પૂણ્યતીર્થમાં ગયા ને ત્યાં રાજાને એક ઉપવાસ કરાવી તીર્થના જળે સ્નાન કરાવી તથા શ્રીશંકરના ચરણ કમળને પ્રણામ કરાવી પૂર્વાભિમુખે બેસાડી મસ્તકે હાથ મૂકી શિવાત્મક મંત્ર આપ્યો. એટલામાં તરતજ રાજાના શરીરમાંથી હજારો કાળા કાગડા નીકળવા માંડયા તે કાગડાની પાંખો બળેલી હતી અને પોકાર કરતા પૃથ્વીપર પડતા હતા. આવું મોટું બળતું કાગડાનું ટોળું જોઇ તે સ્ત્રી પુરૂષ મુનિને પૂછવા લાગ્યાં કે આ શું નવાઇ? તે કૃપા કરીને કહો. ગર્ગાચાર્યે કહે છે હે રાજન્ તેં હજારો જન્મ લીધેલા તેમાં જે જે દુષ્ટ કર્મરૂપી પાપો કરેલાં તે આ કાગડા રૂપે નાશ પામ્યાં છે. પૂર્વ જન્મોમાં તેં જે પૂણ્ય કરેલાં તેને લીધે કોઇ સ્થળમાં પૂણ્યયોનીમાં તેં અવતાર લીધો હતો અને હાલ પાપ અને પૂણ્યના યોગવડે તું મનુષ્ય યોનીમાં અવતર્યો છું. જે વખતે મેં તને શૈવપંચાક્ષરી વિદ્યાનો ઉપદેશ કર્યો તે વખતે કરોડો પાપો તારા શરીરમાંથી કાગડા રૂપે નીકળી બળી ગયાં. હે રાજા શૈવ પંચાક્ષર મંત્રને ધારણ કરનાર પુરૂષ અનેક જન્મનાં પાપોને તારી પેઠે બાળી નાંખે છે. હવેથી આ પવિત્ર સ્ત્રીના યોગથી અનેક પ્રકારે વિહાર કરી સુખી થા. આવી રીતે મુનિનો આશિર્વાદ મેળવી તે દંપતી પોતાના સ્થાનમાં આવી પોતાની ધર્મપત્નિ સાથે અનેક પ્રકારના વિહાર કરી સ્વધર્મ કર્મ આચરી અંતે મોક્ષને પામ્યાં.

સુતપુરાણિક કહે છે હે સૌનકાદિક ઋષિઓ ચાર વેદ, ઉપનિષદ્, પુરાણ અને શાસ્ત્રોનો અંકુર તેમજ પાપનો નાશ કરનાર શિવપંચાક્ષર મંત્રનો મહા પ્રભાવ મેં સંક્ષેપમાં વર્ણન કરી કહ્યો.

ઇતિ શ્રીસ્કંધપુરાણે બ્રહ્મોત્તરખંડે શૈવપંચાક્ષર વર્ણન-
નામ પ્રથમોધ્યાય. ૧

सूतोवाचः ॥

अथान्यदपि वक्ष्यामि माहात्म्यम् त्रिपुरद्विषः ॥
श्रुतमात्रेण येनाष छिद्यंते सर्वसंशयाः ॥

સુતપુરાણિક કહે છે કે હે ઋષિઓ! ત્રિપુરાસુરનો નાશ કરવાવાળા શ્રી શંકરનું બીજું અતિ પવિત્ર એવું મહાત્મ્ય તમોને કહીશ કે જે સાંભ-

ળવાથીજ સંશય માત્ર નાશ પામે છે એટલુંજ નહિ પણ પાપને નાશ કરવાવાળું, સર્વને આનંદ આપનારૂં તથા સર્વ કામ અને અર્થને મેળવનારૂં એનાથી પર બીજું કોઈ મહાત્મ્ય નથી. વળી એ આયુષ્ય વધારનાર, જય આપનાર તેમજ મુક્તિના માર્ગને વિસ્તારનારૂં છે. અનન્ય ભાવથી કરેલું શંકરનું આરાધન, તે કરનારને આ જન્મ અને અનેક જન્મનાં નાનાં મોટાં પાપોનું પ્રાયશ્ચિત રૂપ કહ્યું છે. ભક્તિથી શંકરનું પૂજન કરવું એ મોટામાં મોટું કલ્યાણ છે એમ શાસ્ત્રનો નિશ્ચય છે. જાણીને કે નહિ જાણીને અથવા ગમે તે હેતુથી કરેલું એમનું પૂજન શ્રવણ વગેરે માણસોને મુક્તિ આપેછે. માઘ માસમાં કૃષ્ણપક્ષની ચતુર્દશીનો ઉપવાસ અતિ ઉત્તમ કહ્યો છે, તેમાં પણ તે રાત્રિનું જાગરણ કરવું ઉત્તમ છે અને તેથી શિવલિંગનું દર્શન, પૂજન એ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. કરોડો અવતારનાં પૂન્યનો યોગ થાય તોજ તે દિવસે બિલ્લીના પાંદડાંથી પૂજા થઇ શકે છે. શિવરાત્રિએ કરેલું શંકરનું પૂજન તે નિરંતર પવિત્ર ગંગાજળમાં સ્નાન કરી હજારો વર્ષ સુધી બિલ્વપત્રથી શંકરનું પૂજન કર્યું હોય તે કરતાં પણ વધારે ફળદાયી છે.

જે જે પૂન્યો ઉતરતા યુગના મહાત્મ્યથી લીન થયાં હોય તે તે પૂન્યો માઘ માસમાં કૃષ્ણપક્ષની ચૌદશને દિવસે પૂજન કરનારને પ્રત્યક્ષ થાય છે. એ ચૌદશને બ્રહ્માદિક દેવલોકો તથા વશિષ્ટ વગેરે મહામુનિઓ પણ અતિ ઉત્તમ પર્વણી માને છે. તે દિવસે કરેલો ઉપવાસ પણ સો યજ્ઞ કરતાં વધારે ફળ આપે છે. તેમજ રાત્રીએ કરેલું જાગરણ અનેક વર્ષના કરેલા તપથી વધી જાય છે. એક બિલ્વપત્રવડે એ ચૌદશને દિવસે શ્રીશંકરનું પૂજન કર્યું હોય તો તેના પૂન્યની સાથે સ્પર્ધા કરવાને ત્રણ લોકમાં કોઇ પુન્ય સમર્થ થતું નથી.

હે ઋષિઓ એ સંબંધી એક પૂન્યકારક કથા કે જે, મેં મહર્ષિ ગૌતમના મુખેથી સાંભળી હતી તે હું તમને કહુંછું.

ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયલો મિત્રસહ એવે નામે રાજા હતો. તે ધર્મનિષ્ઠ, ઉત્તમ ધનુર્ધારી, શાસ્ત્રોની આજ્ઞાને જાણનાર, બળવાન, ઘણો ઉત્સાહી, દયાનો ભંડાર, પૂન્યનુંજ સ્વરૂપ અને તેજ પૂંજ, માયાળુ હૃદયનો, તેમજ પોતાના ચરણ માંડલિક રાજાઓના મુગટની માળાવડે શોભાવનારો હતો. એક વખતે તે રાજા મોટા સૈન્ય સાથે ઘોર અરણ્યમાં શિકાર કરવા ગયો ત્યાં તે ઘણાં મૃગો, વરાહો તથા સિંહોનો શિકાર કરતો ફરે છે એવામાં એક રાક્ષસને જોયો ને તેનો નાશ કર્યો. તે રાક્ષસનો ભાઇ સાથે

હતો તે ભયથી નાશી ગયો ને રાજાનું પરાક્રમ જોઇ વિચાર કરવા લાગ્યો કે આ રાજાને મારાથી જીતી શકાય તેમ નથી, તો મારા ભાઇનું વેર લેવાને એની સાથે પ્રપંચ કરી એનો નાશ કરૂં. એમ વિચાર કરી કેટલોક વખત જવા દઇ સૌમ્ય સ્વરૂપ ધારણ કરી રાજા પાસે આવીને સાષ્ટાંગ પ્રણામ કરી ઉભો રહ્યો. એટલે રાજાએ તેને પૂછ્યું હે વીર ! તું કોણ છે ને શું ઇચ્છાથી આવ્યો છે ? રાક્ષસે જવાબ દીધો હું આપનો નમ્ર સેવક ચરણમાં રહી સેવા કરવા ઇચ્છું છું. રાક્ષસનો આવો વિનય જોઇ રાજા પ્રસન્ન થયો ને રસોઇઆનો ઉપરી તેને બનાવ્યો. રાજા અરણ્યનો વિહાર કાળ પૂરો કરી પોતાના નગરમાં આવ્યો. પેલો રાક્ષસ પોતાની નોકરી, તેનો બૂરો હેતુ પાર પાડવા માટે કૃતજ્ઞતાનો ડોળ કરતો કર્યા કરે છે. એવામાં એક વાર રાજાના પિતાનું શ્રાદ્ધ આવ્યું તે કારણથી મહાજ્ઞાની એવા વશિષ્ઠ મુનિને પોતાને ત્યાં જમવા બોલાવ્યા. કપટી રસોઇઆએ શાકમાં માણસનું માંસ રાંધી તે મુનિના થાળમાં પીરસ્યું. એથી ત્રિકાલજ્ઞાની મુનિ માણસનું માંસ પોતાના ભોજનમાં આવેલું જાણી ક્રોધ કરી બોલ્યા. હે રાજા તેં બુદ્ધિ પૂર્વક પ્રપંચ કરી મને મનુષ્યનું માંસ ખવડાવવાનું કર્યું માટે તું મનુષ્યનો આહાર કરનાર રાક્ષસ થઇશ, એવો શ્રાપ આપ્યો. પણ પાછળથી મુનિને માલમ પડ્યું કે આ કૃત્યમાં રાજાનો અપરાધ નથી એથી દયાળુ ઋષિએ રાક્ષસપણાનો શ્રાપ હે રાજા તને બાર વર્ષ રહેશે એમ જણાવ્યું, પણ રાજા પોતે વિના અપરાધે મુનિના સાહસથી શ્રાપનો ભોગ થઇ પડ્યો તેથી ઋષિના ઉપર ક્રોધે ભરાયો ને વશિષ્ઠ મુનિને સામો શ્રાપ આપવા જાય છે એટલામાં રાજાની અતિ સ્વરૂપવાન મદયન્તિ એવે નામે રૂપ ગુણે યુક્ત અતિ સુંદર સ્ત્રી હતી તેણે પોતાના સ્વામીને નાના પ્રકારે વિનય વાણીવડે સમજાવી ઋષિના અપરાધમાંથી મુક્ત કર્યો. હવે ઋષિના શ્રાપને લીધે તે દિવસથી રાજાના પગ કાળા થઇ ગયા ને તેથી તેનું નામ કલ્મશાંઘ્રી પડ્યું અને રાક્ષસરૂપ થવાથી વનમાં ફરવા લાગ્યો ને મનુષ્યાદિ અનેક પ્રાણિઓનો આહાર કરતો હતો. એક વખતે તે અરણ્યમાં સુંદર રૂપવાળું જુવાન સ્ત્રી પુરૂષનું બ્રાહ્મણનું જોડું જોઇ તેને પકડવા ગયો. એટલે પેલી જુવાન સ્ત્રી બીકને લીધે ગભરાઇ જઇ આક્રંદ કરતી બોલી કે હે ! સૂર્યવંશના યશને ધારણ કરનાર, મદયન્તિ સ્ત્રીના સ્વામી, મિત્રસહ રાજેન્દ્ર, મારા સ્વામીનો નાશ કરશો નહિ. આપ પોતે રાક્ષસ નથી. પણ શરણમાં આવેલા દીનનું રક્ષણ કરનાર છો. હું આપને શરણ આવીછું તો મારા પ્રાણ કરતાં પણ વ્હાલા અને જીવનના અલંકાર એવા મારા સ્વામીનો નાશ કરશો તો મારો પ્રાણ

પહેલોજ નાશ થશે ને એથી આપને બે બ્રહ્મહત્યાનું પાપ લાગશે. માટે એ તરૂણ અને અતિ તપસ્વી તેમજ શાસ્ત્રજ્ઞ મારા સ્વામીને પ્રાણદાન આપી આ બાળક સ્ત્રીને આનંદી કરો. આપના જેવા સાધુ પુરૂષોનો જન્મ, દીનનું રક્ષણ કરવા માટેજ થાય છે.

સુતપુરાણિક કહે છે હે ઋષિઓ ! એ પ્રમાણે પ્રાર્થના કર્યા છતાં પણ નિર્દય થયલા રાક્ષસરૂપ રાજાએ તે બ્રાહ્મણ પુત્રનો નાશ કર્યો. આથી વિધવા થયલી પેલી સાધ્વી સ્ત્રી અસંત દુખ પામી વિલાપ કરતી પોતાના સ્વામીનાં હાડકાં લઇ થોડેક દૂર જઇ ચિતા રચી અને ચિતામાં પડતા પહેલાં રાજાને શ્રાપ આપ્યો કે "હે પાપી રાજા ! મારા સ્વામીનો તેં ભક્ષ કર્યો માટે જે વખતે તું સ્ત્રી સમાગમ કરશે તેજ વખતે તારૂં મૃત્યુ થશે" એમ કહી ચિતામાં પ્રવેશ કર્યો.

મુનિના શ્રાપના બાર વર્ષ પૂરાં થયાં કે રાજા પોતાનું અસલ સ્વરૂપ ધારણ કરી પોતાની રાજધાનીમાં આવી ધર્મથી રાજ્ય ચલાવવા લાગ્યો. પરંતુ સતીએ આપેલા શ્રાપથી તે વિષયસુખ ભોગવી શક્યો નહિ તેથી અપુત્ર રહ્યો. કેટલોક વખત ગયા પછી રાજ્ય છોડીને નીકળેલો તે રાજા અરણ્યમાં જઇ રહ્યો ને તીર્થાટન કરે છે એટલામાં તેની પાછળ પિશાચના જેવી ભયંકર આકૃતિવાળી બ્રહ્મહત્યા આવતી જોઈ. એ બ્રહ્મહત્યા તે, રાજાએ રાક્ષસરૂપમાં બ્રાહ્મણ પુત્રને મારેલો તે હતી. બ્રહ્મહત્યાની ઉપાધિથી અકળાઇ રાજા અનેક મુનિઓની પ્રાર્થના કરતો હતો કે હે મુનિમહારાજ ! મારૂં દુઃખ નિવૃત્ત કરો. ત્યારે મુનિઓએ તે રાજાને તીર્થોમાં સ્નાન કરવાથી તારૂં દુઃખ મટશે એમ કહ્યું. આથી રાજાએ અનેક તીર્થોનું સેવન કર્યું પણ બ્રહ્મહત્યા દૂર થઇ નહિ. છેવટ તે રાજા ફરતો ફરતો મિથિલા નગરીમાં આવ્યો ત્યાં અનેક મુનિથી વેષ્ટિત એવા ગૌતમ મુનિને જોયા. મહામુનિ સૂર્યની માફક અંધકારનો નાશ કરનાર તથા દર્શન માત્રથી તમોગુણનો નાશ કરનાર અને શંકરની માફક બ્રાહ્મણના કુળને દીપાવનાર તેમજ સર્વોત્તમ તપનું પાત્ર એવા શાન્ત મહામુનિ ગૌતમ પાસે આવી મુનિને સાષ્ટાંગ પ્રણામ કરી ઊભો રહ્યો. પછી મહામુનિ ગૌતમે તે સૂર્યવંશી રાજાને પ્રીતિથી હાસ્ય પૂર્વક અમૃતના જેવી વાણીવડે પૂછ્યું, હે રાજા ! તું કુશળ છે ? તારી રાજ્ય સંપત્તિ આનંદકારક છે ને ? તેમજ તારી પ્રજા અંતઃપુરમાં ખુશીમાં રહે છે ? હે ઇક્ષ્વાકુ કુળદીપક તું રાજ્ય સમૃદ્ધિ છોડી આ દારૂણ અરણ્યમાં કેમ ભટકે છે ? તેમજ લાંબા અને ભયંકર નિઃશ્વાસવાળો કેમ છે ? તારી

શું ઇચ્છા છે? રાજા કહે છે કે હે મહામુનિ! આપની કૃપાથી સર્વ કુશળ છે. પવિત્ર વંશના રાજાઓની સંપત્તિ તો બ્રાહ્મણના આશીર્વાદથીજ વૃદ્ધિ પામે છે. પરંતુ હે કરૂણાળુ! મહામુનિ વશિષ્ઠના શાપથી રાક્ષસ દેહધારણ કરી મહાપાપ કરેલું તેથી આ ઘોર સ્વરૂપધારી બ્રહ્મહત્યા પાછળ લાગી છે તે હજારો પ્રાયશ્ચિત કર્યા છતાં પણ શાંત થતી નથી.

તેને માટે અનેક યજ્ઞો કર્યા, અનેક તીર્થોમાં સ્નાન કરી તે તીર્થોનું સેવન કરી પવિત્ર મંત્રના જાપ, સઘળા દેવતાઓનાં ધ્યાન, ઘણાં વ્રત, ફળ મૂળ ભક્ષણ કરી તપ કર્યાં તોપણ કોઇ રીતે એ નિવૃત્ત થતી નથી. આજે આપના દર્શન માત્રથી મારો અંતરાત્મા આનંદ પામ્યો છે તેથી મને લાગે છે કે મારો જન્મ સફળ થયો. શાસ્ત્રોના શ્રવણથી તથા લોકોમાં કહેવાતું સાંભળ્યું છે કે મનુષ્ય પોતાનો મનોરથ પરિપક્વ દશામાં થાય ત્યારે અનેક [illegible] મેળવી શકે છે. તેમ આજ સુધી કરેલાં પુણ્યનો ઉદય થવાને લીધે સંસારના ભયથી રક્ષણ કરનાર આપના ચરણનું દર્શન થયું છે. હે મહામુનિ! મારા ભયને મટાડવા આપ કૃપા કરી [illegible] પધાર્યા છો? આપના પવિત્ર ભાષણથી મારૂં ચિત્ત શાંતિ પામતું થયું છે. હે મુનિ સત્તમ! અનેક પાપોને સેવન કરનાર આ સેવકને આપના પવિત્ર ચરણના શરણમાં લઇ શાન્ત કરો. આ પ્રમાણે સ્તુતિ કરતા રાજાને ગૌતમ મુનિ ઘોર પાપના નાશનો ઉપાય બતાવવા કહેતા રાજાના સમાધાન રૂપે શ્રી શંકરની ભક્તિનું પદ ગાઇ બતાવે છે.

પદ.

(રાગ—આશાગોડી.)

શંકર શરણે તું રહેજે, ઓ મન શંકર શરણે તું રહેજે.
ભોળો દયાળુ એ વાલમ નાથ, ચરણ શરણ ગ્રહી લેજે, ભોળે.
નિજ નિરંજન નિરાકાર શિવ, ચિંતન નિત્ય તું કરજે. ભોળે.
ત્રિગુણ ઉપાધિનું મૈલ નિવારી, [illegible] નિર્મળ કરી રહેજે. ભોળે.
ભવતારણ બળ નંદીજ આપે, તરી જાશે તું તો કહેજે. ભોળે.
અસુરશિરે ડર આશાને [illegible], ભક્ત અભય કર્યા લહેજે. ભોળે.
ત્રિપુરારિ અર્જુનના હરે, શેષ શિર [illegible]. ભોળે.
વિષપાન કર્યું દેવોને કારણ, નીલકંઠ દરશે. ભોળે.
અશરણશરણનું શરણું ગ્રહીને, અન્ય તજી સુખ લેજે. ભોળે.

મુનિ કહે છે હે રાજા! તને ધન્ય છે. શંકર જેવા ભક્તના રક્ષણ

કરનાર છતાં તું તારા પાપથી શા માટે ડરે છે? જોતાં સાથે જ મનને આનંદ પમાડે એવું ગોકર્ણ નામનું તીર્થ છે તે એવાં અનેક પાપોનો સંહાર કરનાર છે. ત્યાં ગયા પછી મોટામાં મોટાં પાપ પણ રહી શકતાં નથી કારણ કે પાપ માત્રનો નાશ કરનાર શ્રી શંકર પરમાત્મા ત્યાં પ્રત્યક્ષની પેઠે વિરાજે છે. જે પ્રમાણે કૈલાસમાં તેઓ શોભે છે તેજ પ્રમાણે ગોકર્ણમાં પણ છે એ તીર્થનું દર્શનજ કલેશ માત્રનો નાશ કરે છે ગોકર્ણ તીર્થમાં અનેક મહાત્માઓ તપ નિમિત્તે જઇ શાન્તિ મેળવે છે. ઇંદ્ર અને બ્રહ્માદિ દેવો પણ સિદ્ધિને વાસ્તે જેને સેવે છે. બીજાં તીર્થમાં લાખ વર્ષ પર્યંત તપ કરતાં જે ફળ મળે છે તે આ તીર્થમાં એક દિવસ ઉત્તમ વ્રત કરવાથી મળે છે. આ તીર્થના પૂર્વદ્વારમાં બાર સૂર્ય, આઠ વસુ ને ચંદ્ર રહે છે. ચિત્રગુપ્ત ને અગ્નિ જેના દક્ષિણદ્વારમાં હમેશ રહે છે. પશ્ચિમદ્વારને વિષે વરૂણ દેવતા ગંગાદિ અનેક તીર્થોને લઇને રહ્યા છે અને ઉત્તરદ્વારમાં વાયુ, કુબેર ને ચંડિકાદિ રહ્યા છે જેનું પૂજન ગંધર્વ માત્ર કરે છે. જે શંકરની સમીપમાં ઘૃતાચી મેનકા, ઉર્વશી, પૂર્વચિત્તિ, અને તિલોત્તમા આદિ અપ્સરાઓ નૃત્ય કરે છે. તથા સપ્ત ઋષિઓ સાથે બીજા અનેક બ્રહ્મર્ષિઓ તેમજ હું વગેરે નિત્ય જેમની ઉપાસના કરીએ છીએ. અખિલ બ્રહ્માંડમાં ગોકર્ણ તીર્થ સમાન એકે તીર્થ નથી. જ્યાં આગળ દેવ, દાનવ, યક્ષ, કિન્નર, ગાંધર્વ અને મનુષ્યો મનમાં ઇચ્છા કરે તે મેળવી શકે છે. ગોકર્ણમાં દેખાતા પથરા માત્ર શિવલિંગ ને પાણી માત્ર તીર્થ ગણાય છે. એમાં કરોડો તીર્થ છે, એમ પૂરાણોમાં વર્ણન કરેલું છે. આ તીર્થનાં શિવલિંગ સત્ય યુગમાં શ્વેતવર્ણ, ત્રેતામાં તામ્રવર્ણ, દ્વાપરમાં પીતવર્ણ અને કળિયુગમાં શ્યામ વર્ણ ધારણ કરેછે. જે મહાબળેશ્વર લિંગ સાતે પાતાળને વ્યાપીને રહ્યું છે, એ કલિયુગમાં લઘુપણાને પામશે. એ તીર્થ પશ્ચિમ સમુદ્રના તીર ઉપર છે જે બ્રહ્મહત્યાદિ મહા પાતકોને પણ ભસ્મ કરી નાંખે છે. એ મહાબળેશ્વર લિંગનું દર્શનજ પાપીને પાવન કરી શિવ પદ આપે છે. જેઓ પૂન્ય તિથિ, પૂન્ય નક્ષત્ર ને પૂન્ય વારે ગોકર્ણ તીર્થના મહાબળેશ્વર લિંગનું પૂજન કરે છે તેઓ શુદ્ધ ભક્તિ મેળવી શ્રી શંકરના ચરણ કમળમાં વાસ કરવા શક્તિમાન થાય છે. અજાણપણામાં પણ જેઓ એ લિંગનું સેવન કરે છે તેઓ બ્રહ્મલોકને પામે છે. રવિ. સોમ ને બુધ એ વાર તથા અમાવાસ્યાને દિવસે ત્યાં સમુદ્રમાં સ્નાન કરી પિતૃ તર્પણ કરી શંકરનું પૂજન કરે તે પરમભક્તિવડે મોક્ષ મેળવે છે. વ્યતિપાતાદિ યોગ, સૂર્યગ્રહણ અને પ્રદોષ યોગમાં પૂજન કરવાથી પણ મોક્ષ મળેછે. હે રાજન! એક પરમ પવિત્ર દિવસ હું તને કહું છું કે જે દિવસે સ્વાભાવિક પ્રાપ્ત

પૂજનથી મહાપાપી પારધી પણ 'પરમપદ પામ્યો છે. તે દિવસ તે માઘ માસની કૃષ્ણપક્ષની ચૈદશ 'છે. એ શિવનો મહોત્સવ દિવસ છે. માઘમાસ, કૃષ્ણપક્ષ, ચતુર્દશી, શિવલિંગ ને બિલ્વપત્ર એ વસ્તુઓ અતિ દુર્લભ છે. હે રાજા! જે મૂર્ખ લોકો ઉપેક્ષા કરી એ મહોત્સવના દિવસે અપવાસ તથા જાગરણ કરતાં નથી તેઓ સંસાર દુખનો વારંવાર ઉપભોગ કરે છે. (જન્મ મરણ પામ્યા જ કરે છે.) ગોકર્ણતીર્થ તો શિવલોક (કૈલાસ) માં જવાની નીસરણી રૂપ છે. હું પણ ગોકર્ણતીર્થથી શ્રી મહાબળેશ્વરના મહોત્સવના દર્શણ પૂજન કરીનેજ આવ્યોછું. એ મહોત્સવને દિવસે તે જોવાને સર્વ દેશોથી ચારે વર્ણ સ્ત્રી, વૃદ્ધ અને બાળક સાથે આવી પોતાનો જન્મ કૃતાર્થ કરે છે. હું તથા આ સર્વ રાજા અને શિષ્યો તથા ઋષિઓ ત્યાં સ્નાન દર્શનાદિ કરીને મહા પવિત્ર વિદેહરાજા યજ્ઞનો આરંભ કરે છે તેના આમંત્રણના પ્રયોજનથી જઇએ છીએ. ત્યાંથી આવતાં રસ્તામાં મેં એક મોટું આશ્ચર્ય જોયું જેથી હું આનંદયુક્ત કૃતાર્થ થયો એમ માનું છું.

॥ प्रत्यागमम् किमप्यंग दृष्टाऽश्चर्यमहं पथि ॥
॥ महानंदेन मनसा कृतार्थोस्मि महीपते ॥ १३९ ॥

ઇતિ શ્રી સ્કંદ પુરાણે બ્રહ્મોત્તર ખંડે ગોકર્ણ મહિમાનું વર્ણન
નામ દ્વિતીયોધ્યાયઃ ॥ ૨ ॥

राजोवाच-किंदृष्टं भवता ब्रह्मन्नाश्चर्यं पथिकुत्रवा ॥
तन्माख्याहियेनाहं कृतकृत्यत्वमाप्नुयाम् ॥ १ ॥

રાજા કહે છે હે મહર્ષિ! તમે માર્ગમાં ક્યાં અને શું આશ્ચર્ય જોયું તે કહો. ગૌતમ કહે ગોકર્ણતીર્થમાંથી નીકળીને આવતાં રસ્તામાં મધ્યાન્હ સમયે એક સરોવર આગળ જળપાન કરી આરામ લેવાને ઝાડની શીતળ છાયામાં હું બેઠો. ત્યાં એક ચાંડાલ સ્ત્રી જોવામાં આવી. જે વૃદ્ધ, આંધળી, શરીરે શુષ્ક, શરીરે ગળત કોઢવાળી અને તેને લીધે લોહીના વહેવાથી પીડાતી હતી. તેથી તથા સૂર્યના સખત તાપને લીધે અને વાયુના પ્રસરણેથી તેનું શરીર દુર્ગંધ મારતું હતું એવી સ્થિતિમાં તે મરવાની અણીપર પડેલી હતી તે જોઈ મને દયા ઉત્પન્ન થઇ તેથી વિચારતો હતો કે આ બિચારી જલદી મરણ પામે તો દુખમાંથી છૂટે. એટલામાં પોતાના તેજના કિરણવડે અંધકારનો નાશ કરનારા શ્રી શંકરના દૂતોને દેવી વિમાન લઇને

આવતા મેં જોયા. તેઓ સૂર્યના તેજરૂપ વિમાનમાં સૂર્યની કાન્તિવાળા, ત્રિશૂળ, ખટ્વાંગ ને ખડ્ગ હસ્તમાં ધારણ કરવાવાળા તથા સર્વ આભૂપણ ધરનારા તેમજ મુગટ ને કુંડળ પહેરેલા શ્રીશંકરના સ્વરૂપ શુભ લક્ષણોથી શોભતા હતા. તે અનુચરોને આવતા જોઈ સ્તુતિપૂર્વક કહ્યું કે હે દેવોત્તમ! શ્રીશંકરના ચરણને અનુસરનારા તે [illegible] કરવાવાળા એવા તમોને હું પ્રણામ કરું છું. હે [illegible] સામાન [illegible]વાળા! તમારું લોકોમાં ફરવું તે માણસોના અનેક પાપનો નાશ કરી કૈલાસની પ્રાપ્તી કરાવવા માટે છે. તો કૃપા કરી કહેશો કે આ પૃથ્વીપર આપ કોનો અનુગ્રહ કરવા પધાર્યા છો? શિવગણો કહે છે કે, આ [illegible] ડોસી જે વૃદ્ધ ને મરણ પામવા તૈયાર થયલી [illegible] છે તેને [illegible] જવાને પ્રભુ [illegible] મોને આજ્ઞા કરી છે. હે [illegible]! [illegible] [illegible] આશ્રયથી મેં [illegible] પ્રશ્ન કર્યો. [illegible] [illegible] યોગ્ય છે તેમ ઘોર પાપ કરનારી આ [illegible] [illegible] [illegible] [illegible]ગ્ય છે. કારણ કે જે [illegible] [illegible] [illegible], [illegible] કરનારી તે હત્યારી છે, વળી જે પશુ માંસનો આહાર કરનારી [illegible] [illegible] ધારનારી છે તેમજ જેને દયા, [illegible] [illegible] [illegible] [illegible] પણ નથી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] કર્યું નથી, ગાદા શિવરાત્રીના [illegible] [illegible] [illegible] [illegible] [illegible], ઇષ્ટાપૂર્તાદિ યજ્ઞ, તીર્થસ્નાન, દાન, [illegible] [illegible] [illegible], [illegible] [illegible] પ્રાયશ્ચિત થાય તેવી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] લઈ જવાનું કારણ મને [illegible] [illegible] [illegible]! [illegible] [illegible] [illegible] [illegible] તો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]! [illegible] ચર્ય (અદ્ભુત [illegible]) [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી! [illegible] [illegible] પાપી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સાંભળી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આશ્ચર્યકારક [illegible] લક્ષણોથી [illegible] હતું. લગ્નયોગ્ય થઈ ત્યારે ઘણા લોકો એનું [illegible] [illegible] આશ્ચર્ય પામતા હતા. એના પિતાએ પાત્ર [illegible] [illegible] શોધી કાઢી તેની સાથે એનું લગ્ન કર્યું. તે [illegible] આચારવાળી [illegible] સ્વામી સાથે ગૃહસ્થાશ્રમ ચલાવતી હતી. દૈવયોગે એ સ્ત્રીના સ્વામી મરણ પામવાથી તે વિધવા થઈ.

ચલી તે દીન સ્ત્રી હાથમાં લાકડી પકડી તેને આધારે ગામમાં ફરવા લાગી, ને ભીખ માગી ઉચ્છિષ્ટ અન્ન વડે પોતાનું પોષણ તે મહા મહેનત વડે કરવા લાગી. એ રીતે મોટા દુખમાં પોતાની જીંદગી ગુજારી વૃદ્ધાવસ્થાને પામી. ઘડપણને લીધે તેનાથી પૂરૂં ચાલી પણ શકાતું નહોતું તેથી વધારે દુખ પામવા લાગી. મહાશિવરાત્રીના મહોત્સવને દિવસે સર્વે લોકો અપવાસવાળા હોવાથી ગામમાંથી તેને અન્ન મળી શક્યું નહિ તેથી ભૂખથી પીડાયલી તે આંધળી જ્યાં માણસનો શબ્દ સંભળાય તે તરફ જવા લાગી. તે દિવસે સર્વે લોકો ગોકર્ણુતીર્થમાં શિવપૂજા નિમિત્તે જતા હતા તેમાં ચારે વર્ણના લોકો તથા રાજા રજવાડા, બ્રાહ્મણો તથા મહાત્માઓ હતા તે લોકોનો શબ્દ સંભળાતો તે તરફ અન્નની ઇચ્છાથી ચાલતી હતી. ચાલતાં ચાલતાં લોકોની પાછળ તે ગોકર્ણુ તીર્થમાં આવી અને થાકી જવાથી રસ્તામાં બેસી જઇ બે હાથ પહોળા કરી દીન વચનોથી બોલવા લાગી કે હે દુખીઓના બેલી અને પૂન્યાત્માઓ આ ભૂખી ને ગરીબડી ઉપર દયા કરો ને મને અન્ન આપો! હે મહાજનો! આ આંધળી, ઘરડી, ટાઢ અને તાપથી પીડીત તેમજ ક્ષુધાતુર, સર્વાંગે બળતી અને જન્માંતરમાં પણ પૂન્ય વિનાની મંદ ભાગીની છું. મારા ઉપર દયા કરો! એમ યાચના કરતી પહોળા હાથ કરીને પડી છે. એમ કરતાં મધ્ય રાત્રીના સમયમાં એક પૂન્યવાન જાત્રાળુએ એક બિલ્વપત્ર તેના હાથમાં નાંખ્યું. હાથમાં આવેલાં બિલ્વપત્રને જોઇ તે ખાવાનું નથી એમ જાણી હાથમાંથી ફેંકી દીધું. પૂર્વજન્મના શુદ્રાવસ્થામાં કરેલા શિવોચ્ચારના સહજ પૂણ્યથી વાયુના સપાટાને લીધે તે પાંદડું મધ્ય રાત્રીએ મહાપૂજન સમયે શ્રી શંકરના મસ્તકપર જઈ પડયું. ઘણી યાચના કરવા છતાં દૈવયોગથી તેને કંઇ પણ ખાવાનું મળ્યું નહિ તેમજ શ્રી ગોકર્ણુ તીર્થના ભદ્રકાળી માતાની પાછળ અપવાસમાં રાત્રી ગાળી. પછીથી મોટા શોકથી સવારે નિરાશ થઇ નગર તરફ જવાને પાછી ફરી પણ અપવાસને લીધે અશક્ત શરીરને લીધે ધ્રુજતી ધ્રુજતી ને પડતી પડતી ચાલતી હતી. વળી સૂર્યના તાપને લીધે પણ વધારે નબળી પડી ગઇ તેથી આ જગ્યાએ પડીછે, એટલામાં કૈલાસવાસી વિશ્વેશ્વર શ્રીશંકર કે જે કરૂણાના સમુદ્ર છે તેઓએ અમોને આજ્ઞા આપી કે એ ચાંડાળણીને અત્રે લાવો. જેથી અમો સર્વે એને લેવા માટે આવ્યા છીએ. હે ગૌતમમુનિ! એ ચાંડાળણીની પ્રવૃત્તિ તમોને યથાર્થ કહી સંભળાવી, જે પ્રમાણે શ્રીશંકરે અધમ મનુષ્ય પ્રત્યે પણ કૃપાળુપણું દેખાડયું ને તેમના પ્રતાપથીજ આ નીચ સ્ત્રી પણ દુખ અને શોકથી રહિત એવા પરમ સ્થાનમાં જાય છે. હે મુનિ! એ સ્ત્રીએ પૂર્વ

જન્મમાં અન્નદાનાદિક કર્યાં નથી. આ જન્મમાં એણે ભૂખ તરસ વગેરે અનેક દુ:ખ ભોગવ્યાં, પૂર્વજન્મમાં વિધવા છતાં કામાંધ થઈ મહાપાતક કર્યાં, તેમજ ગાયનું બચ્ચું જાણ્યા છતાં તેનું ભોજન કર્યું માટે ચાંડાલને ત્યાં જન્મી. જાર કર્માદિ દોષવડે ગળતકોઢવાળી થઇ તેમજ મદિરાપાનના દોષવડે કફ અને હૃદયશૂળ વગેરે રોગથી મહા પીડા પામી. હે મહામુનિ ગૌતમ! સર્વ પ્રાણીઓના પાપનાં ચિન્હ વિવેકથી જોનાર મહાત્મા તરત જાણી શકે છે. આ સંસારમાં અનેક રોગોથી પીડાતા, ધન પુત્ર વિનાના, નબળાં લક્ષણોવાળા, લાજવિનાના એવા જે લોકો છે તેમણે પૂર્વ જન્મમાં મહા પાપો કરેલાં છે એમ જાણો. માટે વિચારવાન માણસે દુ:ખી પ્રાણીઓની ગતિ જોઇને લેશ માત્ર પણ પાપ કરવું નહિ. મનુષ્યનો દેહ ઘણાં ઉત્તમ કર્મ હોય તોજ મળે છે માટે તે મેળવી હમેશાં સત્કર્મજ કરવું ને પાપ કર્મને છોડી દેવું જોઇએ. અતિ દુર્લભ એવો આ મનુષ્ય દેહ લઇને પાપી જનો પણ પોતાના હિતને માટે સ્થિરબુદ્ધિથી શ્રીશંકરનું ધ્યાન કરી પાપથી મુક્ત થાય છે. હે મુનિસત્તમ! પૂર્વના બ્રાહ્મણ જન્મ પછી શૂદ્ર યોનિમાં જનાર આ ચાંડાલણી મરણ પામી ને યમલોકમાં ગઈ તે વખતે યમની સભામાં બેસનાર સર્વ આશ્ચર્ય પામ્યા ને વિચાર કરવા લાગ્યા કે આ સ્ત્રી બ્રાહ્મણને ત્યાં સારા ઉત્તમ કુળમાં જન્મી છતાં ઉત્તર વયમાં (મોટી ઉમરે) કરેલા અનાચારને લીધે એને અત્રે આણી છે તો એને નર્ક સ્થાન આપવું કે કેમ? કારણ કે બાલ્યાવસ્થામાં કરેલું જરા પણ પૂન્ય હોય તો નર્ક સ્થાનનો પ્રતિબંધ (અટકાવ) કરે છે. આ પ્રમાણે વિચાર કરી ભયંકર દંડ આપવાનો નિશ્ચય કર્યો. હજારો જન્મના પૂન્યના વિપાકથી બ્રાહ્મણ જન્મ મળે છે એટલે બ્રાહ્મણ કુળમાં જન્મ પામેલી હોવાથી બીજા જન્મમાં તો એણે પાપ કરેલું નથી. માત્ર આ જન્મમાંજ એણે પાપ કરેલું છે. ગાયના વાછરડાને પોતે મારી નાંખ્યું એમ જાણી પૂર્વ જન્મના પૂન્યના પ્રવાહના યોગે અંતઃકરણની લાગણીથી શિવ શિવ એ શબ્દોનો ઉચ્ચાર કર્યો. જેથી એનું મોટું પાપ તો નાશ પામ્યું છે કારણ કે ભક્તિથી શિવનામ ગ્રહણ કરનાર મનુષ્ય પરમપદ પામે છે. હવે જારકર્માદિ પાપોને લીધે ચાંડાલયોનિમાં એ ઉત્પન્ન થવી જોઇએ. એનાથી બીજું નર્ક શું? એમ ધારી યમ સભાસદોએ આજ્ઞા કરવાથી એ ચાંડાલયોનીમાં જન્મ પામી. ચાંડાલયોની આપતી વખતે યમ સભાસદોએ વિચાર્યું હતું કે ગત જન્મમાં એણે પશ્ચાતાપ યુક્ત શિવોચ્ચાર કરેલા તેથી બીજા જન્મમાં એ મોટું પૂન્ય કરશે. તે પ્રમાણે ચાંડાલ યોનિમાં પૂર્વ પૂન્યના યોગે શિવરા-

[illegible]

[illegible] આ [illegible]

[illegible] શુભ [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] ?

[illegible]

અને [illegible]

[illegible]

[illegible]

[illegible] તથા

હજારો જન્મના પૂન્ય પ્રવાહવડે મેળવેલાં તે સ્થાનમાં સ્ત્રી પુરૂષો આનંદ કરે છે. તે શંકરનો અત્યુત્તમ લોક છે કે જે કુયોગીઓને તો સ્વપ્નમાં પણ દુર્લભ છે. માત્ર શ્રીશંકરના પરમ ભક્તોજ તે મેળવે છે. જે લોકો શંકરની કથામાં હર્ષવાળા, સર્વ પ્રાણીના મિત્રરૂપ, શાંત અને મોહ વિનાના છે તેઓ આ સંસારચક્રને ઓળંગી જઈ શંકરપદ મેળવી અનંત સુખ મેળવે છે. હે રાજા એ પ્રમાણે તું પણ ગોકર્ણ તીર્થમાં જઇ પાપના સમૂહને નાશ કરી કૃતાર્થ થા. ત્યાં સર્વ સમયે સ્નાન કરી મહાબળેશ્વરનું પૂજન કરી અને શિવચતુર્દશીને દિવસે અપવાસ કરી રાત્રે જાગરણ તથા મધ્યરાત્રી સમયે બિલ્વપત્રથી પૂજન કરી સર્વપાપથી મુક્ત થઇ શિવલોકને પામશે. હે રાજા અતિ નિર્મળ ઉપદેશ મેં તને કર્યો છે, જેથી તારૂં શ્રેય (કલ્યાણ) થાઓ. હવે હું જનકપૂરમાં જાઉંછું એમ કહીને નમસ્કારાદિ સત્કારથી પ્રસન્ન થયેલા ગૌતમમુનિ જનકપૂરમાં ગયા. અને રાજા મિત્રસહ પણ અતિ પ્રસન્ન થઇ ગોકર્ણતીર્થમાં ગયા. ત્યાં જઇને પવિત્ર તીર્થમાં સ્નાન કરી શ્રી મહાબળેશ્વરનું પૂજન કરતા માત્રમાં તમામ પાપોને દૂર કરી શ્રીશંકરના પરમપદને પામ્યા. શ્રી શંકરની મનોહર અને પવિત્રકારક આ કથા ભક્તિથી સાંભળે તે અતિ ઉત્તમ એવા શિવચરણના શરણમાં પહોંચે છે.

એ પ્રમાણે તમામ શ્રેયોનું બીજ અને અનેક જન્મના દુરિતને હરનારૂં, મોહાંધકારનો નાશ કરવાવાળું અને દેવોએ પણ સેવવા યોગ્ય એવું કામશત્રુ શ્રીશંકરનું ઉદાર ચરિત્ર કે જે કલ્યાણ ઇચ્છનારા લોકોને નિરંતર સેવવા યોગ્ય છે તે કહી સંભળાવ્યું. ઇતિ.

कथितमशेष श्रेयसामादि बीजं भवसत दुरितघ्नं ध्वस्त मोहांधकारम् ।
चरित यमर गेयं मन्य थारेरुदारं सततमपिनि सेव्यं स्वास्तिमद्‌भिश्च लोकैः ॥

ઇતિ શ્રીસ્કંધપુરાણે બ્રહ્મોત્તરખંડે શિવચતુર્દશી મહાત્મ્ય નામ ત્રતિયોધ્યાય.

सूतोवाचः—भूयोपिशिव महात्म्यम् वक्ष्यामिपरमाद्भूत ॥
शृण्वतां सर्व पापघ्नं भवपाश विमोचनम् ॥ १ ॥

સુતપુરાણિક કહે છે હે ઋષિઓ ફરીને પણ હું તમોને શ્રી શંકરનું અદ્‌ભૂત મહાત્મ્ય કહુંછું. જે સાંભળનારાનાં સર્વ પાપને બાળી નાંખનારૂં અને સંસારરૂપી પાશથી મુક્ત કરનારૂં છે. દુસ્તર સંસાર સમુદ્રમાં ડુબતા જિવાત્માઓને માટે તારનાર શિવપૂજારૂપ નાવ શિવાય બીજી નાવ નથી. માટે બુદ્ધિવાન માણસે શિવપૂજા કરવી જોઇએ. જો તે કરવાને પોતે અશક્ત

હોય તો શિવભકતો જ્યાં પૂજા કરતા હોય ત્યાં જઈ ભક્તિયુક્ત નમ્રબુદ્ધિથી તે જોવી. શિવપૂજા જે મુક્તિરૂપજ ગણાય છે તે કોઇ માણસ અશ્રદ્ધાથી પણ કરે તો તે શિવપદને પ્રાપ્ત થાય છે.

પૂર્વે ભિલ્લ લોકોનો વિમર્દન નામનો રાજા હતો. તે પરાક્રમી, શત્રુલિનાનો અને મહાપ્રતાપી હતો. વળી તે નિરંતર શિકારનો શોખી તેમજ કૃપણ અને નિર્દય તથા સર્વ જાતનાં માંસનું ભક્ષણ કરનારો, ક્રૂર અને અત્યંત વ્યભિચારી હતો. એક બાજુથી આમ નઠારાં કર્મ કરનાર છતાં આળસ રહિત થઈ શ્રી શંકરની નિત્ય પૂજા કરતો અને દરેક મહિનામાં શુદ તથા વદચૌદશે મહાપૂજા કરતો હતો. રાજ્યવૈભવ પ્રમાણે પૂજા કરી તેનું દર્શન કરતાં ઘણો ખુશી થતો અને કોઇવાર તો શંકરની પાસે સ્તુતિ કરતા ને ગુણગાતાં ગાતાં હર્ષમાં નૃત્ય (નાચ) પણ કરતો હતો તે આ પ્રમાણે—

પદ.

(રાગ—કનરો.)

ભજ મન હરત્રિપુરારિ, ભોળે ભજ મન હર ત્રિપુરારિ;
ભાળચંદ્રધારી, શિર ગંગવારિ એ ભોળે ભજ મન.
મિથ્યા માયામાં સીદ લોભાએ, દઢબંધન કરનારી. ભોળે ભજ મન.
ઇંદ્રવારણા પેરે સુંદર, ગર્લે વિષ ધરનારી. ભોળે.
થઇ ન કોઈની થશે ન જાણી, ત્યજી દે એહ ઠગારી. ભોળે.

પદ.

(રાગ–ધનાશ્રી.)

શંકર એક આધાર, રહ્યો તું સર્વત્ર જગદાધાર;
ઉદધિમાં અંતરિક્ષ દશે દિશ, વ્યોમ શૈલ પાતાળ. રહ્યો.
ભસ્મ કાષ્ટજલ પૃથ્વી પવન ને, સ્થાવર જંગમે સાર. રહ્યો.
તૃણ પુષ્પ ને સર્વ ઓષધી, માંહે તું બીજ પ્રકાર. રહ્યો.
સર્વત્ર વ્યાપક શંકર તું છે, વિશ્નુ વદે નિરધાર. રહ્યો.

એની કુમુદવતી એવે નામે રાણી હતી તે પતિવ્રતા, કુલીન, ગુણવાન અને સ્વરૂપે સુંદર હતી. એ રાણી રાજાના દુરાચરણથી પરિતાપ પામવા લાગી. જેથી પોતાના તે સ્વામીને એકાંતમાં મળી નમ્ર વચનથી આ પ્રમાણે પૂછતી હતી. હે સ્વામિન્ ! તમારૂં આ ચરિત્ર કેવું ! આ તમારો દુરાચાર ક્યાં ? અને પરમ પવિત્ર શ્રી શંકર ચરણમાં ભક્તિ ક્યાં ! તમો હમેશાં

નહિ ખાવાની વસ્તુ ખાઓછો, અનેક જાતની હિંસાઓ કરોછો. અને મરજી પ્રમાણે અત્યંત વ્યભિચાર કરોછો છતાં તમારી ભક્તિ આ સર્વેશ્વર (શંકર) માં કેમ ઉત્પન્ન થઇ? કેટલોક વખત વિચાર કરી હસીને રાણી પ્રત્યે તે રાજા બોલ્યો. હે સ્ત્રી! મને ત્રિકાળનું જ્ઞાન છે તેથી મને પૂર્વ જન્મની ખબર છે માટે હું કહુંછું, તે સાંભળ. પૂર્વે હું પપાનગરમાં શ્વાન (કુતરો) હતો. તે શહેરમાં હું કુતરાની સ્થિતિમાં રખડયા કરતો હતો. એકવાર હું ફરતાં ફરતાં શિવમંદિર તરફ જઇ ચઢયો તે દિવસે મહાશિવરાત્રીનો મોટો ઓચ્છવ હતો તેથી ઘણા શિવભકતો ત્યાં પૂજા કરતા મેં જોયા તેને લીધે હું ત્યાં ઉભો રહ્યો. કુતરાનો જન્મ અપવિત્ર ગણાતો હોવાથી મને જોઇને સર્વ લોકો હાથમાં લાકડી લઇને મારવા દોડયા જેથી તે વખતે તો હું નાશી ગયો પણ બલિદાન અને પિંડના લોભે કરીને મંદિરની પ્રદક્ષિણા કરી પાછો ત્યાંજ આવીને ઉભો રહ્યો. વળી લોકો મારવા દોડયા કે પાછો મંદિરની ફરતે ફરી આવી પાછો અસલ જગ્યાએ આવ્યો. એમ વારંવાર આવીને ઉભા રહેતાં લોકો બહુ ખીજવાઇ ગયા ને મારાપર ઘા કરવા મંડયા. એક ઘા મારા શરીરમાં એવો વાગ્યો કે એકદમ હું શિવની સમીપમાંજ મરણ પામ્યો. મરતી વેળા કરેલું શિવનું દર્શન અને મારને ધાકે મંદિરની આજુબાજુ ફરવાથી થયલી પ્રદક્ષિણા તે પૂન્યને લીધે આ જન્મે હું રાજાના કુળમાં ઉત્પન્ન થયો છું. હે સ્ત્રી! મહા શિવરાત્રીએ શ્રી શંકરની મહા પૂજાનું ગયા કુતરાના જન્મમાં મેં દર્શન કરેલું તેને લીધે ત્રિકાળ જ્ઞાની થયો છું. પણ મરણ પામતા પહેલાં ખાવાની વાસનાએથી બંધાયલો માટે આ જન્મે સર્વભક્ષી ને દયા વગરનો છું. હે પતિવ્રતે! વાસનામય પ્રકૃતિ તો વિદ્વાન લોકો પણ ઉલંઘન કરી શકતા નથી. હે પવિત્ર સ્ત્રી! ઉપલાં દર્શન વગેરેનાં મહાત્મ્યને લીધેજ શિવપૂજનપર પ્રીતિવાળો હોઇ ચૌદશને દિવસે જગદ્દગુરૂ શ્રી શંકરનું પૂજન કરૂં છું, જે પરમ કલ્યાણ કરનાર છે. તું પણ દેવના દેવ શ્રી શંકરનું પૂજન કર. રાણી કહે છે હે સ્વામિન્! આપ ત્રિકાળદર્શી હોવાથી મારા પૂર્વ જન્મનું ચરિત જે હોય તે કહો. રાજા કહે છે હે સ્ત્રી! પૂર્વ જન્મે તું પક્ષીની યોનીમાં હોલી હતી. એકવાર તને માંસનો ગઠ્ઠો મળ્યો તે લઇને ઉડતી હતી. તારા મોઢામાં માંસનો ઘઠ્ઠો હતો તે એક બળવાન ગીધે જોયો તેથી તે લઈ લેવાને તારી પાછળ લાગ્યો. ગીધને પાછળ દોડતો જોઇ તું ત્રાસ પામી નાઠી. તારા ભાગ્યને યોગે શ્રીગીરી કે જ્યાં શિવનું મંદિર છે તે ઉપર આવી પહોંચી. ગીધની નજર ચૂકાવવા તું મંદિરની પ્રદક્ષિણા કરી ધ્વજાના આગલા ભાગ

ઉપર બેઠી. પણ તેજ વખતે દુષ્ટ ગીધે આવી પોતાની તીક્ષ્ણ ચાંચવડે તને મારી નાંખી માંસ પિંડ લઇ ચાલ્યો ગયો. હે પતિવ્રતા મરણકાળમાં શ્રી શંકરની પ્રદક્ષિણા અને તેમનીજ સમીપમાં તારો કાળ થયો તે પુણ્યના પ્રભાવવડે આ જન્મે તું રાણી થઇ છે. કુમુદ્વતી કહે છે હે પ્રભુ પૂર્વ જન્મનું ચરિત્ર આપના મોંથી સાંભળી આશ્ચર્ય અને શંકરભક્તિ આ કાળેજ ઉત્પન્ન થયાં છે. આપ ત્રિકાળજ્ઞાની હોવાથી મારે બીજું પણ જાણવાની ઇચ્છા છે કે આ શરીર છોડી આપણે કઇ ગતિ પામીશું ? રાજા કહે છે સાંભળ. આવતા જન્મમાં હું સૈંધવ એવા નામનો રાજા થઇશ. અને તું સંજયેશ નામના રાજાને ત્યાં જન્મ લઈ મારી સ્ત્રી થશે. ત્રીજા જન્મમાં હું સૌરાષ્ટ્ર દેશનો રાજા થઇશ અને તું કલિંગ રાજાની પુત્રી થઇ મારી જોડે લગ્ન કરશે. ચોથા જન્મમાં હું ગાંધાર રાજા થઇશ અને તું માગધ રાજાની કન્યા થઇ મારી જોડે પરણશે. પાંચમે જન્મે હું અવંતીનો રાજા થઇશ ને તું દશાર્હ રાજાને ત્યાં જન્મી મારી સાથે તારાં લગ્ન થશે. છઠ્ઠે જન્મે હું આનર્ત્ત દેશનો રાજા થઇશ ને તું યયાતિ રાજાની પુત્રી થઈ મારી રાણી થશે. સાતમા જન્મમાં હું પાંડય રાજાને ત્યાં ઉત્પન્ન થઇશ તે વેળા હું સ્વરૂપવાન, ગુણવાન, ઉદાર, શાસ્ત્રતત્વને જાણનાર, બળવાન, પરાક્રમી અને સર્વે લોકને આનંદ આપનાર પદ્મવર્ણ એવા નામનો રાજા થઇશ અને તું વિદર્ભ દેશના રાજાને ત્યાં વસુમતી નામની પુત્રી થશે. તારા પિતા સ્વયંવર કરશે તેમાં સર્વે રાજાઓને છોડી તું મને વરમાળ પહેરાવશે. તે વખતે જે રાજાઓ મારી સામે થશે તેને હરાવી હું તને પરણીશ. પછી ઘણાં વર્ષો સુધી રાજ્યવૈભવ ભોગવીશું. એ જન્મમાં મોટા અશ્વમેધાદિ યજ્ઞોવડે દેવ, ઋષિ, પિતૃ વગેરેને પ્રસન્ન કરીશું, તેમજ દેવાધિદેવ શ્રી શંકરનું પૂજન કરી અવસ્થાએ પહોંચ્યા પછી પુત્રને રાજ્ય સોંપી વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરીશું. ત્યાં અગસ્ત મુનિ પાસે બ્રહ્મજ્ઞાન પામી તારી સાથે શિવના પરમ પદને પામીશું. એ પ્રમાણે ચૌદશને દિવસે શ્રી શંકરની પૂજા કરનારો ભક્ત સાત જન્મ સુધી રાજ્ય ભોગવીશ. શ્રી શંકરની મહાપૂજાના દર્શન માત્રથી મને એ સુકૃત પ્રાપ્ત થયું. હે સ્ત્રી દુષ્ટાત્મા શ્વાન તે ક્યાં ? અને આ ઉત્તમોત્તમ સદ્ગતિ ક્યાં ? એ પ્રભાવ તે ભોળા અને દયાળુ શ્રી શંકરની પરમ કૃપાનોજ છે. સૂતપુરાણિક કહે છે કે પોતાના સ્વામીએ એ પ્રમાણે કહેતાં રાણી મહા આશ્ચર્ય પામી પતિ સાથે શિવ પૂજનમાં તત્પર થઇ. રાજા અને રાણી બન્ને જણ ઘણા વૈભવો ભોગવી સાત જન્મ પૂરા થતાં શંકરપદને પામ્યાં.

જે શિવપૂજાનું આ અતિ આશ્ચર્યકારક મહાત્મ્ય સાંભળે તે અને

સંભળાવે તે શ્રી શંકરના પરમપદની પદવી મેળવે છે.

यएतच्छिव पूजाया महात्म्यम् परमाद्भूतम् ॥
शृणुयात् कित्तये द्वापि सगच्छेत्परमम्पदम् ॥

ઇતિ શ્રીસ્કંધપૂરાણે બ્રહ્મોત્તરખંડે ચતુર્દશી મહાત્મ્યમનામ ચતુર્થોધ્યાયઃ

सूतोवाचः-शिवोगुरुः शिवोदेवः शिवोबंधुः शरीरीणाम् ॥
शिवआत्मा शिवोजीवः शिवादन्य न किंचन ॥ १ ॥

સૂતપૂરાણિક કહે છે હે ઋષિઓ! શરીર ધારણ કરનારાં પ્રાણીઓનો શિવજ ગુરૂ, શિવજ દેવ, શિવજ બંધુ, શિવજ આત્મા ને શિવજ જીવ છે. શિવથી અન્ય કંઇ નથી. શિવને માનીને જે કંઇ જરા પણ દાન, જપ કે હોમ કર્યાં હોય તે અનંત ફળ આપે છે. એમ સર્વ વેદોએ નિશ્ચય પૂર્વક કહ્યું છે. ભક્તિવડે શંકરને પત્ર, પુષ્પ, ફળ કે જળ જે અર્પણ કરે છે તેને શંકર અનંત કરી માની લેછે. હે ઋષિઓ! સંકલ્પ વિકલ્પ છોડીને જે શંકરનું ભજન કરે છે તે સર્વ બંધનથી મુક્ત થાય છે. જેવી પ્રીતિ માણસને પોતાના પુત્ર ઉપર, સ્ત્રી ઉપર ને ધન ઉપર છે તેવી શિવપૂજામાં કરી હોય તો સંસાર સાગરથી તે તરે છે એમાં આશ્ચર્ય નથી. માટે કેટલાક મહાત્માઓ વિષય વાસનાને છોડી શિવપૂજાને અર્થે નહિ છોડાય એવો પોતાનો દેહ પણ છોડી દેછે. જીભ તેનેજ કહેવી કે જે શિવસ્તવન કરે છે. મન તેજ કે જે શિવમાં રમણ કરે છે. કાન તેજ કે જે શિવકથામાંજ આનંદ માને છે. હાથ તેજ કે જે શંકરની સેવા પૂજા કરે છે. નેત્ર તેજ સફળ છે કે જે શ્રી શંકરના દર્શનમાંજ તૃપ્તી માને છે. મસ્તક તેજ કે જે શિવને નમે છે. ચરણ તેજ કે જે શિવ ક્ષેત્રમાં ભક્તિથી અટણ કરે છે. જેની સર્વ ઇંદ્રિયો શિવ કર્મમાંજ પરોવાય છે તે દુસ્તર સંસારને સહજ તરી જાય છે. નીચ હોવા છતાં પણ જો શંકર ભક્તિ કરે તો તે પણ તરી જાય છે કુળ, આચાર, આચરણ અને ગુણ ગમે તેવાં હોય પણ તે માણસ જો શંકર ભક્તિમાં લીન હોય તો પ્રાણીમાત્રને તે વંદન કરવા યોગ્ય જાણવો.

હે ઋષિઓ ઉજ્જયની નગરીમાં ચંદ્રસેન નામનો રાજા હતો. તે માણસના શરીરવાળો છતાં ઇંદ્ર જેવો તેજસ્વી હતો. તે નગરમાં રહેલા મહાકાળેશ્વર શંકરનું તે નિરંતર પૂજન કરતો હતો. મણિભદ્ર નામનો શંકરનો ગણ તેનો પરમ મિત્ર હતો. મણિભદ્રે પ્રસન્ન થઇ એકવાર રાજાને ચિં-

તામણી આપ્યો. તેને જોવાથી, સાંભળવાથી કે ધ્યાન ધરવાથી તે મણી, મનુષ્યોનું મંગળ કરે એવો હતો. ત્રાંબું, કાંસુ, લોઢું કે પાષાણ તેનો સ્પર્શ કરે તો સોનું થઇ જતું. ચંદ્રસેન રાજા તે મણિને પોતાના ગળામાં હમેશાં પહેરી મૂકતો હતો. એ વાત ફેલાતાં બીજા દેશના રાજાઓ તે મણિ મેળવવા મહેનત કરવા લાગ્યા. કેટલાકે સ્નેહથી તે માગ્યો. કેટલાક જોરથી લેવા પ્રયત્ન કરવા લાગ્યા. તોપણ સર્વની આશા ચંદ્રસેને વ્યર્થ કરી. જેથી સંપ કરીને એકઠા થઇ સોરઠ, કેકય, શાલ્વ, કલિંગ, મદ્રક, પાંચાળ, અવંતી, સૌવીર, અને મગધ એટલા રાજાઓ પોતાનાં લશ્કર સાથે ચંદ્રસેનના ઉપર ચઢી આવ્યા ને ઉજ્જયનીને ચારે તરફ ફરતો ઘેરો ઘાલ્યો. શત્રુસૈન્યથી પોતાનું નગર ઘેરાયલું જોઇ ચંદ્રસેન રાજા મહાકાળેશ્વરને શરણે ગયો ને એકાગ્ર ચિત્તે પૂજા કરવામાં રોકાયો. ત્યાં થઇને એક વિધવા ગોપી પોતાના પાંચ વરસના પુત્રને લઇને જતી હતી તેના જોવામાં આવ્યું જેથી ગોપી આશ્ચર્યકારક શિવપૂજા થતી જોઇ પ્રેમપૂર્વક પ્રણામ કરી પોતાને સ્થાનકે ગઇ. એ તમામ પૂજાપ્રકાર જોઇને ગોપીનો પુત્ર ઘેર ગયા પછી મુક્તિ આપનાર શિવપૂજા ઘણા પ્રેમની સાથે કરવા લાગ્યો. એવી રીતે કે દૂરથી પોતાને પસંદ પડે એવું શિવલિંગ ખોળી લાવ્યો, અને તેનું પોતાના ઘરની પાસે સ્થાપન કર્યું. પોતાને મળી શકે તેવાં ને તેટલાં ફૂલો લાવી ભક્તિવડે તે શિવલિંગને સ્નાન કરાવી ચંદન ફૂલ, દીવો વગેરે યથાશક્તિ દ્રવ્યવડે પૂજા કરી નૈવેદ્યાદિ મહાપૂજાનું મનમાંજ ધ્યાન કરવા લાગ્યો. પૂજા જોઇ ખુશી થઇ વારંવાર નાચ કરતો શ્રી શંકર ભક્તિમાં આરૂઢ થયો. એ પ્રમાણે અનન્ય ભાવથી પોતાના પુત્રને પૂજા કરતો જોઇ ગોપી સ્નેહ વચનથી ભોજન વખતે બોલાવવા લાગી. પૂજામાંજ આસક્ત થયલો તે ગોપપુત્ર ભોજન કરવા પણ ગયો નહિ, ત્યારે તેની માતા ત્યાં પાસે આવી જુએ છે તો પુત્ર શંકર આગળ આંખો મીચી ધ્યાન ધરતો દીઠો. બોલાવ્યા છતાં પુત્ર બોલ્યો નહિ ત્યારે ગોપી તેનો હાથ પકડી ક્રોધવડે ખેંચવા લાગી. તોપણ પુત્ર ચલિત થયો નહિ. પછી ગોપીએ વધારે ગુસ્સે થઈ પૂજાનો ભંગ કરી શિવલિંગ દૂર ફેંકી દીધું. આથી કરીને ગોપપુત્ર હાહાકાર કરીને રડવા લાગ્યો. ગોપી તેને ભય બતાવી પોતાના ઘરમાં ગઇ. માતાએ નાશ કરેલી શંકરની પૂજા જોઈ હે દેવ ! હે દેવ ! એ પ્રમાણે બૂમો પાડતો તે બાળક પૃથ્વીપર પડ્યો. આંખો બંધ થયલી હતી અને નેત્રમાંથી આંસુની ધારા ચાલતી એવો બે ઘડી સુધી પડી રહ્યો. એ સમયમાં ગોપપુત્રની અપરિમિત ભક્તિ જોઇ સરજ-

મ્હાર અને ભક્તાધીન શંકરે શિવલિંગની જગાએ સુવર્ણમય બારણાવાળું અને નીલમણીના સ્તંભોથી જડેલું એવું શિવાલયરૂપ તેનું ઘર બનાવી દીધું. ગોપપુત્રે આંખ ઉઘાડી જુએ છે તો સોનાના સુંદર કળશો, સ્ફાટિકની ભીંતો અને મણીજડિત જળાધારીમાં રત્નમય શિવલિંગ તે બાળકે જોયું. બાળક આશ્ચર્ય પામતો ઉઠયો અને સંતોષથી આનંદસાગરમાં તરવા લાગ્યો આ બધો પ્રતાપ શિવ પૂજાનો છે એમ જાણી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ તે પોતાની માતાના અપરાધની શાન્તિ માટે શંકરને કરવા લાગ્યો ને પ્રાર્થના કરવા લાગ્યો કે હે શંકર મૂર્ખ અને તમારો પ્રભાવ નહિ જાણનારી એવી મારી માતાનો અપરાધ ક્ષમા કરશો, તમારી ભક્તિ કરવાથી જરાપણ પૂન્ય થયુ હોય તો તે પ્રતાપથી પણ મારી માનો અપરાધ ક્ષમા કરશો.

પદ.

(રાગ–સોરઠ મલ્હાર.)

અપરાધ ક્ષમાકર મારો, માની લેઇ મુને દાસ તિહારોરે;
અધમ ઉદ્ધારણ આપ કહાવો, તો હુંને ન વિસારોરે. અપરાધ.
દાવાનળ ચોગરદમ ચેત્યો, સૂઝે નહિ એક આરોરે. અપરાધ.
અતિ અકળાયો ધીરજ છોડી, કરૂ અતિ પોકારોરે. અપરાધ.
ચર્મચક્ષુ હવે નિષ્ફળ લાગે, અંતર તુજ આકારોરે. અપરાધ.
પ્રબળ જઠરાગ્નિમાંથી બચાવ્યો, તો હવે કાં ન ઉગારોરે. અપરાધ.
છોડો નહિ એ નિયમ સાચો તો, હવે ધીર નહિ ધારોરે. અપરાધ.
સ્તુતિ સુણી પ્રભુ દીન દયાળુ, પાળ હવે તવ ધારોરે. અપરાધ.

એમ સ્તુતિ વડે શંકરને પ્રસન્ન કરી પ્રણામ કરી સૂર્યાસ્ત સમયે પોતાના ઘરમાં પેઠો. જઇને જુએ છે તો પોતાનું ઘર ઇંદ્રપુરી સમાન અને સોનાની પૃથ્વીથીજ શોભતું જોયું એવા ઉત્તમ ઘરમાં પેસી ખુશી થતો પોતાની માતા પાસે ગયો. માતાને જુએ છે તો તે રત્નોથી જડિત અને અલંકાર તથા દિવ્ય વસ્ત્રોથી સાક્ષાત દેવી જેવી દેખાતી. હર્ષમાં આવી જઇ ઊઠાડવાને તે પુત્ર કોમલ સ્વરથી બોલ્યો. હે માત! તું જાગ અને આ મોટું આશ્ચર્ય તો જો. એ પ્રમાણે મહાત્મા જેવા પોતાના પુત્રનો સ્વર સાંભળી ઉઠીને જુએ છે તો પોતાના ઘરમાં દિવ્ય સંપત્તિ જોઇ. પોતાને, પુત્રને અને ઘરને અપૂર્વ શોભાવાળાં જોઇને તે સુખમાં ગાંડી જેવી થઇ ગઇ. પોતાના પુત્રના મોંથી આ બધી શંકરની પ્રસન્નતાનું ફળ જાણી ચંદ્રસેન રાજાને તે જણાવવા ગઇ. ચંદ્રસેન પોતાના નિત્ય નિયમથી પરવારી રાત્રે ગોપનું ઘર

જોવા આવ્યો. પ્રધાન સાથે આવેલો તે રાજા આ મહાપૂજાનો વૈભવ જોઇ પરમાનંદમાં મગ્ન થયો. ને પ્રેમથી આંખમાં આવેલાં આંસુ સાથે તે ગોપ પુત્રને ભેટયો એ પ્રમાણે અદ્ભૂત શિવપૂજાના મહાત્મ્યની ચર્ચા કરતાં આખી રાત્રી એક ક્ષણકાળની પેઠે ગુજારી.

ઘેરો ઘાલી પડેલા રાજાઓ નગર ચર્ચા જોવા માટે ગયલા અનુચરોના મોથી ચંદ્રસેનની તથા ગોપીપુત્રની અને શંકરના મહાનુભાવની વાર્તા સાંભળી આશ્ચર્ય પામ્યા ને મહાકાળેશ્વરના તથા તેમના ભક્તો–રાજા અને ગોપ પુત્રના દર્શન કરવાને આતુર થયા. આથી બધા રાજાઓએ ચંદ્રસેન પ્રત્યે પૂજ્ય ભાવ થવાથી વેર છોડી શસ્ત્રાસ્ત્ર પણ ફેંકી દીધાં ને દર્શન કરવા માટે શહેરમાં પેઠા. પરમ પૂજ્ય મહાકાળેશ્વરના દર્શન કરી તે રાજાઓ ગોપીકાના ઘર આગળ આવ્યા ને અતિ અદ્ભૂત એવું સ્વયંભૂ (પોતાની મેળેજ ઉત્પન્ન થયેલું) નું લિંગ જોઇ આશ્ચર્ય પામી શ્રી શંકરચરણમાં પૂજ્ય બુદ્ધિવાળા થઇ શિવલિંગને વારંવાર પ્રણામ કરતા હતા. ચંદ્રસેન રાજાએ ત્યાં આવેલા સર્વ રાજાઓને આસનાદિ ઉપચાર પૂજન કર્યું. તે રાજાઓએ શંકર કૃપા મેળવવા માટે સ્વયંભૂ લિંગ આગળ તથા ગોપપુત્રને જાત જાતના વસ્ત્રાલંકારો, ગાયો, હાથીઓ, ઘોડાઓ, રથો, વગેરે અર્પણ કર્યા. વળી બીજા દેશના ગોપ લોકોને બોલાવી એક સ્થાન આપી ત્યાં વસાવી પેલા ભક્ત બાળકગોપને તેઓનો રાજા ઠરાવ્યો. એ વખતે દેવ લોકથી પૂજાયલા એવા તેજસ્વી હનુમાનજી ત્યાં પ્રગટ થયા. તેમને જોઇ સર્વ રાજાઓએ આશ્ચર્યની સાથે ઉભા થઇ સત્કાર પૂર્વક પ્રણામ કર્યા, રાજાઓના વચમાં બેસીને હનુમાન ગોપીપુત્રને બોલાવી આલિંગન દઇ સર્વ રાજાઓના તરફ જોઈ બોલ્યા, હે સર્વ રાજાઓ ! શિવપૂજા વિના મનુષ્યોની બીજે કોઇ પ્રકારે ગતિ થાય તેમ નથી. જુઓ કે આ ગોપપુત્ર શનિવારને દિવસે પ્રદોષ કાળે મંત્રોચ્ચારણ વિના પણ શિવપૂજન કરવાથી અખંડ શ્રેય પામ્યો. શનિવારને દિવસે પ્રદોષ કાળે શિવપૂજન થાય એવો યોગ મહા દુર્લભ છે. આ ગોપીપુત્ર મહા પૂન્યવાન ને લોકોમાં ગોપની કીર્તિને વધારનાર થશે. એના વંશમાં આઠમો પુરૂષ મહાયશસ્વી નંદ નામે રાજા થશે તેને ત્યાં શ્રીકૃષ્ણ પોતે પુત્ર ભાવે પ્રગટ થશે. આજથી આ ગોપપુત્ર શ્રીકર એવે નામે ઓળખાશે. સૂતપુરાણિક કહે છે–હે ઋષિઓ ! એટલું કહીને શ્રી હનુમાનજી તે ગોપપુત્રને શિવપૂજનની વિધિનો ઉપદેશ આપી ત્યાંથી અંતર્ધાન થયા ત્યાર પછી એકઠા મળેલા સર્વ રાજાઓ આનંદ પામી ચંદ્રસેનને પોતાને ત્યાં

આવવાનું આમંત્રણ કરી પોતાને સ્થાનકે ગયા. ગોપીપુત્ર મહા તેજસ્વી હનુમાનજીએ આપેલા ઉપદેશ પ્રમાણે ધર્મજ્ઞ બ્રાહ્મણો પાસે રાખી શંકરનું પૂજન કરવા લાગ્યો. કેટલોક કાળ આનંદમાં ગુજારી શંકરનું આરાધન કરી શ્રીકર તથા ચંદ્રસેન રાજા પરમપદ પામ્યા. આ શ્રી સ્વયંભૂનું પરમ રહસ્ય પવિત્ર તથા યશને આપનાર, પુણ્ય તથા સિદ્ધિને આપનાર તેમજ પાપના સમુહને દૂર કરનાર અને શંકરચરણમાં ભક્તિ આપનારછે તે મેં વિસ્તાર કરીને તમોને કહ્યું.

इदम् रहस्यं परमं पवित्रं यशस्करं पुण्य महर्धिवर्धनम् ॥
आख्यान माख्यात मघौघनाशनं गौरीशपादांबुजभक्तिवर्धनम् ॥

ઇતિ શ્રીસ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે પંચમોધ્યાય ॥ ૫ ॥

ऋषय ऊचुः—यदुक्तं भवतासूत महदाख्यानमद्भुतम् ॥
शंभोर्माहात्म्यकथन मशेषाघहरंपरम् ॥ १ ॥

ઋષિઓ કહે છે કે હે સૂત તમોએ આશ્ચર્યકારક શંકરનું આખ્યાન કહ્યું તે શંકરનું મહાત્મ્ય નાના પ્રકારનાં પાપોને નાશ કરનારૂં છે. વળી સાંભળવાની ઇચ્છા થાય છે કે પ્રદોષને દિવસે શંકરનું પૂજન કરનાર મહાત્માઓ કઇ સિદ્ધિ પામે છે તે કૃપા કરીને કહો. સૂતપુરાણિક કહે છે હે ઋષિઓ લોકકલ્યાણને અર્થે તમે ઉત્તમ પ્રશ્ન કર્યો છે માટે શિવપૂજાનું ફળ હું કહુંછું.

ફળની ઇચ્છા કરવાવાળા પુરૂષોએ દર તેરસને દિવસે સંધ્યાકાળે શંકરનું પૂજન કરવું એને પ્રદોષપૂજન કહે છે. પ્રદોષપૂજનના મહાત્મ્યનું વર્ણન કરવા કોઇ શક્તિમાન નથી, જે પૂજાથી સવ દેવો દેવપણાને પામે છે. પ્રદોષ સમયે, દેવનાદેવ શંકર કૈલાસમાં અનેક દેવો સાથે નૃત્ય કરે છે માટે તે સમયે કરેલી પૂજા, જપ, હોમ, શંકરકથા શ્રવણ અને તેમના ગુણનું વર્ણન એ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને આપનાર છે. દરિદ્રાવસ્થામાં ડૂબી ગએલા ને સંસારના ભયથી ડરેલા એવા માણસોને તરવાને માટે શંકરપૂજન એ શ્રેષ્ઠ માર્ગ છે. પ્રદોષ વેળા શંકરનું પૂજન કરનાર મનુષ્યો દુઃખ, શોક, ભય અને ક્લેષથી મુક્ત થાય છે. બુદ્ધિ વિનાનો, નીચ, દુર્ભાગી અને મૂર્ખ મનુષ્ય પણ પ્રદોષપૂજન વડે અનેક આપત્તિમાંથી મુક્ત થાય છે. શિવ પૂજન કરવાવાળા શત્રુઓથી, સર્પ ડંશથી, કે પર્વતપરથી પડવા છતાં પણ

મૃત્યુ પામતા નથી. એ મહાત્મ્ય વિષે એક પુણ્ય રૂપ ઇતિહાસ કે જે સાંભળનારને કૃતાર્થ કરે છે તે હું તમને કહું છું.

પૂર્વે વિદર્ભ દેશમાં સત્યરથ નામનો એક રાજા હતો. તે કુળાચારી, ધર્મીષ્ટ, સુશીલ ને સત્યવક્તા હતો. સાર્વભૌમ રાજ્ય કરતાં તેનો ઘણો કાળ સુખમાં ગયો. દૈવયોગે એ રાજાની રાજ્યલક્ષ્મી જોઇ અદેખાઇથી બળતા શાલ્વાદિ રાજાઓ, તેનું રાજ્ય લઇ લેવા ચતુરંગ સૈન્ય સાથે આવી વૈદરભી નગરીને ચારે તરફથી ઘેરો ઘાલ્યો. સત્યરથ રાજા પોતાની નગરી ઘેરાયલી જોઇ અતિ સૈન્ય સાથે લઇ લડવા બહાર પડયો. એ લડાઇ ઘણો કાળ પહોંચી. સત્યરથ રાજા બળવાન પણ એકલો હોવાથી લડાઇમાં મૃત્યુ પામ્યો. અને તેનું જીવતું રહેલું લશ્કર જીવવાની આશાથી નાશી છૂટયું. એ પ્રમાણે રાજાને મારી શત્રુસૈન્ય આનંદથી નગરમાં પેઠું. સત્યરથ રાજાની સ્ત્રી પોતાના સ્વામીનું મરણ સાંભળી શોકથી રૂદન કરતી નગરની બહાર નીકળી. પોતે ગર્ભવાળી છતાં પણ સમયનો વિચાર કરી રાત્રીને સમયે અતિ શોકથી તપેલી પશ્ચિમ દિશા તરફ ચાલી. પ્રભાત થતાં રાણી ઘણે દૂર નીકળી ગઇ ત્યાં તે એક તળાવની પાળે સુંદર ઝાડની છાયા તળે બેઠી. દૈવયોગે તે નિર્જન અરણ્યમાં તેને પુત્ર પ્રસવ થયો. ઘણી તરસ લાગવાથી, તે સરોવરમાં ઉતરી પાણી પીવા જાય છે, એટલામાં એક જબરો મગર તેને પાણીમાં ખેંચી ગયો. માતા પિતા વિનાનો નાનો બાળ સરોવરને કિનારે ઝીણા સ્વરથી રૂદન કરતો હતો. દૈવયોગે બાળકનું રૂદન સાંભળી એક બ્રાહ્મણની સ્ત્રી તે અરણ્યમાં આવી ચડી. તે સ્ત્રી સ્વામી અને ધન રહિત હોવાથી યાચના કરી પોતાનું અને પોતાના એક વરસના બાળકનું ઉદર પોષણ કરતી હતી. તેણે આ રાજપુત્રને જોયો. રાજપુત્રને જોઇ તેને દયા ઉત્પન્ન થઇ ને વિચાર કરવા લાગી. અહો ! આ શું આશ્ચર્ય ! આ મેં શું જોયુ ! જે બાળકના નાભિસૂત્રનો પણ છેદ થયો નથી, એવા બાળકને મૂકી એની માતા ક્યાં ગઇ હશે ? એની પાસે, પિતા કે બીજું કોઇ સંબંધી નથી. અનાથ બિચારો દીનબાળક પૃથ્વીપર પડયો પડયો રડે છે. એ ચંડાળ, શુદ્ર કે બ્રાહ્મણ પુત્ર હશે એ શી રીતે માલમ પડે ? ગમે તેમ હશે પણ હું એ અનાથ બાળકને લઇને મારા પુત્રની પેઠે એનું લાલન પાલન કરીશ. એવો તે બ્રાહ્મણ પત્ની વિચાર કરે છે, એટલામાં એક ભિક્ષુક વેશે સાક્ષાત્ અશરણશરણ શ્રીશંકર ત્યાં પ્રગટ થયા અને તે સ્ત્રી પ્રત્યે બોલ્યા. હે સ્ત્રી અંતઃકરણમાં કાંઇ પણ સંશય ન રાખો, આ પુત્રનું રક્ષણ કર. એ

પુત્રથી થોડા વખતમાં તું પરમ શ્રેય પામશે; એટલું કહી શંકર ચાલતા થયા. પૂર્વોક્ત શંકરનું વચન સાંભળી, વિશ્વાસ સાથે તે રાજપુત્રને લઇ પોતાને ઘેર જઇ, તેનું પુત્રની માફક પાલણ પોષણ કર્યું. એક ચક્ર નામે ગામમાં તે નિવાસ કરીને પોતાનું, પોતાના પુત્રનું અને રાજપુત્રનું ઉદર-પોષણ ગામમાં ભિક્ષા માગી કરતી હતી. બંને બાળકો મોટા થયા પછી બ્રાહ્મણોને બોલાવી તેમને વિધિપૂર્વક ઉપવિત ધારણ કરાવ્યું. ઉપવિત ધારણ કર્યા પછી બંને બાળકો ભીક્ષાને માટે ફરવા લાગ્યા. એક દિવસે પેલી બ્રાહ્મણની સ્ત્રી બંને બાળકોને સાથે લઇ ભિક્ષા માગતી-માગતી, એક દેવાલયં આગળ આવી પહોંચી. ત્યાં કેટલાક બ્રાહ્મણો ને વૃદ્ધ મુનિઓ મળ્યા તેમાંથી શાંડિલ્ય મુનિ પેલા બે છોકરાને જોઇ બોલ્યા; આશ્ચર્ય ! દૈવનું બળ વિચિત્રછે, કારણ કે આ બાળક બીજી માતાથી મોટો થઇ ભિક્ષા માગી કાળ નિર્ગમન કરેછે, ને આ બ્રાહ્મણની સ્ત્રીનેજ માતા માને છે. બ્રાહ્મણ પુત્રની સાથે સંસ્કાર થવાથી એ બ્રાહ્મણપણાને પામ્યો છે. એ પ્રમાણે શાંડિલ્ય મુનિનું વાક્ય સાંભળી સભામાં સાષ્ટાંગ પ્રણામ કરી, બ્રાહ્મણની સ્ત્રી બોલી હે મહારાજ આ બાળક, એક ભિક્ષુકના વાક્યપર વિશ્વાસ રાખી મારે ત્યાં આણેલો છે. એનું કુળ હું જાણતી નથી, પણ હું પુત્રની પેઠે એનું પોષણ કરૂં છું. માટે હે મુનિ એ પુત્ર કયા કુળથી ઉત્પન્ન થયેલો છે ? એના માતાપિતા કોણ તે આપનાથી જાણવા ઇચ્છું છું, એ સાંભળી શાંડીલ્ય મુનિ બોલ્યા, કે હે સ્ત્રી ! એ વિદર્ભ રાજાનો પુત્ર છે. એના પિતા યુદ્ધમાં મૃત્યુ પામતાં એની ગર્ભવંતી મા અરણ્યમાં જતી રહી. ત્યાં તળાવના તીર ઉપર એ બાળકનો જન્મ થયો. એની તૃષાતુર મા પાણી પીવા તળાવમાં જતાં મગરે તેનો ભક્ષ કર્યો. એવું સાંભળી આશ્ચર્ય પામી શાંડિલ્ય મુનિને તે પૂછવા લાગી હે મહારાજ વિદર્ભરાજા સર્વ ભોગ છોડી યુદ્ધમાં શા માટે મરણ પામ્યા અને આ રાજપુત્રને દરિદ્રાવસ્થા શામાટે ? એ દરિદ્રાવસ્થા છોડીને પોતાનું રાજ કેમ મેળવશે ? તે કૃપા કરીને કહો. શાંડિલ્ય મુનિ કહે છે, હે સ્ત્રી એ પુત્રના પિતા વિદર્ભરાજા પૂર્વ જન્મમાં પાંડ્ય દેશનો રાજા હતો. તે સર્વ ધર્મજ્ઞ ને પૃથ્વીનું રક્ષણ કરનાર હતો. તે રાજા એક દિવસે પ્રદોષકાળે શંકરના પૂજનમાં બેઠો. ત્રણ ભૂવનના ઇશ્વર જે શંકર તેનું ભક્તિથી પૂજન કરતાં તેણે પોતાના નગરમાં કોલાહલ થતો સાંભળ્યો અને શંકરપૂજન છોડી નગરનું રક્ષણ કરવા રાજભૂવનથી બહાર નીકળ્યો. એ સમયે બહાર નીકળીને જોતાં માલૂમ પડ્યું કે પોતાનો મહા પરાક્રમી પ્રધાન શત્રુપક્ષમાં મળી, શત્રુને લઇ લડાઇ કરવા આવેલો છે. પોતાના પ્રધાનનું આવું વિરૂદ્ધાચરણ જોઇને તે ક્રોધ પામ્યો.

ને યુદ્ધનો આરંભ કર્યો, ને લડાઈ જોડી. શત્રુ જોડે મળી ગયેલા પ્રધાનનું મસ્તક છેદન કર્યું. શત્રુ સૈન્ય નાસી ગયું.અને રાજા જય કરી નગરમાં પેઠો.શંકર પૂજાની સમાપ્તી કર્યા સિવાય ભોજન કર્યું, તેની સાથે પુત્રે પણ તેમજ કર્યું. તે રાજા બીજે જન્મે વિદર્ભ થયો. શંકરની પૂજાથી ભ્રષ્ટ થયો તે માટેજ સુખ ભોગવવાને સમયે તેને શત્રુઓએ માર્યો, ને તેનો પુત્ર જે આ બાળક તે પૂજાની સમાપ્તી વિના જમ્યો હતો; તે આ દરિદ્રાવસ્થાને પામ્યો. એની માતાએ પૂર્વે જન્મમાં પોતાની શોકને કપટથી મારી હતી, તે પાપથી મગરે તેનો નાશ કર્યો. આ એઓની પૂર્વજન્મની કથા મેં કહી સંભળાવી છે. તો એ ઉપરથી જણાય છે કે જે લોકો શંકરની પૂજા કરતા નથી, તેઓ દરિદ્રાવસ્થા પામે છે. સત્ય કહું છું કે હિત, સર્વ વસ્તુનો સાર અને ઉપનિષદનું હૃદય તે હું કહું છું. આ અસાર અને ભયાનક સંસારમાં મનુષ્યને સારભૂત વસ્તુ શંકરના ચરણકમળની સેવા છે. જે લોકો પ્રદોષમાં ગિરજાપતિનું પૂજન કરતા નથી, અને જેઓ શંકરને પ્રણામ કરતા નથી, અને જે મૂર્ખો શંકરની કથાને શ્રવણ કરતા નથી, તેઓ જન્મોજન્મ દરિદ્રાવસ્થા ભોગવેછે. જેઓ પ્રદોષ સમયે અનન્ય ભક્તિથી શંકરના ચરણકમળ પૂજે છે, તેઓ ધન, ધાન્ય, સૌભાગ્ય, સંપત્તિ આદિ સુખો, આ લોકમાં મેળવી કૈલાસવાસ કરેછે. ત્રણ ભૂવનની માતા પાર્વતીને રત્નજડિત સુવર્ણ સિંહાસનપર બેસાડી શંકર નૃત્ય કરવાની ઇચ્છા કરે છે, તે (પ્રદોષ) કાળે સર્વ દેવો પોત પોતાના અધિકારે નૃત્યમાં જોડાઈ સરસ્વતી વીણા, ,ઇંદ્રિ બંસી, અને વિષ્ણુ મૃદંગ ધારણ કરેછે. બ્રહ્મા તાલ અને લક્ષ્મી સ્વર પૂરે છે. અને તમામ દેવો સેવામાં તત્પર થઇ પાર્વતી પતિને પ્રસન્ન કરેછે,યક્ષ, ગંધર્વ, સિદ્ધ, સાધ્ય, વિદ્યાધર,અપ્સરાએ તમામ પ્રદોષ સમયે શંકરની પાછળ રહી,નૃત્યમાં અનુકૂળ થાય છે, માટે પ્રદોષ સમયે એક શિવનું પૂજનજ કરવું યોગ્ય છે કેમકે તેનું પૂજન કરવાથી સર્વ દેવતાઓ પ્રસન્ન થાય છે. હે સ્ત્રી આ તારો પુત્ર પણ પૂર્વ જન્મે બ્રાહ્મણ હતો. તે પૃથ્વીમાં અનેક પ્રકારનાં દાનો લઇ પોતાનો વ્યવહાર ચલાવતો હતો. વેદશાસ્ત્રનો અભ્યાસ અને શુભ કર્મો ન કરવાથી એ પણ દરિદ્રિ થયો છે. એ દોષ નાશ થવા માટે તું શંકરને શરણે જા.

अतो दारिद्र्यमापन्नः पुत्रस्ते द्विजभामिनी ।
तद्दोष परिहारार्थः शरणं यातु शंकरम् ॥ ८१ ॥

ઇતિ શ્રીસ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે પ્રદોષમહિમા વર્ણનનામ ષષ્ટોધ્યાયઃ ॥ ૬ ॥

सूतोवाच–इत्युक्ता मुनिना साध्वी सा विप्रवनिता पुनः ।
तं प्रणम्याथपप्रच्छ शिवपूजाविधेःक्रमम् ॥ १ ॥

એ પ્રમાણે મુનિ કહી રહ્યા બાદ તે બ્રાહ્મણની પવિત્ર સ્ત્રી ફરીથી મુનિ શ્રેષ્ટને પ્રણામ કરી શિવપૂજાના પ્રકાર પૂછવા લાગી. શાંડિલ્ય મુનિ કહે છે, હે સ્ત્રી બે પક્ષમાં ત્રયોદશીને દિવસે નિરાહાર રહેવું, સૂર્યાસ્તથી ત્રણ ઘડી પહેલાં સ્નાન કરવું, દઢ નિયમ ધારણ કરી ધોળું વસ્ત્ર પહેરી, વાણીને નિયમમાં રાખી, સંધ્યા, જપ વગેરે કુળાચાર પ્રમાણે કરી શિવપૂજાનો પ્રારંભ કરવો. શંકરની સામા જમીનને ગોમયાદિથી પવિત્ર કરી ત્યાં સુંદર મંડળ રચી, તે સ્થળમાં ફળ, પુષ્પ, નવાંકુરાદિ પૂજાસાહિત્યની વિવિધ સામગ્રી તૈયાર રાખી સ્થિર આસન કરી બેસવું, ને વેદોક્ત મંત્રવડે શંકરના આસનની કલ્પના કરવી. ત્યાર પછી આત્મશુદ્ધિ ન્યાસવડે કરીને ભૂતશુદ્ધિ જળવડે કરવી, ને બીજમંત્રવડે પ્રાણાયામ કરવો. માહિકાના ધ્યાના વાહનાદિ કરી શંકરનું ધ્યાન કરવું. પોતાના આસનથી ડાબા ભાગમાં ગુરૂને, જમણા ભાગમાં ગણપતિને ને ધર્માદિ દેવોને પ્રણામ કરી પોતાના પાછલા ભાગમાં અધર્માદિ દેવોને પણ પ્રણામ કરવા. આધાર શક્તિથી આરંભીને આત્મા પર્યંત દેવોનું હૃદયમાં ધ્યાન ધરવું. નવશક્તિના મધ્ય ભાગમાં જેનું કોટીચંદ્રસમાન સ્વરૂપ એવા જટાજુટ અને રત્નજડિત મુગટથી શોભી રહેલા શંકરનું ધ્યાન ધરવું. તે શ્યામકંઠ નાગરૂપી ભૂષણથી વિરાજીત, વરદાન આપનારૂં, અભયહસ્તને ધારણ કરનારૂં, વ્યાઘ્રચર્મ પહેરનારૂં, રત્નજડિત સિંહાસન વિરાજીત, એવા શંકરનું ધ્યાન ધરી, તેના વામ ભાગમાં પાર્વતીનું ધ્યાન ધરવું કે જે પાર્વતીનું શરીર સુશોભીત પુષ્પવાળું, સૂર્યના જેવી કાંતિવાળું, વિજળી સમાન તેજસ્વી, મનને આનંદ આપનાર, પુષ્પલોભથી આવેલા અનેક ભમરાઓથી સુશોભીત, મણિકુંડળની કાન્તિથી શોભીત મધુર હાસ્ય અને અરૂણોષ્ઠયને ધારણ કરવાવાળું મુખ, પાશાંકુશને ધારણ કરવાવાળું ને ચતુર્ભૂજ અનેક રત્નોથી જડેલું કંકણ અને કટિ મેખલાથી શોભીત અને દૈવી વસ્ત્ર ધારણ કરવાથી અતિશય શોભે છે. એ પ્રમાણે મહાદેવ અને ગિરિજાનું ધ્યાન ધરી અનુક્રમે ન્યાસાદિથી માંડી શાસ્ત્ર પ્રમાણે હૃદયમાં પૂજન કરવું. પછી પોતે શિવરૂપ થઈ મૂળ મંત્રનું ઉચ્ચારણ કરી બહાર સિંહાસનપર સ્થાપન કરેલા શિવનું પૂજન કરવું. પ્રથમ સંકલ્પ કરી હાથ જોડીને સ્તુતિ કરવી–હે શંકર, ઋણ, પાપ, દુર્ભાગ્ય અને દરિદ્રાવસ્થા દૂર કરવાને માટે અને અનેક જન્મોનાં પાપોનો

નાશ કરવા માટે મારા ઉપર પ્રસન્ન થાઓ. હે વૃષભારૂઢ દુઃખ શોકરૂપી અગ્નિથી તપેલા ને સંસાર ભયથી પીડીત અને અનેક રોગોથી પણ દુખી એવા આ દીનનું રક્ષણ કરો. હે દેવના દેવ મહાદેવ, મારી અર્પણ કરેલી પૂજા પાર્વતિ સહવર્તમાન તમે ગ્રહણ કરો એમ સંકલ્પ કરીને શાસ્ત્ર પ્રમાણે બાહ્યપૂજાનો આરંભ કરવો. ઇશાનમાં ક્ષેત્રપાળ અને વાસ્તોષ પતિને પ્રણામ કરવા ને સરસ્વતિ, કાત્યાયની, ધર્મ, જ્ઞાન, ઐશ્વર્યને અનુક્રમે અષ્ટ દિશામાં પ્રણામ કરવા. સત્વાદિ ત્રણ ગુણોનું મંડળમાં પૂજન કરવું ને ઊંચા ઉત્તમ આસનપર પાર્વતિ સહવર્તમાન શંકરનું સ્થાપન કરવું તેના સમીપમાં બ્રહ્મદેવનું મંડળ કરી, ઊંચું આસન કરવું, વામાદિ શકિત અને દશ દિશાઓમાં પ્રણામ કરવા. હૃદયમાં બીજ સહિત મંત્રનું ઉચ્ચારણ કરી, સ્થાપન કરેલા મંડળપર મહાદેવનું આવાહન કરવું. સોળ માતૃ અને અણિમાદિ અષ્ટ સિદ્ધિ અને આયુધે સહવર્તમાન ઇંદ્રાદિ દેવો, ચંડેશ, દુર્ગા, સ્વામીકુમાર, નંદિ, ગણપતિ, એ દેવોનું અનુક્રમે પ્રથમ પૂજન કરવું. ત્યાર પછી તેજોમય ઉમા સહિત શંકરનું યથામિલિત ઉપચાર વડે પૂજન કરવું. પવિત્ર કરેલા શંખના જળવડે અને પંચામૃતથી મહાદેવના ઉપર રૂદ્રસૂક્તથી અભિષેક કરવો. અને વિવિધ મંત્રોવડે આસનાદિ ઉપચાર અર્પણ કરવા ને સુવર્ણ જડિત દિવ્ય આસનપર શંકરનું સ્થાપન કરવું. પછી આઠ પ્રકારના અર્ધ્ય શુદ્ધોદકવડે અર્પણ કરવા. શુદ્ધોદકથી પાદ્ય સ્નાન આચમન ઇત્યાદિ વેદોક્ત મંત્રોવડે બ્રાહ્મણે અને અન્ય વર્ણે પુરાણોક્ત મંત્રથી અર્પણ કરવા. ફરીથી આચમન આપી ઉપવિત, વસ્ત્રઅલંકાર, ગંધ વગેરે અનુક્રમે અર્પણ કરવાં. ત્યાર પછી બિલ્વપત્ર, મંદાર પુષ્પ, કલ્હાર, કમળ, ધંતુરા, કરેણ પુષ્પ, માલતી પુષ્પ, અપામાર્ગ (જંજેરો), તુલસી ઇત્યાદિ વસ્તુઓમાંથી જે મળી આવે તે વસ્તુઓ શંકરને નિવેદન કરવી. એ પ્રમાણે પુષ્પપૂજા થઇ રહ્યા પછી અગર આદિ સુગંધયુક્ત દ્રવ્યવડે ધૂપ કરી દીવો કરવો. ત્યારપછી પરમપવિત્ર શંકરને દૂધથી પકવેલું અને ઘી સાકર સાથે મોદકાદિ નૈવેદ્ય ધરવું. અને નૈવેદ્યના અન્નમાંથીજ વન્હિમાં વેદોક્ત મંત્રવડે ગુરૂ આજ્ઞા લઇ આહૂતિ આપવી. એ પ્રમાણે શંકરને નૈવેદ્યાર્પણ કર્યા પછી પાન સોપારી આદિ મુખવાસના પદાર્થો તથા હિરણ્ય દક્ષિણા અર્પણ કરવી. તે થઇ રહ્યા પછી ભગવાનને આરતી, મંત્રપુષ્પાંજલી અને દર્પણ આદિ સર્વોપચાર અર્પણ કરવા. જો મનુષ્ય અશક્ત અને દ્રવ્ય વિનાનો હોય તો પોતાની શક્તિ પ્રમાણે પૂજન કરવું કેમકે ભક્તિથી પુષ્પ માત્ર અર્પણ કરવાથી શ્રી દયાળુ એવા શંકર પ્રસન્ન થાય છે. એ પ્રમાણે યથાશક્તિ પૂજન કરી

અનેક રીતે ભગવાન શંકરની સ્તુતિ સાષ્ટાંગ દંડવત્ પ્રણામે કરવી. સ્થાપિત મંડળ સહીત શંકરની પ્રદક્ષિણા કરવી. એ પ્રમાણે સર્વાંગ પૂજા થઇ રહ્યા પછી સંકલ્પવડે તે શંકરાર્પણ કરી, ગિરજાપતિ શંકરની પ્રાર્થના કરવી એવી રીતે કે હે જગન્નાથ સર્વ દેવોમાં શ્રેષ્ટ હે સર્વ ગુણાન્વિત ! હે સર્વવરદાતા નિત્ય વિશ્વંભર, અવિનાશી, નાગેન્દ્ર ભૂષણ, આ જગત સહિત મારો ઉત્કર્ષ કરો. હે ગૌરીપતે, ચંદ્રાઇ શેખર, અનંત ગુણાદયથી વિરૂપાક્ષ, અચિંત્ય, સંસાર સાગરોત્તારણ હે નિરંજન મહાદેવ આ સંસારરૂપી ભયંકર દુઃખથી ખેદ પામેલો એવો હું તે મારાં સર્વ પાપ અને ભયને દૂર કરી રક્ષણ કરો. મહા દારિદ્રગમાં ડુબેલા, અનેક પાપથી હણાયલા, શોકના વિચારથી નિબુદ્ધ થયેલા, રોગથી પીડિત, ઋણના ભારથી વિંટાયલા, દુષ્કર્મથી બળેલા, અને ગ્રહોથી પીડાએલા એવા આ તમારા સેવક ઉપર પ્રસન્ન થાઓ. એ પ્રમાણે પૂજા કર્યાં પછી દ્રવ્યવાન અથવા દરિદ્રિ બંનેએ પ્રાર્થના કરવી ને કહેવું કે, દીર્ઘ આયુષ્ય, સદા આરોગ્ય, દ્રવ્યની વૃદ્ધિ, બળ, નિત્યાનંદ એ હે શંકર તમારી કૃપાથી મને હો. શત્રુઓ નાશ પામો. પ્રજાવર્ગ પ્રસન્ન થાઓ. તમામ મનુષ્યો આપત્તિ વિનાના થાઓ. દુષ્કાળ અને શત્રુ સંતાપ એ પૃથ્વીમાંથી નાશ પામો, અને અન્નસમૃદ્ધિ થાઓ. સર્વ દિશાઓ મને સુખરૂપ થાઓ. હે સ્ત્રી એ પ્રમાણે પ્રદોષકાળમાં ગિરિજાપતિ શ્રી શંકરનું આરાધન કર્યા પછી બ્રાહ્મણોને ભોજન કરાવવું ને દક્ષિણાથી પ્રસન્ન કરવા. એ શંકર પૂજા સર્વ પાપોનો નાશ કરનારી ને અંતે કલ્યાણને આપનારી છે, જે મેં તને કહી સંભળાવી. મહાપાતક ને ઉપપાતક એનો નાશ કરનારી છતાં શિવ દ્રવ્યના હરણથી જે પાપ થાય છે, તેનો એ નાશ કરી શકતી નથી. કારણ કે બ્રહ્મહત્યાદિ મહાપાપોનાં પુરાણોમાં અનેક પ્રાયશ્ચિતો કહેલાં છે. પરંતુ શિવ દ્રવ્ય હરણનાં પ્રાયશ્ચિત તેમાં કહ્યાં નથી. હે વિપ્ર પત્ની ! જે પ્રદોષ વેળાનું શિવપૂજન તને મેં કહ્યું છે તે સર્વ જંતુના પાપને નાશ કરનારૂં છે. માટે તું આ બે બાળક સાથે પ્રદોષકાળે શિવપૂજન કરશે તો તું એક વર્ષમાં મહા સિદ્ધિ પામીશ. એ પ્રમાણે શાંડિલ્ય મુનિનું વચન સાંભળી તે સ્ત્રી બાળકોસહ પ્રણામ કરીને બોલી. હે મહામુનિ ! આજે હું આપના દર્શનથી કૃતાર્થ થઇ અને આ બે પુત્રો તમારે શરણે છે. આ મારા પુત્રનું નામ શુચિવ્રત છે. અને આ રાજપુત્રનું નામ આજથી મેં ધર્મગુપ્ત રાખ્યું છે. અમો ત્રણે તમારા ચરણના સેવકો છીએ. માટે હે મહારાજ દારિદ્રય સમુદ્રમાં પડેલાનું ઉદ્ધારણ કરો. એ પ્રમાણે શરણે આવેલી બ્રાહ્મણીને વિશ્વાસયુક્ત વાક્યો કહીને, શાંડિલ્યમુનિએ બેઉ પુત્રોને શંકર આરાધનનો પરમ મંત્ર આપ્યો. ત્યાર પછી ત્રણે

જણ પ્રણામ કરી શિવ મંદિરથી નીકળ્યાં. તે દિવસથી મહામુનિના ઉપદેશે બંને બાળકો પ્રદોષકાળે દૃઢ ભક્તિથી પૂજન કરવા લાગ્યા ને સ્તુતિ કરતા હતા.

પદ.

(રાગ—ઝનઝોરી.)

મહાદેવ દયાળુ દાતા, ટાળો તાપ ત્રિવિધિ વિધાતા. ટેક.
ખરી ચિંતાની ચિતા આંહી, બાળે છે ભડકે જ્યાંહી;
કહું શું તાત, દુઃખની વાત, ભડકા બહુ તાતા. ટાળો તાપ.
સ્વયંભૂ નિરાકાર, છતાં પ્રગટ્યો થઇ સાકાર;
ધરૂં તુજ ધ્યાન, કર્યું જેમ બ્યાન, વેદ સહુ ગાતા. ટાળો તાપ.
દૂર કરો સહુ જંજાળ; પ્રભુ પ્રસન્ન થઇ આવાર;
મુકો શિર હાથ, રટું દિન રાત, મુનિ મન ધ્યાતા. ટાળો તાપ.
વિભુ કરી નહિ પરીક્ષા, ખમી શકું નહિ હું શિક્ષા;
થયાં જે પાપ, માફી તું આપ; ત્રિભૂવન ત્રાતા. ટાળો તાપ.

પદ.

(રાગ—કાફી.)

કરૂણા કરને કૃપાળ સ્વયંભૂ હૃદય શલ્ય હું અટવાઇ જાઉં. કરૂણા.
પંચાનન, શુલપાણી, મહેશ; ચંદ્રશેખર શક્તિનાથ. સ્વયંભૂ.
પિનાક પાણી, પન્નગેશ્વર; મૃત્યુંજય વિશ્વનાથ. સ્વયંભૂ.
ચંદ્રમૌલી, ગંગાધર તું; મદનાંતક ભૂતનાથ. સ્વયંભૂ.
ભૂતપતિ, શુલપાણી રૂદ્ર; ચંદ્ર ચુડ શિવાકાંત. સ્વયંભૂ.
વૃષભધ્વજ શ્રી નંદીકેશ, વિશ્વરૂપ શંકરા. સ્વયંભૂ.
ત્રિનેત્ર નીલકંઠ સુરેશ, અજ શાશ્વત ગિરિજેશ. સ્વયંભૂ.
ગંગાધારક ત્રિલોચનછો, ધૂર્જટી જટાધરા. સ્વયંભૂ.
જ્ઞાનદીપકથી કરને પ્રકાશિત; અખંડ જ્યોત ઝગાવ. સ્વયંભૂ.

પદ.

(રાગ પીલુ.)

શંકર હર પ્રભુ સંકટ હરરે;
સંકટ હરી મુને શાન્તિ તું કરરે. ટેક.
આધિ વ્યાધિએ અતિ અકળાયો,
તૃષ્ણા ટળી નહિ લોભે લેવાયો. શંકર.

ધાઇ અતિસે બહુ દુઃખ પાયો;
સુખી થવા કર્યા અનેક ઉપાયો. શંકર.
ઉપાય ઉપાધિનું રૂપ ગ્રહેરે,
મુક્ત ઇચ્છા મુને બાંધી જળેરે. શંકર.
અનેક જન્મથી ત્રિવિધ તાપ,
દહન કરે છે મુને શાન્તિ તું આપ. શંકર.

એમ કરતાં ચાર માસ વીતી ગયા. એક વખતે રાજપુત્ર વિના શુચિવ્રત નદીમાં સ્નાન કરવા ગયો. ત્યાં પાણીની લહેરોમાં મોટો વિચિત્ર અને રૂપાળો કળશ જોયો. વિહ્વળ થયેલા બ્રાહ્મણ પુત્રે તે લઇ પોતાના મસ્તક પર ધારણ કરી પોતાને ઘેર ગયો. ઉતાવળથી ઘેર જઇ પોતાની માને કહેવા લાગ્યો કે, હે માતા શંકરનો પ્રસાદ જો. તે જોઇ આશ્ચર્ય પામીને બ્રાહ્મણીએ રાજપુત્રને બોલાવ્યો, અને શંકરપૂજનનું આ ફળ છે, એમ જાણી બેઉ બાળક પ્રતિ કહેવા લાગી. હે પુત્રો આ કળશ સમાનરીતે તમે મારી આજ્ઞાથી વહેંચી લઇ તેનો ઉપયોગ કરો. એ વચન સાંભળી શુચિવ્રત આનંદ પામ્યો. તે સમયે ધર્મગુપ્ત જે શંકર પૂજનમાં મહાવિશ્વાસુ હતો, તે કહેવા લાગ્યો માતા, તમારા પુત્રના સતકર્મને લીધે જે ધન એને પ્રાપ્ત થયેલું તે લેવા હું ઇચ્છતો નથી. એના સુકૃત્યથી મળેલા ધનનો એજ ઉપયોગ કરે. આશા છે કે શ્રી દયાળુ શંકર એજ પ્રમાણે મારા ઉપર પણ કૃપા કરશે. એ પ્રમાણે પૂર્ણ ભક્તિ અને આનંદથી શંકર પૂજન કરતાં એક વર્ષ વીત્યું. એક વાર વસંત ઋતુમાં તે બંને પુત્રો રમવાને દૂર નીકળી ગયા. તે દૂર વનમાં બંને જણે અનેક ગંધર્વ કન્યાઓ રમતી જોઇ, તે ઉત્તમ અંગની કન્યાઓ જોઇને શુચિવ્રત ધર્મગુપ્તને કહેવા લાગ્યો કે અહીંથી આગળ ચાલવું આપણને યોગ્ય નથી, કારણ કે પેલી દેખાતી ગંધર્વ કન્યાઓ વિહાર કરે છે. પવિત્ર પુરૂષો, સ્ત્રીઓને દૂરથી ત્યજે છે. એ ધનયૌવન મદવાળીઓ માણસને નમ્ર વાણીથી મોહિત કરે છે. માટે દ્વિજ ધર્મને પાળનાર વિદ્વાન્ બ્રહ્મચારીએ તેની સાથે સંબંધ યા ભાષણ કરવું ઉચિત નથી માટે હું તે ક્રીડાસ્થાનમાં આવીશ નહિ. એમ કહી શુચીવ્રત પાછો ફરી દૂર ખશી ઊભો રહયો. રાજપુત્રતો આશ્ચર્યયુક્ત થઇને સ્ત્રીઓના મધ્ય ભાગમાં જઇ ઊભો રહ્યો. ગંધર્વ કન્યાઓમાં અતિ સુકુમાર સુંદરાંગી અને શ્રેષ્ટ કન્યા ધર્મગુપ્તને આવેલો જોઇ, વિચાર કરવા લાગી. અહો સુંદર અંગવાળો યુવાન, લાવણ્યરૂપ અમૃતનો સમુદ્ર, વિલાશી,

ચપળ નેત્રવાળો, મધુર હાસ્યવાળો સુકુમાર અને કામદેવ સરખો માલમ પડે છે. એમ આશ્ચર્ય યુક્ત થયેલી તે કન્યા સર્વ સખીઓના તરફ જોઇને કહેવા લાગી. હે સખીઓ અહીંથી સમીપમાં એક ઉત્તમ વન છે, કે જેમાં ચંપક, અશોક, બકુલાદિ અનેક પુષ્પનાં ઝાડો છે, ત્યાં તમો જઇ અનેક પુષ્પો લઇ પાછી આવો, ત્યાં સુધી હું અત્રે રહીશ. એમ કહેતાંમાંજ સર્વે સખીઓ તે વનમાં ગઇ. હવે પેલી શ્રેષ્ટ કન્યા રાજપુત્રને ચપળ દ્રષ્ટિથી જોવા લાગી. યૌવનારૂઢ સ્વરૂપ સંપત્તિથી તિલોત્તમાને પણ તિરસ્કાર કરનારી એવી સ્ત્રીને જોઇ તે કામથી પીડાવા લાગ્યો. ગંધર્વ કન્યાએ સામા આવેલા રાજપુત્રને ઉતાવળથી ઉઠી આસન આપ્યું અને પૂછવા લાગી હે કમળાક્ષી તમો કોણ છો, ક્યાંથી આવ્યા છો, ને કોના પુત્ર છો, તે યથાર્થ કહો. રાજપુત્ર કહે છે, હું વિદર્ભ રાજનો પુત્ર બાળપણામાંથીજ માતા પિતાથી દૂર થયો. શત્રુઓએ અમારૂં રાજ છીનવી લીધું. પરંતુ હે સુંદરાંગી તું કોણ, અહીં શું કામે આવી છે, ને શું કહેવાને ઇચ્છે છે ? ગંધર્વ કન્યા બોલી, કાદ્રવિક નામે ગંધર્વરાજની હું પુત્રી છું, ને મારૂં નામ અંશુમતિ છે. તમને આવતા જોઇ ભાષણ કરવાની ઇચ્છાથી સર્વ સખી વર્ગને આજ્ઞા આપી એકલી ઊભી છું, ગંધર્વ નગરમાં મારા સમાન સંગીત વિદ્યા જાણનાર કોઇ નથી. મારા સમાગમથી દેવકન્યા પણ પ્રસન્ન થાય છે. તે હું સર્વકળાને જાણનારી તેમ સર્વ જણના મનના હેતુઓ જાણવાને સમર્થ છું, વળી આપની ઇચ્છા પણ જાણું છું કે તમારૂં મન મારે વિશે સંલગ્ન થયું છે. હે રાજપુત્ર એ પ્રમાણે મને પણ ઉત્સુકતા છે. આપણા બેનો સ્નેહ વૃદ્ધિ થાય એમ કરો. એમ કહી ગંધર્વ કન્યાએ પોતાના કંઠનો ભૂષણરૂપ મુક્તાહાર રાજપુત્રના ગળામાં નાંખ્યો. રાજપુત્ર પણ તેનો પ્રેમ જોઇ સહર્ષ ગંધર્વ કન્યાને કહેવા લાગ્યો, હે ગંધર્વ કન્યા તેં જે કહ્યું તે સત્ય છે, તથાપિ સાંભળ. દ્રવ્ય અને રાજ્યાસનથી હીન એવા આ રાજપુત્રને તું શા માટે ઇચ્છે છે? હે બાળા તું પિતાવાળી છે, તેથી તેની આજ્ઞા સિવાય સ્વછંદ આચરણ કરવાને યોગ્ય નથી. એવું રાજપુત્રનું વચન સાંભળી, તે અંશુમતિ બોલી કે આપની ઇચ્છા પ્રમાણે થાઓ. હે રાજપુત્ર આપ પોતે સ્વસ્થાને પધારો, પરંતુ પરમ દિવસે પ્રાતઃકાળમાં આ સ્થાનકે આવવા ચૂકશો નહિ. એ પ્રમાણે કહી તે પોતાના સખી વર્ગ તરફ ચાલી. રાજપુત્રે પણ શુચિવ્રત પાસે આવી સર્વ વૃત્તાંત કહ્યું. ત્યાર પછી બંને મિત્રો પોતાના ઘર તરફ ગયા. ત્રીજે દિવસે તેજ સ્થાનમાં પાછા બેઉ જણ ગયાં, તો ત્યાં ગંધર્વ

રાજાને પોતાની કન્યા સાથે ઊભેલો જોયો. ગંધર્વપતિએ પણ એક પુત્રને આવતા જોઈ ઉઠી ઊભો થયો ને આસન પર બેસાડી રાજપુત્રને કહેવા લાગ્યો. હે રાજપુત્ર કાલે હું કૈલાશમાં ગયો હતો જ્યાં પાર્વતી સહ વર્તમાન શંકરનું દર્શન કર્યું. ત્યાં સર્વે દેવોની સમીપમાં કરૂણાળુ પ્રભુ કહેવા લાગ્યા જે પૃથ્વીમાં ધર્મગુપ્ત નામનો એક રાજપુત્ર છે, કે જે રાજ્યથી ભ્રષ્ટ થયેલો અને દ્રવ્ય વિનાનો છે. તે બાળક ગુરૂના વચનથી શ્રદ્ધાયુક્ત મારૂં પૂજન કરે છે, તેના તમામ પિતૃ લોકો આજે મારા કૈલાશ ભૂવનમાં આવ્યા છે. હે ગંધર્વરાજ તેને તું સહાય કર. હવેથી તે કુંવર પોતાનું રાજ મેળવશે ને તેના શત્રુઓનો નાશ થશે. એ પ્રમાણે શંકરની આજ્ઞા થયા બાદ હું મારા ભૂવનમાં આવ્યો. ત્યાં આ મારી કન્યા તમારી જોડે વરવા માટે પ્રાર્થના કરવા લાગી, એ પણ કરૂણાત્મક શંકરનીજ આજ્ઞા છે. એમ માનીને હું આ પુત્રીને લઈને અત્રે આવ્યો છું, અને આ અંશુમતિ મારી કન્યા તને અર્પણ કરૂં છું! શંકરની આજ્ઞાથી તમારા શત્રુનો નાશ કરી તમારૂં રાજ તમને અર્પણ કરીશ. ત્યાં અનેક ભોગો મારી આ કન્યા સાથે ભોગવી દશ હજાર વર્ષ પછી તમે કૈલાશમાં જશો. ત્યાં પણ મારી આ અંશુમતિ કન્યા દિવ્ય દેહની સાથેજ શંકર સાનિધ્યમાં પ્રાપ્ત થશે. એ પ્રમાણે કહી, ગંધર્વરાજે રાજપુત્ર ધર્મગુપ્ત સાથે પોતાની કન્યાનાં લગ્ન કર્યાં અને કન્યાદાનમાં અનેક રત્નો ચુડામણિ મુક્તાફળના હારો તેમજ દિવ્યાલંકારો, વસ્ત્રો, અનેક રથો, દશ હજાર હાથીઓ, અને અનેક ઘોડાઓ અર્પણ કર્યા. વળી એક દિવ્યરથ, ધનુષ્ય, અસ્ત્રો, અભેદ્ય કવચ અને શત્રુ સંહાર કરનારી શક્તિ આપી. પોતાની કન્યાની સેવા કરવાને પાંચ હજાર દાસીઓ આપી, અને તેમને સહાય કરવા માટે અનેક ગંધર્વ સૈન્ય આપ્યું એ પ્રમાણે રાજપુત્ર ઉત્તમ શોભા ને ઇચ્છિત સ્ત્રી મેળવી આનંદ પામ્યો. પછી ગંધર્વ રાજા વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયો. ધર્મગુપ્તે અનેક સેના સાથે પોતાના નગરમાં આવી શત્રુ સૈન્યને માર્યું. ગંધર્વનું સૈન્ય અને તેમની આપેલી શક્તિ જોઇને શત્રુ માત્ર નાસી ગયા ત્યાં પ્રધાનો અને બ્રાહ્મણોએ મળીને કુંવરને રાજ્યાભિષેક કર્યો રત્ન સિંહાસનપર બેસી પોતાનું અકંટક રાજ્ય ધર્મથી ચલાવવા લાગ્યો. જે બ્રાહ્મણની સ્ત્રીએ તેનું પુત્રની પેઠે પોષણ કર્યું હતું, તેજ રાજમાતા થઈ. અને તેનો પુત્ર રાજાનો ભાઈ ગણાવા લાગ્યો. ધર્મગુપ્ત શંકરનું પૂજન કરી ગંધર્વની કન્યા ને વિદર્ભ નગરનું રાજ પામી પૂર્ણાનંદ પામ્યો એ પ્રમાણે કેટલાક ભક્તો પ્રદોષમાં શિવપૂજન કરી ઇચ્છિત મનોરથ મેળવી કૈલાશમાં

જાય છે. સૂતપુરાણીક કહે છે હે ઋષિઓ આ પુણ્યકારી મહાવ્રત ધર્મ, અર્થ, કામ ને મોક્ષનું સાધન છે. જે મનુષ્ય પ્રદોષમાં શિવપૂજા કરી શ્રદ્ધાથી આ પ્રદોષ મહાત્મ્ય સાંભળે, તેમને સ્વપ્નમાં પણ દરિદ્રાવસ્થા પ્રાપ્ત થતી નથી. અને જ્ઞાન તથા ઐશ્વર્ય યુક્ત થઇને કૈલાશમાં જાય છે. જેઓ દુર્લભ મનુષ્યદેહ મેળવી શંકરનું પૂજન કરે છે, તેનેજ ધન્ય છે. અને તેઓ પોતાના પુણ્યથી ત્રણ લોકને જીતનારા થાય છે, અને તેમના ચરણકમળની રજ જગતને પાવન કરે છે.

॥ ये प्राप्य दुर्लभतरं मनुजाः शरीरं कुर्वंति नहन्त परमेश्वर पादपूजां ॥ धन्यास्त एव निजपुण्यजित त्रिलोकास्तेषां पदांबुजरजो भुवनं पुनाति ॥ १६३ ॥

ઇતિ શ્રી સ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે પ્રદોષમહિમાવર્ણન નામ સપ્તમો ધ્યાયઃ ॥ ૭ ॥

सूत उवाच ॥ नित्यानंद मयंशान्तं निर्विकल्पं निरामयं ॥ शिवतत्वमनाद्यंतं ये विदुस्ते परंगताः ॥ १ ॥

સૂતપુરાણીક કહે છે—હે ઋષિઓ નિત્ય આનંદમય, શાંત, નિરંજન અને અવિનાશી શ્રીશંકરને જેઓ જાણે છે, તેઓ પરમધામ પામેલા જાણવા, કામાદિ વિષયથી વિરક્ત થઇને જેઓ શંકરની ફળ સંધાન રહિત ઉત્તમ ભક્તિ કરે છે, તે મુક્ત સમજવા એમાં સંશય નહિ. વિષયોમાં આસક્તિ નહિ રાખતાં અને વિષયોનો ફળ ઉપભોગ કરતાં છતાં પણ શુદ્ધ ભાવથી શિવભક્તિ યુક્ત મનુષ્ય તેમના પદથી ભ્રષ્ટ થતો નથી. વિષયાસક્ત માણસ શંકરના પદને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતો હોય તો તેણે શુભ કર્મો વડે શંકરનું પૂજન કરવું. તો તે પણ વિષય ભોગના અંતમાં શંકરને પામે છે. જે પુરૂષો વિષય વાસના છોડવાને અશક્ત હોય તેવાઓ શ્રદ્ધાથી શંકરનું પૂજન કરે, તો તેઓને કામધેનુ માફક ઇચ્છિત ફળ મળે છે. જેઓ માયામય સંસારમાં ઘણાકાળ સુધી વિહાર કરી મુક્તિની ઇચ્છા રાખે છે, તેઓ માટે શિવપૂજન પરમ ધર્મ છે. હે ઋષિઓ શિવપૂજન સ્વર્ગ અને મોક્ષનું કારણ છે. વળી સોમવારને દિવસે પૂજન કરનાર મનુષ્ય દુર્લભ વસ્તુ મેળવે છે. સોમવારને દિવસે ઉપવાસ કરી જીતેંદ્રિય રહી પવિત્ર થઇને વૈદિક અને લૌકિક ઉપચાર પ્રમાણે શંકરનું પૂજન કરવું. બ્રહ્મચારી, ગૃહસ્થ, સ્વામિ સાથે સ્ત્રી અને સ્વામિ વિનાની સ્ત્રી પણ શંકરના પૂજનથી ઇચ્છિત

ફળને મેળવે છે. એ વિષયમાં શ્રવણ કરનારના મનને હરવાવાળી, મુક્તિ અને શંકરને વિષે ભક્તિ આપવાવાળી એવી ઉત્તમ કથા કહું છું.

આર્યાવર્ત દેશમાં ચિત્રવર્મા એવા નામનો સદ્ધર્મી રાજા હતો, કે જે ધર્મસેતુનો રક્ષણ કરનાર, દુર્માર્ગીઓને શિક્ષા આપનાર, શરણાગતનું રક્ષણ કરનાર અને અનેક યજ્ઞો કરનાર, સકળ સંપત્તિ દાતા, શત્રુવર્ગને જીતનાર અને શિવ વિષ્ણુનો પરમ ભક્ત હતો. પોતાની સ્ત્રીઓ યુક્ત પ્રેમવાળો છતાં તેને ત્યાં પુત્ર પ્રાપ્ત થયો નહિ. પણ ઘણે કાળે એક કન્યાનો જન્મ થયો. કન્યા જોઇ જેમ હિમાલય પવત પાર્વતીને જોઈ આનંદ પામ્યા હતા, તેમ એ રાજા પણ આનંદ પામ્યો. રાજા એકવાર વિદ્વાન બ્રાહ્મણોને પોતાની સભામાં બોલાવી સત્કારપૂર્વક પ્રસન્ન વદને પોતાને ત્યાં કન્યા ઉત્પત્તિનું કારણ પૂછતો હતો. તે વખતે તે સભામાં એક વિદ્વાન બ્રાહ્મણ કહેવા લાગ્યો હે રાજા આ સીમંતિની નામની તારી કન્યા, પાર્વતીની માફક મંગલ આપનારી, દમયંતી જેવી સ્વરૂપવાન, સરસ્વતિ જેવી ચોસટ કળા યુક્ત, લક્ષ્મી સમાન ગુણવાન, પ્રજોત્પત્તિમાં અદિતિ સમાન, વ્રતમાં સીતા સમાન, કાંતિમાં સૂર્ય સમાન, અને મનહરણ કરવામાં ચંદ્રિકા સમાન છે. એ કન્યા દશ હજાર વર્ષ સુધી પોતાના સ્વામિની સાથે આનંદ કરશે, અને એને આઠ ગુણવાન પુત્ર થશે. એ પ્રમાણે કહેનાર વિદ્વાન બ્રાહ્મણને તેણે ઘણું ધન આપ્યું. અને તેની અમૃત સમાન વાણી સાંભળી ખુશી થયો. તે વખતે બીજો વિદ્વાન બ્રાહ્મણ બોલ્યો હે રાજન્ આ તારી કન્યા ચૌદમે વર્ષે વિધવા થશે, એવું વજ્ર વાક્ય સાંભળી રાજા ઘણો વ્યાકુળ થયો. ત્યારપછી સર્વ બ્રાહ્મણોનો યોગ્ય સત્કાર કરી વિદાય કર્યા. દેવની ઇચ્છા પ્રમાણે સર્વ વસ્તુ થયાજ કરે છે, એવો વિચાર કરી રાજા શાંત થયો. સીમંતિની કન્યા પણ મોટી થતાં ચૌદમે વર્ષે પોતે વિધવા થશે, એવું સખીના મુખથી સાંભળી, અતિ ચિંતાથી દુખી થવા લાગી. પછી યાજ્ઞવલ્કયની સ્ત્રી મૈત્રેયી પાસે જઇ પૂછવા લાગી, હે માતુશ્રી, આ ભયાકુળ કન્યા તમારે શરણે છે. માટે સૌભાગ્યને વધારનારૂં શુભ કર્મ કૃપા કરીને કહો. એ પ્રમાણે દુખી રાજકન્યાને જોઇ મૈત્રેયી બોલ્યાં કે બાળા, પાર્વતી યુક્ત શંકરને શરણે તું જા. સોમવારને દિવસે સદ્‌ભક્તિ ધારણ કરી, શંકરનું પૂજન કર. તે દિવસે પ્રાતઃકાળમાં સ્નાન કરી, શ્વેત વસ્ત્ર ધારણ કરી આખો દિવસ ઉપવાસ કરી, વાણીને નિયમમાં રાખી, શંકરનું પૂજન કર, કે જેથી તારાં અનેક પાપો નિવારણ થાય. હે કન્યા શંકરના ઉપર અભિષેક

કર્યાથી પાપનો ક્ષય થાય છે. તેઓનું મંડળ કરી, મધ્યમાં પૂજન કરવાથી રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થાય છે. ધૂપ અને દીપદાન કરવાથી કાન્તિ મળે છે. ચંદન, પુષ્પ અને અક્ષત અર્પણ કરવાથી સૌભાગ્ય પ્રાપ્ત થાયછે. નૈવેદ્ય અર્પણ કરવાથી મોટા મોટા ભોગો, તથા પાનબીડીથી લક્ષ્મીપ્રાપ્ત થાય છે. ભક્તિ યુક્ત શંકરને નમસ્કાર કરવાથી, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રાપ્ત થાય છે. અને શંકરના નામનો જાપ કરવાથી, અણિમા આદિ અષ્ટ મહા સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. હોમથી સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. મુનિવ્રત રાખી પૂજન કરવાથી સર્વ દેવો પ્રસન્ન થાય છે, માટે હે કન્યા તું યથાવિધિ સોમવારને દિવસે શંકર પૂજન કર. એ પ્રમાણે ત્યાંથી મૈત્રેયી રાજકન્યાને કહીને ચાલ્યાં ગયાં. સીમંતિની પણ રાજમંદીરમાં ગઇ, ને શંકરની પૂજામાં તત્પર થઇ. નળ રાજાને ત્યાં દમયંતીથી ઇંદ્રસેન નામે પુત્ર ઉત્પન્ન થયો હતો. ઇંદ્રસેનના પુત્ર ચંદ્રાંગદ સાથે રાજપુત્રીનો વિવાહ ચિત્રવર્મા રાજાએ પોતાના ગુરૂની આજ્ઞા લઇ કર્યો. લગ્ન મહોત્સવમાં દેશદેશથી અનેક રાજાઓ આવી પહોંચ્યા. લગ્નકાર્ય થઇ રહ્યા પછી પણ ચંદ્રાંગદ કેટલાક દિવસ સાસરામાં રહ્યો. એક સમયે કુમાર ચંદ્રાંગદ પોતાના મિત્રો સાથે નાવમાં બેસી યમુનાજીમાં ફરવા નીકળ્યા. રાજકન્યાના દુર્દૈવથી તે નાવ કુમાર અને ખલાસીઓ સાથે ડૂબી ગયું. યમુનાજીના બંને કિનારાપર હાહાકાર વરતાઇ રહ્યો. રાજ્ય સેના પણ આ આશ્ચર્ય જોઇ વિલાપ કરવા લાગી. નાવમાં બેઠેલામાંના કેટલાક ડૂબી ગયા, અને કેટલાકને મગરો ખેંચી ગયા. આ વાત સાંભળી રાજા ચિત્રવર્મા અતિ આકુળ વ્યાકુળ થઇ યમુનાજીના તટ તરફ દોડતો આવ્યો, અને હકીકત જાણી ભયંકર દુઃખથી મૂર્છા ખાઇ પૃથ્વીપર પડયો. રાજપુત્રનું મરણ સાંભળી, રાજપત્નીઓ તથા કુંવરી સીમંતિની પણ બેહોષ થઇ જમીનપર પડયાં. કુળગુરૂ, પ્રધાન, સેનાપતિ આદિ આપ્ત વર્ગ અત્યંત શોક કરવા લાગ્યા. રાજા ઇંદ્રસેન પણ પુત્રનું મરણ સાંભળી સ્ત્રી સહીત મૂર્છા પામ્યો. તેમજ બાળકથી વૃદ્ધ સુધીના તમામ નગર વાસીઓ શોકમાં ગરકાવ થયાં. એ પ્રમાણે સર્વને શોક સાગરમાં ડૂબેલા જોઈ, કેટલાક વૃદ્ધ બ્રાહ્મણો ચિત્રવર્માદિને ઉપદેશથી શાંત કરવા લાગ્યા. ધીમે ધીમે રાજાએ નગરમાં આવી પોતાની સ્ત્રી અને કન્યાને આશ્વાસન આપ્યું. રાજાએ જળમાં ડૂબેલા પોતાના જમાઇની શાસ્ત્રાનુસાર મર્ણક્રિયા કરી. સીમંતિની કન્યા પણ તે સમયે પોતાના દેહનો અંત આણવા તત્પર થઇ, પરંતુ તેના પિતાએ તેને વારી. આ પ્રમાણે આવી પડેલા વૈધવ્યદશાના દારૂણ

આપદ કાળમાં પણ મૈત્રેયીએ ઉપદેશ કરેલું સોમવારનું કલ્યાણકારી વ્રત સીમંતિનીએ છોડયું નહિ ને દૃઢ મનથી શંકરની પૂજા તથા સ્તુતિ કર્યા કરતી.

(રાગ-કનરો.)

જો પ્રભુ બિરદ બિસારો—
કહો કહાં જઇ નાખું કરૂણામય, કૃપણ કર્મનો ભારો. જો પ્રભુ.
કરતુમ કરતુમન્યથા કરતુમ, નિવારીત તુજ ધારો;
તે શું વૃથા જાશે મુજ માટે, મનમાંહે ન વિચારો. જો પ્રભુ.
દીનદયાળ પતીતપાવનજશ, વેદ વખાણે ચારો;
વેદમાં ભેદ કરો નહિ શંકર, કિંકર કર ગ્રહી તારો. જો પ્રભુ.
અન્ય શરણ ગ્રહેવા નહિ ધારૂં, મહદાશ્રય શિવ ત્હારો;
સિંહશરણને સસકજ મારે, (તો) નહિ રહે ન્યાય તમારો. જો પ્રભુ.
સકળ બ્રહ્માંડ અકગ કરતામાં, શ્રમિત થયો ન તમારો;
તે કર શું મુજ માટે થાકશે, દીન આ દાસ બિચારો. જો પ્રભુ.

(રાગ-કનરો.)

નહિ તમો બિરદ બિસારો—ટેક.
અન્ય દૃષ્ટાંત વિલોકી જોતાં, આવ્યો ભરૂસો તમારો. નહિ તમો.
ગહન ગતિ હું અલ્પ મતિ તે, જાણી શકું શું બિચારો. નહિ તમો.
સમજ પડે નહિ તેથી તાણું, દુઃખ તણો હું ભારો. નહિ તમો.
દુઃખનું દર્પણ સુખાકર્પણ, અતિ દૃઢ એ તત્ર ધારો. નહિ તમો.
અનુભવ એ લઉંછું તોએ, છોડે નહિ ચિત્ત ચારો (ભક્ષ) નહિ તમો.
માટે પ્રભુ કૃપાદૃષ્ટિ કરીને, ઉપાધિ માત્ર નિવારો. નહિ તમો.

એ પ્રમાણે વિધવાવસ્થાના દારૂણ દુખવાળી સીમંતિનીએ શંકર ચરણની સેવા કરતાં કરતાં ત્રણ વર્ષ ગાળી કાઢયાં.

બીજી તરફ ઇંદ્રસેન રાજા પુત્ર શોક કરતો ગાંડો થઇ ગયો, તેને ગાંડો બનેલો જોઇ તે રાજ્યના ભાયાતોએ તેની પાસેથી રાજ છીનવી લઇ તેને સ્ત્રી સાથે કારાગૃહમાં પૂર્યો. હવે યમુનાજીના જળમાં ડુબેલા રાજપુત્ર ચંદ્રાંગદનું શું થયું તે જુઓ. નાવ પાણીમાં ડુબ્યા પછી ચંદ્રાંગદ રાજા પાતાળ તરફ ચાલ્યો ગયો, ત્યાં નાગ કન્યાઓ તેની નજરે પડી. જળક્રીડા કરતી નાગ કન્યાઓ રાજકુમારને આવતો જોઇ વિસ્મય પામી. રાજપુત્રનો સત્કાર કરી તેઓ તેને પાતાળમાં લઇ ગઇ. અત્યંત અદ્ભુત અને શોભાયમાનત-

ક્ષકનાગની નગરીમાં રાજકુમાર પેઠો. ઇંદ્રના ભૂવન સમાન શોભા જોતો જોતો જાય છે તો, રત્નસિંહાસન ઉપર વિરાજેલા તક્ષકનાગને જોયો. નાગાધિપતિએ રત્નજડિત કુંડળ, મણિમય હારો ને દેવ સરખાં વસ્ત્ર ધારણ કર્યાં છે. ફણી ઉપરના હજારો મણિની કાંતિથી નગરમાં ઝગઝગાટ થઇ રહ્યો છે. જેની આસપાસ નાગકન્યાઓ પ્રણામ કરતી ઊભી છે, એવા દિવ્યાલંકારથી સુશોભિત ને સૂર્ય સમાન તેજસ્વી તક્ષકનાગને જોઇ, રાજકુમારે સાષ્ટાંગ પ્રણામ કર્યાં. રાજપુત્રને જોઇ નાગરાજ પ્રશ્ન કરવા લાગ્યો કે આ કોણ ને અહિં ક્યાંથી આવ્યો ? તે સાંભળી નાગકન્યા બોલી હે સ્વામી ! હમોએ એને યમુનાજીમાં જોયો, ત્યાંથી બોલાવી હમો એને આપની પાસે લાવ્યાં છીએ. પૂછવાથી રાજપુત્ર કહે છે કે, પૃથ્વીપર નૈષધ નામે દેશ છે, ત્યાં નળરાજા રાજ્ય કરતા હતા. જે મહાપુણ્ય શ્લોક ને તપસ્વિ હતા, તેનો પુત્ર ઇંદ્રસેન ને તેનો પુત્ર હું ચંદ્રાંગદછું. મારાં લગ્ન થયા પછી મેં શ્વશુર પક્ષમાં નિવાસ કર્યો હતો. આજરોજે નાવમાં બેસી યમુનાજીમાં વિહાર કરતાં દૈવયોગે નાવ બૂડવાથી હું અહિં આવી ચડયો છું મારા પુણ્યયોગથી આ નાગપત્નિઓની નજરે હું પડયો, જેઓ મને આપની સમીપ લાવી. જેથી આપના દર્શન થયાં. મારાં ધન્ય ભાગ્ય કે જેથી આપની કૃપાદૃષ્ટિ મારા ઉપર થઇ. મારાં જન્મ આપનાર માતાપિતા આજ કૃતાર્થ થયાં જે આપના દર્શન થયાં. સૂતપુરાણીક કહે છે—હે ઋષિઓ એ પ્રમાણે રાજપુત્રનું ઉદાર વચન સાંભળી તક્ષક હર્ષભેર રાજપુત્રને કહેવા લાગ્યો. હે રાજપુત્ર નિર્ભય રહે. સર્વ દેવોમાં કયા દેવનું તું નિરંતર પૂજન કરે છે, તે કહે. રાજપુત્ર કહે છે. સર્વ દેવોમાં શ્રેષ્ટ જે મહાદેવ—ઉમાપતિ શિવનું હું પૂજન કરૂંછું, જેના તેજના અંશથી રજો ગુણવાળા બ્રહ્મા ઉત્પન્ન થયા, ને તે બ્રહ્માએ જગત્ ઉત્પન્ન કર્યું. જે શિવના અંશથી સાત્વિક ગુણવાળા વિષ્ણુ ઉત્પન્ન થયા, કે જે જગતનું પોષણ કરનાર છે, તે શિવનું હું પૂજન કરૂંછું. જેના ગુણથી તામસ્ ગુણવાળા રૂદ્ર ઉત્પન્ન થયા, કે જેણે વિશ્વનો સંહાર કરવા માંડયો, તે શંકરનું હું પૂજન કરૂં છું. બ્રહ્માનો પણ વિધાતા, કારણનો પણ કારણ, તેજમાં શ્રેષ્ટ તેજ જે શંકર તે શંકરનું હું પૂજન કરૂં છું. જે અગ્નિ, પૃથ્વી, વાયુ, જળ, ને આકાશમાં સચરાચર વ્યાપી રહ્યો છે એવા સર્વવ્યાપક વિશ્વાત્મા શંકરનું હું પૂજન કરૂંછું. જે સર્વ પ્રાણી માત્રનો સાક્ષી છે અને જેની ઇચ્છામાં જગત્ માત્ર સમાયલું છે, તે નિરંજન પ્રભુ શ્રી શંકરનું હું પૂજન કરૂંછું. જેના સ્વરૂપનું મન, વાણી, અને વૃત્તિઓ

મણુ. વર્ણન કરવા શક્તિમાન નથી, તે શિવનું હું પૂજન કરૂં છું. જેની પ્રસન્નતા મેળવીને સંત પુરૂષો કાળચક્રથી મુક્ત થઇને ઇંદ્રપદની પણ ઇચ્છા કરતા નથી, તે શિવનું હું પૂજન કરૂં છું. જેનું સ્મરણ કરતાં સકળ પાપો તત્કાળ નાશ પામે છે, અને જેનું સ્વરૂપ શ્રુતિઓ પણ ખોળે છે, તે શિવની હું નિરંતર સ્તુતિ કરૂં છું. જેના મસ્તક ઉપર ગંગા વિરાજે છે, સાક્ષાત જગદંબિકા જેમનું અર્ધાંગ છે, વળી જેના કુંડળની કાંતિએ તક્ષક અને વાસુકી તેજ વિનાના દેખાય છે, તે શંકરને હું પૂજું છું. વેદ સમુહના ઉપર જેનું ચરણકમળ નિરંતર રહે છે, યોગીઓના હૃદયમાં જે નિરંતર રહે છે, જેની કીર્ત્તિનું વેદો ગાયન કરે છે, તે નિર્ગુણ શિવને હું નિરંતર પૂજું છું. એ પ્રમાણે રાજપુત્રનાં વચન સાંભળી, શંકરચરણમાં તક્ષક નામની ભક્તિ ઉત્પન્ન થઇ. અને તે રાજપુત્રને કહેવા લાગ્યો, હે રાજપુત્ર હું તારાથી ઘણો સંતુષ્ટ થયોછું, તું બાળક છતાં શંકરના પરમ તત્વને જાણે છે. આ રત્નમય લોક છે, ને સુંદરાંગી સ્ત્રીઓ અહીંઆં રહે છે. અહીંઆં અનેક કલ્પ વૃક્ષો છે. મારા સ્થળમાં કોઇને મૃત્યુનો ભય નથી, માટે હે રાજપુત્ર તારી ઇચ્છા પ્રમાણે આ સ્થાનમાં રહી અનેક ભોગો ભોગવી આનંદ કર. એવું નાગરાજનું વચન સાંભળી, ચંદ્રાંગદ કહેવા લાગ્યો. હે નાગરાજ મારાં લગ્ન થયાં છે, અને શિવપૂજનમાં પ્રીતિવાળી મારી સ્ત્રી અને એક પુત્રવાળાં મારાં માબાપ તે મને મરણ પામેલો જાણીને મહાશોક ગ્રસ્તછે. ઘણુંકરીને તેમણે પ્રાણ છોડ્યા હશે, કે મારા સુભાગ્યને યોગે સજીવન હશે, માટે હે નાગરાજ જેમ આ સ્થાનમાં ઘણો વખત ન થાય તેમ કરી મને મારા સ્થાનમાં પહોંચાડો. એમ બોલતા રાજકુમારના મ્હોં આગળ અમૃત સમાન અન્ન ને દેવ વૃક્ષોના ફળો ઉપભોગ કરવા મૂક્યાં, ને પછી અનેક વિચિત્ર દિવ્ય વસ્ત્રાલંકાર તેને અર્પણ કર્યા. તક્ષકનાગે રાજપુત્રને વિવિધ ભોગોથી સંતોષી કહ્યું કે, જ્યારે જ્યારે તું મારૂં સ્મરણ કરશે, ત્યારે ત્યારે હું તારી પાસે પ્રગટ થઇશ. એમ કહી ફરીથી રાજપુત્રને, ભૂમંડળમાં—દ્વીપ, સાગર, જમીન, આકાશ, કે પાતાળ જ્યાં જવાની ઇચ્છા થાય ત્યાં લઇ જાય એવો એક ઘોડો આપ્યો. અનેક રત્નજડિત અલંકાર તથા દિવ્ય વસ્ત્રો આપ્યાં તેમજ સહાય માટે એક સર્પ—પોતાના એક પુત્રને સાથે આપી તક્ષકનાગે તેને વિદાય કર્યો, ને તેનું રક્ષણ કરવા સાથે એક રાક્ષસ પણ આપ્યો. ચંદ્રાંગદ એ સર્વ વિભૂતિ લઇ ત્યાંથી નીકળી, શુભ મુહૂર્તમાં યમુનાજીના કિનારાપર આવી, સુંદર અશ્વપર બેસી ફરવા લાગ્યો. તે વખતે સી-

મતિની પોતાની સખી સાથે સ્નાન કરવા આવી પહોંચી. તેણે નદીતીર પર વિહાર કરતા રાજપુત્રને જોયો, કે જેની સાથે રાક્ષસ અને નાગપુત્ર પણ છે. રત્નજડિત હારો, દિવ્ય વસ્ત્ર અને સુગંધવાળી દેહ એવા અપૂર્વ રાજપુત્રને જોઇ તે જડની માફક સ્તબ્ધ બની ગઇ, ને સીમંતિનીને જોઇને રાજપુત્ર પણ પૂર્વે એને જોઇ હોય એમ સ્મરણ કરતો હતો. શોકયુક્ત ચિતારથી ભરેલી, અલંકાર વિનાની, શુષ્ક શરીરવાળી, અંગ રાગ, તેમજ અંજન વિનાની અને શોકથી દુઃખ પામેલી એવી સીમંતિનીને જોઇને તે ઘોડાપરથી ઉતરી નદી કિનારે ઉભો રહ્યો. અને પછી તેને પાસે બોલાવી કહેવા લાગ્યો કે હે સ્ત્રી તું કોણ છે, તારા પિતા કોણ ? હે સુકુમાર સ્ત્રી આ બાલ્યાવસ્થામાં તને શોક લક્ષણવાળી જોઇ હું પણ શોકાતુર થાઉં છું. એ પ્રમાણે સ્નેહથી પૂછતાં સીમંતિનીના નેત્રમાંથી આંસુની ધારા ચાલી. પોતાનું વૃતાંત કહેવાને અશક્ત જોઇ તેની સખીએ સર્વ વૃતાંત કહ્યું. હે મહારાજ નૈષધ રાજાના પુત્ર ચંદ્રાંગદની એ સ્ત્રી થાય છે, એનું નામ સીમંતિની છે. ચિત્રવર્મા એના પિતા છે. એનો સ્વામિ દુર્દૈવના યોગે યમુનાજીમાં ડુબી ગયો છે. સ્વામિના શોકમાં ત્રણ વર્ષ [illegible] દુઃખમાં કાઢ્યાં છે, આજે સોમવારને દિવસે સ્નાન કરવા અત્રે આવી છે. એના સસરાને પણ શત્રુઓએ પરાજય કરી, બળથી પકડી કારાગૃહમાં પૂર્યા છે. તો પણ આ શ્રદ્ધાળુ અને આચારવાળી સીમંતિની સર્વે દુખોને નહિ ગણી શંકર પૂજનમાં તત્પર રહી છે. એ પ્રમાણે સખીના મુખથી સર્વ વૃતાંત કહ્યા પછી સીમંતિની બોલી હે રાજપુત્ર કામસ્વરૂપ તમો કોણ છો ? દેવ, રાજા, ગંધર્વ કે કિન્નર જે આપ હો તે કૃપા કરીને કહો. તમોએ સ્નેહીની માફક મારું વૃતાંત શા માટે પૂછ્યું, શું મને તમે કોઇપણ જગાએ દુરાચરણથી દુષિત જોઇ ? હે રાજપુત્ર મેં તમને કોઇવાર જોયા હોય એમ લાગે છે, માટે સર્વ વૃતાંત યથાર્થ કહો. સૂતપુરાણીક કહે છે, એટલુંજ કહીને રાજપુત્રી રૂદન કરવા લાગી, અને મોહ પામીને પૃથ્વીપર પડી. ચંદ્રાંગદ પોતાની સ્ત્રીના શોકનું કારણ જાણી શોકાતુર થયો, પછી સીમંતિનીને પ્રિય વચનથી શાંત કરી બેઠી કરી કહ્યું કે અમે સિદ્ધ નામના દેવ છીએ, એમ કહી તેના દુઃખની શાંતિ કરવા માટે તેના કાનમાં કાંઇ કહેવા લાગ્યો. હે સ્ત્રી કોઇ લોકમાં મેં તારા સ્વામિને જોયો છે. તારા પવિત્રાચરણથી થોડા વખતમાં તે આવશે, ને એ ત્રણ દિવસમાં તારા દુખને મટાડશે. આ વૃતાંત કહેવા માટે હું આવ્યો છું, કારણ કે હું તેનો મિત્ર છું. મારાં વાક્યમાં સંદેહ કરીશ નહિ.

જો હું અસત્ય ભાષણ કરતો હોઉં તો શિવચરણકમળની મને પ્રતિજ્ઞા છે. આ વૃતાંત બહાર પાડીશ નહિ. સીમંતિની આવું અમૃત સમાન વાક્ય સાંભળી ચંચળ નેત્રથી તેને વારંવાર જોવા લાગી. પ્રેમના બંધન યુક્ત તેનાં વાક્ય, ચપળ દૃષ્ટિ અને પોતાને તેના હાથનો સ્પર્શ થવાથી થયેલું રોમાંચ લક્ષણ તથા પૂર્વે જોયેલાં શરીર ચિન્હો, કંઠસ્વર તથા શરીર આકૃતિ જોઇ સીમંતિની તર્ક કરવા લાગી કે આ કોઇ અન્ય નથી, પણ મારા સ્વામિજ છે. મારૂં પ્રેમી હૃદય એમને વિષે જોડાયું છે, પણ પરલોકથી અત્રે શી રીતે આવ્યા, અને આવું સુંદર સ્વરૂપ ક્યાંથી? અરે હું દુર્ભાગ્ય સ્ત્રીને નાશ પામેલા સ્વામિના દર્શન ક્યાંથી હોય? શું આ સ્વપ્ન હશે! ના. ત્યારે શું બુદ્ધિનો ભ્રમ હશે! ના, તેમ પણ નથી. ત્યારે આ કોઈ ધુતારો, યક્ષ, ગંધર્વ કે દેવ હશે! અથવા મૈત્રેયીએ મને કહ્યું હતું કે, આપત્તિ કાળમાં પણ તું આ શંકર વ્રત છોડીશ નહિ. શું તે આ વ્રતનું ફળ હશે? એમ પણ હોય. કારણકે વિદ્વાન બ્રાહ્મણના મુખથી મારૂં સૌભાગ્ય દશ હજાર વરસનું કહેવાયું છે. નિશ્ચે તે વચન સત્ય હોવું જોઇએ, કેમકે દિવસે દિવસે મંગળ ચિન્હો જોવામાં આવે છે. શંકર પ્રસન્ન થયા છતાં મનુષ્યને ન મળે એવી વસ્તુ કંઇજ નથી. એ પ્રમાણે સંકલ્પ વિકલ્પ કરી સંશયથી મુક્ત થઇ આ મારા સ્વામી છે, એમ નિશ્ચય કરી સીમંતિની લજ્જીત મુખ નીચું જોવા લાગી. ફરીને રાજપુત્ર કાનમાં કહેવા લાગ્યો, એ વૃતાંત કહેતાંને હું ઇંદ્રસેન રાજાને ત્યાં જાઉંછું. હે સ્ત્રી, તારૂં કલ્યાણ થશે. અને થોડા વખતમાં તને તારો સ્વામિ મળશે, એમ કહી ચંદ્રાંગદ ત્યાંથી ચાલતો થયો. ને પોતાના બાપના નગરમાં પહોંચ્યો. ઉપવનમાં એક જગ્યાએ બેસી નાગપુત્રને આજ્ઞા આપી શહેરમાં મોકલ્યો. નાગપુત્ર રાજસભામાં જઇ ભાયાતવર્ગને કહેવા લાગ્યો, હે ભાઇઓ, ઇંદ્રસેન રાજાને કારાગૃહથી મુક્ત કરો. રાજપુત્ર ચંદ્રાંગદ નાગલોકથી અત્રે પધાર્યા છે, માટે રાજ્યાસન છોડી દો. નહિતો ચંદ્રાંગદનાં બાણો તમારા પ્રાણઘાત કરશે. યમુનાજીમાં ડુબેલો ચંદ્રાંગદ પાતાળમાં તક્ષક નાગને ત્યાં પહોંચ્યો હતો, ત્યાંથી નાગરાજની સહાય લઇ, અત્રે પાછો આવ્યો છે. આ પ્રમાણેનું ભાષણ સાંભળી સભાજન આનંદ કરવા લાગ્યા, અને વિહવળ થઈ એકદમ ઇંદ્રસેન રાજા પાસે જઇ પુત્ર પાછો આવ્યાની વધામણી કહી જુલ્મી ભાયાતો ઇંદ્રસેનને ગાદીએ બેસાડી ભયથી કાંપવા લાગ્યા. ઉપવનમાં આવેલા રાજપુત્રને જોઇ નગરના લોકોએ પ્રસન્ન થઇ રાજાને ખબર કરી. વધામણીમાં તેઓને રાજાએ

પુષ્કળ ધન આપ્યું. આનંદમાં મગ્ન થઇ પુત્ર આવ્યાની ખબર તેણે આનંદથી પોતાની સ્ત્રીને કહી. પ્રધાન અને કુળગુરૂ સાથે નગરના લોકો ઉપવનમાં જઇ રાજપુત્રને ઇંદ્રસેન સમીપ બોલાવી લાવ્યા. રાજપુત્ર ચંદ્રાંગદે મોટા ઉત્સવથી નગરમાં પ્રવેશ કરી માતાપિતાને સાષ્ટાંગ પ્રણામ કર્યા. ચરણમાં પડેલા પોતાના પુત્રને હૃદયમાં ચાંપી અતિ હરખ પામ્યાં. પછી બીજી માતાઓને પ્રણામ કરી આવેલા નગર જનોની સંભાવના કરી. રાજપુત્રે સભાની મધ્યમાં બેસી પોતાનો સર્વે વૃતાંત કહ્યો, અને તક્ષક સાથની મિત્રતા કહી સંભળાવી. તક્ષકે આપેલાં વસ્ત્રાલંકારો પિતાને સ્વાધીન કર્યા. રાજપુત્રનું ચરિત્ર સાંભળી રાજા પુત્રવધુ સીમંતીનીનું સૌભાગ્ય ને શંકરાર્ચનની પ્રશંસા કરવા લાગ્યો. ઇંદ્રસેન રાજાએ રાજા ચિત્રવર્માને પુત્રાગમનની શુભ ખબર આપી. ચિત્રવર્મા આ અમૃતમય વાર્તા સાંભળી, પોતાના આસનથી ઉતાવળો ઉઠી, વધામણી લાવનારને પુષ્કળ દ્રવ્ય આપી, આનંદમાં મગ્ન થઇ નૃત્ય કરવા લાગ્યો. પછી પોતાની કન્યાને બોલાવી અનેક વસ્ત્રાભૂષણથી તેને શણગારી. આ વાર્તા સાંભળી નગરમાં આનંદ આનંદ વ્યાપી રહ્યો, ને સીમંતિનીના ઉત્તમ વ્રતના સર્વે વખાણ કરવા લાગ્યાં. ચિત્રવર્મા રાજાએ ઇંદ્રસેન રાજાને પુત્ર સાથે પોતાને દેશ બોલાવી વિવાહ વિધિથી ફરી લગ્ન કર્યું. ચંદ્રાંગદે પણ તક્ષકને ત્યાંથી આણેલા અનેક અલંકારો પોતાની સ્ત્રીને પહેરાવ્યાં. દેવ સમાન સુગંધયુક્ત વસ્ત્રાલંકાર પહેરીને સીમંતિની દેવી સમાન દીપતી હતી. એ પ્રમાણે ચંદ્રાંગદ શુભ અવસરમાં પોતાના લગ્ન કરી પિતાના રાજ તરફ ચાલ્યો. ઇંદ્રસેન રાજા પણ ચંદ્રાંગદ પુત્રને રાજ્યાભિષેક કરી મહાતપથી શિવનું આરાધન કરી યોગીની ગતિને પામ્યા. ચંદ્રાંગદ રાજાએ દશ હજાર વરસ સુધી પતિવ્રતા સ્ત્રી સાથે રાજલક્ષ્મીનો ઉપભોગ કર્યો. એ સમયમાં તેને આઠ પુત્ર ને એક કન્યા ઉત્પન્ન થઇ. સીમંતિનીએ, પોતાના સ્વામિ સાથે શંકર પૂજન કરી આનંદમાં કાળ નિર્ગમન કર્યો. સૂતપુરાણીક કહે છે હે ઋષિઓ આ વિચિત્ર આખ્યાન મેં તમોને કહ્યું. વળી સોમવાર વ્રતનું બીજું મહાત્મ્ય હું તમોને કહું છું તે શ્રવણ કરો.

विचित्रमिदमाख्यानं मयासमनुवर्णितम् ॥
भूयोपि वक्ष्ये माहात्म्यं सोमवार व्रतोदितम् ॥ १७६ ॥

ઇતિ શ્રી સ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે સોમવાર વ્રત વર્ણન
નામ અષ્ટમોધ્યાયઃ ॥ ૮ ॥

ऋषय ऊचुः—साधु साधु महाभाग त्वया कथितमुत्तमम् ॥
आख्यानं पुनरन्यच्च विचित्रं वक्तुमर्हसि ॥ १ ॥

ઋષિઓ કહેછે, હે મહાભાગ તમે ઉત્તમ આખ્યાન કહ્યું. વળી ૫-રીથી પણ ભગવાનની વિચિત્ર કથારૂપી આખ્યાન કહો. સૂતપુરાણીક કહેછે– વિદર્ભ દેશમાં સર્વ શાસ્ત્રને જાણનાર વેદમિત્ર નામને કોઈ બ્રાહ્મણ હતો, તેને સારસ્વત નામને મિત્ર હતો. તેઓ એક જગાના રહેવાસી હતા, અને તેમની વચ્ચે ગાઢો સ્નેહ હતો. વેદમિત્રને સુમેધા નામને અને સા-રસ્વતને સામવાન નામને પુત્ર હતો. બંને પુત્રો સમાન આકૃતિ ને સમાન વયના હતા. તેથી બેઉને સાથે સંસ્કાર અને વિદ્યાભ્યાસ કરાવ્યા. તે બે પુત્રો એ સાંગ, વેદ, તર્ક, વ્યાકરણ, ઇતિહાસ, ધર્મશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કર્યો. સર્વે વિદ્યામાં બંને કુશળ હોવાને લીધે પોતાના પિતાને આનંદ આપતા હતા. એકવાર તેઓના પિતા બંને પુત્રોને બોલાવી કહેવા લાગ્યા. હે પુત્રો તમે બાલ્યાવસ્થામાં (૧૬વર્ષની ઉમરમાં) વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો. હવે તમોને પરણવાનો સમય છે, માટે તમે તમારી વિદ્યાથી વિદર્ભ રાજાને પ્રસન્ન કરી દ્રવ્ય મેળવો. એમ કહેતાંની સાથેજ બંને પુત્રોએ રાજસભામાં જઇ પો-તાના ગુણોવડે રાજાને પ્રસન્ન કર્યો, અને જણાવ્યું કે વિવાહને માટે ધનની ઇચ્છા કરીએ છીએ. એ પ્રમાણે બે પુત્રનો એક મત જાણી રાજા હસીને બોલ્યા. હે બ્રાહ્મણના પુત્રો મેં સાંભળ્યું છે કે, નૈષધ રાજાની રાણી સીમં-તિની દર સોમવારે અંબિકાયુક્ત બ્રાહ્મણનું પૂજન કરે છે તે દિવસે તે સપ-ત્નીક વિદ્વાન બ્રાહ્મણને ભોજન કરાવી અતિ ધન આપે છે, માટે તમે બે-માંથી એક સ્ત્રીનો વેષ લઇ બ્રાહ્મણનું દંપતી બની, તેને ત્યાં જાઓ, એમ કરવાથી તમને પુષ્કળ ધન મળશે. એ પ્રમાણે રાજાનું બોલવું સાંભળી બ્રા-હ્મણના પુત્રો બોલ્યા, મહારાજ એવું કર્મ કરવાને હમને ભય ઉત્પન્ન થાય છે કારણ કે, દેવતામાં, ગુરૂમાં, માતાપિતામાં અને રાજકુળમાં અવળું આ-ચરણ કરવાથી માણસ તત્કાળ નાશ પામે છે. માટે હે મહારાજ રાજાના અંતરંગૃહમાં પુરૂષ કપટથી શી રીતે પશી શકે? ગુપ્ત રીતે જતાં પણ જો કોઇ જાણે તો, આચાર, શીળ, અને શાસ્ત્રથી જે ગુણો મેળવ્યા હોય તે તરત નાશ પામે છે. પાપ, નિંદા, ભય અને વેર એ ચાર પદાર્થ કપટી માણસમાં પ્રવેશ કરે છે. માટે શુભાચારવાળા ને પવિત્ર કુળમાં ઉત્પન્ન થયેલા અમે આવું ધૂર્ત કર્મ કરવાનો વિચાર સ્વપ્ને પણ રાખીશું નહિ. રાજાએ કહ્યું, દેવતા, માતાપિતા, ગુરૂ અને રાજાની આજ્ઞા ઉલ્લંઘન કરવાનો દોષ છે

અને એમણે સારી યા નબળી જે જે આજ્ઞાઓ આપી હોય તે, સંસાર તાપથી તપેલા માણસોએ અવશ્ય માન્ય કરવી જોઇએ.. હમો રાજા અને તમો પ્રજા છો, રાજાની આજ્ઞાથી ચાલનારનું શ્રેય થાય છે, અને આજ્ઞા ભંગ કરનારને ભય થાય છે, માટે મારો હુકમ માની જલદીથી તે પ્રમાણે કરો. રાજાનો આ હુકમ સાંભળી ડરને લીધે બંને બાળકોએ હા કહી. પછી રાજાએ સારસ્વતના પુત્ર સામવાનને સ્ત્રીનો વેષ આપી સુંદર વસ્ત્રાલંકાર પહેરાવ્યાં, સામવાન જેણે સ્ત્રી જાતિનો શણગાર પહેર્યો હતો તે ખરેખરી સ્ત્રી જેવો દેખાવા લાગ્યો. હવે સ્ત્રીરૂપ સામવાન અને પુરૂષરૂપ સૂમેધા નૈષધ દેશમાં ગયા. સોમવારને દિવસે તેઓ રાજભુવનમાં પેઠા ત્યાં બ્રાહ્મણોએ તેમનું પૂજન કરી ઉત્તમ આસન આપ્યાં. રાણી સીમંતિનીએ પણ યોગ્ય આસન પર બેઠેલા બ્રાહ્મણોનું અનુક્રમે પૂજન કરવા માંડયું. પૂજા કરતાં કરતાં પેલા બે બ્રાહ્મણ પુત્ર પાસે તે આવી અને તેમનો બનાવટી વેશ જાણી કાંઇક મનમાં હસી, તોપણ તેમને ગવરીમહેશ રૂપે માની સૂમેધામાં સદાશિવનું અને શામવાનમાં અંબિકાનું આવાહન કર્યું. ચંદન, ફુલ, ધૂપ, આરતી વગેરેથી પૂજા કરી, બ્રાહ્મણ જોડાંઓને શિવ પાર્વતી માની સાષ્ટાંગ પ્રણામ કર્યા. સોનાના વાસણોમાં ઘી સાકરના લાડુ, દૂધ વગેરે અનેક મિષ્ટ પદાર્થ તથા શાકો અને બીજા ભોજ્ય પદાર્થ પીરસ્યા. અમૃતના જેવું ઠંડું પાણી પણ પાસે મૂકયું હતું, ભોજનના અંતમાં સ્વાદિષ્ટ દહીં ભાત તેમને પીરસ્યાં. બ્રાહ્મણો ભોજન કરી પાણી પીને તૃપ્ત થયા, એટલે પાન સોપારી ને દક્ષિણા આપ્યાં. દક્ષિણામાં ગાયો, સોનાના શિક્કા, વસ્ત્રો, રત્નહાર, અને બીજા અલંકારો આપી તેમનું વિસર્જન કર્યું. પુરૂષ બ્રાહ્મણને શંકરરૂપ ને સ્ત્રીઓને પાર્વતી રૂપ માની વિદાય કર્યાં. સ્ત્રીવેષવાળો સામવાન પોતાના પુરૂષભાવને ભૂલી ગયો અને સ્ત્રીભાવ માનવા લાગ્યો રસ્તે ચાલતાં સૂમેધાને કહે છે. હે સ્વામી ! હે કમળનેત્ર ! જરાવાર ઊભા રહો અને આ પ્રાણપ્રિયા તરફ જુઓ. આપણી સામે આ મનોહર અને ઘણાં વૃક્ષો તથા સારાં ફૂલોથી શોભિતું આ રમ્ય વન આવે છે તેમાં મને જેમ સુખ થાય તેમ તમારી સાથે વિહાર કરવા ઇચ્છું છું. સૂમેધા તે સાંભળ્યા છતાં પણ રસ્તે ચાલ્યો જાય છે, કારણ કે સ્ત્રીરૂપ સામવાનનું બોલવું તેને કૃત્રિમ વેષની મશ્કરી જેવું લાગતું હતું. વળી તે સ્ત્રી બોલી, ઊભા રહો, ક્યાં જાઓછો ? કામાતુર થયેલી સ્ત્રીનો તિરસ્કાર કરી જવું ઉચિત નથી. હે મહારાજ, હું વિરહથી પીડાયલી ચાલવાને અશક્ત છું, માટે આલિંગન કરી અધરામૃતનું પાન કરાવો. આવું

સામવાનનું બોલવું સાંભળી. સુમેધા પાછળ ફરીને જોતાં આશ્ચર્ય પામ્યો. અરે ! આ કોણ ? મનોહર સ્તનવાળી, પાતળા પેટવાળી, કમળાક્ષી, નિતંબ ગુર્વી, અને કોમળ દેખાવવાળી આ સ્ત્રી કોણ ? શું, મારો સામવાન સ્ત્રી થઈ ગયો ! કંઇક વિચાર કરી બોલ્યો, હે મિત્ર ! રૂપ અને ગુણથી તું મને અપૂર્વ દેખાય છે, ને તારૂં બોલવું કામાતુર થયેલી સ્ત્રી સમાન જણાયછે. અરે ! તું વેદપુરાણનો જ્ઞાતા, બ્રહ્મચારી, પવિત્ર સારસ્વતનો પુત્ર થઈ, આ વચન કેમ બોલે છે ? આવું સાંભળી તે બોલી. હે સ્વામિન્ હું પુરૂષ નથી. પણ સારસ્વતિ એવા નામવાળી તમારી સ્ત્રી છું. જો તમને સંશય હોય તો મને યથેચ્છ જુઓ. એમ કહેતાંની સાથે સુમેધાએ તપાસ કરી તો તે સ્ત્રી છે, એવું જાણી મોહ પામ્યો. પરંતુ પોતાનું ચિત્ત સ્થિર રાખી ઊભો રહ્યો. સારસ્વતી બોલી હે સ્વામિન્ તમારો સંશય ગયો, માટે મારો અગ્નિ શાંત કરો. સુમેધા બોલ્યો, મર્યાદા છોડ નહિ. આપણે બંને શાસ્ત્રજ્ઞ છતાં તું આવું કેમ બોલે છે ? શું વિવેકી શાસ્ત્ર જાણનારનો ધર્મ છે કે સર્વને જાર દૃષ્ટિએ જોવું ? પણ તું એમ નિશ્ચય કર કે હું સ્ત્રી નથી પણ પુરૂષ છું. આ અનર્થ આપણે આપણે લાવેજ ઉત્પન્ન કર્યો છે. માબાપને જાણ કર્યા સિવાય દુષ્ટ રાજાના હુકમને આધીન થયા તેનું આ ફળ છે. અયોગ્ય કર્મ પુરૂષના શ્રેયનો નાશ કરે છે જેથી તું બ્રાહ્મણનો વિદ્વાન પુત્ર છતાં સ્ત્રીપણાને પામ્યો. રસ્તો તજી જંગલમાં ચાલનારના પગમાં કાંટા વાગે છે, અગર વાઘવરૂ તેનો ભક્ષ કરે છે, એવો વિવેક જાણી તું છાનો માનો મારી સાથે ઘેર ચાલ. દેવની કૃપાથી તારૂં સ્ત્રીપણું નાશ પામશે. અગર દૈવયોગથી તું જો સ્ત્રીજ રહી ને તારાં માબાપની મરજી હશે તો હું તારી સાથે પરણીશ. અરેરે શું આશ્ચર્ય ! અરેરે ! કેવું મહા દુઃખ ! દુષ્ટ રાજાના પ્રભાવથી શંકર સેવામાં અવિવેકી વિચિત્ર વેષ ધારણ કર્યો એ પ્રમાણે સુમેધાએ કહ્યા છતાં સારસ્વતીએ સ્ત્રી બળ કરી, સુમેધાને આલિંગન કર્યું, એટલું થયા છતાં પણ સુમેધા નિષ્કલંક રહી, તેને પોતાને ઘેર લાવ્યો. અને સર્વ વાર્તા પોતાના ને સામવાનના પિતાને કહી સંભળાવી. એ સાંભળી બંને બ્રાહ્મણો ક્રોધાંધ થઇ બંને કુંવરોને લઈ વિદર્ભ રાજા પાસે ગયા. રાજસભામાં જઇ સારસ્વત બ્રાહ્મણ કહેવા લાગ્યો, હે રાજેન્દ્ર તારો હુકમ પાળનાર આ મારા પુત્રને જો, આ બંને પુત્રોએ તારી આજ્ઞાને વશ થઇ નિંદ્ય કર્મ કર્યું, તેમાં મારો પુત્ર સ્ત્રી થયો. આજે મારૂં સર્વ ગયું, મારા પિતૃઓ નિરાશ થશે. કારણકે મારા કુળમાં પિંડાદિ ક્રિયા કરવાને બીજું કોઈ નથી. હે રાજા, સ્ત્રીપણાને પામેલા મારા પુત્રની અને

મારી શી ગતિ થશે ને તું મને કહે આવું સારસ્વત બ્રાહ્મણનું બોલવું સાંભળી રાજા સીમંતિનીના વ્રતના પ્રભાવથી વિસ્મય પામ્યો. પછી રાજાએ અનેક વિદ્વાન બ્રાહ્મણોની સભા કરી સામવાન પાછો પુરૂષપણાને કેવે પ્રકારે પામે તે જાણવાને પ્રાર્થના કરી. બ્રાહ્મણો બોલ્યા, શિવપાર્વતીનું ધારેલું અને તેમના ભક્તોનું મહાત્મ્ય ફેરવવાને ત્રિલોકમાં કોઇપણ સમર્થ નથી. આ સાંભળી રાજા પોતાના ગુરૂ ભરદ્વાજ મુનિની સલાહ લઇ પેલા બ્રાહ્મણો સાથે અંબિકા ભૂવનમાં ગયો. ભરદ્વાજના ઉપદેશથી અતિકઠણ નિયમે પાર્વતીની રાત દિવસ ઉપાસના કરવા માંડી.

(રાગ—માઢ.)

મહાદેવ શંકરા, હે શ્રી જટાધરા, ભવદુઃખભયહરા, સુણો પ્રાર્થના.
જનમો જનમનો હું અપરાધી, થાક્યો ઠોકર ખાઇ;
ઠોકરથી પણ ઠોક ન લાગી, મિથ્યા મૂઓ કૂટાઇરે. મહાદેવ.
પ્રભુજી બંધ પ્રારબ્ધે બાંધ્યો, મન અતિ મૂઝાય;
છોડવ વહાલા તું છે બળીઓ, મહાદેવ નામે ગવાયરે. મહાદેવ.
શાસ્ત્રો સર્વે સાખ પૂરે છે. તુજ મહિમા અપાર;
શરણું તારૂં સુખ દેનારૂં, ધા તું વેગે મારી વહારરે. મહાદેવ.

એ પ્રમાણે ત્રણ દિવસ ને રાત અન્ન ત્યાગ કરી એકાગ્ર ચિત્તે પાર્વતીના ધ્યાનમાં લાગ્યો. અનેક પ્રણામ ને સ્તુતિ વડે પાર્વતીને પ્રસન્ન કર્યાં. રાજાને દ્રઢ ભક્તિ કરતો જોઇ તે પ્રસન્ન થઇ પ્રત્યક્ષ દર્શન આપી કહે છે, હે રાજા, માગ હું પ્રસન્ન છું. રાજા કહે હે માતા, સ્ત્રીરૂપ થયેલા આ બ્રાહ્મણ પુત્રને પુરૂષત્વ આપો. પાર્વતી બોલ્યાં—મારા ભક્તોએ જે કર્મ કર્યું તે હજારો વર્ષ યત્ન કર્યા છતાં પણ ફેરવવાને હું સમર્થ નથી. આ બ્રાહ્મણને એકજ પુત્ર છે, ને તે મારા અપરાધ વડે સ્ત્રીપણાને પામ્યો છે, તો પુત્રવિના એ બ્રાહ્મણને સુખની પ્રાપ્તી શી રીતે થશે, એવું રાજાનું બોલવું સાંભળી, દેવી પાર્વતી બોલ્યાં. સારસ્વત બ્રાહ્મણને મારી કૃપાથી એક ઉત્તમ પુત્ર ઉત્પન્ન થશે ને તે વિદ્વાન, વિનયી ને દીર્ઘાયુષી થશે. આ સામવતી કન્યા સુમેધાની સ્ત્રી થઇને ઇચ્છા પ્રમાણે સુખ ભોગવશે, એમ કહીને દેવી પાર્વતી અંતર્ધ્યાન થયાં, રાજાએ ઘેર જઇ પેલા બ્રાહ્મણો પાસે પોતાના અપરાધની ક્ષમા ચાહી તેમને સંતુષ્ટ કરી તેમને સ્થાને વિદાય કર્યા. કેટલોક કાળ વીત્યા પછી સારસ્વતને ત્યાં દેવી પાર્વતીના પ્રસાદથી સામવાન કરતાં પણ ઉ-

ત્તમ પુત્ર ઉત્પન્ન થયો. સારસ્વતે પોતાની સામવતી કન્યાને વેદમિત્રના પુત્ર સુમેધા સાથે પરણાવી. તે દંપતીએ ઘણા કાળ સુધી સુખ ભોગવ્યું.

સૂતપુરાણીક કહે છે હે ઋષિઓ, આ પ્રમાણે શિવભક્ત સીમંતિનીનો પ્રભાવ અને શંકરનું મહાત્મ્ય મેં તમને કહ્યું. વળી ફરીને પણ શિવભક્તનો કલ્યાણકારી મહિમા હું તમોને સંક્ષેપમાં કહીશ.

भूयोपि शिवभक्तानां प्रभावं विस्मयावहम् ॥
समासाद्वर्णयिष्यामि श्रोतॄणां मंगलायनम् ॥ ९३ ॥

ઇતિ શ્રી સ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે સીમંતિન્યા પ્રભાવવર્ણનમ્
નામ નવમોઽધ્યાયઃ ॥ ૯ ॥

सूत उवाच–विचित्रं शिवनिर्वाणं विचित्रं शिवचेष्टितम् ॥
विचित्रं शिवभक्तानां चरितं पापनाशनम् ॥ १ ॥

સૂતપુરાણીક કહે છે, હે ઋષિઓ, શિવનું પદ તથા તેમનું ચેષ્ટિત એ વિચિત્ર છે, તેમજ શિવ ભક્તોનાં આખ્યાન પણ પાપખંડક છે. તે સ્વર્ગ અને મોક્ષના સાધનરૂપ છે, તે હું કહું છું. અવંતી નગરીમાં એક મંદર નામે બ્રાહ્મણ રહેતો હતો, તે વિષય સુખ ભોગવવામાં તૈયાર, સ્ત્રીવશ ને ધનનો સંચય કરનાર હતો, સ્નાન સંધ્યા કરી જાણતો નહિ. સુંદર વસ્ત્રાલંકારમાં પ્રીતિવાળો ને સ્ત્રીમાં આસક્ત અને ખોટા માર્ગમાં રમનાર અજામીલ જેવો બ્રાહ્મણ હતો. તે પિંગલ નામની વેશ્યાને ત્યાંજ દિવસ રાત પડી રહેતો એક પ્રસંગે પિંગળાને ત્યાં પેલો બ્રાહ્મણ બેઠેલો હતો એવામાં ઋષભ નામનો ધર્માત્મા યોગી ત્યાં આવી ચડ્યો. યોગીને આવતા જોઇ, વેશ્યા અને મંદર બંને આસનથી ઉઠી પૂજન કરવા લાગ્યાં. પ્રથમ સિંહાસન પર બેસાડ્યા પછી પાદ પ્રક્ષાલન કરી તે જળ માથે ચડાવ્યું અર્ધ્યાદિક પૂજન અને પ્રાર્થના કરી ભોજન કરાવ્યું. મહાયોગીને પલંગપર બેસાડી પાનબીડી આપી પગચંપી કરવા લાગ્યાં એ પ્રમાણે પૂજા કરી તે મહા શિવયોગીને પ્રસન્ન કર્યા. યોગી એક રાત રહી પ્રાતઃકાળમાં ચાલ્યા ગયા. ઘણો વખત વીતી ગયા પછી તે બ્રાહ્મણ અને વેશ્યા મરણ પામ્યાં. પેલા બ્રાહ્મણે પોતાનાં કર્મ પ્રમાણે દશાર્હ વંશના વજ્રબાહુ રાજાની સ્ત્રી સુમતીના ગર્ભમાં વાસ કર્યો. સુમતી પટરાણીને સગર્ભા જોઇને રાજાની બીજી રાણીઓએ તેને ઝેર આપ્યું. દૈવયોગે સુમતી તેથી મરણ પામી નહિ. પણ વિષ ભક્ષણને

લીધે તેને ઘણુંજ દુઃખ ખમવું પડયું, અને દશ માસ પુરા થયે પુત્ર અવત- તર્યો. વિષની અસર ગર્ભપર થયેલી હોવાથી તે પુત્ર રાતદિવસ પીડાથી રૂદન કરતો હતો. ને સુમતી પણ વિષફોટક થવાથી પીડા પામવા લાગી. એ પ્રમાણે મા અને પુત્ર બંને વિષના યોગે પીડા પામતાં હતાં. વજ્રબાહુ રાજાએ અનેક વૈદ્યો પાસે અનેક દવાઓ કરાવી, તોપણ તેમના દુઃખની શાંતિ થઇ નહિ. રાણીને પોતાના તથા પુત્રના દુઃખને વ્યથાથી રાતે નિંદ્રા પણ આવે નહિ. સુમતી અને તેનો પુત્ર જીવતાં મુએલાં જેવાં, અને ગતજન્મનાં પા- પથી અનેક દુઃખને પાત્ર થયાં એમ સમજી, રાજાએ તેમને રથમાં બેસાડી વનમાં મૂકી આવવા સારથીને કહ્યું. તેથી સારથી બંને મા દીકરાને મહા ઘોર અરણ્યમાં મૂકી આવ્યો. જંગલમાં ભૂખ અને તૃષાથી પીડા પામતી, પગલે પગલે પડતી આખડતી, પોતાના કર્મને નિંદતી, બિચારી સુમતી રાણી પોતાના પ્રિય પુત્રને લઇ ચાલતી હતી. કોઇ વખતે પગમાં કાંટા પેસતા, તો કોઇ વખત જંગલના વિકાળ જનાવરના ભયંકર શબ્દથી મૂર્છા પામતી તો કોઇ વખતે ભૂત, પ્રેત, પિશાચ, કે બ્રહ્મરાક્ષસથી ભય પામતી હતી. એ પ્રમાણે રાણી વનમાં દુઃખદ દશામાં ભટકતી હતી, એટલામાં દૈવયોગે એક ગામનો રસ્તો તેને હાથ આવ્યો. તે રસ્તે ચાલતાં એક નગર આવ્યું. તે નગરનો અધિપતિ પદ્માકર નામનો વૈશ્ય હતો. તે વૈશ્યની દાસીએ સુમ- તી રાણીને આવતી જોઇ, તેની પાસે આવી રાણીને વૃત્તાંત પૂછ્યું. રાણીએ પોતાની અથથી તે ઇતિ સુધીની સર્વે હકીકત કહી સંભળાવી. રાણીનું વૃત્તાંત સાંભળી દાસી તેને પોતાના વૈશ્ય પાસે લઇ ગઇ. વૈશ્ય પદ્માકર સુમતીને સર્વ વૃત્તાંત પૂછી વાકેફ થયો. હકીકત સાંભળી વૈશ્યને દયા આવવાથી સુમતી અને તેના પુત્રને પોતાના ઘરની પાસે એકાંત સ્થાનમાં રાખી વસ્ત્ર, અન્નપાન, શયન વગેરેનો યોગ્ય બંદોબસ્ત કરી આપી તેની માતા સમાન સેવા કરી. તો પણ તેના શરીરપર જે છિદ્ર હતાં તેના દુઃખ- થી તે મુક્ત થઇ નહિ. થોડા દિવસ ગયા પછી બાળકને વિષફોટક થવાથી તે મરણ પામ્યો. પુત્ર મરણના શોકથી સુમતી રાણી શોકાતુર થઈ રૂદન કરવા લાગી. અને બોલી કે, હે મારા પ્રાણરક્ષક પુત્ર હે રાજ્યકુળના પૂર્ણચંદ્ર, આનંદની વૃદ્ધિ આપનાર, આ અનાથ અને દુખી માતાને છોડીને ક્યાં જાય છે ? આ વખતે રડતી રાણીને કોઇ શાંત પાડનાર હતું નહિ. એ વખતે તે સુમતી રાણીના દુખ અને શોકનો નાશ કરનાર ઋષભ મહાયોગી તે સ્થાને આવી ચડયા. એ શિવ મહાયોગીને જોઇ વૈશ્યનાથે તેનું આદર સહ પૂજન

કર્યું. તે શિવયોગી સુમતિ પાસે જઇ મને કહેવા લાગ્યા કે હે સ્ત્રી તું શા માટે રૂદન કરે છે? જગતમાં કોણ જીવ્યું ને કોણ મરણ પામ્યું? આ દેહાદિભાવો (વિકારો) પાણી ઉપરના પરપોટા સમાન છે. કોઇ જગાપર ભ્રાંતિ તો કોઇ જગાએ શાંતિ તો કોઈ જગાએ સ્થિતિ એમ અનેક ભાવને પામનાર છે. માટે પરપોટા સમાન દેહનો નાશ થતાં વિદ્વાન ને ડાહ્યા મનુષ્યો રૂદન કરતાં નથી. જગતમાં પ્રાણીઓ ગુણથી ઉત્પન્ન થઇ પોતાનાં કર્મ પ્રમાણે ભ્રમણ કરે છે. તેમજ સંસ્કારથી અનેક વાસના મેળવે છે. સત્વ આદિ ત્રણ ગુણ માયાથી ઉત્પન્ન થાય છે, ને તેજગુણથી દેહ ઉત્પન્ન થાય છે. તેમાં સત્વગુણથી દેવાંશ, રજોગુણથી મનુષ્ય ને તમોગુણથી પશુજાતિ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે જીવની ઉત્પત્તિ થઇ પોતાના કર્મ અનુસારે દુર્વિભાવ્ય ગતિ પામે છે માટે વિદ્વાન માણસો પુત્રાદિના જન્મ મરણમાં આનંદ કે શોક કરતા નથી. કારણ કે જીવ જ્યારે ગર્ભમાં આવે છે, ત્યારેજ તેનુ મરણ નિયમિત થઇ જાય છે. કોઈ ઉત્પન્ન થઈ જીવે છે, કોઇ મરે છે, ને કોઇનો તો ગર્ભમાંજ નાશ થઇ જાય છે. વળી કોઇના તો જન્મ થતાં વારજ નાશ થાય છે, એ પ્રમાણે કોઇ બાળ કો યુવાન ને કોઇ વૃદ્ધપણે મરે છે. જેવું પૂર્વનું કર્મ તેવું શરીર ભોગવે છે, અને તે કર્મ અનુસારેજ સુખ દુઃખ ભોગવે છે. માયા ને પ્રીતિના બંધારણથી જે માતપિતાનો સમાગમ થાય છે તેનાથીજ પુરૂષ સ્ત્રી કે નપુંસક ઉત્પન્ન થાય છે. આયુષ્ય, સુખ, દુઃખ, પુણ્ય, પાપ, વિદ્યા અને દ્રવ્ય એ સર્વેનો બ્રહ્મદેવે નિર્માણ કર્યા પ્રમાણેજ મનુષ્ય ઉપયોગ કરે છે. કર્મને કોઇ ઉલંઘન કરી શકતું નથી અને કાળનો અતિક્રમ થતો નથી અને સર્વ પદાર્થ અનિત્ય છે. માટે હે સ્ત્રી! તું શોક કરીશ મા. સ્વપ્નમાં સ્થૈર્ય, ઇંદ્રજાળમાં સત્યતા, શરદના મેઘમાં નિત્યતા અને શરીરમાં અવિનાશીપણું એ ચારે વસ્તુ હોતી નથી. હે સુમતી તારા હજારો જન્મ થયા તેમાં તું કોની કોની સ્ત્રી, કોની કોની દીકરી ને કોની કોની મા હતી તે વિચાર વળી, પંચ ભૂતાત્મક દેહ જે ચર્મ, રૂધિર, માંસ અસ્થિ વિષ્ટા, મુત્ર કફ વગેરેથી બનેલો છે. તેજ દેહના મળથી બીજું શરીર ધારણ કરનાર તારો પુત્ર હતો તેને પોતાનો પુત્ર ગણી શોક કરે છે, એ અયોગ્ય છે. મનુષ્ય જો મૃત્યુને દુર કરવાને શક્તિમાન હોય તો અનેક પંડિતો પૂર્વે શાથી મરણ પામ્યા? માટે તપ, વિદ્યા, બુદ્ધિ, મંત્ર, ઔષધ, ને રસાયન કોઇ મૃત્યુ નિવારણ કરી શકે એમ નથી. હે સ્ત્રી કોઇ આજ કોઇ કાલ એમ દરેક પ્રાણી મૃત્યુ પામે છે, માટે દેહનો શોક કરવો

યોગ્ય નથી. મૃત્યુ પ્રાણીની આસપાસ ભ્રમણ કરે છે, તો પછી તેનાથી શું. સુ:ખ હે સ્ત્રી વાઘની આગળનો કોળીઓ બીજા પ્રાણીની ભૂખની શાંતિ કરનાર નથી. માટે હે સ્ત્રી તું જન્મ મરણના ભયને જીતવાની ઇચ્છા રાખતી હોય તો ઉમાપતિ (શ્રીશંકર) ને શરણે જા. જ્યાં સુધી શંકરનું શરણ જોયું નથી ત્યાં સુધીજ જન્મ, મરણ ને જરાનો ભય છે. આ સંસારનાં દારૂણ દુ:ખો મહેશ્વરનું ધ્યાન ધરવાથી મટી જાય છે. શિવધ્યાન રસામૃતને સેવન કરનારા પુરૂષને સંસાર વિષયની તૃષ્ણા સ્વપ્નમાં પણ થતી નથી. માટે હે કલ્યાણી તારૂં મન શોક અને મોહમાં નહિ રાખતાં તું શ્રી શંકરનું સ્મરણ કર.

સુતપુરાણી કહે છે હે ઋષીઓ એ પ્રમાણે તે શિવયોગીએ સુમતી રાણીને બોધ કર્યો તે સાંભળી રાણી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી બોલી હે મહારાજ મારો પુત્ર મરણ પામ્યો મારો સંબંધીઓએ મારો ત્યાગ કર્યો. તેમ મારૂં શરીર પણ રોગી છે ? તો હવે મારી શી ગતિ માટે હું મરણને ઇચ્છું છું. માટે હે મહારાજ આ પુત્ર સાથે હું મરવા ઇચ્છું છુ. અને મરણ સમયે તમારાં દર્શનથી કૃતાર્થ થઇ છું. એ પ્રમાણે તે રાણીનું વાક્ય સાંભળી દયાળુ મહાયોગી પૂર્વનો ઉપકાર જાણી મુએલા છોકરા પાસે જઈ શંકરના મહામંત્ર (પંચાક્ષર) થી ભસ્મનું અભિમંત્રણ કરીને તે છોકરના મુખમાં ભસ્મ નાંખી તેને સજીવન કર્યો. બાળક ધીમેથી નેત્ર ઉઘાડી સ્તનપાનની ઇચ્છાથી રડવા લાગ્યો. મૃત્યુ પામેલો પુત્ર સજીવન થયો જોઇ રાણી સુમતી આશ્ચર્ય પામી. અને નગરના લોકને ખબર થતાં સર્વ આનંદ પામ્યાં રાણી સજીવન થયેલા પુત્રને જોઇ વિહવળ થઇ તેથી નેત્રમાંથી હર્ષાશ્રુની ધારા ચાલવા લાગી. આનંદથી પુત્રને લીધો અને પોતાની છાતી સાથે દબાવી અપૂર્વ હર્ષનો અનુભવ કરવા લાગી, શિવ મહાયોગીએ બીજી વાર ભસ્મ લઇ રાણીના તે પુત્રના શરીરમાં જે અનેક છિદ્રો હતાં ત્યાં સ્પર્શ કર્યો સ્પર્શ કરતાંમાંજ બંનેની શરીરની કાંતિ દેવ સરખી દીપાયમાન થઇ ગઇ. ઇંદ્રનું ઐશ્વર્ય પામતાં જે સુખ મળે છે તેથી શત ઘણું સુખ તે રાણી માનવા લાગી. અને ઋષભયોગીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યો. તેને ઉઠાડી શિવ મહાયોગીએ અનેક આશિષ વચન કહ્યાં પછી બોલ્યા હે રાણી તું અનેક વરસ જીવ અને જ્યાં સુધી તું આ લોકમાં જીવશે, ત્યાં સુધી તને જરા પ્રાપ્ત થાય નહિ એ મારૂં વચન છે. વળી જ્યાં સુધી તારો પુત્ર પરિપૂર્ણ અભ્યાસ કરે ત્યાં સુધી તું અત્રે નિવાસ કર. એ પમાણે શિવ મહાયોગી તે મા દીકરાનું કલ્યાણ કરી પોતાની ઇચ્છા પ્રમાણે ત્યાંથી ચાલી ગયા.

सूत उवाच ॥ इतितामृषभोयोगीतं च राजकुमारकम् ॥
संजीव्य भस्म वीर्येण ययौ देशान्यथेप्सितान् ९२

ઇતિ શ્રીસ્કંદપુરાણે બ્રહ્મોતરખંડે ભદ્રાયુરાખ્યાનમં નામ દશમો અધ્યાય ॥૧૦॥

सूत उवाच ॥ पिंगलानामया वेश्या मया पूर्वमुदाहृता ॥
शिवपूजार्चनात्पुण्या त्यक्त्वा पूर्वं कलेवरं ॥

સૂતપુરાણીક કહે છે, હે શૌનકાદિક ઋષિઓ, મેં પહેલાં પિંગળા નામે જે વેશ્યાની વાત કરી તે શ્રીશંકર પૂજનના પુણ્યથી પૂર્વ દેહ છોડી દઇ ચંદ્રાંગદને ત્યાં સીમંતિની સ્ત્રીને પેટે કીર્તિમાળીની નામની કન્યા થઇ અવતરી.

હે ઋષિઓ પેલો ભદ્રાયુ પુત્ર પણ મહાવૈશ્યને ઘેર વૃદ્ધિ પામવા લાગ્યો. તે મહાવૈશ્યને ત્યાં એક સુનય નામનો પુત્ર હતો. તેણે સુમતીના પુત્ર ભદ્રાયુ સાથે મૈત્રી કરી. તે બન્ને પુત્રો સાથે રમતા હતા ને આનંદમાં વૃદ્ધિ પામતા હતા. બેઉ પુત્રો ભણવાને લાયક થયા ત્યારે ગુરૂકુળમાં અભ્યાસ કરવા લાગ્યા. એમ કરતાં રાજકુમાર સોળ વર્ષનો થયો ત્યારે શિવયોગી તે મહાવૈશ્યને ઘેર આવ્યા તે જોઇ સુમતીરાણી તથા ભદ્રાયુ બેઉએ યોગીને સષ્ટાંગ પ્રણામ કર્યા ને શાસ્ત્ર વિધિ પ્રમાણે તેમનું પૂજન કર્યું. પછી પ્રસન્ન થયલા તે શિવમહાયોગી રાજપુત્રને કહે છે. હે પુત્ર તું અને તારી માતા કુશળ છો? હે રાજકુમાર સર્વ વિદ્યાનો સંગ્રહ તમે કરી રહ્યા? હે પુત્ર તારા પ્રાણ મિત્ર મને તું ઓળખે છે? એ સાંભળી સુમતી પોતાના પુત્ર પાસે પ્રણામ કરાવી યોગીને કહે છે, હે ગુરૂ મહારાજ તમે એના પ્રાણ આપનાર પિતાછો. આપ કરૂણાત્મા છો માટે આ શિષ્યનું પાલન કરો કે જેને સ્વજનોએ પણ દૂર કર્યો છે. આ પુત્રને સાધુ પુરૂષોનો માર્ગ કેવો છે તેનો ઉપદેશ કરો. એ પ્રમાણે સુમતીના સવિનય વચનો સાંભળી યોગીએ પુત્રને સદુપદેશ કરવાનો આરંભ કર્યો. ઋષભયોગી કહે છે હે પુત્ર! શ્રુતિ, સ્મૃતિ ને પુરાણોને વિષે સનાતન ધર્મ કહ્યો છે તે ધર્મ દરેક વર્ણ આશ્રમની અનુકૂળતા પ્રમાણે સેવવો જોઇએ. હે પુત્ર સત્પુરૂષોએ બતાવેલો માર્ગ અને તેનાં આચરણનું અનુકરણ કરવું જોઇએ. દેવની આજ્ઞાનું ઉલ્લંઘન તથા દેવનું હેલન કરીશ નહિ. ગાય, વેદ, ગુરૂ અને બ્રાહ્મણની ભક્તિ કરજે. અતિથિ રૂપે ચાન્ડાલ આવે તો પણ તેનું પૂજન કરજે પ્રાણ સંકટ આવતાં પણ સત્ય છોડીશ નહિ. પણ કોઇવાર ગાય અને બ્રાહ્મણના રક્ષણ માટે અસત્ય બોલાય તો હરકત નથી. પરસ્ત્રી, પરદ્રવ્ય, અને દેવ તથા બ્રાહ્મણની વસ્તુમાં

કદી પણ તૃષ્ણા કરીશ નહિ, પણ સત્કથામાં, સદાચારમાં, સદ્વ્રતમાં, સત્સમાગમમાં અને ધર્માદિ સંગ્રહમાં નિત્ય તૃષ્ણા રાખજે વળી હે પુત્ર સ્નાન, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ, ગાય, દેવ અને અતિથિ પૂજનમાં આળસ કરીશ નહિ. તેમજ ક્રોધ, દ્રોહ, દ્વેષ, ભય, શઠતા, મિથ્યાઆગ્રહ, વક્રતા, દંભ અને ઉદ્વેગ એટલી વસ્તુને છોડીજ દેવી. તેમજ મૃગયા, મદ્યપાન, સ્ત્રી અને સ્ત્રીવશજનોમાં અતિ આસક્તિ કરીશ નહિ. મોટા સુખીઓ સાથે મૈત્રી કરજે, દુઃખીઓપર દયા કરજે. પુણ્યવાનને જોઈ સંતોષ માનજે, અને નબળી બુદ્ધિઓવાળાથી દૂર રહેજે. તથા અતિઆહાર, અતિક્રોધ, અતિનિદ્રા, અતિશ્રમ, અતિવાદ અને અતિ રમત હમેશાં છોડી દેવાં, અને અતિવિદ્યા, અતિ શ્રદ્ધા, અતિપુણ્ય, અતિસ્મૃતિ, અતિ ઉત્સાહ ને અતિકીર્ત્તિનું હમેશાં સેવન કરજે. તું પોતાની સ્ત્રીની ઇચ્છાવાળો, પોતાના શત્રુપર ક્રોધવાળો, પુણ્યમાં લોભવાળો અને અધર્મીઓ વિષે અસુયાવાળો થા. પાખંડમાં દ્વેષી, સજ્જનોપર પ્રીતિવાળો, નબળા વિચારથી પ્રતિકૂળ અને દુષ્ટ વાણી સાંભળવામાં બહેરો થા, હે રાજપુત્ર ! ધુતારા, ચંડાળ, શઠ, ક્રૂર, કપટી, ચપળ, ખળ, નાસ્તિક અને દુષ્ટ માણસને દુરથીજ છોડી દે. ધન અને કુટુંબમાં આસક્ત થઇશ નહિ. પોતાની પતિવ્રતા સ્ત્રી, પવિત્ર માતુશ્રી, સંતપુરૂષો અને ગુરૂજી એઓનાં વચન ઉપર વિશ્વાસ કર. તેમજ આત્માનું રક્ષણ, ઉત્તમવ્રત અને તપમાં આગ્રહ કર. અનાથ, દીન, વૃદ્ધ, સ્ત્રી, બાળક, અને નિરપરાધી એટલાંનું તો બુદ્ધિ, ધન અને પ્રાણથી પણ રક્ષણ કર. તેમજ શરણાગત શત્રુનું પણ રક્ષણ કર. હે પુત્ર પાત્ર અથવા અપાત્ર, નીચ અથવા મહાજન જે યાચના કરે તેને મસ્તક પણ અર્પણ કરજે. હે પુત્ર અનેક યત્નથી પણ તું કીર્તિ મેળવ, કારણ કે રાજા અને મહાપુરૂષોનું એ ભૂષણ છે. સત્કીર્ત્તિથી લક્ષ્મી, પુણ્ય, અને ચંદ્રના જેવું તેજ વધે છે. હે પુત્ર હાથી, ઘોડા, સુવર્ણ અને રત્નના ભંડાર એ પણ અપકીર્તિથી નાશ પામે છે. વળી માતા પિતાનો ક્રોધ, ગુરૂનો ક્રોધ અને પુત્ર તથા બ્રાહ્મણના અપરાધને સહન કરજે., બ્રાહ્મણ જેમ પ્રસન્ન થાય તેમ તું તેમનું હિત કરજે. કારણ કે રાજાઓ ઉપર મહાવિપત્તિ આવે છે ત્યારે તે સંકટમાંથી બ્રાહ્મણ તેમને બચાવે છે. હે પુત્ર આયુષ્ય, બળ, યશ, સુખ, ધન, પુણ્ય અને પ્રજા આબાદી જેથી થાય એવાં કામ કરજે. જે કામ કરવા હાથપર લે તે પહેલાં પૂર્ણ વિચાર કરીને લેજે. અને એવાં કામો કરજે કે જેમાં કોઇને પણ દુઃખ થાય નહિ. હે પુત્ર ! સ્નાન, જપ, હોય, પિતૃ અને દેવનું તર્પણ વગેરે નિત્ય કર્મમાં ઉતા-

વળ કરીશ નહિ પણ નિદ્રા અને ભોજનમાં ઉતાવળ કરજે. હે પૂત્ર ! ડાહ્યું સત્ય, યોગ્ય અને માણસોને પ્રસન્ન પડે એવુંજ હમેશાં બોલજે અને શત્રુ તથા વિપત્તિમાં અભય થજે. સંત પુરૂષોનો ઉપદેશ, પૂણ્ય કથા ને વિદ્યાગોષ્ટી વગેરેમાં પ્રીતિ રાખજે. હે પુત્ર શંકરમય મહા દેશમાં નિરંતર વાસ કરજે. અપવિત્ર દેશમાં કદી રહીશ નહિ. તું પવિત્ર,શાંત અને હમેશાં સ્થિર રહે. અને શરીરસ્થ ષટ્ શત્રુઓને જીત. વેદ જાણનાર બ્રાહ્મણોને, યતિને, પુણ્ય વૃક્ષને, પુણ્યનદીને, ગાયને, પતિવ્રતા સ્ત્રીને અને પોતાના ગૃહ દેવતાને નિરંતર સવિનય પ્રણામ કરજે પ્રાતઃકાળમાં વહેલા ઉઠી સ્નાનાદિથી પરવારી પવિત્ર આચમન કરી ગુરૂને નમસ્કાર કર્યા પછી શંકરનું ધ્યાન ધરવું. પછી નારાયણ, લક્ષ્મી, બ્રહ્મા, વિનાયક, સ્વામીકુમાર. કાત્યાયની દેવ, મહાલક્ષ્મી, સરસ્વતિ, ઇન્દ્રાદિ દેવ અનેક રૂષિઓ એમનું ચિંતવન કરી ઉદક થતા સૂર્યને પ્રણામ કરવા હે રાજપુત્ર ! ચદન, પુષ્પ, ફળ, શાકપાન વગેરે જે જે વસ્તુનો ઉપભોગ તું કરે તે તે સર્વ શંકરને અર્પણ કર. જે દાન કર્યુ હોય જપ, સ્નાન કે હોમ અને તપ કર્યુ હોય તે પણ શંકરને નિવેદન કર. હે પુત્ર ! ખાતાં, રમતાં, સુતાં, વિહાર કરતાં, બોલતાં ને હરતાં ફરતાં પણ સર્વેશ્વર શંકરનું નિરંતર ચિતવન કર વળી તું હાથ ને ગળામાં રૂદ્રાક્ષ ધારણ કર. કપાળે ત્રિપુડ, શ્વેતચંદન અને પંચાક્ષાર મંત્રનો જાપ કરતાં શંકરનું ધ્યાન કર. હે રાજપુત્ર આ તને સક્ષેપમાં ધર્મનો સંગ્રહ મેં કહ્યો છે ધર્મ સંગ્રહ, અન્ય પુરાણોમાં અતિ વિસ્તારવાળો છે. હવે હું સર્વ પુરાણોમાં ગુહ્ય અને સમગ્ર પાપને હરનારૂં પવિત્ર અને જય આપવાવાળું તથા સર્વ વિઘ્નોને દૂર કરનારૂં શિવકવચ તારા કલ્યાણ માટે કહુંછું તે સાંભળ.

अथापरं सर्व पुराण गुह्यं निःशेष पापौघहरं पवित्रम् ॥
जयप्रदंसर्वविपत्प्रमोचनं वक्ष्यामि शैवंकवचं हितायते ॥६३॥

ઇતિ શ્રીસ્કંધપુરાણે બ્રહ્મોત્તરખંડે રૂષભોપદેશો નામ એકાદશો
અધ્યાય ॥ ૧૧ ॥

ऋषभ॰उवाच ॥ नमस्कृत्वा महादेवं विश्वव्यापि नयमीश्वरम् ॥
वक्ष्ये शिवमयंवर्म सर्वरक्षाकरं नृणाम् ॥ १ ॥

રૂષભદેવ કહે છે વિશ્વવ્યાપી ઇશ્વર શ્રીમહાદેવને પ્રણામ કરીને પુરૂષોની બધી તરફથી રક્ષા કરનાર શિવ કવચ કહેવા આરંભ કરૂંછું. સ્નાન

વિધિથી પરવારી પોતાના નિત્ય કર્મથી પણ પરવારવું અને પવિત્ર જગ્યામાં અથવા શંકરના સાનીધ્ય સુંદર શુદ્ધ આસને કરી ઇંદ્રિઓને નિયમમાં રાખીને શંકરનું ધ્યાન કરવું. હૃદયકમળ ઉપર રહેલા વળી પોતાના તેજ-વડે કરી સર્વને પ્રાકાશ કરનારા, ઇંદ્રિય જ્ઞાનથી અતિત, સુક્ષ્મ, આદિ અને અનંત એવા પરમાનંદ શંકર પોતેજ છો એ પ્રમાણે ધ્યાન કરવું. પછી સચ્ચિદાનંદ સ્વરૂપમાં ચિત્ત મગ્ન કરી ષડક્ષર મંત્રથી ન્યાસ કરી શૈવ કવ-ચવડે રક્ષા કરવી સર્વ દેવતાના આત્મારૂપ શંકર ગંભીર સંસારરૂપ કૂવામાં પડેલા એવા મને રક્ષણ આપો અને તેના ઉત્તમ નામરૂપી મંત્ર મારા હૃદયમાં રહેલાં સર્વ પાપોને દૂર કરો. વિશ્વમુર્તિ મારૂં સર્વત્ર રક્ષણ કરો કે જે તેજોમય, ચૈતન્યમય આનંદમય અને અણુથી પણ સૂક્ષ્મ અને શક્તિવાળા તે શંકર મારૂં સર્વ ભયથી રક્ષણ કરો. જે પૃથ્વીરૂપે વિશ્વને ધારણ કરે છે તે અષ્ટ મૂર્ત્તિ શિવ મારૂં ભૂમિથી રક્ષણ કરો. જે જલરૂપે પ્રાણીઓનું જી-વન છે તે શિવ મારૂં જળથી રક્ષણ કરો. મહા પ્રલય સમયે સર્વ ભુવનોને બાળીને જે એક (અદ્વિતિય) નૃત્ય કરે છે તે કાળરૂદ્રસ્વરૂપ શંકર દાવાગ્નિ અને વા આદિ ભયથી તેમ અનેક તાપથી મારૂં રક્ષણ કરો. તપેલા સો-નાના જેવા તેજસ્વી, કાન્તિવાન અને ત્રિશૂળ ધારણ કરનાર, ચાર મુખ અને ત્રિનેત્ર ધારણ કરનાર સદાશિવ મારૂં પૂર્વ દિશાથી રક્ષણ કરો. કુઠાર, અં-કુશ, પાશ, ત્રિશૂળ, બ્રહ્મકપાળ, ડમરૂ, રૂદ્રાક્ષ અને ત્રણ ગુણને ધારણ ક-રનાર ચતુર્મુખ અને ત્રિનેત્ર શંકર મારૂં દક્ષિણ દિશાથી રક્ષણ કરો. કુંદ પુ-ષ્પ, ચંદ્ર, શંખ અને સ્ફાટિક જેવી શ્વેત કાન્તીવાળા, ચાર વેદ અને રૂ-દ્રાક્ષમાળા ધારણ કરનાર ચતુર્ભુજ અને ત્રિનેત્ર શંકર મારૂં પશ્ચિમ દિશાથી રક્ષણ કરો. જેના હાથમાં રૂદ્રાક્ષમાળા છે, જે અભયવર આપનાર છે જેના શરીરનો રંગ કમળની અંદરના રજકણના જેવો છે એવા ચતુર્મુખ અને ત્રિનેત્ર શંકર મારૂં ઉત્તર દિશાથી રક્ષણ કરો. વેદ, અંકુશ, બ્રહ્મકપાળ, પાશ, ડમરૂ, ત્રિશૂળ ધારણ કરનાર અને શ્વેતવર્ણ એવા પંચમુખ શંકર ઇશાન અને અંતરીક્ષથી મારૂં રક્ષણ કરો. ચંદ્રમૌલી મારા મસ્તકનું રક્ષણ કરો. મારા ભાલદેશનું ભાળનેત્ર રક્ષણ કરો. નેત્રનું સદાશિવ રક્ષણ કરો. વિશ્વનાથ મારી નાસિકાનું રક્ષણ કરો. વેદ જેની કીર્ત્તિ ગાય છે તે શંકર મારા કાનનું રક્ષણ કરો. કપાળીશંકર મારા લમણાનું રક્ષણ કરો. પંચમુખ મારા મુખનું રક્ષણ કરો. વેદજીવ્હા શંકર મારી ઝીભનું રક્ષણ કરો. નીલ-કંઠ મારા કંઠનું રક્ષણ કરો. પિનાકપાણી મારા બેઉ હાથનું રક્ષણ કરો. ધર્મ-

બાહુ મારા હાથના મૂળ ભાગનું રક્ષણ કરો. દક્ષના યજ્ઞનો ભંગ કરનાર મારાં વક્ષસ્થળનું રક્ષણ કરો. ગિરીશ મારા ઉદરનું રક્ષણ કરો. મદનારિ મારા શરીરના મદન ભાગનું રક્ષણ કરો. ગણપતિપિતા મારી નાભીનું રક્ષણ કરો. ધૂર્જટી મારી કેડનું રક્ષણ કરો. કુબેરમિત્ર મારા ઉદરનું રક્ષણ કરો. જગદીશ્વર મારી જાનુનું રક્ષણ કરો. જાંગનું સદાશિવ રક્ષણ કરો. અને જેના ચરણને દેવલોક પ્રણામ કરે છે તે શિવ મારા પગનું રક્ષણ કરો. પ્રાતઃકાળે મહેશ્વર રક્ષણ કરો. મધ્ય દિવસે નામદેવ રક્ષણ કરો. ત્રિનેત્ર ત્રીજે પહોરે રક્ષણ કરો. વૃષભધ્વજ શંકર સાયંકાળે રક્ષણ કરો. રાત્રીના પ્રથમ ભાગે ચંદ્રમૌલી રક્ષણ કરો. ગંગાધર રાત્રીના બીજે પહોરે રક્ષણ કરો. ગૌરીપતિ ઉત્તર રાત્રીએ રક્ષણ કરો. અને મૃત્યુંજય મારૂં સર્વ કાળ રક્ષણ કરો. આભ્યંતર શંકર રક્ષણ કરો. બહાર સ્થાણું (શંકર) રક્ષણ કરો. અને સદાશિવઃ સર્વતઃ મારૂં રક્ષણ કરો. ભુવનપતિ સ્થિર અવસ્થામાં મારૂં રક્ષણ કરો. પ્રથમપતિ ચાલતાં મારૂં રક્ષણ કરો. વેદાન્તગમ્ય બેસતાં રક્ષણ કરો અને અવ્યય (અવિનાશી) મારૂં સુતાં રક્ષણ કરો. નીલકંઠ માર્ગમાં મારૂં રક્ષણ કરો. ત્રિપુરારિ પર્વતાદિવક્ર ભૂમિમાં મારૂં રક્ષણ કરો. અરણ્યવાસ અને પ્રવાસમાં શંકર મારૂં રક્ષણ કરો. જેનો કોપ કલ્પનો અંત લાવે છે, જેના અટ્ટહાસ્યથી પૃથ્વી ચલિત થાય છે, અને જે મહાઘોર શત્રુ સૈન્યનો ક્ષણમાં નાશ કરે છે તે વિરભદ્ર મારૂં મહાભયથી રક્ષણ કરો. મૃડ (શંકર) આતતાઇ (ઘાતકી) લોકોના અનેક સૈન્યનો નાશ કરો પ્રલય કરનારૂં અગ્નિ સરખું ત્રિશૂળ તે મારા શત્રુઓનો નાશ કરો. શંકરનું પિનાક ધનુષ્ય તે વાઘ, સિંહ, રાક્ષસ વગેરે ત્રાસ આપનાર પ્રાણીઓનો નાશ કરી તેનાથી રક્ષણ કરો. મિથ્યા સ્વપ્ન, નબળા સુકન, દુકાળ,દુર્વ્યસન,દુર્યશ, ઉત્પાત,તાપ, અસદ્ગ્રહની પીડા અને વ્યાધિ વગેરે તે જગતના ઇશ્વર શંકર નાશ કરો. સદાશિવ સકલ તત્વાત્મક, સર્વ લોકોના એક કર્તા, એક પોષક, અને એક જ નાશ કરનાર, એક ગુરૂ ને સાક્ષી,સર્વ વેદમાં ગુહ્ય, લોકને વરદાન આપનાર, સર્વ પાપ અને દુખનો નાશ કરનાર તથા અભય આપનાર ચંદ્રશેખર, નિષ્પ્રપંચ નિષ્કલંક, અદ્વિતીય, નિર્મળ, નિત્ય, શુદ્ધ, પરિપૂર્ણ, સચ્ચિદાનંદ, પરમશાંત પ્રકાશક અને તેજોમય સ્વરૂપને હું નમસ્કાર કરૂં છું. હે મહારૂદ્ર, કલ્યાણ અવતાર, મહાભૈરવ, કાળભૈરવ, કલ્પાંતભૈરવ, બ્રહ્મકપાળ, અને અક્ષમાલા ધર, હે ખટવાંગ, ખડ્ગ, ઢાળ, પાશ, અંકુશ, ડમરૂ, ત્રિશૂળ, ભીંડીમાલ, તોમર, મુશળ, મુદ્ગર, પટ્ટિશ, પરશુ, પરિઘ, ભુશુંડી, શતઘ્ની અને ચક્ર વગેરે આયુધ ધરનાર, હે હજાર મુખથી કરેલાં વિકટહાસ્યથી બ્રહ્માં-

એને ભય આપનાર, હે નાગેંદ્રહાર, હે નાગેંદ્રચર્મ ધારણ કરનાર, મૃત્યુંજય, ત્ર્યંબક, ત્રિપુરારિ, વિરૂપાક્ષ, વિશ્વેશ્વર વિશ્વરૂપ, વૃષભવાહન અને હે વિશ્વતોમુખશંકર મારૂં સર્વ ભયથી રક્ષણ કરો. હે ભગવન્ મારો મહા મૃત્યુ અને અપમૃત્યુના ભયને બાળો, મારા શત્રુનો નાશ કરો તેમજ મારા શત્રુઓનો ત્રિશૂળથી નાશ કરો. કુઠારથી ભેદો, ખડ્ગથી છેદો, ખટ્વાંગે ચૂર્ણ કરો. મુશળે કરી ભૂકો કરો, બાણથી મારો, રાક્ષસોને ભય આપો. કુષ્માંડ, વૈતાળ, મારીગણ અને બ્રહ્મરાક્ષસને ત્રાસ આપો. મને અભય કરો. ત્રાસ પામેલા એવા મને આશ્વાસન કરો. નરક ભયથી મને કાઢો ભૂખ તૃષાથી મારૂં રક્ષણ કરો. હે મહારાજ મને આનંદ આપો. હે શંકર શિવ કવચે મને આચ્છાદન કરો. હે ત્ર્યંબક સદાશિવ હું આપને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરૂં છું.

ઋષભદેવ કહે છે—હે ભદ્રાયુ એ પ્રમાણે અનેક વરદાન આપનારૂં શિવકવચ મેં તને કહી સંભળાવ્યું. સર્વ પ્રાણીઓનાં સર્વ દુઃખ એથી નાશ પામે છે. જે મનુષ્ય ઉત્તમ શિવકવચને હમેશ ધારણ કરે છે તેને શંકરના અનુગ્રહથી કોઇ પણ જગાએ ભય ઉત્પન્ન થશે. નહિ જેનું આયુષ્ય ક્ષીણ થયું હોય, જે મહારોગી હોય અને મૃત્યુની અવસ્થાને પામવા તૈયાર થયો હોય તો તે પણ આ શિવકવચથી તત્કાળ સુખી અને આયુષ્યવાન્ થાય છે. આ શિવકવચ સર્વ મંગળ આપનારૂં અને દરિદ્રાવસ્થાને દૂર કરનારૂં છે, જે એનું સેવન કરે છે તેનું પૂજન દેવ પણ કરે છે. શિવ કવચના પ્રતાપથી મહાપાતક અને ઉપપાતકથી મુક્ત થઇ દેહાન્તે સદાશિવ સ્વરૂપને પામે છે. ઋષભદેવ કહે છે, હે ભદ્રાયુ તું પણ આ શિવકવચ શ્રદ્ધાથી ધારણ કર જેથી થોડા વખતમાં તારૂં કલ્યાણ થશે. સૂતપુરાણિક કહે છે, હે શૌનકાદિ ઋષિઓ, એ પ્રમાણે કહીને ઋષભદેવ યોગીએ અતિ શબ્દ કરનારો શંખ અને શત્રુનો નાશ કરે એવું ખડ્ગ આપ્યું. વળી પુનઃ ભસ્મને મંત્રીને ભદ્રાયુના સર્વ અંગોએ સ્પર્શ કર્યો અને બાર હજાર હાથીના જેટલું તેનું બળ કર્યું. તે ભસ્મના મહિમાથી ભદ્રાયુ રાજપુત્ર, બળ, ઐશ્વર્ય ધીરજ અને સ્મૃતિ પામીને શરદ ઋતુમાં જેમ ચંદ્ર શોભે છે તેમ શોભવા લાગ્યો અને મહાયોગીને તેણે સાષ્ટાંગ પ્રણામ કર્યા, ત્યારે ઋષભયોગી કહે છે, હે પુત્ર આ ખડ્ગ મેં જે તને આપ્યું છે તે તારૂં પરાક્રમ અને તપ જોઇને આપ્યું છે. એ ખડ્ગની તીક્ષ્ણ ધાર છે. તું એ શસ્ત્ર જેને દેખાડશે તે તત્કાળ મૃત્યુ પામશે. અને મેં તને જે શંખ આપ્યો છે તેનો શબ્દ તારા જે જે શત્રુઓ સાંભળશે તેઓના હાથમાંથી શસ્ત્ર પૃથ્વી પર પડશે અને તેઓ પોતે પણ મૂર્છીત થશે. આ દેવી ખડ્ગ અને શંખ શત્રુના સૈન્યનો

નાશ કરશે અને તારા સૈન્યનાં તેજ અને બળમાં વૃદ્ધિ કરશે. આ ખડગ અને શંખના પ્રભાવથી અને શિવકવચના મહિમાથી બાર હજાર હાથીના બળ સમાન તારૂં બળ થયું છે. વળી ભસ્મ ધારણ સામર્થ્યથી તું શત્રુના અનેક સૈન્યને જીતશે અને પિતાનું રાજ્યાસન મેળવીને તું ધર્મથી પૃથ્વીનું રક્ષણ કરીશ. સૂતપુરાણિક કહે છે, હે ઋષિઓ એ પ્રમાણે ભદ્રાયુ રાજપુત્રને અને તેની માતાને શિક્ષણ આપીને તે બેઉ વડે પૂજન કરાયલા શિવયોગી પોતાની ઇચ્છા પ્રમાણે ત્યાંથી ચાલ્યા.

इति भद्रायुषं सम्यगनुशास्य समातृकम् ॥
ताभ्यां संपूजितः सोथ योगीस्वैर गतिर्ययौ ॥ ४३ ॥

ઇતિ શ્રીસ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે શિવકવચ કથનં નામ દ્વાદશોઽધ્યાયઃ ॥ ૧૨ ॥

सूतउवाच–दशार्णाधिपतेस्तस्य वज्रबाहोर्महाभुजः
बभूव शत्रुर्बलवान् राजामगधराट् ततः ॥ १ ॥

સૂતપુરાણીક કહે છે. હે ઋષિઓ પેલા ભદ્રાયુના પિતા જે દશાર્હ દેશના રાજા વજ્રબાહુ હતા તેની સાથે મગધ દેશના રાજા હેમરથે લડાઇનો આરંભ કર્યો. ઘણું ભારે સૈન્ય લઇ હેમરથ વજ્રબાહુ ઉપર ચઢી આવ્યો. તે વખતે તે હેમરથ રાજાના લશ્કરી સિપાઇઓ નગરમાં પેસી અનેક રત્નોની ચોરી કરવા લાગ્યા, કેટલાક નગરમાં આગ લગાડવા લાગ્યા, આ તોફાન જોઇ વજ્રબાહુ રાજા પોતાનું સૈન્ય લઇ તેની સાથે લડવા નગર બહાર નીકળ્યો. રાજાએ પોતાના નગરમાં શત્રુના સૈન્યે કરેલો અનર્થ (અનેક ઘર દહન કરેલાં તેમજ ચોરી અને સ્ત્રી ગાય વગેરેનું હરણ) જોઈ અતિ ક્રોધાયમાન થયો. વજ્રબાહુના સિપાઇઓએ માગધ સૈન્ય સાથે પરસ્પર યુદ્ધારંભ કર્યો. વજ્રબાહુએ પણ ક્રોધાયમાન થઇ રથમાં બેસી બાણુની વૃષ્ટિથી શત્રુ સૈન્યનો નાશ કર્યો. યુદ્ધમાં ચતુર એવા વજ્રબાહુને જોઇને માગધ રાજાના તમામ અનુચરોએ આવી એકોવારે યુદ્ધ કર્યું અને તે વખતે માગધ સૈન્યે વજ્રબાહુના સૈન્યનો ઘાણુ કાઢી નાખ્યો. એકે તેનો રથ ભાગ્યો. બીજાએ તેના સારથીને માર્યો, વળી ત્રીજાએ રાજાના હાથમાંથી ખડ્ગ લઇ લીધું અને તેજ વખતે શસ્ત્રહીન થયલા દાશાર્હ રાજાને માગધ લશ્કરે પકડી બાંધીને કબજે કર્યો. પછીથી અનેક લશ્કર તે નગરમાં પેઠું અને ઘોડા, હાથી, પશુ, દ્રવ્ય અને અનેક સ્ત્રીઓનું હરણ કરવા લાગ્યા.

વજ્રબાહુ રાજાની અનેક સ્ત્રીઓને તથા દાસીઓને પણ બાંધી, અને તમામ ભંડાર લૂટફાટ કરી ખાલી કર્યો. એવો વિનાશ કરી તેની સર્વ સંપત્તિ લઈ વજ્રબાહુને બાંધી રથમાં નાંખી માગધસૈન્ય પોતાના દેશ તરફ વળ્યું. પોતાના પિતાને શત્રુએ બાંધ્યો, તથા અનેક અપરમાતાઓનું હરણ કર્યું અને આખા રાજ્યનો નાશ કર્યો, આ પ્રમાણેનો કોલાહલ અને રાજ્યનો નાશ તે બળવાન વજ્રબાહુના પુત્ર ભદ્રાયુએ સાંભળીને સિંહસમાન ગર્જના કરીને વૈશ્યપુત્રને સાથે લઇ ખડ્ગ અને શંખ હાથમાં લીધાં, પછી રથમાં બેઠો. તે અત્યંત વેગથી દશાર્હ દેશની લગભગ આવી પહોંચ્યો. આવીને જુએ છે તો પોતાના નગરને કોઇ જગાએ બળતું, કોઈ જગાએ આક્રંદ કરતું, સ્ત્રી પુત્ર અને ગાયવિનાનું અને ભયથી આકુળ એવું જોયું. ક્રોધથી રાતાં નેત્ર કરીને ચાલી જતાં શત્રુસૈન્યના ઉપર હુમલો કર્યો. કાન સુધી ધનુષની પ્રત્યંચા ખેંચી તીરની અખંડ ધારા શત્રુપર કરવા લાગ્યો. તે જોઇ શત્રુસૈન્યના સિપાઇઓ સામા થયા અને પરસ્પર પ્રચંડ યુદ્ધ કરવા લાગ્યા. શિવકવચના પ્રતાપથી શત્રુસૈન્યના શરોથી વિંધાતાં છતાં રણચતુર ભદ્રાયુ લેશ પણ ચલીત થયો નહિ. વળી તે ભદ્રાયુએ અસ્ત્રનો વરસાદ સહન કરતાં અનેક હાથીઓ, અશ્વો અને પદાતીઓને મારી નાંખ્યા. શત્રુસૈન્યમાંથી એક રથવાળાને મારીને તે રથમાં ભદ્રાયુ બેઠો અને તેની સાથે આવેલો વૈસ્યપુત્ર તે રથ હાંકવા લાગ્યો એવો ઘણો અનર્થ જોઇ માગધ લસ્કરે તે ભદ્રાયુ પુત્રને ઘેરી લીધો. યોદ્ધાઓને એકાએક આવેલા જોઇને ભદ્રાયુએ પોતાનું શસ્ત્ર સર્વને બતાવી ગર્જના કરી, તે વખતે તે ખડ્ગ જોઇને અનેક યોદ્ધાઓ મરણ પામ્યા. જેમ પશુના પગ તળે આવી અનેક જંતુઓ મરણ પામે તેમ જેણે જેણે તે ખડ્ગ જોયું તે તમામ વીરો મરણ પામી રણમાં પડયા. પછી તેણે શિવ મહાયોગીએ આપેલો શંખ વગાડયો તેનો શબ્દ સાંભળી બાકીના શત્રુઓ મૂર્છીત થયા. કોઇ ઘોડા પરથી, કોઇ હાથીપરથી, કોઇ રથ ઉપરથી એમ સર્વે પડયા. તેઓને મૂર્છીત થયલા જોઇ શાસ્ત્રને જાણનાર ભદ્રાયુએ તેઓને માર્યા નહિ. પોતાના પિતાને શત્રુથી છોડાવ્યા અને શત્રુને વશ પોતાની અપરમાતાઓ હતી તેમને પણ છોડાવી તેમ અનેક ગોધન વગેરે પણ છોડાવ્યું. સર્વને છોડાવી અનેક રીતે આશ્વાસન કર્યું. પછીથી ભદ્રાયુએ શત્રુ સૈન્યમાં પેસી શત્રુના ઘોડાઓ, બળવાન હાથીઓ, રથો અને તેમની સ્ત્રીઓને પોતાને સ્વાધીન કર્યાં. માગધ રાજા હેમરથને અને તેના મુખ્ય મંત્રીઓને બાંધીને બંધીખાને મોકલ્યા. વજ્રબાહુ રાજા અને પોતાના અનેક મંત્રીઓ વગેરે અત્યાનંદ

પામ્યાં અને ભદ્રાયુને દેવાંશી માનવા લાગ્યા અને સર્વે કહેવા લાગ્યા કે આપણા તપના ફળ રૂપી આ બળવાન પુરૂષે સર્વેને છોડાવ્યા. આ ભદ્રાયુ કોઇ યોગ સિદ્ધ વા તપ સિદ્ધ પુરૂષ અથવા કોઇ દેવ હોવા જોઇએ કારણ કે આ પ્રમાણે શત્રુ સૈન્યનો નાશ મનુષ્યથી થઇ શકે નહિ. નિશ્ચે આ પુરૂષના પિતા શંકર અને માતા પાર્વતી હશે કે જે નવ અક્ષૌહિણી સેનાને ક્ષણમાં જીત્યો. તે વખતે વજ્રબાહુના મંત્રીએ ભદ્રાયુને પૂછયું કે તમે કોણ છો? અને ક્યાંથી પધાર્યા? તે વખત ભદ્રાયુપુત્રે વજ્રબાહુ રાજાને સવિનય પ્રણામ કર્યા. તે જોઇ વજ્રબાહુ તેને પ્રેમથી ભેટયા અને પૂછ્યું કે હે મહાવીર આપ દેવ છો કે મનુષ્ય? આપના માતા પિતા કોણ? આપનું નામ શું? આપે શત્રુથી પરાજય થયલા અમને કૃપા કરી મુક્ત કર્યા. હે મહાપુરૂષ, આ બળ અને તેજ આપે ક્યાંથી મેળવ્યાં? આપની ઇચ્છા ત્રણ લોક જીતવાની જણાય છે. હે વીર હજાર જન્મથી પણ તમારા ઉપકારથી મુક્ત થવા હું શક્તિમાન નથી. હે વીર પુરૂષ આ રાજ્ય, આ પુત્રો, અને આ સ્ત્રીઓને છોડી મારૂં ચિત્ત તમારે વિશેજ પ્રીતિ કરેછે એનું સર્વ કારણ મને કહો. આ મારી સ્ત્રી વગેરેનું રક્ષણ કરનાર તમે છો. સૂતપુરાણિક કહે છે, હે ઋષિઓ એ પ્રમાણે પોતાના પિતાએ પૂછયું ત્યારે ભદ્રાયુ કહે છે, હે મહારાજ, આ મારી જોડે મહાવૈશ્યનો પુત્ર છે અને હું મારી માતા જોડે એને ત્યાં રહુંછું અને મારૂં નામ ભદ્રાયુ છે. બીજું વૃતાંત પછીથી કહીશ. પણ હે રાજન્ તમારા મિત્ર તથા પ્રધાન મંડળ સાથે રાજ્યમાં પ્રવેશ કરો અને આ બાંધેલા શત્રુઓને બંધીખાને નાંખો, શત્રુના ભયનો ત્યાગ કરો અને આનંદથી રાજ્ય કરો. હું આવું ત્યાં સુધી શત્રુને છોડશો નહિ એમ કહી ભદ્રાયુ ત્યાંથી નીકળ્યો તે પોતાની માતુશ્રી પાસે આવ્યો (મહાવૈશ્યને ત્યાં). તેણે સર્વ વૃતાંત માતાને કહી સંભળાવ્યું તે સાંભળી સુમતિ આનંદ પામ્યાં અને મહાવૈશ્ય પણ પ્રેમથી પુત્રને ભેટયા. પછી પેલો વજ્રબાહુ રાજા પોતાના નગરમાં પેઠો અને પોતાનાં સંબંધીઓ સાથે આનંદ પામતો પોતાનું રાજ્ય કરવા લાગ્યો તેજ દિવસે રાત્રીએ ઋષભ-શિવયોગી સીમંતિનીના સ્વામી ચંદ્રાંગદને ત્યાં આવ્યા અને ભદ્રાયુની ઉત્પત્તિ તથા કીર્ત્તિ વગેરે સંભળાવીને કહ્યું, હે ચંદ્રાંગદ તું તારી પુત્રી કીર્તિ-માલીનીને ભદ્રાયુ સાથે પરણાવ, જેથી તારો જય થશે, એમ કહી શિવયોગી ત્યાંથી ચાલ્યા. પછી ચંદ્રાંગદ રાજાએ વિદ્વાનો પાસે મુહૂર્ત્ત જોવ-ડાવ્યું અને શુભ મુહૂર્ત્તમાં ભદ્રાયુને બોલાવી પોતાની કન્યા યથાશાસ્ત્ર અર્પણ કરી. પછી તેને સુવર્ણ સિંહાસન ઉપર પત્ની સાથે બેસાડયો તે

રોહિણી સાથે ચંદ્ર શોભે એમ શોભતો હતો. પછી તે ચંદ્રાંગદ રાજાએ વજ્રબાહુ રાજાને બોલાવ્યા. તે રાજા આવી પહોંચ્યા એટલે તેનું નગરમાં પ્રવેશ કરાવી આસન આપી યથાર્હ પૂજન કર્યું. તે વખત તે વજ્રબાહુ રાજાએ ત્યાં ભદ્રાયુને જોયા. ત્યાં ભદ્રાયુએ પોતાના પિતાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તે વખતે વજ્રબાહુ રાજા ભદ્રાયુ સાથે ભેટીને કહે છે. હે ચંદ્રાંગદ રાજન્ આ વીર પુરૂષે મારા શત્રુનો નાશ કર્યો. અને મારૂં જીવન મને પુનઃ અર્પણ કર્યું. હે ચંદ્રાંગદ આ તારા જમાઈ મહા બળવાન છે. એનો વંશ તથા કીર્ત્તિ બરાબર હું જાણવા ઇચ્છુંછું. એવું સાંભળી ચંદ્રાંગદ રાજાએ વજ્રબાહુને એકાંતમાં બોલાવ્યા અને કહ્યું, હે રાજન્, આ ભદ્રાયુ તમારો પુત્ર છે અને બાળક અવસ્થામાં રોગથી પીડાયલો જોઈ એને એની મા સાથે તમોએ છોડી દીધો હતો. તે વખતે તમારી સુમતિ સ્ત્રી એ પુત્રને લઇ જંગલમાં ફરતી ફરતી દૈવયોગથી વૈશ્યને ત્યાં ગઇ. તે મહા વૈશ્યે એનું રક્ષણ કર્યું. પછી ત્યાં એ તારો પુત્ર રોગથી મરણ પામ્યો પણ ત્યાં કોઈ યોગીરાજે તેને પાછો સજીવન કર્યો અને એના ઉપર તે ઋષભયોગીએ કૃપા કરી તેથી એનું સ્વરૂપ દેવ સરખું થયું અને તે યોગીએ એને એક ખડ્ગ અને એક શંખ આપ્યો, તેમજ શિવકવચ પણ શીખવ્યું. તેથી એ પુત્ર સર્વત્ર જય કરનાર છે એમ તમારે જાણવું. હે વજ્રબાહુ રાજા એ તમારો પુત્ર તથા એની માતાને લઇને આપ પોતાના નગરમાં જાઓ. એમ કહી ભદ્રાયુની માતુશ્રી આવ્યાં હતાં તેને દેખાડયાં, તે જોઇ વજ્રબાહુ લજ્જા પામ્યા, અને પોતાનાં કરેલાં કર્મનો પશ્ચાતાપ કરવા લાગ્યા. પછી તે ભદ્રાયુ પુત્ર પાસે આવી પરસ્પર અતિ પ્રેમથી ભેટયા. પછી વજ્રબાહુ રાજા સુમતિ અને ભદ્રાયુ પુત્રને લઇ પોતાના નગરમાં ગયા. રાજા વજ્રબાહુ જ્યારે પુત્ર, પુત્રવધુ અને સુમતિ રાણીને લઇ પોતાના નગરમાં પેઠા તે જોઇ નગરજનો અતિ આનંદ પામ્યા. કેટલોક કાળ વીત્યા પછી ભદ્રાયુ યૌવન અવસ્થાને પ્રાપ્ત થયા અને રાજા વજ્રબાહુનો સ્વર્ગવાસ થવાથી તેઓ રાજ્યાસને બેઠા અને પોતાના બળથી પૃથ્વીનું રક્ષણ કરવા લાગ્યા અને માગધ રાજા હેમરથને બંધનથી મુક્ત કર્યો અને તેની સાથે પરમમૈત્રી બાંધી એ પ્રમાણે ત્રિલોકમાં વિહિત શિવયોગીની પૂજા પૂર્વજન્મમાં કરેલી તોપણ પેલો રાજપુત્ર અનેક વિપત્તિઓનો નાશ કરી રાજ્ય પામી ચંદ્રાંગદની પુત્રી કીર્તિમાલાની સાથે વિહાર કરતો હતો.

इत्थं त्रैलोक्य विहितां शिवयोगिपूजां कृत्वा पुरातन भवेऽपि स राजसूनुः ॥ निस्तीर्य दुःसह विपद्गणमाप्त राज्यश्चंद्रांगदस्य तनया

सुह साधुरेमे ॥ ८६ ॥ इति श्री स्कंदपुराणे ब्रह्मोत्तरखंडे भद्रायु विवाह कथनं नाम त्रयोदशोऽध्यायः ॥ १३ ॥ सूतउवाच–प्राप्त- सिंहासनो वीरो भद्रायुः समहीपतिः प्रविवेश वनं रम्यं कदाचि- द्भार्यया सह ॥

સૂતપુરાણિક કહે છે. હે ઋષિઓ રાજા ભદ્રાયુને જ્યારે રાજ્યાસન મળ્યું ત્યારે તે રાજા આનંદમાં એકવાર પોતાની સ્ત્રી સાથે રથમાં બેસી વનમાં ગયા. તે વનમાં અનેક પુષ્પવૃક્ષો ખીલી રહ્યાં હતાં અને અનેક પ- ક્ષીઓ તથા ભ્રમરો કલરવ કરતાં હતાં. એ પ્રમાણે ચારે તરફ સુંદર વૃક્ષોની ઘટા જોઇ તેના મધ્યભાગમાં ભદ્રાયુ રાજા પોતાની સ્ત્રી જોડે અનેક વિ- હાર કરતા હતા. તેટલામાં તેનાથી થોડેક છેટે બ્રાહ્મણ અને તેની સ્ત્રી બે- ઉએ દોડતાં આવી કહ્યું કે હે રાજન્ આ દોડતા વાઘથી હમારૂં રક્ષણ કરો. વળી કહ્યું કે હે રાજા સર્વપ્રાણીને ભય આપનાર પર્વત જેવો આ વાઘ આવી અમને ન ખાય એટલામાં અમારૂં રક્ષણ કરો. એવો આક્રંદ સાંભળી ભદ્રાયુ રાજાએ પોતાનું ધનુષ લીધું તેટલામાં પેલા વાઘે બ્રાહ્મણની સ્ત્રીને પકડી. તે સ્ત્રીએ હે નાથ, હે દયાસિંધો, હે શંકર આ દુઃખથી મુક્તકર વગેરે શબ્દ કહ્યા. તે વખતે તે રાજાએ અ- નેક તીક્ષ્ણ ભાલાઓથી તે વાઘને વિંધ્યો, તો પણ પેલો વાઘ પર્વતના સરખો ધૈર્યવાન હોવાથી ડર્યો નહિ. અને બળથી પેલા બ્રાહ્મણની સ્ત્રીને લઇ ત્યાંથી ચાલ્યો. પોતાની સ્ત્રીને વાઘ લઇ જવાથી બ્રાહ્મણે રૂદન કરવા મા- ડયું. હે પતિવ્રતા સ્ત્રી મને એકલાને આ જંગલમાં છોડી તું પરલોકમાં શા માટે જાય છે. હે સ્ત્રી તું મને મારા પ્રાણથી પણ અધિકપ્રિય છે. તું મરણ પામતાં હું પણ જીવવા ઇચ્છતો નથી. હે રાજન્ આપનાં મહાઅસ્ત્રો અને ધનુષ કયાં ગયાં? અને તમારૂં બાર હજાર હાથીના જેટલું બળ તે કયાં ગયું? અરે તારા ખડ્ગ અને શંખ પકડ્યાથી શું? અને તારી શસ્ત્રવિ- દ્યાથી શું? તારૂં એ સર્વ નિષ્ફળ થયું, કે આ અરણ્યમાં તું એક વાઘથી પણ ડરી ગયો અને તારા દેખતાં મારી પવિત્ર સ્ત્રીને વાઘ લઇ ગયો. હે રાજન્ ક્ષત્રીનો અર્થ એવો છે કે મહા ભયથી રક્ષણ કરે, તે અર્થ વિનાનું નામ ધારણ કરી પૃથ્વીમાં વધારે જીવ્યાથીએ શું? હે રાજા, દુ- ખીઆ અને શરણાગતોનું રક્ષણ રાજાએ પ્રાણ, ધન અને ધર્મથી કરવાનું છે અને તે ન કર્યું તો તે જીવતા છતાં મુવેલા જાણવા. દ્રવ્યવાન હોય ને દાન ન કરે તો તે પણ મુએલા સરખો છે. ગૃહસ્થ થઇને દીનનું રક્ષણ ન

કરે તો તે કરતાં ભીક્ષુક પણ સારો, અનાથ, દીન અને શરણાગતનું રક્ષણ ન કરાય તે કરતાં વિષભક્ષણ અગર અગ્નિપ્રવેશ કરવો એ રાજાનો પરમ ધર્મ છે. એ પ્રમાણે પોતાના પરાક્રમની નિંદાયુક્ત બ્રાહ્મણનાં વચનો સાંભળી તે મનમાં વિચાર કરવા લાગ્યો. હા હા. આજે મારૂં પુરૂષાર્થ નાશ પામ્યું અને દૈવપણ વાંકું થયું. આજે મારી કીર્ત્તિ નાશ પામી અને મને મોટું પાપ લાગ્યું. મારા મંદભાગ્યને લીધે મારો સમયોચિત ધર્મ નાશ પામ્યો. હવે નિશ્ચે મારી સંપત્તિ, રાજ્ય અને આયુષ્ય એ સર્વે ક્ષય પામશે.

પુરૂષોને સંપત્તિ, ભોગ, પુત્ર અને સ્ત્રી ઇત્યાદિ વસ્તુઓ દૈવયોગે ક્ષણમાં મળે છે ને દુર્દૈવે ક્ષણમાત્રમાં નાશ થાય છે. માટે આ સ્ત્રીવિનાના બ્રાહ્મણને અતિશોકથી દૂર કરવા મારા પ્રિયપ્રાણ પણ આપીશ, એવો નિશ્ચય કરી ભદ્રાયુરાજા પેલા બ્રાહ્મણના ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને બોલ્યા. હે મહારાજ જેનું તેજ નાશ થયું અને ક્ષત્રિવટથી પણ પતિત થયો એવો હું દીન પુરૂષછું, માટે કૃપાકરો અને તમારો શોક તમે દૂર કરો, હું તમારી ઇચ્છા હશે તે આપીશ. આ મારૂં રાજ્ય આ મારી સ્ત્રી અને આ મારૂં શરીર એ સર્વ તમારે આધીન છે. માટે આપની ઇચ્છા હોય તે કહો. બ્રાહ્મણ કહે છે હે રાજન્! આંધળાને આરશી શું કામની? ભીક્ષાર્થીને ઘર શું કામનું? મૂર્ખને પુસ્તક શું કામનું? અને સ્ત્રી વગરના પુરૂષને ધનનું શું કામ? હું સ્ત્રીવિનાનો અને ભોગવિનાનો થયોછું. માટે આ તારી મહારાણી મને આપ રાજા કહે છે હે મહારાજ! એ તમારો ધમ નથી, તેમ ગુરૂઓનું શિક્ષા વચન પણ એવું નથી. હજારો પ્રાયશ્ચિતથી પણ પરસ્ત્રીગમનને લીધે થયલું પાપ નાશ થતું નથી. બ્રાહ્મણ કહે છે હે રાજા! બ્રાહ્મણનો વધ અને મદ્યપાન વગેરે મહાપાતકો પણ તપથી ક્ષણમાં નાશ કરૂં તો પરસ્ત્રીસેવનનું પાપ તપ આગળ ક્યાં? (શું હિસાબમાં) માટે આ તારી મહારાણી મને આપ. એમ નહિ કરીશ તો મારૂં ભયથી ડરેલાનું રક્ષણ નહિ કરવાથી તું નર્કમાં જઇશ. આવું બ્રાહ્મણનું વાક્ય સાંભળી રાજા ભયભીત થઈ વિચારવા લાગ્યો. અરે! શરણાગતનું રક્ષણ નહિ થવાથી જે પાપ થયું એ પાપની શાન્તિ માટે સ્ત્રીનું દાન કરવું એ શ્રેષ્ઠ છે. ને જો હું મહારાણીને બ્રાહ્મણને આપી અગ્નિમાં પ્રવેશ કરીશ તો મારી અચળકીર્ત્તિ થશે. એ પ્રમાણે વિચારીને ચિતા પ્રદીપ્ત કરી. પછી બ્રાહ્મણને પાસે બોલાવી હાથમાં જળ લઇ સ્ત્રી અર્પણ કરી પોતે સ્નાન કરી પવિત્ર થયો ને દેવને પ્રણામ કર્યા. પછી અગ્નિની ત્રણ પ્રદક્ષિણા કરી અને શંકરનું ધ્યાન ધર્યું. પોતાના ભક્તને અગ્નિમાં પ્રવેશ કરતો જાણી શંકરે સાક્ષાત ત્યાં આ-

શ્રી ભદ્રાયુને દર્શન આપ્યું. પિનાક ધારણ કરનારા, પંચમુખ છે જેને એવા, પીળાવર્ણની જટાજૂટવાળા અને જેનું તેજ હજારો સૂર્યના જેવું છે, હાથીના ચર્મનું જેને ઉત્તરીય (વસ્ત્ર) છે, જેના મસ્તક ઉપર ગંગાના તરંગો (લહેરી) વહ્યાં જાય છે, જેના કંઠમાં સર્પના હારો છે, મુકૂટ અને કુંડળની શોભાવાળા, જેના હાથમાં ત્રિશૂળ, ખટવાંગ, પિનાક, કુઠાર અને ઢાલ વગેરે છે, અને વૃષભના વાહનવાળા એવા શ્રીશંકરને ભદ્રાયુ રાજાએ જોયા. તે વખતે આકાશમાંથી દેવોએ પુષ્પની વૃષ્ટિકરી. અને દેવોએ અનેક વાજીંત્રો વગાડવા માંડયા અને તે વખતે રાજાની સમીપમાં નારદાદિ અને સનકાદિ મહામુનિઓ વશિષ્ઠાદિ બ્રહ્મઋષિઓ અને ઇંદ્રાદિ લોકપાળો આવી પહોંચ્યા તે સર્વના મધ્યભાગમાં પાર્વતી સહીત શંકર બિરાજ્યા. ભક્તિથી નમ્ર એવા રાજા ઉપર કરૂણા દૃષ્ટિએ જોવા માંડયું એ પ્રમાણે દેવ ઋષિઓ સહિત શ્રીશંકરના દર્શનથી આનંદ પામેલો ભદ્રાયુ રાજા પોતાના હાથ જોડી ગદગદવાણીએ સ્તુતિ કરવા લાગ્યો.

પદ. (રાગ–આશાવરી.)

હરહર મહાદેવ, મનેરે તમે; આપો તમારી સેવ, મનેરે તમે. ટેક.
આ સંસાર અસાર જણાયો, મૃગજળે મૃગ અથડાય;
તેવી દશા થઇ મ્હારી વ્હાલા, સાર ન જોયો જરાય. મનેરે.
અતિ અકળાયો મન મુઝાયે, સૂજે ન કાંઇ ઉપાય;
છેવટ શરણું સુખ દેનારૂં, માગું ઘો જગરાય. મનેરે.

પદ. (રાગ–કાલીંગડો.)

રાખો પ્રભુ ચરણ શરણ દાસ દિન જાણીરે,
શાન્ત સ્વરૂપ પદ્માસન સુંદર, ચંદ્ર મુગટ બલીહારીરે.
પાંચ મુખ ત્રણ નેત્ર ને, શૂલવજ્ર તલવાર,
પરશુ ધારક અભયવર, ભક્તોનો દાતાર. આ દાસ૦
નાગ પાશ ઘંટા અને, ડમરૂક અંકુશ જેહ;
નાના ભૂષણ શુભ સજ્યાં, શ્વેત મણીમયદેહ. આ દાસ૦

ભદ્રાયુ કહે છે હે અવ્યય શંકર તમારાં ચરણ કમળને પ્રણામ કરૂંછું જે ચરણ કમળ કારણનું પણ કારણ છે, અને સચ્ચિદાનંદ સ્વરૂપ છે. હે શંકર તમો વિશ્વના સાક્ષી, જગતના કર્ત્તા, આભ્યાંતર તેજવાળા અને સર્વ ભૂતના હૃદય વિષે રહેનારા છો. માટેજ વિદ્વાન લોકો અનેક યોગ, તપ અને સમાધિ માર્ગથી તમોને શોધે છે. એક સ્વરૂપ ભાવના વાળાઓને આપ

એક (અદ્વિતીય) અને અનેક રૂપ ભાવનાવાળાઓને અનેક રૂપે દેખાઓ છો. ઇંદ્રિય જ્ઞાનથી અગોચર એવું આપનું પદ છે એવા તમો વાણી અને બુદ્ધિથી અલભ્ય પરમાત્મ સ્વરૂપ છો. હે મહારાજ! તમારૂં સ્તવન કરનારા અનેક ગુણવાનો (વિદ્વાન) આપની માયામાં લીન થાય છે. તો હું અલ્પ વાણીવાળો આપની શું સ્તુતિ કરી શકું ? તો પણ વિનયી લોકોના દુઃખનું નાશક એવું આપનું ચરણ કમળ ભક્તિવાન લોકો મેળવી શકે છે. માટે હે શંકર! અઘોર સંસારના દાવાગ્નિથી પિડાયલો હું સંસારનો ભય નિવૃત્ત થવા માટે નિત્ય આપના ચરણને ભજું છું. દેવનાદેવ શંકર મહાદેવ ત્રિમૂર્ત્તિ સ્વરૂપ અને જગતના ઉત્પન્ન, પાલન અને નાશ કરનાર શંકરને હું પ્રણામ કરૂં છું. વિશ્વના આદિભૂત, જગતના સાક્ષી, આનંદ સ્વરૂપ અને સતસ્વરૂપ શંકરને હું પ્રણામ કરૂં છું. સર્વ ક્ષેત્રમાં નિવાસ કરનાર અને ક્ષેત્રથી આસક્તિભિન્ન, નિરાભાસ, નિત્ય, સત્ય, વિશુદ્ધ અને અશેષ કર્મથી મુક્ત શંકરને હું પ્રણામ કરૂંછું. વેદાન્તથી સ્ફુટ, વેદનું મૂળ અને ગુણ વૃદ્ધિથી નિવૃત્ત એવા શંકરને હું પ્રણામ કરૂંછું. કલ્યાણ ફળને આપવાવાળા, અનંત અને શાન્ત શિવ સ્વરૂપને હું પ્રણામ કરૂં છું. મહાપાપની રાશિને દૂર કરનારા તેજરૂપ અને જગતના બીજના નાશ કરનારા (પુનઃપુનઃ જગતની ઉત્પત્તિને મટાડનારા) શંકરને હું પ્રણામ કરૂંછું. મોહને નાશ કરનારા, અને શુદ્ધ ગુણને ધારણ કરનારા શંકરને હું પ્રણામ કરૂંછું. હે જગતના નાથ, હે નિરંતર, હે શાશ્વત, હે રૂદ્ર, હે અવ્યય (અવિનાશી) મૃત્યુંજય મારૂં રક્ષણ કરો. હે શંકર, હે ચંદ્રશેખર, હે શાન્તમૂર્ત્તિ, હે ગૌરીપતિ, હે અગ્નિનેત્ર, હે ગંગાધર, પુણ્યકીર્ત્તિ, હે જગતના સ્વામી, હે ભૂતપતિ આપને સાષ્ટાંગ પ્રણામ કરૂંછું.

પદ. (રાગ-બિહાગ.)

તુજ ખરો સાહ્યકારી, મહેશ્વરા તુજ ખરો.
આરે જગતમાં નજરે જોઉં, જનો સહે દુઃખભારી;
તેમ છતાં હું અતિ અથડાયો, થાકયો જોઇ મૃગવારી. મહેશ્વર.
માટે પ્રભુ આવ્યો તુજ શરણે, જાણી ચરણ બલિહારી;
તાપ ત્રિવિધિ શું હવે કરશે, ધારી અમૃતજળ ઝારી. મહેશ્વર.
કૃપાકરી પકડયો ત્યારે, નાથ ન મેલો વિસારી;
મારો કહીને તાર તું તારક, નમન લોની સ્વીકારી. મહેશ્વર.

પદ. (રાગ-ભૈરવી.)

હરહર શંકર લે તું સંભાળ. (બે વાર.)
સંસાર સાગર અતિ આ તુફાની, તરવાનો નહિ એક ઉપાય. હરહર.

મગર મદોન્મત મદરૂપી મહાલે, કુટુમ્બ ભયાનક એનું અપાર. હરહર.
વિષયો મિત્ર સાથે લઇને, નીશદીન બાળે જયમ અંગાર. હરહર.
પુરૂષ પ્રયત્ને મુક્ત થતામાં, ઉસેટી દે ઉલટે પ્રવાહ. હરહર.
શાન્તિ સ્થાનથી ભ્રષ્ટ કરીને, ગ્રાહ કરે દંષ્ટ્રા વિકરાળ. હરહર.
શરણ આપો પ્રભુ આપ ચરણનું, થાઉં નિરભય તો નિરધાર. હરહર.
અન્ય શરણ જો હું રે સ્વીકારૂં, દ્વિગુણ દુઃખ નહિ શાન્તિ લગાર. હરહર.
આજ સુધી પ્રભુ સહાય કરીને, છોડો નહિ હવે દીન દયાળ. હરહર.
અભય એક છે શરણ તિહારૂં, વેદવાણી એ સહજ સાર. હરહર.
ચરણ શરણ એ નૌકા અર્પી, તારો ડૂબતો દીન દયાળ. હરહર.

પદ. (રાગ-ભૈરવી.)

અપરાધી આ દાસ તમારો, શરણ આવ્યો તે સ્વીકારો, અપરાધી. ટેક.
દુરિત કૃત્યો મેં અતિ કીધાં, પાપના તાપ નિવારો. અપરાધી.
સેવા ન જાણું પૂજા ન જાણું, મૂઢ મતિને સુધારો. અપરાધી.
પુત્ર વાત્સલ્ય વેગે સંભારી, ધાઇ કર ગ્રહો મારો. અપરાધી.
કલ્પવૃક્ષને શરણે આવ્યો, ક્ષુધા સર્વ સમાવો. અપરાધી.
ક્ષમાપાત્ર હું નથી તથાપિ, પતિત પાવન છો ઉગારો. અપરાધી.

પદ. (રાગ-નાથ કેસો ગજકો બંધ છોડાયો) એ રાહ.

મુજસમ કોણ કુટીલ ખલકામી;
તુજથી છુપાવું શું? કરૂણામય, તું છે અંતરજામી. ટેક.
ભરી ભરી ઉદર વિષયમાં દોડયો, જેવોરે શુકરગ્રામી;
શ્રીહરી ચરણ છોડકર કુટીલ સંગાથે, નિશદીન કરીરે ગુલામી. મુજ.
જહાં સતસંગત તહાં બહુ આળસ, વિષયીસંગ વિશ્રામી;
કોલ દીધો તે ભુલી ગયોરે, એવો હું લૂણ હરામી. મુજ.
હું પાપી પતીત અધમ પરનિંદીત, સહુ પતિતોમાં નામી;
આ હું અનાથ સનાથ કરોરે, વિનતી એ શ્રીપતિ સ્વામી. મુજ.

સૂતપુરાણિક કહે છે હે ઋષિઓ એ પ્રમાણે સ્તુતિ કરાયલા માહેશ્વર પાર્વતી સહીત પ્રસન્ન થઇને બોલ્યા. શંકર કહે છે હે રાજન! ભાક્ત અને પુણ્ય સ્તુતિથી હું પ્રસન્ન થયોછું. તેં અનન્ય ભાવથી મારૂં નિરંતર પૂજન કર્યું છે. તારા ભાવની પરીક્ષા માટે હું બ્રાહ્મણ થઇને અત્રે આવ્યો હતો. અને વાઘ જેને લઇ ગયલો તે આ પાર્વતી હતાં. અને તે લઇ જનાર વાઘ માયાનો હતો જેથી તારાં બાણ પણ તેને લાગ્યાં નહિ. અને

તારી ધીરતા જોવાને મેં સ્ત્રીની યાચના કરી. હે રાજન ! આ કીર્તિમાલી-નીની અને તારી ભક્તિવડે હું પ્રસન્ન થયોછું માટે દુર્લભ વરદાન માગ. રાજા કહે છે હે શંકર સંસારના તાપથી તપેલા એવા મને આપે પ્રત્યક્ષ દર્શન આપ્યું એજ વરદાન છે. આપ વરદાન આપનાર છતાં હું અન્ય વર માગતો નથી. પણ એટલું માગું છું કે હું, આ મહારાણી, મારી માતા, અને મારા પિતા, મારૂં રક્ષણ કરનાર પદ્માકર મહાવૈશ્ય અને તેનો સુનય નામે પુત્ર એ સર્વેને તમારા સેવક (ગણ) કરો. સૂતપુરાણિક કહે છે હે ઋષિઓ પછી રાણી કીર્તિમાલીની ભક્તિવડે શંકરને પ્રસન્ન કરી યાચના કરે છે. રાણી કહે છે હે મહારાજ ! મારા પિતા ચંદ્રાંગદ અને મારી માતા સીમંતીની તે પણ આપની સેવામાં નિરંતર રહે એટલું હું પ્રણામ કરીને માગું છું. હે ઋષિઓ, અસ્તુ (એ પ્રમાણે થાઓ) કહી શંકર ત્યાંથી અંતર્ધાન થયા. ભદ્રાયુ પણ અનેક ભાઇઓ અને મહારાણી કીર્તિ-માલીની સાથે નગ્રમાં જઇ અનેક વિષય ભોગ કરવા લાગ્યા. બળ અને તેજની વૃદ્ધિની સાથે દશ હજાર વર્ષ સુધી રાજ્ય કરી પછી તે રાજ્ય પુત્રને અર્પણ કરી શંકરનું ભજન કરતા તેમના (શંકરના) ચરણને પા-મ્યા. રાજા ચંદ્રાંગદ અને સીમંતીની રાણી પણ ભક્તિવડે શંકરને ભજતાં શંકર પદને પામ્યાં. આ પવિત્ર આખ્યાન પાપને દૂર કરનારૂં છે અને વિચિત્ર શંકરના ગુણ કથન જે વિદ્વાન ડાહ્યા મનુષ્યોને સંભળાવે અથવા પાઠ કરે તે આ લોકના અનેક ભોગો ભોગવી અંતે શંકર પદને પામે છે.

एतत्पवित्रमघनाशकरं विचित्रं शंभोर्गुणानुकथनं परमं रहस्यं ॥
यःश्रावयेद्बुधजनान् प्रयतः पठेद्वासं प्राप्यभोगविभवंशिवमेतिसोंते ॥

ઇતિ શ્રી સ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે ભદ્રાયુમહાત્મ્યકથનનામ ચતુર્દશો અધ્યાય.

सूतउवाच–ऋषभस्यानुभावोयं वर्णितःशिवयोगिनः ॥
अथान्यस्यापि वक्ष्यामि प्रभावं शिवयोगिनः ॥१॥

સૂતપુરાણિક કહે છે હે શૌનકાદિઋષિઓ ! ઋષભ શિવયોગીનો મહિમા મેં વર્ણન કરીને કહ્યો. હવે અન્ય શિવયોગીનો મહિમા હું કહુંછું તે સાથે ભસ્મનો મહિમા પણ કહીશ, જે સાંભળવાથી પાપી મનુષ્યો પણ પાવન થાય છે. વામદેવ નામે એક શિવમહાયોગી હતા. તે નિર્ગુણ, શાન્ત, સમદર્શી, આ-ત્મામાંજ આનંદ માનનારા, ઘર સ્ત્રી વિનાના, મૌન ધારણ કરનારા અને સં-તોષી હતા. તેનું સર્વાંગ ભસ્મથી છાયલું રહેતું અને મસ્તકપર જટાજૂટ ર-

હેતું, તે વલ્કલ (ઝાડની છાલનાં કપડા) પહેરી ભીક્ષાનુંજ અન્ન ખાતા હતા એક વખતે-તે ફરતા ફરતા ક્રોંચવન નામના ઘોર જંગલમાં ગયા, તેમનું ફરવું લોકોના અનુગ્રહ અર્થેજ થતું. ક્રોંચ જંગલમાં ભૂખ અને તરસથી પીડાતો ઘણો દુષ્ટ એક બ્રહ્મરાક્ષસ રહેતો હતો. શિવમહાયોગીને જોઇને તે ભક્ષણ કરવા દોડયો. તે વેળા તે ભયાનક કાયાવાળો તથા પહોળા મોઢા-વાળો ક્રૂર દેખાતો હતો છતાં શિવયોગી જરાપણ ચકિત થયા નહિ. બ્રહ્મરા-ક્ષસે સામા આવી બેહાથવડે શિવયોગીને પકડયા. યોગીના શરીરને સ્પર્શ થવાથી તરતજ તે રાક્ષસનાં બધાં પાપો દૂર થયાં તેથી તેને પૂર્વજન્મની યાદ આવી. ચિંતામણીને અડકતાં લોઢું સોનું થઇ જાય છે, જંબુનદીમાં માટી સોનું બને છે, વળી જેમ માનસરોવરપર જતાં પક્ષી માત્ર હંસ થઇ જાય છે, અમૃતપાનથી માણસ દેવપણું પામે છે, તેમ આ મહાત્મા પોતાના દર્શન અને સ્પર્શ માત્રથી દુષ્ટ અને પાપીને તત્કાળ પવિત્ર કરે છે; તેમ આ બ્રહ્મરાક્ષસ ભૂખ અને તૃષાથી નહિ શાન્ત થયલો ઘોરાત્મા જં-ગલમાં ભટકનારો તે આ શિવયોગી મહાત્માના શરીરના સ્પર્શમાત્રથી તર-તજ તૃપ્ત થઇ પૂર્ણાનંદ પામ્યો. કારણ કે એ યોગીના શરીરની ભસ્મના સ્પર્શને લીધે રાક્ષસનાં પાપ અને તમો ગુણી સ્વભાવ દૂર થયો. અને પૂર્વ જન્મની સ્મૃતિ આવતાં યોગીને સાષ્ટાંગ કરીને બ્રહ્મરાક્ષસ નમ્ર વાણીથી બોલ્યો. હે મહાયોગી ! હે કરૂણાળુ ! હે સંસારતાપથી તપેલાને આનંદસા-ગરમાં મગ્ન કરનાર આપ મારા ઉપર પ્રસન્ન થાઓ. હે ઇશ્વર આપ મહા-નુભાવના દર્શન ક્યાં ! ને ઘોર પાપ કરનારો ભયંકર વૃત્તિવાળો આ દુષ્ટ પ્રા-ણી કયાં ! હે મહારાજ દુઃખસાગરમાં પડેલા આ પાપીનો ઉદ્ધાર કરો. તમારાં દર્શન માત્રમાં મને મહા આનંદ થયો છે. એવાં વિનય વચન સાં-ભળી શિવયોગી કહે છે. તું વનમાં ફરનાર આ ભયંકર સ્વરૂપવાળો કોણ છે ? અને આ ઘોર ગતિતું શાથી પામ્યો છે ? રાક્ષસ કહે હે મહારાજ હું આથી પચીસમાં જન્મ ઉપર યવન રાજ્યમાં દુર્જય એવા નામનો રાજા હ-તો. હું ઘણો દુરાચારી, પાપી, ઇચ્છા પ્રમાણેજ ચાલનારો, પ્રચંડ, દયાવિ-નાનો અને મહાશઠ હતો. હું યુવાવસ્થામાં ઘણી સ્ત્રીઓવાળો છતાં અજી-તેંદ્રિય હતો. જેથી મેં એક પાપાચરણ કરવા માંડયું તે એકે દરરોજ નવી સ્ત્રીનો ઉપભોગ કરવા સારૂ સેવકોને તે લાવવા હું આજ્ઞા કરતો. સેવકો તે પ્રમાણે દરરોજ નવી સ્ત્રી લાવતા તે સ્ત્રીને એક દિવસ ભોગવ્યા પછી હું અંતઃપુરમાં રાખી લેતો એમ એક દિવસ ભોગવેલી અનેક સ્ત્રીઓ રોકી

રાખવાના દુખને લીધે રડતી હતી. એ પ્રમાણે દેશમાંની ઘણી સ્ત્રીઓ ભોગવાઇ રોકાઇ રહેતી. એમ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણની સ્ત્રીઓને જ્યારે મેં હરણ કરવા માંડી ત્યારે મારા રાજ્યમાં રહેનારા ઘણા બ્રાહ્મણો તો પોતાની સ્ત્રીઓને લઇ નાશી છુટયા. વળી હે મહારાજ! બ્રાહ્મણની ત્રણસો સ્ત્રી, ક્ષત્રીયની ચારસો, વૈશ્યની છસો, શૂદ્રની એક હજાર, ચાંડાલની સો, પુલિંદી (જંગલી) એક હજાર, શૈલુષી પાંચસો, ધોબીની ચારસો અને વારાંગના સ્ત્રીઓ તો અસંખ્ય ભોગવી કે જે પાપનો છેડોજ આવે નહિ. તો પણ મારા કામની શાન્તી થઇ નહિ. એ પ્રમાણે દુર્વિષયમાં આસક્ત અને મદોન્મત તથા મદ્યપાની એવો હું તેથી મારા શરીરમાં યૌવનાવસ્થામાં પણ ક્ષય વગેરે રોગો થયા. ઘણા રોગ વાળો, પુત્ર વિનાનો એવો મને શત્રુઓએ બહુ દુ:ખી કર્યો, મંત્રીઓએ પણ મને રાજ્યમાંથી કહાડી મૂક્યો, અને મારાં દુષ્ટ કર્મને લીધે હું મરણ પામ્યો. હે મહાયોગી ધર્મથી નહિ ચાલતા પુરૂષનું આયુષ્ય પણ ઓછું થાય છે, અપકીર્ત્તિ થાય છે, ભાગ્યનાશ થાય છે, અને દુર્ગતિ થાય છે અને તેથી પોતાના અનેક પિતૃઓ સ્વર્ગથી પતિત થાય છે. હે મહારાજ જ્યારે હું મરણ પામ્યો, તે વખતે યમ રાજાના સેવકો મને લઇને ચાલ્યા, અને તેઓએ મને દશ હજાર વર્ષસુધી નર્કમાં નાંખ્યો, ત્યાં હું વીર્યનું પાન કરીને યમદુતની પીડા સહન કરતો હતો. પછી કંઈ શેષ પાપ હશે જેનાથી જંગલમાં હું પિશાચ થયો. ત્યાં મને હજાર ઇંદ્રિઓ (કર્મેંદ્રિય, શિશ્ન) થઇ. અને નિત્ય ભૂખ અને તૃષાથી આકુળ એવી પિશાચ યોનીમાં ૧૦૦ વર્ષ રહ્યો. અને ત્યાર પછી અનુક્રમે વાઘ, અજગર, વૃક, વરાહ, (ડુક્કર) કાચબો, કૂતરો, કોળો, (શિયાળ) ગવય (એકપશુ) મૃગ, વાનર, ગીધ, નોળીઓ, કાગડો, અચ્છભલ્લ કૂકડો, ગધેડો, બલાડો, દેડકો, નાનો કાચબો, માછલું, ઊંદર, ઘુવડ, વનનો હાથી, અને પચીશમા જન્મે હું બ્રહ્મરાક્ષસ થયો છું. હે મહાયોગીન્ ભૂખ અને તૃષાથી વ્યાકુળ આ મહાવનમાં હું રહેતો હતો. તેમાં આજરોજ તમોને જોઇ ભક્ષણ કરવા આવતાં તમારા શરીરના સ્પર્શ માત્રથી મને પૂર્વ જન્મની સ્મૃતિ થઇ. માટે હે મહારાજ આવો આપનો પ્રભાવ તૃપથી કે વિદ્યાથી કે તીર્થસેવાથી અથવા યોગશક્તિથી કે દેવશક્તિથી અથવા મંત્રશક્તિથી છે, તે હે મહારાજ તત્વતઃ (યથાર્થ રીતે) મને કહો, હું આપને શરણેછું. વામદેવયોગી કહે છે હે ભાઇ, આ મારા શરીર ઉપર લાગેલી

જે ભસ્મ છે, તેનો એ મહાપ્રતાપ છે, કે જેના સ્પર્શમાત્રથી તું પાપી છતાં ત્હારી ઉત્તમબુદ્ધિ થઇ. ભસ્મનો પ્રભાવ મહાદેવ શિવાય અન્ય કોણ જાણી શકે? જેમ શંભુનો પ્રભાવ સર્વેને અજ્ઞાત છે, તેમ ભસ્મનો પણ છે, તે સાંભળ. પૂર્વે હે રાક્ષસ તારા જેવો એક બ્રાહ્મણ ધર્મવિનાનો હતો, તે દ્રવિડદેશમાં રહેતો હતો. તે પોતાના કર્મમાં ભ્રષ્ટ થવાથી શૂદ્રતા પામ્યો. તે ચોરીથી પોતાનું ગુજરાન ચલાવતો હતો, વારાંગનાને સેવતો હતો, તે કોઈ વખત કુકર્મ કરવા જતો હતો ત્યાં રસ્તામાં કોઇ શૂદ્રે રાતે તેને મારી નાંખ્યો તે શબને નગરથી બહાર ફેંકી દીધું. ત્યાં એક કુતરો હતો તેને પગે ભસ્મ લાગેલી હતી, તે પેલા મુવેલા બ્રાહ્મણને લાગી. તેજ વખતે તે નરકમાં પડેલા બ્રાહ્મણને શિવકિંકરોએ કહાડી વિમાનમાં બેસાડી યમનાદૂતોનો પરાજય કર્યો. શિવ દૂતોની પાસે આવી યમરાજાએ પૂછ્યું, આ મહાપાપીને તમે શા માટે લઇ જાઓ છો? શિવદૂતો કહે છે. હે યમરાજા એ બ્રાહ્મણનો અનુગ્રહ જુઓ. એના લલાટ, હૃદય, અને હાથના ભાગપર ભસ્મ દેખાય છે. માટે શંકરની આજ્ઞાથી એને લેવા હમો આવ્યા છીએ. અમનો નિષેધ કરવા તમો શક્તિમાન નથી માટે તમો સંશય રાખશો નહિ. એમ કહી શંભુના દૂતો સર્વે લોક જોતાં છતાં બ્રાહ્મણને અનામય (શિવપદ) માં લઇ ગયા. માટે હે બ્રહ્મરાક્ષસ, તેનાથી પણ શુદ્ધ ભસ્મ હું ધારણ કરૂંછું, કે જે ભસ્મ શંકરનું ભૂષણ છે. એ પ્રમાણે બ્રહ્મરાક્ષસ ભસ્મ મહિમા સાંભળીને પાછો વિસ્તારથી સાંભળવાની ઇચ્છાથી બોલ્યો. હે મહાયોગી આપના દર્શનથી હું ધન્ય છું. માટે મને આ દુષ્ટ જન્મથી છોડાવો. કંઇક મારૂં પૂર્વનું પુણ્ય હોય એમ મને લાગે છે, કે જેથી તમારી પ્રસન્નતાથી હું આજે મુક્ત થયો છું. તેનું કારણ એ છે કે—એક શિવભક્તને મેં તે જન્મમાં (રાજાના જન્મમાં) પૃથ્વીનું દાન કર્યું હતું, તેમ યમરાજાએ પણ મને કહેલું કે પચીસમાં અવતારમાં કોઇક યોગીના સંગથી તું સંસારથી મુક્ત થઇશ. માટે હે મહારાજ જે કંઇ પુણ્ય પૂર્વે કરેલું તે આજે ફળ્યું છે તેથી આવા ઘોર જંગલમાં તમારો સમાગમ થયો. માટે મને દુષ્ટ જન્મી અને ઘોર પાપીને હે કૃપાળુ આપનું ભસ્મ મંત્ર સાથે અર્પણ કરી ઉદ્ધારો. હે મહારાજ એ ભસ્મ કેવી રીતે ધારણ કરવી? એનો મંત્ર અને વિધિ શું? કયો કાળ અને કયો દેશ? તે મને કહો. આપના જેવા મહાત્મા પુરૂષો હમેશ સર્વના હિતમાં રમેલા રહે છે. સંતો, કલ્પવૃક્ષની પેઠે પોતાનું હિત ચહાતા નથી. સૂતપુરાણી કહે છે એ પ્રમાણે શિવયો-

એમ ઘોર બ્રહ્મરાક્ષસે કહ્યું, ત્યારે પુનઃ ભસ્મનું મહાત્મ્ય શિવ મહાયોગી વર્ણન કરીને કહે છે.—

इत्युक्तस्तेनयोगीशो घोरेणवनचारिणा ॥
भूयोपि भस्ममाहात्म्यं वर्णयामास तत्ववित् ॥ ६८ ॥

ઇતિ શ્રી સ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે ભસ્મ મહાત્મ્યકથનનામ પંચદશોધ્યાય.

वामदेवउवाच–पुरामंदर शैलेन्द्रे नाना धातु विचित्रिते ॥
नानासत्व समाकीर्णे नानाद्रुमलताकुले ॥१॥

વામદેવશિવયોગી કહે છે હે ભાઈ–અનેક ધાતુથી વિચિત્ર અને અનેક પ્રાણીએ સેવેલો તેમ અનેક વૃક્ષો વાળો મંદરાચળ નામનો પર્વત છે. ત્યાં પૂર્વે પોતાની ઈચ્છાવડે ભૂતેશ શંકર આવી પહોંચ્યા. જેની સાથે સેવા કરનારા શતકોટી રૂદ્ર હતા. તેઓના મધ્યમાં દેવનાદેવશંકર વિરાજમાન થયેલા હતા. ત્યાં અનેક દેવો સાથે ઇંદ્ર આવી પહોંચ્યા. તેમજ અગ્નિ, વરૂણ, વાયુ, યમ, વૈવસ્વત, ચિત્રસેન ગાંધર્વ અને સર્વ સર્પો પણ આવ્યા હતા. વળી કિંપુરૂષસિદ્ધ, સાધ્ય ગુહ્યક વશિષ્ઠાદિ બ્રહ્મઋષિઓ નારદાદિ સુરઋષિઓ, દક્ષાદિ પ્રજાપતિઓ, પિતૃઓ, ચંડીકાદિ માતાઓ અને ઉર્વશીઆદિ અપ્સરાઓ પણ ત્યાં આવ્યાં હતાં. બારસૂર્યો, અષ્ટવસુ, અને મહા તેજસ્વી વિશ્વેદેવા પણ તત્ર પધાર્યા હતા. તેમજ બીજા ભૂપતિઓ, મહાકાળ નંદીશ્વર, વિરભદ્ર, શંકુકર્ણ, ઘંટાકર્ણ, દુર્ધર્ષ મણિભદ્ર, વ્રકોદર, કુંડોદર, વિકટ તથા બીજા અનેક તેજસ્વીઓ પણ ત્યાં આવ્યા હતા. તેમાં કેટલાક કાળારંગના, કેટલાક શ્વેતવર્ણના, કેટલાક દેડકાની કાન્તિ સરખી કાન્તિવાળા કેટલાક લીલારંગના, કેટલાક ધૂમાડાના જેવા વર્ણના, કેટલાક પીળારંગના, અને કેટલાક વિચિત્ર વર્ણના હતા. તેઓ અનેક પ્રકારનાં આયુધ, ભૂષણ અને વાહનવાળા હતા. કોઇ વાઘ મુખા, તો કોઇ સુકર સરખા મુખવાળા. કોઇ મૃગ સરખા મુખવાળા, અને કેટલોક શારભ, હંસ, સિંહ, ઉંટ અને બંગલા જેવા મુખવાળા હતા. તેમાં વળી કેટલાક દ્વિમુખ (બે મુખવાળા) કેટલાક ત્રિમુખ અને કેટલાક મુખ વિનાના હતા. વળી તેમાં કેટલાક એક હાથવાળા, કેટલાક ત્રણ હાથવાળા, કેટલાક પાંચ હાથવાળા, અને કેટલાક હાથ વિનાના હતા. કેટલાક પગ વિનાના, કેટલાક ઘણા પગવાળા, કેટલાક કાનવાળા, કેટલાક એક કાનવાળા, કોઇક એક નેત્રવાળા, કેટલાક ચાર નેત્ર

વાળા, કેટલાક લાંબા અને કેટલાક વામન (ઠુંકા) હતા. એ સર્વે ભૂતનાથ શંકરની ચારે તરફ વીંટાઇને બેઠેલા હતા. તે વખતે ત્યાં મહા તેજસ્વી અને મુનિઓમાં શ્રેષ્ટ, બુદ્ધિવાન અને ધર્માત્મા સનત્કુમાર શંકરના દર્શનાર્થે ત્યાં આવ્યા. મહામુનિ સનત્કુમારે દેવના દેવ, વિશ્વના ઇશ્વર, કોટી સૂર્યની સરખી કાન્તિવાળા, મહાપ્રલયમાં ખળભળેલા સાત સમુદ્ર જેવા શબ્દવાળા, પ્રદિપ્ત અગ્નિ જેવી કાન્તિવાળા, જટામંડળથી સુશોભીત મુખનિ અગ્નિની કાન્તિવાળા, ડાબા કાનમાં તક્ષક અને જમણા કાને વાસુકી ધારણ કરવાવાળા, કુંડળથી શોભીત કાનવાળા, નાગના હારથી વિરાજમાન, નાગના કંકણુ અને મુદ્રિકા (વીંટી) વાળા, અનેક મણીવાળા સર્પની મેખલા (કટિસૂત્ર) વાળા, વ્યાઘ્રચર્મ ધારણુ કરનારા પાશતોમર ખડ્ગશૂળ (ત્રીશૂળ) ટંક વીગેરે હથીઆર ધરનારા, અને રત્ન સિંહાસન ઉપર વિરાજમાન શંકરને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પછીથી ભક્તિભાવથી ભરપુર અને વિનયથી સપ્રણામ-(કૃતાંજલી) હાથવાળા સનત્કુમારે શુભ ફળ આપનારા સર્વ ધર્મો શ્રીશંકરને પુછ્યા. જે જે ધર્મો સનત્કુમારે પુછ્યા, તે તે ધર્મો સદાશિવે સભામાં વર્ણન કરીને કહ્યા. પુનઃ (ફરીને) સનત્કુમાર શંકર પરમાત્માને કહે છે હે ભગવન્ આપના મુખથી અનેક ધર્મો જે મુક્તિના હેતુભૂત છે. તે સાંભળ્યા. જે ધર્મોથી મનુષ્ય પાપમુક્ત થઇને સંસાર સાગર તરે છે. હવે થોડા યત્ન છતાં મહા ધર્મ જેમાં છે. વાનપુરૂષને સદ્ય મુક્તિ આપનારો છે એવા જે ધર્મ સંબંધી હું પ્રશ્ન કરૂં છું તે કૃપા કરીને કહો. હે મહારાજ શાસ્ત્ર નિમિષ્ટ અને અભ્યાસથી સાધ્ય (થઇ શકે એવા) અનેક ધર્મો છે કે જેઓ સેવન કર્યાથી સમય પ્રમાણે સિદ્ધિ આપે છે. પણ જે ધર્મો ભક્તિ અને મુક્તિનું સાધનભૂત છે, તે ધર્મ અને પ્રકાશ કરીને કહો. શંકર કહે છે હે સનત્કુમાર-સર્વ ધર્મમાં ઉત્તમ વેદવિહિત અને સર્વ પ્રાણીઓને ગોપ્ય (ગુહ્ય) એવું ત્રીપુંડ્ર ધારણ છે. સનત્કુમાર કહે છે હે ભગવન્ તે ત્રીપુંડ્ર ધારણનો વિધિ યથાશાસ્ત્રથી (તત્વથી) આપની પાસે જાણવા ઇચ્છુંછું. માટે કૃપા કરીને કહો. ત્રિપુંડ્રના સ્થાન કેટલાં ? શું વસ્તુ ? એની શક્તિ શું ? એના દેવતા કોણ ? એનું પ્રમાણ શું ? કોણે ત્રિપુંડ્ર ધારણ કરવું ? અને મંત્રો કયા અને ફળ શું ? હે શંકર એ સર્વ ત્રિપુંડ્રનુ લક્ષણ મને લોકોના અનુગ્રહાર્થે કહો. શંકર કહે છે હે સનત્કુમાર અગ્નિમાં ગોમય (ગાયના છાણનો ગોવર) બળવાથી જે ભસ્મ થાય છે તેજ ત્રિપુંડ્રનું દ્રવ્ય છે. “ સદ્યોજાતમ્ ” ઇત્યાદિ પાંચ મંત્રોવડે તે ભસ્મ હાથમાં લેવી પછી

"**अग्निरिति भस्म**" એ મંત્રથી તેનું માર્જન કરવું, પછીથી "**जानस्तोके**" મંત્રથી મર્દન (ચોળી) કરી "**त्र्यंबकं यजा महे**" એ મંત્ર કરીને મસ્તકે ચોપડવી. "**आयुषम्**" ઈત્યાદિ મંત્રોવડે કપાળે, બે હાથે અને સુંધે (ખાંધે) સજળ (પાણીવાળુ) ભસ્મ કરવું. હે સનત્કુમાર દરેક સ્થાનોમાં ત્રણ ત્રણ રેખાઓ કરવી. ભ્રુ (ભ્રકુટિ) ના મધ્યભાગથી લઇને જ્યાં સુધી "ભ્રુ" પુરી થાય ત્યાં સુધી મધ્યમાં (વચલી) અને અનામિકા (તેની પાસેની) એ બે આંગળીઓથી ભસ્મ કરવી. અંગુઠાએ ત્રિપુંડ્રની રેખા કહેવાય છે એ ત્રણે રેખાના પ્રત્યેકના નવ નવ દેવતા છે. એ ભસ્મના દેવતાઓને જે પ્રતિદિન નમસ્કાર કરિને ભસ્મ ધારણ કરે છે તે બુદ્ધિમાન પુરૂષ સર્વ (અનેક) પાપોને દુર કરે છે. એ મહેશ્વરનું વ્રત સર્વ વેદમાં કહેલું છે. જેનું સેવન કરતાં મુક્તિ ઇચ્છિનારા પુરૂષોને તે સહજ પ્રાપ્ત થાય છે. જે પુરૂષ ભસ્મથી વિધિપૂર્વક ત્રિપુંડ્ર ધારણ કરે છે. તે બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યસ્તમાંથી ગમે તે હોય તો તે અનેક મહા પાપથી મુક્ત થાય છે. મનુષ્ય હત્યા, અશ્વ (ઘોડાની) હત્યા ઇત્યાદિ પાપથી તે મુક્ત થાય છે. વળી જે મનુષ્ય એના મંત્ર વિધિ કે ફલ વિગેરેને ન જાણતાં છતાં કરનાર છે. તે પણ સર્વ પાપથી મુક્ત થાય છે. અનેક પ્રકારના પાપો જેવાં કે, પરદ્રવ્યનું હરણ, પરસ્ત્રી ગમન, પરની નિન્દાથી થએલું, પરક્ષેત્ર હરણથી થએલું, બીજાને કરેલી પીડાથી થએલું, બાગ, વાડી, અનાજ વિગેરેની ચોરી, પારકાનું ઘર દહન, (બાળવાથી) ચાડીઆપણાથી થએલું, વેદ વેચવાથી ઉત્પન્ન થએલું, વ્રત ભંગથી થએલું, કપટ અને નિચ સેવાથી થએલું, ગાય, પૃથ્વિ સુનું, ભેંસ, વસ્ત્ર, અન્ન ધાન્ય વિગેરેનું નીચની પાસેથી પ્રતિગ્રહ કરવાથી થએલું, દાસી, વેશ્યા, વિધવા, નટવી, રજસ્વળા અને કન્યા વિગેરેના સંગમથી થએલું, માંસ, ચામડું અને રસ વિગેરે વેચવાથી થએલું ઈત્યાદિ અનેક પાપો જ્ઞાત વા અજ્ઞાત તે સર્વ નાશ પામે છે. એમાં સંશય નથી. હે સનત્કુમાર શિવદ્રવ્યનું હરણ, શિવ નિન્દા અને શિવ ભક્તોની નિન્દા એ કરનાર પુરૂષ અનેક પ્રાયશ્ચિત કરવાથી પણ મુક્ત થાય નહિ. જેના શરીર ઉપર રૂદ્રાક્ષ અને લલાટ (કપાળ) ઉપર ત્રિપુંડ્ર છે. તે સર્વ વર્ણથી ઉત્તમ અને પુજ્ય જાણવો. હે સનત્કુમાર પંચાક્ષરથી માંડીને સાતે કોટી મહામંત્ર તેમજ અન્ય કરોડો શિવના મંત્રો મુક્તિને આપનારા તે મંત્રો જપવા જેટલું પુન્ય ત્રિપુંડ્ર ધારણ કરવાથી થાય છે. ત્રિપુંડ્ર ધારણ કરનાર હજાર પૂર્વજ (પૂર્વના પુરૂષો) અને હજાર પરજ (પછીથી

ઉત્પન્ન થનારા) ઓને ઉધ્ધરણ કરે છે. અત્રે (જગતમાં) દીર્ઘાયુષ્ય અને વ્યાધી વિનાનો થઇ અનેક ભોગો ભોગવી અંતે સુખથી મૃત્યુ પામે છે. અને પછી અષ્ટ ઐશ્વર્ય યુક્ત શુભદિવ્ય (દેવનું) શરિર પામીને દેવ વિમાનમાં બેસી અનેક દેવ સ્ત્રીઓથી સેવીત થઈ ઇંદ્રાદિ લોકપાળના લોકમાં જઇ અનેક ભોગો ભોગવે છે. પછીથી તે બ્રહ્મપદમાં જઇ સો કલ્પ સુધી ત્યાં રહે છે. ત્યાર પછી વિશ્નુના લોકમાં તે જઇ જ્યાં સુધી ત્રણસો બ્રહ્મા થઇ જાય ત્યાં સુધી આનંદથી રહિ અન્તે શિવ લોકમાં જાય છે. અને ત્યાં નિરન્તર રહે છે. પછી તે શિવ સા પુજ્ય મુક્તિ પામે છે. ફરીને ઉત્પન્ન થતો નથી. હે સનત્કુમાર સર્વ ઉપનીષદ્નો સાર વારંવાર જોઇને એ જ નિર્ણય કર્યો છે કે ઉત્તમ શ્રેય સુર ત્રિપુંડ્ર જ છે. હે સનત્કુમાર આ ત્રિપુંડ્રનું મહાત્મને મતને સંક્ષેપમાં કહ્યું. સર્વ પ્રાણીઓમાં એ અગોપ્ય (ગુહ્ય) રાખવું. એ પ્રમાણે કહીને મહા રૂદ્ર (શંકર) ત્યાં અંતરધ્યાન થયા. અને સનત્કુમાર મહામુનિ પણ બ્રહ્મ લોકમાં ગયા. હવે વામદેવ શિવ મહા યોગી એ વૃત્તાંત સંભળાવીને બ્રહ્મરાક્ષસને કહે છે–તું પણ ભસ્મ સ્પર્શ માત્રથી પવિત્ર બુદ્ધિ વાળો થયો. માટે તું પણ શ્રદ્ધાથી ત્રિપુંડ્ર ધારણ કર. સુતપુરાણીક કહે છે–હે ઋષિઓ એ પ્રમાણે કહિને વામદેવ શિવ યોગીએ બ્રહ્મ રાક્ષસને માર્જન કરીને ભસ્મ આપી. તે ભસ્મવડે તેણે પોતાના કપાળમાં ત્રિપુંડ્ર કર્યું. જેના મહિમાથી તે બ્રહ્મ રાક્ષસ રૂપ છોડી તે સૂર્યના સમાન કાન્તિવાળો, અને તેજસ્વિ થયો. દેવ સરખાં વસ્ત્ર, દેવ સરખાં સરખા શરીરના અવયવો, દેવને ધારણ કરવા યોગ્ય પુષ્પાદીથી શોભવા લાગ્યો. પછીથી ભક્તિવડે શિવ યોગી ગુરૂને પ્રદક્ષિણા કરિ પ્રણામ કર્યા. અને દેવ વિમાનમાં બેસી પુણ્ય લોકમાં ગયો. વામદેવ શિવયોગી પણ તેને (બ્રહ્મ રાક્ષસને) ઉત્તમ ગતિ પમાડીને પ્રત્યક્ષ શિવ મૂર્ત્તિ ગુહ્ય વેશથી ફરવા લાગ્યા. જે પુરૂષ આ ભસ્મ ત્રિપુંડ્રનું મહાત્મ શ્રદ્ધાથી સાંભળે અથવા સંભળાવે, અથવા પાઠ કરે તે ઉત્તમ ગતિને પામે છે. જે પુરૂષ સંસારથી છુટવામાં હેતુ ભૂત શિવ ભક્તિને કહે–અને શિવયોગીનું ધ્યાન ધરવા યોગ્ય ચરણ કમળને પ્રણામ કરે, તેમ શિવ ભક્તને સ્વભાવનારૂપ ત્રિપુંડ્ર ધારણ કરે તે પુરુષ આ સંસારમાં માના ગર્ભવાસમાં ફરી ફરીને આવતો નથી. પણ મુક્તિ પામે છે.

કથયાતિશિવકિર્તિં સસતેર્મુક્તિહેતુમ્પ્રણમતિ શિવયોગીધ્યેયમીશાંધ્રિપદ્મમ્ ।
સ્રયાતિશિવભક્તોદ્ભસિભાળે ત્રિપુંડ્રં નપુનરિહજનન્યા ગર્ભવાસં ભજત્સઃ॥

ઇતિ શ્રી સ્કંદ પુરાણે બ્રહ્મોત્તર ખંડે ભસ્મ મહાત્મ્ય કથનં નામષોડશો ધ્યાય.

ऋषयउचुः–वेदवेदांगत तत्त्वज्ञैर्गुरूभि ब्रह्मवादिभिः ॥
नृणां कृतोपदेशानां सद्य सिद्धिर्हिजायते ॥ १ ॥

શૌનકાદિ ઋષિઓ પૂછે છે–હે સૂત, વેદ અને વેદાંગના તત્ત્વને જાણનારા અને બ્રહ્મવાદિ ગુરૂઓએ જેઓને ઉપદેશ કર્યો હોય તે તત્કાળ સિદ્ધિ મેળવે છે. તથાપિ હે મહારાજ, બીજા સામાન્ય અતિ વેદ અને શાસ્ત્રને નહિ જાણનારા એવા પુરૂષોએ (ગુરૂઓએ) જેમને ઉપદેશ કર્યો હોય, તેઓને ક્યારે અને કેવી સિદ્ધિ પ્રાપ્ત થઇ તે કહો. સૂતપુરાણીક કહે છે. માતાની પેઠે સર્વ ધર્મમાં હિત કરનારી શ્રદ્ધા જ છે. અને તે શ્રદ્ધાથી જ પુરૂષોને આ લોક અને પરલોકમાં સિદ્ધિ મળે છે હે ઋષિઓ, શ્રદ્ધાથી ભજનાર પ્રાણીઓને શિલા (પથ્થર) પણ ફળ આપે છે, તેમ મૂર્ખો હોય અને તેનું ગુરૂ ભક્તિથી શ્રદ્ધાવડે પૂજન કર્યું હોય તો તેજ (મૂર્ખજ) સિદ્ધિ આપનાર છે. મંત્ર અશુદ્ધ હોય, તોપણ શ્રદ્ધાથી ભજનારને તે પૂર્ણ ફળ આપે છે, તેમ શ્રદ્ધાથી પૂજેલા દેવ નીચને પણ ફળ આપે છે. હે ઋષિઓ, અશ્રદ્ધાથી કરેલાં પૂજા, દાન, યજ્ઞ, તપ, વ્રત એ સર્વ નિષ્ફળ થાય છે. " જેમ વાંઝીઆ ઝાડનું પુષ્પ (ફુલ) નિષ્ફળ જ છે તેમ " સર્વ વસ્તુમાં શ્રદ્ધા વિનાના અને અતિ સંશયી તથા અતિ ચંચળ મનુષ્ય પરમાર્થથી ભ્રષ્ટ થઇને સંસારથી મુક્ત થતો નથી. માટે હે ઋષિઓ, મંત્ર, તીર્થ, દેવ, દેવજ્ઞ બ્રાહ્મણ વૈદ્ય અને ગુરૂમાં જેને જેવી ભાવના હોય, તેને તેવીજ સિદ્ધિ મળે છે. માટે જગત્ ભાવમય (શ્રદ્ધામય) છે. અને પુણ્ય તથા પાપ પણ ભાવમય છે. માટે તે ભાવ હીન માણસને પ્રાપ્ત થતાં નથી.

અશ્રદ્ધા સર્વ પ્રાણીઓને અસિદ્ધિનું કારણ છે, એ તમને દૃઢ રીતે જણાય તે માટે એ સંબંધમાં એક આશ્ચર્ય કારક દૃષ્ટાંત કહુંછું. એક પાંચાળ દેશના રાજાને સિંહકેતુ નામનો પુત્ર હતો, તે ક્ષત્રી ધર્મ પ્રમાણે હમેશ વર્તતો હતો. તે એક વખતે અનેક મંત્રીઓ સાથે લઇને મૃગયા રમવા વનમાં ગયો, તેનો એક સેવક **શંબર** (ભીલ) હતો, તેણે તે વનમાં ભાગલું તૂટલું જૂનું એક દેવાલય જોયુ. ત્યાં સ્થંડિલ (ચોતરા) ઉપર જળાધારી વિનાનું નાનું સરખું શિવલિંગ પડેલું જોયું, " જેમ પોતાના ભાગ્યોદયને જુવે તેમ. " તે શંબરે લઇને પૂર્વ કર્મના બળવડે રાજપુત્રને બતાવ્યું, અને કહ્યું રાજપુત્ર, આ શિવલિંગ અતિ ઉત્તમ છે. અને તે મને અહિંથી મળ્યું છે, માટે હું યથાશક્તિ એનું પૂજન કરીશ. હે મહારાજ એની પૂજા વિધિ મને

કહો. એ પ્રમાણે તે શંબરે રાજપુત્રને પૂછ્યું, ત્યારે હસીને રાજપુત્ર બોલ્યો. હે શંબર, પ્રથમ સંકલ્પ કરીને નિત્ય તુરત આણેલા પાણીથી શિવ ઉપર અભિષેક કરવો, નિત્ય નિત્ય ઉત્તમ પુષ્પ લાવવાં અને તે શિવને શુદ્ધ આસનપર બેસાડીને અર્પણ કરવાં. પત્ર. પુષ્પ, ફળ વગેરે જંગલમાંથી લાવી હમેશ શંકરને ધરાવવાં. હે શંબર, પ્રથમ તો ચિતાની ભસ્મ આણી રાખવી, અને પોતાને વાપરવાની જે જે વસ્તુઓ હોય તે તે પ્રથમ શંકરને ધરાવવી. પછી ધૂપદીપ આદિ ઉપચારો કરવા. યથાશાસ્ત્ર પ્રણામ કરીને પછી પ્રસાદ લેવો, એ સાધારણ શિવપૂજાનો વિધિ કહ્યો છે. પણ હે શંબર, ચિતાભસ્મ નિત્ય ધારણ કરવાથી શિવ જલદી પ્રસન્ન થાય છે. સૂતપુરાણીક કહે છે, હે ઋષિઓ, એ પ્રમાણે રાજપુત્ર વિનોદ (મશ્કરીમાં) શંબરને કહ્યું, તે ચંડક નામના શંબરે તે વચન મસ્તકપર ચઢાવ્યું. પછી પોતાને ઘેર આવી લિંગમૂર્તિ મહેશ્વરનું નિરંતર ચિતા ભસ્મ લાવી પૂજન કરવા લાગ્યો. જે જે વસ્તુ પોતાને પ્રિય હતી (પુષ્પ, ફળમૂળાદિ) તે તે શંકરને નિત્ય નૈવેદ્ય વગેરે ધરાવવા લાગ્યો, એ પ્રમાણે તે શંબરે (ભીલે) પોતાની સ્ત્રી સાથે ભક્તિથી પૂજન કરતાં કેટલાક દિવસ ગાળ્યા. તે એક દિવસ શિવ પૂજામાં બેઠો હતો, તે વખત જુએ છે તો પાત્રમાં ચિતાભસ્મ મળે નહિ. તરતજ તે (શંબર) ત્યાંથી ઉઠયો અને ઘણી ખોળ કરી પણ ચિતાભસ્મ તેને મળી નહિ, અને થાકીને ઘર આગળ આવીને પોતાની સ્ત્રીને કહે છે, હે સ્ત્રી આજે ઘણી શોધ કરતાં છતાં ચિતાભસ્મ મળી નહિ. હા! કયાં પાપકર્મને લીધે આજ શિવ પૂજામાં વિઘ્ન આવ્યું. શિવપૂજા શિવાય ક્ષણ પણ હું જીવવા ઇચ્છતો નથી, અને પૂજાને માટે બીજો ઉપાય પણ મને સૂઝતો નથી. તેમ ગુરૂનું શિક્ષા વચન પણ સર્વ અર્થ આપનારૂં જાણી ઉલ્લંઘન કરવું નહિ. એ પ્રમાણે વ્યાકુળ થયલો પોતાના સ્વામીને જોઇને તેની સ્ત્રી બોલી, હે સ્વામી આમ ખેદયુક્ત શા માટે થાઓ છો? આ આપણું ઘર ઘણી દિવસનું જૂનું છે, અને એની અન્દર હું પ્રવેશ કરૂં છું, એટલે આપને ચિતાભસ્મ મળશે. ચંડક કહે છે હે સ્ત્રી, ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું પરમ સાધન દેહ છે. તે દેહને તું શા માટે છોડવા તૈયાર છે? વળી તું પ્રજા વિનાની જેથી વિષયાદિ ઉપભોગ વિનાની છતાં ભોગ યોગ્ય આ તારો સુંદર દેહ બાળવા કેમ ઇચ્છે છે? એવું સ્વામીનું વચન સાંભળી બોલી, હે સ્વામિન્ દેહનું અને જીવતરનું સફળપણું એજ છે કે પરાર્થે પ્રાણત્યાગ કરવા, તેમાં વળી આ તો શંકરપૂજા માટે છે, એથી ઉત્તમ બીજું શું? વળી હે મહારાજ, મેં

પૂર્વે કંઇ મહા તપ કરેલું અથવા મોટાં દાનો દીધેલાં, વા શંકરનું પૂજન અનેક જન્મમાં કરેલું, અથવા મારા પિતા તથા માતુશ્રીની કૃતાર્થતા, જેથી હું શિવાર્થે મારો દેહ અગ્નિમાં આપું છું. એવી સ્થિર બુદ્ધિ અને તેની શંકર ઉપર દૃઢ ભક્તિ જોઇને ચંડક શબરે તે પ્રમાણે અંગીકાર કરીને પૂજનનો આરંભ કર્યો. તેની સ્ત્રીએ પણ સ્વામીની આજ્ઞા લઇ સ્નાન કરી અલંકાર પહેરી, પવિત્ર થઇ ઘર સળગાવ્યું. અને પોતે તે અગ્નિની પ્રદક્ષિણા કરવા માંડી. પોતાના ગુરૂ (સ્વામીને) નમસ્કાર કરીને અને હૃદયમાં સદાશિવનું ધ્યાન ધારીને અગ્નિ પ્રવેશ માટે તે તૈયાર થઇ હાથ જોડીને બોલી, હે દેવના દેવ શંકર મારી ઇંદ્રિઓ તે આપને માટે પુષ્પ હો, આ મારૂં શરીર તે અગરૂરૂપ હો, મારૂં હૃદયદીપ (દીવો) હો, મારા પ્રાણવાયુઓ તે આપનું હવિષ્ય હો, અને અન્ય સર્વ અક્ષત (ચોખા) હો. અને આ દેહથી થયેલી પૂજાના ફળથી આ જીવ (ચંડક) પામો. હું સર્વ ધનનું અધિપતિપણું કે સ્વર્ગ ઇચ્છતી નથી, બ્રહ્મપદ ચહાતિ નથી. પરન્તુ ફરીને પણ જન્મોજન્મ તમારાં ચરણ કમળના મકરંદની ભમરી થવા ઇચ્છું છું. મારા આ પૃથ્વીમાં અનેક જન્મ થાઓ, તથાપિ મારા ચિત્તમાં માયા નિવાસ હો નહિ, અને અર્ધો ક્ષણ પણ તમારાં ચરણકમળથી મારૂં ચિત્ત દૂર રહે નહિ. હે શંકર હું આપની પાસે એટલું માગું છું. એ પ્રમાણે દૃઢ નિશ્ચયવાળી શબરી શંકરની પ્રાર્થના કરીને બળતા અગ્નિમાં પેઠી, તે ક્ષણમાં ભસ્મ થઇ ગઇ. ચંડકે પણ તે ઘર બળી ગયા પછી તે ભસ્મ લઇને આનંદથી પૂજન (શિવપૂજન) કર્યું. પૂજા કરી રહ્યા પછી, પ્રસાદ લેવાને માટે પ્રણામ સહીત વિનયયુક્ત આવનારી સ્ત્રીનું તેને સ્મરણ થયું. સ્મરણ થતાંની સાથે તેણે (ચંડકે) પાછળ આવી ઉભેલી પોતાની નમ્ર સ્ત્રીને જોઈ. પૂર્વની પેઠેજ હાથ જોડીને ઉભી રહેલી પોતાની વિનયી સ્ત્રીને જોઇને વળી જુએ છે તો, ભસ્મ થએલું ઘર પૂર્વે જેવું હતું તેવુંજ જોયું. ચંડક વિચાર કરે છે, અગ્નિ તેજથી, સૂર્ય કિરણોથી, રાજા દંડથી અને બ્રાહ્મણો શાપથી બાળી ભસ્મ કરે છે. " શું આ મને સ્વપ્ન થયું. અથવા ભ્રમ આપનારી માયા મારાથી દેખાય છે. " ? એમ આશ્ચર્ય પામી સ્ત્રીને પૂછે છે, હે સ્ત્રી તું અગ્નિમાં ભસ્મ થયલી ક્યાંથી આવી ? તથા આ ઘર પણ પૂર્વવત્ ક્યાંથી થયું ? એ પ્રમાણે વિસ્મય પામેલા પોતાના સ્વામીને શબરી કહે છે. હે સ્વામી, જ્યારે ઘર સળગાવીને મેં અગ્નિમાં પ્રવેશ કર્યો ત્યારે હું પોતાને અને અગ્નિને જોઇ શકી નહિ, અગ્નિમાં

લેશ પણ તાપ મને લાગ્યો નથી. અને સુષુપ્તિ અવસ્થા ભોગવ્યા પ્રમાણે અર્ધા ક્ષણમાં હું જાગૃત થઇ, તેટલામાં મેં ઘર જોયું તો તે પણ બળ્યું નથી. હવે દેવપૂજા થઇ રહી માટે પ્રસાદ લેવા હું આપની પાસે આવીછું. એ પ્રમાણે પ્રેમથી સ્ત્રી પુરૂષ ભાષણ કરતાં હતાં તેટલામાં સમીપમાં દિવ્ય વિમાન પ્રગટ થયું. સો ચન્દ્રની શોભા સમાન ઉજળા તે વિમાનમાં શંકરના ચાર અનુચરો ઉભા હતા, તેઓએ ચંડક અને તેની સ્ત્રીને હાથ પકડી વિમાનમાં બેસાડયાં. તે સ્ત્રી પુરૂષનાં શરીર તેજ વખતે શિવદૂતના સ્પર્શથી (દેવ સ્વરૂપ) થયાં. સૂત પુરાણીક કહે છે–હે ઋષિઓ, માટે આ દૃષ્ટાન્તથી સર્વે પુણ્ય કર્મમાં મનુષ્યે શ્રદ્ધા જ રાખવી. જુઓ કે શબર (ભીલ) નીચ છતાં શ્રદ્ધાવડે યોગીઓની ગતિને પામ્યો માટે હે ઋષિઓ સર્વ વર્ણમાં ઉત્તમ વર્ણમાં જન્મ થયો તેથી શું? સર્વ શાસ્ત્રની વિચાર યુક્ત વિદ્યાથી શું? જેના ચિત્તમાં હમેશ પરમેશ્વરની ભક્તિ છે, તેનાથી બીજો જગતમાં ધન્ય પુરૂષ કોણ છે? કોઇ પણ નહિ.

किं जन्मना सकलवर्णजनोत्तमेन किंविद्यया सकलशास्त्र विचारवत्या ॥
यस्यास्ति चेतसि सदा परमेशभक्तिः
कोन्यस्ततस्त्रिभुवने पुरुयोस्तिधन्यः ॥ ८९ ॥

ઇતી શ્રી સ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે સપ્તદશોધ્યાયઃ

सूतउवाच–अथाहं संप्रवक्ष्यामि सर्वधर्मोत्तमोत्तमम् ॥
उमामहेश्वरंनामव्रतं सर्वार्थसिद्धिदम् ॥ १ ॥

સૂત પુરાણીક કહે છે—હે ઋષિઓ સર્વ ધર્મમાં સર્વોત્તમ અને સર્વ સિદ્ધિ આપનારૂં ઉમા મહેશ્વરનું વ્રત હું તમોને કહુંછું આનર્ત્તમાં ઉત્પન્ન થયલો વેદરથ એ નામનો બ્રાહ્મણ હતો, તે સ્ત્રી પુત્રવાન, વિદ્વાન, અને ઉત્તમ વંશમાં જન્મેલો હતો. તે બ્રાહ્મણને ત્યાં એક સુંદર કન્યા ઉત્પન્ન થઈ, તેનું નામ શારદા પાડયું હતુ. તે રૂપવાન અને ગુણવાન પુત્રી જ્યારે બાર વર્ષની થઇ ત્યારે પદ્મનાભ નામના બ્રાહ્મણે (પોતાની સ્ત્રી મરી જવાથી) લગ્ન માટે તે કન્યાની યાચના કરી. તે પદ્મનાભ ધનવાન હતો, તેમ શાન્ત અને મોટાની મિત્રતા વાળો હતો, માટે તેની માગણી કબૂલ રાખી વેદરથ બ્રાહ્મણે પોતાની કન્યા તેને આપી લગ્ન મધ્ય દિવસે કર્યા પછી તે, પદ્મનાભ બ્રાહ્મણ સસરાના ગામમાં સાયંકાળે સરોવર (તળાવ) ઉપર સંધ્યા કરવા ગયો, પોતાની સંધ્યા સંપાદન કરી અંધારૂં થતાં તે પાછો વળ્યો.

તે વખતે રસ્તામાં તેને સાપ કરડયો અને તે મરણ પામ્યો. તે પદ્મનાભ બ્રાહ્મણ મરણ પામતાં તેના સંબંધીઓ તથા સસરા વગેરે ઉભય (બેઉ) કુળના લોકો આક્રંદ કરવા લાગ્યા, પછી તેની ક્રિયા કરી તમામ સંબંધી જનો પોતપોતાને ત્યાં ગયા. શારદા કન્યા વિધવા થઇ, પોતાના પિતાને ત્યાંજ રહી. પોતાના સ્વામીથી વિરહિત શારદા દુઃખથી પોતાનો વખત પોતાના પિતાને ત્યાં ગાળતી હતી. એક વખતે નૈધ્રુવ નામે અતિ વૃદ્ધ અને આંધળો મુનિ પોતાના શિષ્યનો હાથ પકડી વેદરથ બ્રાહ્મણને ત્યાં આવ્યો, તે વૃદ્ધ બ્રાહ્મણ ઘરમાં આવ્યા ત્યારે ઘરમાં ફક્ત શારદા કન્યાજ હતી. જાણે પોતાનું દૈવજ આવ્યું હોય તેમ તે તેની પાસે આવી અને બોલી, હે મહારાજ, ભલે પધાર્યા. આ આસન ઉપર બેસો, હે મુનિનાથ તમને નમસ્કાર કરૂં છું. કહો. આપને શું કાર્ય છે! એમ કહીને ભક્તિથી તેમનું પૂજન કર્યું, અને થાકેલા મુનિને પવન નાંખી પ્રસન્ન કર્યા. પછી ઉત્તમ આસન ઉપર બેસાડી પોતાને હાથે તેલ લઇને તેમનું શરીર ચોળ્યું, પછી તેમને સ્નાન કરાવ્યું. અને પછી સુંદર આસન ઉપર બેસાડી ગંધ, પુષ્પ, ધૂપ વગેરેથી પૂજન કરી ઉત્તમ અન્નથી જમાડયા. મુનિ પણ જમીને તૃપ્ત થતાં આનંદ પામ્યા. અને તે શારદા પુત્રીને ઉત્તમ આશિર્વાદ આપ્યો હે પુત્રી તારા સ્વામી સાથે વિહાર કરીને ગુણવાન પુત્ર ઉત્પન્ન કરી લોકમાં મોટી કીર્ત્તિ મેળવી દેવતા (દેવો) ને તું પ્રસન્ન કરીશ. એ પ્રમાણે આંખ વિનાના મુનિએ તે કન્યાને કહ્યું. એ સાંભળી શારદા આશ્ચર્ય પામીને બોલી, હે મુનિ મહારાજ, આપનું વચન સત્ય છે તે કદાપિ મિથ્યા થતું નથી તથાપિ આ આશીર્વાદ મને મંદભાગ્યવાળાને શી રીતે ફળશે? જેમ ઉપર જમીનમાં સારી વૃષ્ટિ થયલી નિષ્ફળ છે, તેમ મંદભાગ્યને આપેલો આશીર્વાદ પણ છે. હું વિધવા છું, હે મહારાજ, મારા નબળાં કર્મનાં ફળ ભોગવનારી છું, માટે આપના આશીર્વાદને પાત્ર હું શી રીતે થઇશ? મુનિ કહે છે હે કન્યા હું આંધળો છું. અને તને જોયા વિના મેં જે કહ્યું છે, તે સર્વ ખરૂં થવા માટે હું યત્ન કરીશ. હું તને કહું તે તું કર. ઉમા મહેશ્વર નામનું વ્રત જો તું કરશે તો તે વ્રતના મહિમાથી તું તત્કાળ સુખ મેળવશે. શારદા પૂછે છે, હે મહારાજ તમારૂં ઉપદેશ કરેલું વ્રત કઠણ હશે તો પણ હું કરીશ માટે. એ વ્રતનું વિધાન (કરવાનો વિધિ) મને કૃપા કરીને કહો. મુનિ કહે છે, હે પુત્રી સાંભળ, ચૈત્ર માસમાં કે માગસર મહિનામાં વ્રતનો આરંભ ગુરૂની આજ્ઞા લઇને કરવો. બેઉ પર્વ (અમાવાસ્યા અને પૂર્ણિમા) ની અષ્ટમી

(આઠેમ) અને ચૌદશને દિવસે સંકલ્પ કરી પ્રાતઃસ્નાન કરવું. પછી પિત અને દેવતર્પણ કરી તીર્થમાંથી પોતાને ઘેર જવું. ઘર આગળ જઈ સુંદર મંડપ બનાવવો. તેના ઉપર ચંદરવા, તોરણો, આશોપાલવ ઇત્યાદિ નાંખવું. પછી તે મંડપના મધ્ય ભાગમાં પંચવર્ણ (પાંચ રંગ) થી કમળની આકૃતિ કરવી. તેમાં બહારના ભાગમાં ચોવીશ પત્રનું કમળ કરવું, તેની પાસે બાવીશ પત્રનું કમળ કરવું, તેની પાસે સોળ પત્રનું કમળ કરવું, તેની પાસે આઠ પત્રનું કમળ કરવું, પછી તેની પાસે ચતુરસ્ત્ર (ચાર ખૂણા) વાળી વેદિ કરવી. તેના મધ્યમાં વર્તુલ (ગોળ) ભાગ રાખવો, તેમાં ચોખાનો ઢગલો કરવો, તેના મધ્ય ભાગમાં પાણીથી ભરેલો કળશ મૂકવો. તે કળશ ઉપર સુંદર ઉત્તમ વસ્ત્ર ઢાંકવું. તેના ઉપર પાર્વતી અને શંકરની સોનાની મૂર્તિ મૂકવી. અને તે મૂર્તિનું પછી પૂજન કરવું. તે એવી રીતે કે પ્રથમ પંચામૃત (દહીં, દૂધ, ખાંડ, મધ અને ઘી) થી સ્નાન કરાવવું, પછીથી શુદ્ધોદક સ્નાન કરાવવું. પછી પંચાક્ષર મંત્રનો ૧૦૮ વાર જાપ કરવો. પછીથી દેવનું અભિમંત્રણ કરી ફરી પાછું પિંડ (મંડળ) માં મૂકી પૂજન કરવું. પોતે શુદ્ધાસન ઉપર બેસવું, ધોયલાં ધોળાં વસ્ત્ર પહેરવાં, પછી પ્રાણાયામ કરવો. પછી શંકર આગળ સંકલ્પ કરવો, કે અનેક જન્મોનાં મારાં અનેક ઘોર પાપો હોય તે સર્વેના નાશ માટે શિવપૂજાનો હું આરંભ કરૂં છું. સૌભાગ્ય, જય, આરોગ્ય, ધર્મ અને ઐશ્વર્યની વૃદ્ધિ માટે, તેમ સ્વર્ગ અને મોક્ષની સિદ્ધિ માટે હું શિવપૂજન કરૂં છું. પછી અંગ (શરીર) ન્યાસ કરી શંકર પાર્વતીનું ધ્યાન ધરવું, એવી રીતે કે (કુંદ પુષ્પ) અને ચંદ્રના જેવું ધોળું જેનું શરીર છે, નાગના ભૂષણ (આકાર) વાળા, વરદ હાથવાળા, ત્રિશૂળ ધારણ કરનારા, જગતને આનંદ કરનારા, ગંગાધર, રત્ન સિંહાસન ઉપર બિરાજીત અને સૂર્ય, ચંદ્ર, અને અગ્નિ એવી ત્રણ આંખને ધારણ કરનારા શંકરનું, તેમજ સુંદર વસ્ત્રવાળાં બાળવેષ (દેખાવ) વાળાં, ચાર હાથવાળાં, રત્ન અને માણેકથી જડીત આભૂષણવાળાં અને ભક્તોનો અનુગ્રહ કરનારાં એવાં પાર્વતીનું ધ્યાન ધરૂં છું. એ પ્રમાણે ધ્યાન ધરી પછી પૂજા કરવી. પ્રથમ આવાહન પછી આસનની કલ્પના કરવી. પછી નીચે પ્રમાણે બોલી શિવપાર્વતીને જુદા જુદા અર્ઘ્ય આપવા. હે પાર્વતીપતિ, હે ત્રણ લોકને વરદાન આપનારા, હે ત્ર્યંબકેશ મહાદેવ, આ અર્ઘ્યને આપ ગ્રહણ કરો એમ કહી પ્રણામ કરવા. પછી હે દેવની દેવી, હે શરણાગતને અભય વર આપનારી, હે વરદાન આપનારી અંબીકા, આ અર્ઘ્યને ગ્રહણ

કરો એમ કહી અર્ઘ્ય આપી પ્રણામ કરવા. એ પ્રમાણે પ્રત્યેક (એક એક) ને ત્રણ ત્રણ અર્ઘ્ય આપવા. પછી ગંધ (ચંદન) પુષ્પ, અક્ષત, (ચોખા) ધૂપ, દીપ, નૈવેદ્ય, ઇત્યાદિથી પરિપૂર્ણ પૂજા કરવી. મૂળ મંત્ર (પંચાક્ષર) થી એકસો આઠ આહૂતિ આપી અગ્નિમાં હોમ કરવો. પછી શંકર પાર્વતીની આરતી કરવી. એ પ્રમાણે ભક્તિ સહીત પૂજા કરીને બ્રાહ્મણનું દંપતી (સ્ત્રી પુરૂષ)ને ભોજન કરાવવું. એજ પ્રમાણે સાયંકાળની પૂજા પણ કરવી. પછી રાત્રીએ હવિષ્યાન્ન દૂધ સાથે ખાવું. એ પ્રમાણે એક વર્ષ સુધી ઉભય (બેઉ) પક્ષમાં એ વ્રત કરવું. પછી વર્ષ પૂરૂં થાય ત્યારે વ્રતોદ્યાપન કરવું, તે વખતે પણ વેદોક્ત મંત્રથી પૂજન કરવું. જે મંડળમાં કળશ મૂક્યો હોય તે વસ્ત્ર સોના અને પ્રતિમા સાથે આચાર્યને આપવો. બ્રાહ્મણોનું ભોજન પોતાની શક્તિ પ્રમાણે કરાવવું. તેઓને મુખવાસ અને દક્ષિણા આપી પછી તેમની આજ્ઞા લઇ પોતે સકુટુંબ ભોજન કરવું. એ પ્રમાણે ત્રણ લોકમાં દુર્લભ એવું આ વ્રત જે કરે છે, તે પોતાના એકવીશ કુળનો ઉદ્ધાર કરીને ઇંદ્રાદિદેવના સ્થાનમાં રમે છે, પછી બ્રહ્મ અને વિષ્ણુલોક પામે છે, પછી શિવલોકમાં જઇ ત્યાં અનેક કલ્પ રહે છે. અને ત્યાં અનેક ભોગ ભોગવીને શિવપદમાંજ લીન થાય છે. માટે હે શારદા કન્યા આ મહાવ્રત તું શ્રદ્ધાથી કરજે જેથી તારી ઇચ્છા પૂર્ણ થશે. આ વ્રતનો મહિમા સાંભળી તે કન્યા હર્ષ પામી, અને તે વ્રત કરવા તે તૈયાર થઇ. એટલામાં તેના માતા પિતા અને ભાઇ વગેરે સર્વ આવી પહોચ્યાં. ભોજન કરીને બેઠેલા તે મહામુનિને જોઇ સર્વએ તેમને પ્રણામ કર્યા, અને હે મહારાજ, પ્રસન્ન થાઓ એમ કહી વારંવાર સર્વેએ પૂજન કર્યું. પ્રથમ શારદાએ એમનું પૂજન કર્યું જેથી મુનિએ પ્રસન્ન થઇ પોતાનો આશિર્વાદ સત્ય કરવા વ્રતોપદેશ કર્યો, એવું સાંભળી તેઓ પ્રસન્ન થયા. તેઓ બધાં હાથ જોડી મુનિને કહે છે, હે મહારાજ તમારા પધારવાથી તમારાં દર્શન કરી હમો કૃતાર્થ થયાં છીએ. આપે હમારૂં કુળ અને ઘર પાવન કર્યાં. હે મહારાજ આ શારદા કન્યા કોઇ પણ કર્મના યોગે કરીને વૈધવ્યતા (વિધવાપણું) પામી છે, તે આ તમારે શરણે થઇ છે, માટે ઘોર દુઃખસાગરથી એને ઉદ્ધારો (બહાર કાઢો) હે મહારાજ, તમો એના પિતાની પેઠે હમારા ઘર પાસેજ રહો, અને અંહિંજ સ્નાન, પૂજા, જપાદિ કર્મો કર્યા જાઓ. અને આ શારદા પણ આપનું પૂજન કરતી આપનું કહેલું વ્રત આચરશે. જ્યાં સુધી એનું વ્રત સમાપ્ત થાય ત્યાં સુધી અત્રેજ (અહીંજ) રહીને હમોને કૃતાર્થ કરો. એ પ્ર-

માણે શારદાના માતા પિતા અને ભાઈઓએ પ્રાર્થના કરી ત્યારે મહા મુનિ પ્રસન્ન થઈને હા કહી ત્યાંજ રહ્યા. તે શારદા કન્યાએ પણ મુનિએ ઉપદેશ કરેલા રસ્તાએ પવિત્ર થઇને શંકર પાર્વતીનું પૂજન કરતી ઉમા મહેશ્વર વ્રતનો આરંભ કર્યો.

सापितेनोपदिष्टेन मार्गेण गिरिजाशिवौ ॥
अर्चयन्ती व्रतं सम्यक् चचार विमलासती ॥ ८१ ॥

ઇતિશ્રી સ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે ઉમામહેશ્વર વ્રતાચરણં નામાષ્ટાદશોધ્યાયઃ

सूतउवाच—एवं महाव्रतं तस्याश्चरन्त्या गुरुसन्निधौ ॥
संवत्सरो व्यतीयाय नियमासक्त चेतसः ॥ १ ॥

સૂતપુરાણીક કહેછે હે ઋષિઓ એ પ્રમાણે તે ગુરૂની સમીપમાં વ્રતાચરણ કરનાર કન્યાને નિયમથી વર્ષ પૂરૂં થયું. વર્ષ પૂરૂં થયેથી તે કન્યાએ તેજ ઘરમાં (પોતાના પિતાના ઘરમાં) બ્રાહ્મણ ભોજન પૂર્વક ઉદ્યાપન કર્યું. બ્રાહ્મણોને દક્ષિણા આપી વિદાય કર્યા. અને માતા, પિતા, ગુરૂ વગેરેને પ્રણામ કર્યા. તે સમયે સર્વ આનંદ પામ્યાં, તે દિવસે નિયમવાળી શારદા કન્યાએ ઉપવાસ કર્યો, અને મહાત્માએ ઉપદેશ કરેલા પરમ મંત્રનો જાપ દિવસભર કર્યો. પછી પ્રદોષ વખતે શંકર પાર્વતિનું શ્વજન કર્યું. તે ઘરમાં પોતાના ગુરૂ અને પિતાની સમીપમાં બેશી રાત્રે શારદાએ જપારંભ કર્યો અને શંકરની સામા બેશી જાગરણ કર્યું. તે રાત્રીએ તે મહામુનિએ શારદા કન્યાના તપથી પ્રસન્ન થયેલા પાર્વતીની ઘણી સ્તુતિ કરી. તે કન્યાના ઉત્તમ વ્રત અને મહામુનિની સમાધિથી પ્રસન્ન થઇ પાર્વતી ત્યાં પ્રગટ થયાં. જ્યારે જગન્માતા પાર્વતી પ્રગટ થયાં ત્યારે આંધળા મુનિ પણ દ્રષ્ટિ પામ્યા. જગન્માતાને સન્મુખ જોઇને મહા મુનિ અને શારદા કન્યા બેઉએ સાષ્ટાંગ દંડવત્ કર્યા. ભક્તિ ભાવથી નિર્મળ શરીરવાળાં અને આનંદાશ્રુધારાથી વ્યાપ્ત એવાં બેઉને જોઇ કૃપા કરી ભવાની (પાર્વતી) બેઉને ઉઠાડી પ્રેમથી બોલ્યાં. હે મહા મુનિઅને કન્યા હું તમારા ઉપર પ્રસન્ન થઇ છું. માટે દેવને પણ દુર્લભ એવું વરદાન તમે માગશો તે હું આપીશ. એવું સાંભળી મહામુનિ બોલ્યા, હે માતુશ્રી આ શારદા નામે વિધવા કન્યાના ઉપર પ્રસન્ન થઇ મેં આંખ ન હોવાથી જોયા વગર વરદાન આપ્યું કે હે કન્યા તું તારા સ્વામી સાથે ઘણા કાળ વિહાર કરીને ઉત્તમ સુખ ભોગવતાં પુત્ર મેળવશે.

હે માતુશ્રી હું આપને પ્રણામ કરૂં છું. મારૂં એ વરદાન આપ સત્ય કરો. પાર્વતી કહે છે, હે મુનિ એ કન્યા પૂર્વ જન્મમાં દ્રાવિડ બ્રાહ્મણની ભામીની નામની બીજી સ્ત્રી હતી, તે ભામીની સ્ત્રી સ્વામીને પોતાનાં રૂપ, ગુણ અને માધુર્યતાથી બહુ પ્રસન્ન કરતી હતી. તેથી તે દ્રાવિડ બ્રાહ્મણ તે સ્ત્રી ઉપર આસક્ત થઇ કોઇપણ વખતે પ્રથમથી પતિવ્રતા સ્ત્રી પાસે જતો પણ ન હતો. તેથી તે સ્ત્રી (પહેલીવારની સ્ત્રી) ને પુત્ર પણ ન થયો, તેથી શોકથી તાપ પામીને તે મૃત્યુને વશ થઇ. હવે કોઇ યુવાન બ્રાહ્મણ એના સામા ઘરમાં રહેતો હતો, તેણે આ ભામીની સ્ત્રીને સુંદર અંગવાળી જોઈ મોહ થવાથી એનો (ભામીનીનો) હાથ પકડયો. તે વખતે આ ભામીની સ્ત્રીએ તેનો હાથ છોડાવી ઘણો ક્રોધ કર્યો. ત્યાર પછી તે બ્રાહ્મણ એનુંજ સ્મરણ કરતાં રાત દહાડો બળવા લાગ્યો. એમ ઘણો વખત વીત્યા પછી તે બ્રાહ્મણે એ દુઃખથીજ પોતાનો દેહ છોડયો. હવે હે મહામુનિ એ સ્ત્રીએ પૂર્વ જન્મમાં પોતાના સ્વામીને મોહિત કરીને પ્રથમની સ્ત્રીથી પરાઙ્મુખ (પાસે ન જવા દેવું) કર્યો, તેજ પાપથી આ જન્મમાં એ વિધવા થઇ છે. જે આ જગતમાં સ્ત્રી પુરૂષનો પરસ્પર વિરહ (જુદાપણું) કરાવે છે તે સ્ત્રી એકવીશ જન્મ સુધી કુમારાવસ્થામાં વિધવા થાય છે. એણે પૂર્વ જન્મમાં મારી મોટી પૂજા કરી, તે પુણ્યથી તેનું (શારદાનું) તે પાપ દુર થયું. જે બ્રાહ્મણ કામાતુર છતાં વિરહ દશામાં મરણ પામ્યો હતો, તેજ બ્રાહ્મણ આ જન્મમાં એનું પાણિગ્રહણ કરી તત્કાળ નાશ પામ્યો. પૂર્વ જન્મમાં એનો દ્રાવિડ નામે જે સ્વામી હતો તે પાંડય રાજાના રાજ્યમાં શ્રેષ્ટ બ્રાહ્મણ સ્ત્રી સાથેજ છે. પૂર્વ જન્મના એ સ્વામી સાથે એ શારદા કન્યા પ્રેમથી સ્વપ્નમાં હજુ સુખ ભોગવે છે. એનો પૂર્વ જન્મનો સ્વામી કર્મયોગથી ત્રણસો સાઠ હજાર યોજન દૂર આ જન્મમાં રહ્યો છે. છતાં હમેશ પ્રતિરાત્રિ તે એ સ્ત્રીને સ્વપ્નમાં જુએ છે. માટે હે મહામુનિ એને પોતાના પૂર્વ ભવના સ્વામીનો વસ્પ્નમાં જે સમાગમ થાય છે, તે સમાગમથીજ એને વેદ અને વેદાંગનો પાર પામેલો પુત્ર થશે. અને તે પુત્રને એનો પૂર્વ ભવનો સ્વામી પણ સ્પપ્નમાં જોશે. હે મુનિ એણે પૂર્વમાં મારૂં પૂજન કર્યું છે, માટે એ વરદાન માટેજ હું પ્રગટ થઇ છું.

સૂતપુરાણીક કહે છે—હે ઋષિઓ, પછીથી ભવાની તે કન્યાને કહે છે. હે બાળા, મારૂં વચન તું સાંભળ. તું તારા પૂર્વ જન્મના સ્વામીને (કોઇ દેશમાં રહેલા) પણ સ્વપ્નમાં જોશે ત્યારે તને સ્મરણ થશે, અને

તારા પૂર્વ જન્મના સ્વામી તુને પણ સ્પપ્નમાં જોશે, ત્યારે તમારો બેઉનો પરસ્પર આલાપ (વાતચીત) થશે. ત્યારે હે કન્યા તેને તું પુ[illegible] ફળ પણ તેના હાથમાં આપજે. તે દિવસથી [illegible] દેહથી સંયોગ થશેજ નહિ. સ્વપ્નથી માત્ર થશે. [illegible] ન્મનો સ્વામી) મરણ પામશે ત્યારે તેની સાથે તું અગ્નિમાં પ્રવેશ કરી મારાં ચરણને પામશે. તારો પુત્ર સર્વ લોકને આનંદ આપનારો થશે, અને અનેક સંપત્તિવાળો પણ થશે. સૂતપુરાણીક કહે છે—એમ કહીને પાર્વતી તેને વરદાન આપી મુનિ તથા કન્યા જોતાં છતાં ત્યાંજ અંતરધાન થયાં. શારદા કન્યા પણ વરદાન મળવાથી પ્રસન્ન થઇ ફરી ફરી ગુરૂપૂજન કરતી હતી. તે રાત્રી પુરી થઈ અને મુનિને નેત્ર (આંખ) મળ્યાં. અને રાત્રે થયેલી હકીકત કન્યાનાં માબાપ આગળ મુનિએ કરી. પછી મહામુનિ ત્યાંથી વિદાય થયા. તે દિવસથી તે શારદા હમેશ રાત્રે સ્વપ્નમાં સ્વામીનો સમાગમ પામતી હતી. પવિત્ર વ્રતવાળી શારદા પાર્વતીવ્રતના પ્રભાવથી સ્વપ્નસંગથી પણ ગર્ભવતી થઇ. તે શારદા કન્યા સ્વામી વિનાની છતાં સગર્ભા થઇ જેથી લોકો એને જારીણી (કુકર્મી) કહેવા લાગ્યા. હવે શારદા કન્યાનો સ્વામી પરણતાંની સાથેજ સાપના દંશથી મરણ પામેલો, તેના સંબંધીઓ (સાસરીઆંઓ) તે વાત સાંભળી સર્વે વેદરથ બ્રાહ્મણને ત્યાં આવ્યા. તેઓએ આવી તે નગરમાં વૃદ્ધ વિદ્વાનોના અને પ્રતિષ્ઠિતોને બોલાવી એકઠા કર્યા. નગરના સર્વ લોકો પણ જોવા આવ્યા હતા. પછી તે સભાની વચ્ચે શારદા કન્યા (ગર્ભવતી) ને બોલાવી તેના સાસરીઆંઓ કહે છે. હે દુર્બુદ્ધિ અને જારીણી સ્ત્રી આ તારૂં કેવું નીચ કર્મ ? હમારા કુળની તેં અપકીર્ત્તિ કરી અને નગરના વૃદ્ધ લોકોએ પણ ઠપકો આપ્યો. અને સર્વ સભા હવે એનું શું કરવું એમ પરસ્પર વિચારવા લાગી. એમ પરસ્પર વાત ચાલે છે એટલામાં કેટલાક નિર્દય વૃધ્ધો બોલ્યા, અરે ! આ પાપ બુદ્ધિવાળી શારદાએ ઉભય (પિતા તથા પતિના) કુળનો નાશ કર્યો, માટે એના કેશ (વાળ) ઉતરાવી, નાક તથા કાન કાપી લઇ એને ગામની બહાર કાઢી મૂકો એવું સાંભળી બધાં તે પ્રમાણે કરવા તૈયાર થયાં. એટલામાં આકાશમાં અગોચર (દેવ વાણી) વાણી થઇ. આ શારદા કન્યાએ કાંઇ પણ પાપ કર્યું નથી અને એ કુળને દુષણ આપનારી નથી. એ શારદા કન્યા ઉત્તમ ચરિત્રવાળી છે. એણે સંપૂર્ણ વ્રત કર્યું છે. માટે અત્યાર પછી જે સ્ત્રી અથવા પુરૂષ એને માટે જારીણી (કુકર્મી) એવો

શબ્દ બોલશે, તેઓ દોષિત થશે એટલુંજ નહિ. પણ તેની જીભ કપાઇ જશે. આવી આકાશવાણી સાંભળી શારદાના માતાપિતા તથા બીજા સંબંધીઓ અત્યાનંદ પામ્યાં. સર્વે સભાજનો ભયભીત થઇ ગયા. અને મુહૂર્ત (બેઘડી) સુધી મૌન રાખી નીચું જોઇ રહ્યા. તેમાં કેટલાક વિશ્વાસ વિનાના લોકો એ મિથ્યા વાણી છે (આકાશ વાણી સત્ય નથી) એમ બોલ્યા, તેઓની જીભના બબ્બે કડકા થયા, અને તેઓએ રૂધિર (લોહી) અને કૃમીનું વમન (ઉલટી) કરવા માંડ્યું, એટલો બધો દંડ થવા પછી સભાજનો સમજ્યા. અને તેનાં જાતીબંધુઓ, વૃદ્ધ સ્ત્રી તથા પુરૂષો સર્વે શારદાના વખાણ કરવા લાગ્યાં. કુલીન સ્ત્રીઓ આ વૃતાંત સાંભળી ખુશી થઇ. પછી ત્યાં કોઇક પુરૂષ બોલ્યો, હે ભાઇઓ સાંભળો, દેવ કોઇ દિવસ જૂઠું બોલે નહિ, ત્યારે આ શીયળવ્રતવાળી શારદા કન્યાને ગર્ભનો સંભવ ક્યાંથી? એવું સાંભળી એક વૃદ્ધ વિદ્વાન કહે છે,હે ભાઇઓ આ જગત્ માયામય છે. આ ક્ષણાત્મક (નાશધર્મવાળું) જગતમાં શુ થાય અને શું ન થાય, તે કહી શકાતું નથી. માયા ઇશ્વરને વશ છે. અને તે ઇશ્વરનું કર્તવ્ય કોઇ જાણતું નથી.

સાંભળો, ભૂપકેતુ નામના રાજાનું વીર્ય જળમાં (પાણીમાં) પડેલું, તે શુક્ર (વીર્ય) વાળું જળ પી જઇને વેશ્યા ગર્ભવતી થઇ. વળી વિભાંડક મુનિનું વીર્ય પાણીમાં પડેલું તે પાણી હરિણી વીર્ય સહીત પી ગઇ જેથી ઋષ્યશૃંગ ઉત્પન્ન થયા,તેમ સૌરાષ્ટ્ર રાજાના હાથનો સ્પર્શ થતાંજ મૃગલીને ગર્ભ રહ્યો, અને તેથી એક તપસ્વી મુનિ ઉત્પન્ન થયો. તેમજ સફરી (માછલી)ના ગર્ભમાં સત્યવતી ઉત્પન્ન થયાં; વળી મહિષી (ભેંસ) ના ગર્ભમાં મહિષાસુર દૈત્ય થયો. એથી પણ વધારે આધાર ભૂત એવું છે કે પૂર્વે સ્ત્રીઓ એક પ્રેમ માત્રથી ગર્ભ ધારણ કરતી. અને તેવીજ રીતે વસુદેવજીથી રોહિણી સ્ત્રીમાં પુત્ર થયેલો. માટે હે સભાજનો દેવતા અને મહર્ષિઓના શાપથી અથવા વરદાનથી અશક્ય (ન બનીશકેએવું) કર્મ પણ થાય છે. જેમકે સાંબ (કૃષ્ણપુત્ર યાદવ) ના પેટમાંથી મુનિશાપથી મુશળ ઉત્પન્ન થયું. અને મુનિઓના મંત્રપ્રતાપથી યુવનાશ્વરાજાને ગર્ભ થયો, માટે હે ભાઇઓ, એ કલ્યાણી શારદાએ મહર્ષિની સેવાથી અને મહા વ્રતના પ્રતાપથી ગર્ભ ધારણ કર્યો છે, એમાં કંઇ સંશય હોયતો એ કન્યાને એકાંતમાં લઇ જઇને સ્ત્રીઓ પૂછી જોશે, તો સર્વને વિદિત થશે. એવું વૃદ્ધનું વચન સાંભળી સ્ત્રીઓએ એકાંતમાં જઇ શારદા કન્યાને પૂછ્યું. શાર-

સવ વરદાન અને વ્રત વગેરે જે કહી સંભળાવ્યું તે સ્ત્રીએએ સ- ાાં આવી કહ્યું. ત સાંભળી સર્વ સભાજનો પતિવ્રતા સ્ત્રી સંબંધી સંદેહ ને આનંદ પામતા પોત પોતાને ઘેર ગયા. હવે જ્યારે માસ પૂર્ણ થયા શારદાના ગર્ભથી પુત્ર ઉત્પન્ન થયો. તે કુમાર મોટો થવા લાગ્યો છતાં ળ, ઉદાર, અને થોડી ઉમ્મરમાં મોટી વિદ્યા ભણ્યો. પછી તેનું નામ દેય એવું પાડયું. જ્યારે સમય થયો ત્યારે તેને શારદાના માતા પિતાએ વેત સંસ્કાર કરાવ્યો. તે બાળકે આઠમે ઋગવેદ, નવમે યજુર્વેદ અને ૧ વર્ષે સામવેદ એ પ્રમાણે સર્વ અધ્યયન કર્યું. એમ કરતાં શિવજીનો દેવસ આવ્યો ત્યારે સર્વ લોકો ગોકર્ણુતીર્થે ઉપર ચાલ્યા. શારદા પોતાના પુત્રને લઇ ગોકર્ણુતીર્થમાં ગઇ. ત્યાં ગયા પછી જુએ તો, જે તેને હમેશ સ્વપ્નમાં આવનારા (જે તેના પૂર્વ જન્મના સ્વામી) અનેક બ્રાહ્મણોનાં ટોળાં સાથે જોયો. તેને જોઇને પ્રેમથી રો- ા થઇ અને તેના તરફ એક દૃષ્ટિથી જોવા લાગી, પેલો બ્રાહ્મણ પણ દાને જોઇ વિચારવા લાગ્યો કે નિત્ય સ્વપ્નમાં રતિ (પ્રીતિ) ારી સ્ત્રી તે આજ હોવી જોઇએ. તેમ સ્વપ્નમાં જે પુત્ર પ્રસ- જોયેલો, તેની પણ પરીક્ષા કરીને તે બ્રાહ્મણ શારદા પાસે ાો. હે સ્ત્રી ! કલ્યાણી, તને મારે કાંઇક પૂછવું છે. એમ કહી એકાંત સ્થાનમાં બોલાવી પૂછ્યું, હે સ્ત્રી ! તું કોણ છે ? તે કહે. પ્રમાણે તે બ્રાહ્મણે પૂછ્યું ત્યારે શારદાએ આંખમાં આંસુની ધારા સાથે, ાની ઉત્પત્તિ તથા વિધવા થઇ તે વૃતાંત કહ્યું. પુનઃ (ફરીને) શાર- તે બ્રાહ્મણે પૂછ્યું કે, હે કલ્યાણી આ પુત્ર કોનો છે ? એ પુત્ર કોના થી ઉત્પન્ન થયો છે ? એની કાંતિ ચન્દ્ર સરખી છે. શારદા છે હે સ્વામીન્ ! એ મારો પુત્ર છે, અને એનું નામ મારા નામથીજ દેય એવું પાડેલું છે. એવું સાંભળી તે બ્રાહ્મણ હસીને બોલ્યો. હે ન તો તારૂં આ આચરણ આશ્ચર્યકારક દેખાય છે. કારણ કે તારો સ્વા- પાણી ગ્રહણ કરી તુરતજ મરણ પામેલો તું કહે છે, ત્યારે આ પુત્ર થી થયો ? તે કહે. એવું સાંભળી ઘણીજ લજ્જા (લાજ) પામી શોક વૈખત આંખમાંથી આંસુ પાડયાં. પછી ધીરજ રાખી બોલી, હે દ્ધિમાન, તમે મને ઓળખો છો, માટે હવે મિથ્યા હાસ્ય (પરિહાસ) શા ! ? એ કાર્ય (પુત્ર જન્મ) માં કારણ તમે છો, અને તેમાં આપણું નું મન પ્રમાણ આપે છે, એમ કહીને દેવીએ આપેલું વરદાન સઘળું

કહી સંભળાવ્યું. સર્વ કહીને પેલો શારદેય પુત્ર તેને સોંપ્યો. તે બ્રાહ્મણે હર્ષ પામીને પેલા બાળકને લીધો. અને શારદાના માતાપિતાની આજ્ઞા લઇને તેને પણ પોતાને ઘેર લઈ ગયો. શારદા તે બ્રાહ્મણને ત્યાં ઘણો કાળ રહી, અને બ્રાહ્મણ જ્યારે મરણ પામ્યો, ત્યારે તેણે અગ્નિમાં પ્રવેશ કર્યો. પછી તે દંપતી દીવ્ય વિમાનમાં બેઠાં, અને દેવભોગ ભોગવતાં શિવમંદિર ગયાં. એ પ્રમાણેનું પુણ્ય આખ્યાન હે ઋષિઓ મેં વર્ણન કરીને કહ્યું. એનો પાઠ કરનાર અને સાંભળનારને તે પુણ્ય ભક્તિ આપનારૂં છે. આયુષ્ય, આરોગ્ય, સંપત્તિ, ધન અને ધાન્યની વૃદ્ધિ કરનારૂં એ આખ્યાન છે. અનેક પાપને નાશ કરનારૂં આ ગૌરી અને શંકરનું વ્રત ભક્તિથી એકવાર પણ જે સાંભળે અથવા કહે, તે અનેક ભોગ ભોગવીને શાશ્વત (શંકર) પદને પામે છે.

एतन्महाख्यान मघौघनाशनं गौरिमहेशव्रत पुण्यकीर्तनम् ॥
भक्त्या सकृद्यः शृणुयाच्च कीर्तयेद्भुक्त्वा सभोगान् पदमेति शाश्वतम् ॥

ઇતિશ્રીસ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે શારદાખ્યાનંનામ એકોનવિંશોધ્યાય.

सूतउवाच—अथ रुद्राक्ष माहात्म्यं वर्णयामि समासतः ॥
सर्व पाप क्षयकरं शृण्वतां पठतामपि ॥ १

સુતપુરાણીક કહે છે હે ઋષિઓ, હવે રૂદ્રાક્ષ મોહાત્મ્ય કહુંછું, જે સાંભળનારા અને પાઠ કરનારાઓના સર્વ પાપ ક્ષય કરનારૂં છે. અભક્ત હોય કે ભક્ત હોય, નીચ હોય કે નીચતર, (અતિ નીચ) હોય તોપણ રૂદ્રાક્ષને જે ધારણ કરે છે તે સર્વ પાપથી મુક્ત થાય છે. હે ઋષિઓ રૂદ્રાક્ષનું પુણ્ય કોઇ પુણ્ય સાથે સરખાવી શકાય નહિ. તત્વદર્શિ મહામુનિઓ રૂદ્રાક્ષધારણને મહાવ્રત કહે છે. જે વ્રતિ (વ્રતવાળો) એક હજાર રૂદ્રાક્ષને ધારણ કરે છે, તે શંકર સરખો છે, અને તેને સર્વ દેવો પણ નમે છે. અને હજારના અભાવમાં બે હાથમાં સોળ સોળ, એક શિખામાં, એક હાથમાં બાર બાર, કંઠ (ગળા) માં બતરીશ, મસ્તકે ચાળીશ, એક કાનમાં ૭ ૭ અને વક્ષસ્થળમાં એકસો આઠ રૂદ્રાક્ષ જે ધારણ કરે તેનું શંકરપુત્ર પણ પૂજન કરે છે. વળી મોતી, પ્રવાળ, (પરવાળાં) સ્ફટિક, રૂપું, વૈડુર્યમણી અને સુવર્ણ (સોનું) વગેરેમાંથી કોઇ વસ્તુએ જડીત રૂદ્રાક્ષ જે ધારણ કરે તે શાક્ષાત્ શંકરજ જાણવા. તેમજ જે માણસ જેટલા મળી આવે એટલા કેવળ રૂદ્રાક્ષજ ધારણ કરે છે, તો તેને

પાપ સ્પર્શ કરતું (અડકતું) નથી. " જેમ સૂર્યને અંધારૂં સ્પર્શ ન કરે તેમ ". રૂદ્રાક્ષ માળાથી જપેલો મંત્ર અનંત ફળ આપનાર છે, અને રૂદ્રાક્ષ વિનાનો જપ કેવળ તત્સંખ્યાજ (જેટલા જપ કર્યા હોય તેટલોજ) ફળ આપનાર છે. માટે હે ઋષિઓ જેના શરીરપર રૂદ્રાક્ષ નથી, તેમ ત્રિપુંડ્ નથી તેનો જન્મ નિરર્થક છે એમ જાણવું. રૂદ્રાક્ષ માથે બાંધીને જે સ્નાન કરે છે તેને ગંગા સ્નાનનું ફળ થાય છે. જે માણસ ઉપહાર (સામગ્રિ) સિવાય પણ રૂદ્રાક્ષનું પૂજન કરે છે તેને શિવલિંગપૂજાનું ફળ મળે છે. રૂદ્રાક્ષ એકમુખી, પંચમુખી, અગીઆરમુખી, અને કેટલાક ચૌદમુખી પણ થાય છે. ભક્તિથી જે રૂદ્રાક્ષનું પૂજન કરે છે, તે દરિદ્રી હોય તો પણ રાજાના જેવી લક્ષ્મી તેને મળે છે. તેમાં એક આખ્યાન કહું છું. કાશ્મીર દેશમાં એક ભદ્રસેન નામનો રાજા હતો, તેનો સુધર્મા નામનો એક પુત્ર હતો અને એ રાજાના પ્રધાનને પણ એક પુત્ર હતો. તેનું નામ તારક હતું. તે રાજપુત્રનો પરમ મિત્ર હતો. તે બેઉ જણા બાળ અવસ્થામાં સાથે જ રમતાં, અને વિદ્યાભ્યાસ કરતાં હતા. તે બેઉના શરીર ઉપર હમેશ રૂદ્રાક્ષ રહેતા હતા, (નિત્ય રૂદ્રાક્ષને ઘાલતા હતા) તેમ તે બેઉ પુત્રો ભસ્મ ધારણ પણ નિરન્તર કરતા હતા. સુનાના અને રત્ન માણેકના સુંદર અલંકારો છોડી તે બે પુત્રો રૂદ્રાક્ષની માળા અને રૂદ્રાક્ષના કંકણ ઘાલતા. કંઠમાં રૂદ્રાક્ષના એ પ્રમાણે તે બેઉ ધારણ કરતા. અને સુનું, રત્ન, હીરા, માણેક વિગેરેને તે પાષાણ (પથ્થર) વત્ ગણતા હતા. તેને લોકોએ ઘણું કહ્યું પણ રૂદ્રાક્ષ છોડયા નહિ. એમ કરતાં તે કાશ્મીર રાજાને ત્યાં એક વખત પરાશર મુનિ આવી પહોંચ્યા. રાજાએ તેનું યથા શાસ્ત્ર પૂજન કર્યું અને પ્રણામ કરી પૂછયું. હે મહારાજ. આ માહારો પુત્ર સુધર્મા અને મંત્રી-પુત્ર તારક એ બેઉ રત્ન, માણેક અને સુવર્ણ વિગેરેમાં નિસ્પૃહ થઇ નીત્ય રૂદ્રાક્ષજ ધારણ કરે છે. હમે એને બહુ સમજાવ્યાં છતાં. મારી આજ્ઞા ઉપર થઇને સુવર્ણાદી ઉપર આદર કરતા નથી. એ પુત્રને એવો ઉપદેશ કોઇએ પણ આપ્યો નથી. ત્યારે હે માહારાજ એની સ્વાભાવિક બુદ્ધિ એવી થવાનું શું? પરાશર કહે છે હે રાજન્ ! તારા પુત્ર અને મંત્રી પુત્રનું પૂર્વ જન્મ વૃત્તાંત્ત કહું તે સાંભળ નંદી ગામમાં પૂર્વે મહાનંદી નામની વેશ્યા રહેતી હતી, તેની આકૃતિ ચહેરે) બહુ લલીત હતી. પૂર્ણ ચંદ્ર જેવું તેનું છત્ર હતું, વિમાન સુવર્ણનું હતું. સુંદર ચામર હતાં, સુનાની પાવડી હતી, ઘણા પુજ્ય અને કીમતી તેનાં વસ્ત્ર હતાં સુનાના પલંગ ઉપર ચન્દ્રના કિરણ જે-

સું તેનું બિછાનું હતું. તેને ત્યાં અનેક ગાયો, ભેંસો, દાસ, દાસીઓ હતા. દાસી અને દાસો પણ અનેક પ્રકારના અલંકારથી હમેશ શુશોભિત રહેતા હતા. તે ગણીકાનું ભોજન પણ અતિ ઉત્તમ હતું. તેના ઘરમાં ઘણુંજ ધાન્ય, અનેક રત્નો, હીરા, માણેક, સુવર્ણ હતાં. એવા વૈભવથી તે સંપૂર્ણ મહાનંદી નામની વેશ્યા પોતાની ઇચ્છા પ્રમાણે ફરતી હતી હમેશ તે શિવ પૂજનમાં તત્પર રહેતી, તેમ સદા શિવ કથામાં અને નામ ગ્રહણમાં પણ તે નિરંનર મચી રહેતી હતી. વીનોદ (રમત, ગમત) માટે તે વેસ્યા નાટક મંડળના મધ્ય ભાગમાં જઇને એક વાનર અને એક કુકડાને રૂદ્રાક્ષ (ઘણા રૂદ્રાક્ષ) પહેરાવી નિત્ય તેને નચાવતી હતી. અને પછી તે એનું નાચવું જોઇ પોતાની સખીઓ સાથે હસતી, વાનર પણ કાનમાં, ગળામાં, અને મસ્તક ઉપર રૂદ્રાક્ષ ઘાલવાથી ઘણો ખુશી થઇ વેશ્યા જેમ નચાવે તેમ ચિન્હો (ચાળાઓ) કરતો હતો. તેમ જેના માથાપર રૂદ્રાક્ષ બાંધેલી એવો કુકડો પણ વાનર સાથે નાચ કરી જોવા વાળાને ઘણોજ ખુશ કરતો. હવે એક દિવસે તે વેશ્યાને ત્યાં એક વૈશ્ય આવ્યો, તે વૈશ્ય નિરભીમાની, રૂદ્રાક્ષ અને ત્રિપુંડ્ર ધારણ કરનારો અને શિવવ્રત્તિ (વ્રતવાળો) હતો. તે વૈશ્યના ભસ્મ વાળા હાથમાં અનેક રત્નોથી જડીત એક કંકણ હતું. તે વૈશ્યને આવ્યો જોઇ, વેશ્યા આસનથી ઉઠી તેને આસન આપી બેસાડયો. અને તેનું પૂજન કરતાં પેલું કંકણ જોયું. પછી બોલી હે મહારાજ ! આ આપના હાથમાં રત્નથી જડેલું ઉત્તમ કંકણ છે, એ ઉપર મહારૂં મન ઇચ્છાવાળું થાય છે. એવા સાંભળીને વૈશ્ય હસીને બોલ્યો એ કંકણ ઉપર જો તારી ઇચ્છા હોય તો એ લે. પરન્તુ એનું મુલ્ય (કીંમત) મને શું આપશે ? તે કહે. વેશ્યાએ કહ્યું હે મહા વૈશ્ય હમે તો વેશ્યા જાતી જાર-કર્મ કરનાર માટે હમારા કુળનો ધર્મ વ્યભીચાર છે. માટે આ રત્ન જડીત કંકણ જો મને આપશો તો હું ત્રણ દિવસ રાત તમારી સ્ત્રી થઇને સેવા કરીશ. વૈશ્યે કહ્યું કે. ત્યારે એમ હોય તો ત્રણ રાત્રી મારી સ્ત્રી થા. અને હું રત્ન કંકણ તને આપું. આપણ એ વ્યભીચાર વ્યવહારમાં સાક્ષીભૂત કરીને સત્ય હું ત્રણ દિવસ આપની સ્ત્રી થઇશ એમ કહી મારા હદયે (છાતીએ) તું સ્પર્શ કર. એવું સાંભળી વેશ્યા પ્રતિજ્ઞા કરે છે, ત્રણ દિવસ અને ત્રણ રાત તમારી સ્ત્રી થઇને હું તમારી સાથે સ્ત્રી ધર્મથી વર્તિશ. એમ કહી વૈશ્યના હ્રદયે સ્પર્શ કર્યો. (અડકી) એવી પ્રતિજ્ઞા સાંભળી વૈશ્યે તેને હાથમાંથી કાઢી રત્ન કંકણ

અને એક રત્નમય (રત્નથી જડેલું) શીવલીંગ તેને આપીને કહે છે હે સ્ત્રી ! આ રત્નમય શીવલીંગ, જે મારા પ્રાણ સમાન છે, તે તું રક્ષણ કરજે. એનો નાશ થશે તો નીશ્ચેજ મારૂં મરણ થશે. એવું સાંભળી તે વેશ્યાએ શીવલીંગ લઇ નાટક મંડપના વચમાં એક થાંભલો હતો તે પર મૂકયું. પછી તે વેશ્યા વૈશ્ય સાથે ઘરમાં પેઠી. અને પોતાની કોમળ શય્યા (બીછાના) પર સુખથી વિહાર કરવા લાગી. હવે એટલામાં મધ્ય રાત થઇ, ત્યારે એકાએક નાટક મંડપમાં અગ્નિ લાગ્યો. તે જાણી વેશ્યાએ તરતજ, પેલા વાનર અને કુકડાને છોડી મૂકયા. તેઓ બેઉ દૂર નાશી ગયા. પછી વેશ્યા અને વૈશ્ય આવીને જુએ છે તો શિવલીંગ બળતું જોયું. અને ઘણુંજ દુઃખ પામ્યા. પ્રાણ સમાન પ્રિય શિવલીંગ બળેલું જોઇ વૈશ્ય પણ મરવા તૈયાર થયો. દુઃખી થતી વેશ્યાને વૈશ્ય કહે છે હે સ્ત્રી ! શિવલીંગ ભસ્મ થઇ ગયું માટે હવે હું જીવવા આશા રાખતો નથી. તેથી તારા સેવકો પાસે મારે માટે ચીતા કરાવી આપ. કે શંકરમાં મનની ધારણા કરી અગ્નિ પ્રવેશ હું કરૂં. હે સ્ત્રી ! જો બ્રહ્મા, ઈંદ્રાદિક દેવો આવીને મને ના કહે, તો પણ આ ક્ષણમાં અગ્નિ પ્રવેશ કર્યા શિવાય મારૂં અંતઃકરણ શાન્તિ થાય નહિ. એવી તેની દ્રઢ પ્રતિજ્ઞા જાણીને પોતાના સેવકો પાસે ગામથી બહાર ચિતા કરાવી. પછી શિવ ભક્તિથી પવિત્ર તે વૈશ્ય પ્રદીપ્ત થયેલા અગ્નિની પ્રદક્ષિણા કરીને લોકોના જોત જોતામાં અગ્નિમાં પ્રવેશ કર્યો. અને તે કર્મ જોઇ પેલી વેશ્યા ઘણુંજ દુઃખ પામી પછી તે વેશ્યા સ્ત્રી વૈશ્યનું નિર્મળ (પવિત્ર) કર્મ જોઇને, નગરના અનેક લોકો ત્યાં ભેગા મળેલા, તેઓને કહે છે, હે સર્વ જનો મેં એની પાસે રત્ન કંકણ લઇને પ્રતિજ્ઞા (સૂર્ય ચન્દ્રની શાક્ષીમાં) કરી છે કે, હું ત્રણ દિવસ સુધી તમારી સ્ત્રી થઇને સેવા કરીશ, અને ખરૂં જોતાં મેં એણે આપેલા શિવલીંગનું રક્ષણ ન કર્યું, માટે મારા કરેલા કર્મથી આ શિવલીંગ વૃત્તિ વૈશ્ય બળે છે. માટે હું પણ ત્રણ દિવસને માટે એની સાક્ષાત સ્ત્રીજ છું. જેથી હુંએ એ અગ્નિમાં સ્વામી સાથે બળી મરીશ. કારણ હું તમારી સ્ત્રી એમ કહેલું વચન તે મારે સત્ય કરવાની જરૂર છે, કારણ કે સત્યથી દેવો પણ પ્રસન્ન થાય છે. સત્ય એજ પરમ ધર્મ છે, સત્યથી આ બધું જગત છે. સત્યથી સ્વર્ગ અને મોક્ષ મળે છે, માટે તે સત્ય હું સમયે સાચવું છું કહી, પોતે અગ્નિમાં પ્રવેશ કરવા દ્રઢ પતિજ્ઞા કરી. છતાં પણ પોતાનું સત્ય જવાની ધાસ્તીથી તે સત્ય પ્રતિજ્ઞાથી ડગી નહિ. પોતાનું ધન, ધાન્ય, સંપત્તિ, ઘર,

વૈભવ, રત્ન, માણેક, હીરા વિગેરે સર્વ શિવ ભકતોને આપી દીધું. પછી સદા શિવનું ધ્યાન ધરી અગ્નિની ત્રણ પ્રદક્ષિણા કરીને તેમાં પ્રવેશ કરવા તત્પર થઇ સ્તુતિ કરે છે.

પદ.

(રાગ–ધનાશ્રી)

શંકર તુજ આધાર, રહ્યો મારે શંકર તુજ આધાર.
ભ્રાત ભગનીને અન્ય સંબંધી, કરી શકે નહિ વાર. રહ્યો મારે.
શેવા ન જાણું ને પુજા ન જાણું, નામ તણો આધાર. રહ્યો મારે.
વેદ વાણીમાં શ્રદ્ધા રાખી, નામનો કરૂં ઉચ્ચાર. રહ્યો મારે.
જ્ઞાન ધ્યાનમાં સમજું નહિ કંઇ, પડી કરૂં પોકાર. રહ્યો મારે.
સુખને ધાઇ દુઃખમાં ડૂબી, તાર તું તારન હાર. રહ્યો મારે.
કૃતી સામું પ્રભુ દષ્ટી કરો તો, ધ્યાન આવે લગાર. રહ્યો મારે.
બહાના ખાતર બાંહ્ય ગ્રહીને, બળતામાંથી ઉગાર. રહ્યો મારે.
ગાંડી ઘેલી શરણે આવું, રાખી લે આ વાર. રહ્યો મારે.

પદ.

(રાગ–પિલુ)

ગુરૂ કૃપા જન આંજ્યોરે ભાઈ;
શંભુ બિના કછુ દેખત નાહીં. ગુરૂ.
બાહિર શંભુ, ભીતર શંભુ; જહાં દેખુ વહાં શંભુહી શંભુ. ગુરૂ.
જાગત શંભુ, સોવત શંભુ; સપને મેં દેખુ તબ શંભુહી શંભુ. ગુરૂ.
ક્યારે કહુ, મોકુ લાગી લગનવા; સકલ જગત મેં શંભુ દુહાઈ. ગુરૂ.

પોતાના ચરણમાં અંતઃકરણ અર્પણ કરનારી તે સ્ત્રીને અગ્નિમાં પડતી જાણીને સાક્ષાત શંકર પ્રગટ થયા. અને તેને વારવા લાગ્યા. તે સ્ત્રી સર્વ દેવના દેવ, ત્રીલોચન ચંદ્રકળા ધારણ કરનાર, સૂર્ય, ચંદ્ર અને અગ્નિ ત્રણ નેત્રવાળા શંકરને જોઇને ભયભીત અને સ્તબ્ધ થઇ ત્યાં ઉભી રહી. તે વિહ્વળ, બીધેલી, ધ્રુજતી અને નેત્રમાંથી આંસુ ચલાવનારી એ સ્ત્રીને પોતાને હાથે પકડી શંકર કહે છે હે સ્ત્રી! તારૂં સત્ય, ધીરજ, તારો ધર્મ, અને તારી મારાપર નિશ્ચલ ભક્તિ તે જોવાને માટે હું વૈશ્ય થઇને આવ્યો હતો. માયાથી અગ્નિ ઉત્પન્ન કરી મેં નાટક મંડપ બાળી શીવલીંગ ભસ્મ કર્યું; અને પછી મેં અગ્નિ પ્રવેશ કર્યો અહો! વેશ્યા જગતમાં કપટ કરનારી, ઇચ્છા પ્રમાણે ફરનારી, લોકોને છેતરનારી, છતાં તું સત્ય પાળવા

મારી સાથે અગ્નિમાં પ્રવેશ કરવા તૈયાર થઇ. માટે હું તને દેવને પણ દુર્લભ ભોગો અને લાંબુ આયુષ્ય, ઉત્તમ પ્રજા અને શ્રેષ્ટતા એટલી વસ્તુઓ આપુંછું. હે સ્ત્રી ! તારે જે જે વસ્તુ જોઇએ તે તે વસ્તુ હું આપું માટે ઇચ્છા હોય તે કહે. એવું સાંભળી વેશ્યા કહે છે હે મહારાજ ! પૃથ્વી, સ્વર્ગ કે પાતાળમાં ભોગ ભોગવવા મારી ઇચ્છા નથી, માટે તમારા ચરણ કમળ સિવાય હું બીજું કાંઈ માગતી નથી. આ મારા દાસો, દાસીઓ, અને મારાં સબંધીઓ તે બધાંઓ તમારા પૂજનમાં અને સેવામાં તત્પર રહે એટલા માટે એ બધાઓ સાથે મને તમારા કૈલાસ ભુવનમાં લઇ જાઓ. જેથી આ મિથ્યા સંસારનો ફેરો મટી જાય શંકર તે કબુલ કરી તે સર્વને લઇ કૈલાસ (પરમ પદ) માં ગયા. હવે હે ભદ્રસેન રાજા તે વેશ્યાનો વાનર અને કુકડો બેઉ અગ્નિ લાગવાથી દૂર નાશી ગએલા, તે ઘણે કાળે મૃત્યુ પામ્યા અને તેજ આ બે જણા છે. તે પૂર્વ જન્મમાં જે વાનર રૂદ્રાક્ષ ઘાલી નાચતો તે આ તારો પુત્ર, અને જે કુકડો હતો તે આ મંત્રી પુત્ર છે. પૂર્વ જન્મમાં નીચ યોનીમાં છતાં રૂદ્રાક્ષ ધારણ જે કરેલું તે પુણ્યથી આ મારા કુળમાં બે ઉત્પન્ન થયા છે. અને એ બેઉ પૂર્વેનો અભ્યાસ પડી જવાથી રૂદ્રાક્ષ નિરંતર પહેરે છે. અને આ જન્મમાં તે શિવ પૂજન કરી તે લોકમાં જશે. હે રાજા ભદ્રસેન—એ પ્રમાણે શિવભક્ત વેશ્યાનું વર્ણન, અને આ બે પુત્રની પ્રવૃત્તિ (કથા) તે મેં તને કહી સંભળાવી. હવે શું પૂછવું છે ? તે કહે—

एषा प्रवृत्तिस्तव न योर्बालयोः समुदाहृता ॥
कथाच शिव भक्ताया किमन्यत्प्रष्टु मिच्छसि ॥ ८८ ॥

ઇતિશ્રી સ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે રૂદ્રાક્ષ મહિમાવાનિનામ વિંશોધ્યાય.

सूतउवाच—एवं ब्रह्मर्षिणा प्रोक्ता वाणी पीयूषसन्निभाम् ॥
आकर्ण्य मुदितो राजा प्रांजलिः पुनरब्रवित् ॥ १ ॥

એ પ્રમાણે પરાશર બ્રહ્મર્ષિની વાણી અમૃત સમાન સાંભળી રાજા હર્ષ પામીને ફરીથી બોલ્યો. અહો ? સત્ સમાગમ માણસના પાપના સમુહ (જથા.) ને નાશ કરનારો છે તેમજ કામ ક્રોધને દુર કરનાર અને ઇષ્ટ (ઇચ્છિત) વસ્તુને આપનાર સત્ સમાગમજ છે હે મહારાજ તમારાં દર્શન માત્રથી મારૂ માયા રૂપી અંધારૂં મટી જ્ઞાન દ્રષ્ટી પ્રકાશ પામી. અને બહુધા (ઘણું કરીને) હું દેવ સમાન થયો. વળી આ બે પુત્રની જેમ પૂર્વ

જન્મની વાત સાંભળી તેમ આવતા જન્મની કથા પણ સાંભળવા ઈચ્છું છું હે મહારાજ ? એનું આયુષ્ય કેટલું છે ? તે કૃપા કરીને કહો. પરાશર કહે છે. એ ઇતિહાસમાં કંઇક ભાગ ન કહેવાય એવો છે. કે સાંભળીને ધીરજવાનને પણ દુઃખ થાય એમ છે. તથાપી તું શુદ્ધ ભાવથી પૂછે છે માટે અને તારો સ્નેહ છે. માટે, હું કહું છું. આ તારો પુત્ર બાર વર્ષનો થયો છે. અને હવે એ આજથી સાતમે દિવસે મરણ પામશે. એવું વિષ (ઝેર) સરખું વાક્ય સાંભળીને રાજા મૂર્છીત થઇ પૃથ્વીપર પડયો. તેને ઉઠાડીને પરાશર મુનિ કહે છે. હે રાજન્ ! ભય પામીશ નહિ. તારૂં હિત તને કહું છે, સૃષ્ટીથી પૂર્વે એક અને સચ્ચિદાનંદ સ્વરૂપ તેજોરૂપ શિવ છે. તે પહેલાં રજો ગુણ વાળા બ્રહ્માને ઉત્પન્ન કરીને તેને સૃષ્ટી કર્મ કરવાનું સોંપી વેદ આવ્યા. વળી ફરીને આત્મ તત્વરૂપ સર્વ ઉપનિષદ્‌નો સારભુત રૂદ્રાધ્યાય બ્રહ્માને આપ્યો. જે એક અવિકારી તેજ અને પરમ તત્વ છે, તે શિવ રૂદ્રાધ્યાયમાં પ્રતિષ્ઠિત છે. (રહે છે) પછી તે બ્રહ્માએ જગત્ ઉત્પન્ન કર્યું. અને ચાર મુખથી લોકોની સ્થીતિ માટે ચાર વેદ કહ્યા. તેમાં યજુર્વેદમાં બ્રહ્માના જમણા મુખમાંથી સર્વ ઉપનીષદ્‌ના સાર રૂપ રૂદ્રાધ્યાય નીકળ્યો. તે રૂદ્રાધ્યાય મરીચી, અત્રી ઇત્યાદિ મુનિઓએ અને દેવોએ ગ્રહણ કર્યો. અને પછી તેઓએ અનેક શિષ્યોને કહ્યો પછી તેના પુત્રોએ તેના પુત્રને કહ્યો. એમ પરંપરાથી તે રૂદ્રાધ્યાય જગતમાં પ્રસિદ્ધ થયો. હે રાજા ? એ રૂદ્રાધ્યાયનો જપ પુરૂષોને મુક્તિ આપનારો છે. જેઓ મહાપાપી અને ઉપપાપી હોય, તે પણ રૂદ્રાધ્યાયના જપથી તત્કાળ પરમ ગતિને પામે છે. પછી બ્રહ્માએ મિશ્રયોની ઉત્પન્ન કરી, તેમાં દેવ, પશુ, મનુષ્યાદિ ઉત્પન્ન કર્યા. જેથી જગત્ સંપૂર્ણ થયું. પછી તેઓના જન્મ ગુણને અનુસારે સર્વના કર્મો બનાવ્યાં. લોકો તે કર્મમાં પ્રવૃત્ત થઇને તે કર્મના ફળ ભોગવે છે. લોકની સૃષ્ટીનો પ્રવાહ ચાલવા માટે બ્રહ્માએ પોતાના પૃષ્ટ ભાગ (પાછલા ભાગમાંથી અધર્મ અને વૃક્ષસ્થળ (છાતી) માંથી ધર્મ ઉત્પન્ન કર્યો. ધર્મને આચરણ કરનારા પુણ્ય ફળ ભોગવે છે અને અધર્મ અનુવર્તનારા પાપ ફળ ભોગવે છે. પુણ્ય કર્મનું ફળ સ્વર્ગ. અને પાપ કર્મ ફળ નર્ક છે. તેમાં સ્વર્ગનો સ્વામી ઇંદ્ર, અને બીજાનો સ્વામી યમ એ પ્રમાણે બેનાં સ્વામી બનાવ્યા. પછી અધર્મને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને અહંકાર એવા પુત્ર થયા. ગુરૂના બીછાનાનું સેવન, મદીરા (દારૂ) પાન અને વેશ્યા ગમન એ ત્રણ કામના પ્રધાન થયા. પીતાવધ, માતાવધ, એ બે પુત્ર અને બ્રહ્મ-

હત્યા કન્યા એટલી ત્રણુ ક્રોધની પ્રજા ઉત્પન્ન થઇ. એટલાં કર્મ કરનાર પાતકીઓને બોલાવીને યમ રાજા તેને નર્કમાં નાંખે છે. એ નવ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અભીમાન, પીતાવધ માતાવધ, અને બ્રહ્મહત્યા) ને એ-કઠા કરી યમરાજાએ ઘોર પાપના ઉપરી બનાવ્યા. તે નવ જણા પોતાના સેવકો (ઉપપાતક) ને લઇને નરકની રક્ષા કરવા લાગ્યા હે રાજન! ભદ્ર-સેન! જ્યારે રૂદ્રાધ્યાય મુક્તિતું સાધન જ્યારે પૃથ્વીમાં થયો, ત્યારે તે નવ જણા ભય પામીને નાસવા લાગ્યા. તેઓ બીજો ઉપપાતકોને લઇને યમરા-જાને કહે છે, હે મહારાજ હમો તમારા સેવક છીએ નરકની વૃદ્ધિ કરવાને તમે અમોને અધિકાર આપ્યો છે. પણુ હે મહારાજ હવેતો લોકમાં જવાને હમો શક્તિ માન નથી. કારણુ કે રૂદ્રાધ્યાયના મહિમાથી હમો બળવા લાગ્યા, માટે અહીં તમારે શરણે આવ્યા છીએ. ગામમાં નદીને તીરે, અને સર્વે જગાએ રૂદ્રાધ્યાય પ્રગટ થયો છે. હવે હમો શી રીતે પુથ્વિમાં જઇશું ? એવું સાંભળી યમરાજા બ્રહ્માની પાસે ગયા. અને તે સર્વ કહી સંભળાવ્યું. યમરાજા કહે છે હે બ્રહ્મદેવ હું આપને શરણે છું. તમે પાપ કરવાવાળાને દંડ દેવા મને અધિકાર આપ્યો છે. હવે પૃથ્વીમાં કોઇ પણુ મનુષ્ય પાપી નથી. રૂદ્રાધ્યાયથી સર્વ પાપો દુર થયાં છે. પાપો નાશ થતાંમાં નરકો શૂન્ય થઇ ગયાં છે. અને નરકો શૂન્ય થયાં એટલે મારો અધિકાર પણુ ગયો. માટે હે મહારાજ હવે તમો ઉપાય કરો કે મારૂં પ્રાણીઓ ઉપર સ્વામીપણું હમેશ રહે. એ પ્રમાણે દુઃખી યમે બ્રહ્માને કહ્યુ, ત્યારે બ્રહ્મદેવે તના ઉપાય માટે અવિદ્યામાંથી બે કન્યા ઉત્પન્ન કરી. એક અશ્રદ્ધા અને બીજી દુષ્ટબુદ્ધિ. એનાથી લોકો મોહ પામીને રૂદ્રાધ્યાયથી પરા દુઃખ થાય. તેને યમરાજાએ પોતાના સ્થાનમાં લઇ જવા માંડયા. પૂર્વ જન્મમાં પાપ કરવાથી મનુષ્ય થોડું આયુષ્ય ભોગવે છે. તે પૂર્વ જન્મના પાપો રૂદ્રાધ્યાયથી નાશ થાય છે. બધાં પાપો દુર થવાથી આયુષ્ય વધે છે. તેજ બળ અને ધીરજ પણુ વધે છે. રૂદ્રાધ્યાય વડે જે મનુષ્ય શંકરને સ્નાન કરાવે છે. અને તે જળથી જો સ્નાન કરેતો તે મૃત્યુને જીતે છે વળી તે સ્નાન કરતાં રૂદ્રાધ્યાય જપે છે, તેને મૃત્યુનો ભય મટી શિવ લોક મળે છે. મેં રૂદ્રાભિષેક ભક્તિશ્રદ્ધા યુક્ત કરેતો મનુષ્ય સો વર્ષ આયુષ્ય ભોગવે છે. અને તે સર્વ પાપથી મુક્ત થઇ શિવસરણેજ કહે છે. માટે હે ભદ્રસેન એ રૂદ્રાધ્યાયથી દશ હજારવાર તારો પુત્રજો સ્નાન કરેતો તે દશ હજાર વર્ષ સુધી તે પૃથ્વીમાં ઇંદ્ર સરખું રાજ્ય કરશે. વળી એમ કરવાથી એવું બળ

વધશે તથા રોગ અને શત્રુઓ પણ નાશ પામશે માટે હે રાજા શાંત વ્રત-વાળા, વેદ જાણનારા, અને કૃતાર્થ એવા બ્રાહ્મણોને તું બોલાવ અને તેઓ પાસે રૂદ્રાધ્યાનો જાપ કરાવ. તેમના જાપના મહિમાથી તત્કાળ કલ્યાણ થશે એવાં વચન સાંભળી રાજાએ પરાશર મુનિને જ તે કર્મમાં મુખ્ય ગુરૂ થવા માટે પ્રાર્થના કરી. અને પછી બીજા મહા વિદ્વાન અને શિવ ભક્તિમાં નિપુણ એવા હજાર બ્રાહ્મણોને બોલાવ્યા. તે હજાર બ્રાહ્મણોએ આની પ્રથમ કર્મના અંગમાં સો કળસનું સ્થાપન કરાવ્યું. અને પછી રૂદ્રાધ્યાય વડે તે રાજાના પુત્રને યથા શાસ્ત્ર સ્નાન કરાવવા માંડયું. એમ સ્નાન કરતાં સાતમો દિવસ થયો, ત્યારે મુનિઓ સ્નાન કરાવે છે એટલામાં તે રાજપુત્ર અકસ્માત (એકા એક ત્રાસ પામી એક ક્ષણ મૂર્છિત થઇને પડયો. તે વખતે મુનિઓ રક્ષણ મંત્ર બોલ્યા, એટલામાં તે પુત્ર જાગ્યો અને બોલ્યો, હે મહામુનિઓ ક્ષણવાર ઉપર બીજા પુરૂષો આવીને મને દુર લઇ ગયા એવું જણાયું હવે મને કાંઇ માલમ પડતું નથી. એવું રાજપુત્રનું કહ્યું સાંભળી મુનિઓએ તેને અનેક આશિર્વાદો આપ્યા. એપ્રમાણે ૧. શંકરને સ્નાન કરાવેલા જળથી. જપ માટે બોલાવેલા બ્રાહ્મણોએ પુત્રનું રક્ષણ કર્યું, જોઇને ભદ્રસેન રાજાએ તે સર્વ મુનિઓને યથાર્થ દક્ષિણા આપી, અને ઉત્તમ ભોજનથી જમાડયા. પછી તે બ્રહ્મવાદી મુનિઓની આશિર્વાદ લઇને રાજાએ ભોજન કર્યું. અને ત્યાર પછી આનંદ થઇ, પોતાના સંબંધીઓ અને મુનિઓને લઇ સભામાં ગયો. એ સભામાં દેવર્ષિ નારદ આવી પહોચ્યા તેમને આવેલા જોઇને રાજાએ, સર્વ મુનિઓ અને અનેક સભાસદો સાથે સિંહાસનથી ઉઠીને સાષ્ટાંગ પ્રણામ કરી, મુખ્ય સિંહાસન ઉપર બેસાડયા. અને પછી ભદ્રસેન રાજા બોલ્યા. હેમારાજ ! નારદ મુનિ આત્રણ લોકમાં કંઇ અદ્ભૂત વસ્તુ જે જોઇ હોય, તે સાંભળવા આભાની ઇચ્છા છે. માટે કૃપા કરીને કહો. નારદ કહે છે હે રાજન આજે જ મેં વિચિત્ર દીઠું છે તે હું કહું છું તુ મુનિઓ સહિત સાંભળ. આજે મૃત્યુ અહિ તારા પુત્રને લેવા માટે હાથમાં દંડ (લાકડી) પકડીને આવ્યું હતું. તે વખતે શંકરને ખબર થઇ કે, ભદ્રસેનના પુત્રને લેવા મૃત્યુ જાય છે. ખબર થતાં વાર અનેક સેવકોની સાથે સાથે પોતાના વીરભદ્ર (શ્રેષ્ટગણ) ને મોકલ્યો તેણે આવીને તારા પુત્રને લેવા આવેલા મૃત્યુને પકડીને બાંધી રોષ (ખીજ)થી ખુબ માર માર્યો, અને પછી તે મૃત્યુને તે ગણો શંકર પાસે ચાલ્યા. તે જાણી યમ રાજા ત્યાં આવ્યા અને સાષ્ટાંગ પ્રણામ કરીને શ્રી વીર ભદ્રને કહેવા લાગ્યા હે

દેવ, દેવ વીરભદ્ર તમોને હું પ્રણામ કરૂં છું. આ અપરાધ વિનાના મૃત્યુ ઉપર શા માટે કોપ કરો છો ? પોતાના કર્મ પ્રમાણે રાજપુત્રનું આયુષ્ય પૂરૂં થયું હતું, ત્યારે મૃત્યુ તેને લેવા જતું હતું. એમાં એનો અપરાધ શો ? તે કૃપા કરીને કહો. એવું સાંભળી વીરભદ્ર કહે છે. હે યમરાજા તે રાજપુત્રે રૂદ્રાધ્યાયથી સ્નાન કર્યું છે તેથી તેનાં પાપો નાશ થયાં. અને આપત્તિઓ દુર થઈ, એટલુંજ નહિ, પણ તેનું આયુષ્ય દશ હજાર વર્ષનું થયું છે. હે યમરાજા મારા કહેવામાં જો તને સંદેહ હોય તો ચિત્રગુપ્ત (પાપ પુણ્ય લખનાર) ને અત્યારેજ બોલાવીને પૂછ. નારદ કહે છે હે રાજા, તેજ વખતે યમરાજાએ ચિત્રગુપ્તને બોલાવ્યો અને તેને રાજપુત્રનું આયુષ્ય પુછ્યું. ત્યારે તે બોલ્યો કે રાજપુત્રનું આયુષ્ય બાર વર્ષનું છે એમ કહી પાછો વિચાર કરીને ફરી બોલ્યો કે બીજાં કર્મના લેખના પ્રમાણથી એવું આયુષ્ય દશ હજાર વર્ષનું છે. એ સાંભળી યમરાજ ભય પામીને ઘણા પ્રણામ કરી વીરભદ્ર પાસેથી મૃત્યુને છોડાવીને યમરાજ પોતાને ઘેર ગયા. વીરભદ્ર કૈલાશમાં ગયા અને હે રાજા હું તારી સભામાં આવ્યો. માટે હે રાજન્ ! આ તારો પુત્ર રૂદ્રાધ્યાયના મહિમાથી મૃત્યુના ભયને તરીને દશહજાર વર્ષ પર્યંત સુખી થયો. એટલું કહી નારદઋષિ સ્વર્ગમાં ગયા. હે ઋષિઓ એ પ્રમાણે કાસ્મીરનો રાજા રૂદ્રાધ્યાય જાપથી સર્વ દુઃખો દૂર કરી પુત્ર સહીત કૃતાર્થ થયો. જે મનુષ્યો શંકરનું આ ઉત્તમ માહાત્મ્ય કથન કરે, અથવા સાંભળે, તે કોટી જન્મમાં કરેલાં પાપોથી મુક્ત થઇ શાન્ત થઇને ચંદ્રશેખર (શંકર) ના પદને પામે છે.

येकीर्तयन्ति मनुजाः परमेश्वरस्य माहात्म्यमे तदथ कर्णपुटैःपिबन्ति॥
ते जन्म कोटीकृत पाप गणै र्विमुक्ता शांताप्रयान्ति परम पद मिंदु मौलेः

ઇતિશ્રી સ્કંદપુરાણે બ્રહ્મોત્તરખંડે રૂદ્રાધ્યાય મહિમાવર્ણન નામૈકવિંશોધ્યાય.

सूतउवाच—एवं शिवतमःपंथा शिवे नैव प्रदर्शितः॥
नृणां संसृति बद्धानां सद्योमुक्ति करःपरः॥१॥

સૂતપુરાણીક કહેછે હે ઋષિઓ એ કલ્યાણમાર્ગ શ્રીશંકરેજ બતાવેલો છે, એ માર્ગ સંસારબંધ પામેલા માણસોને તત્કાળ મુક્તિ આપનારો છે. હવે જે દુષ્ટ બુદ્ધિવાળા મનુષ્યો જેઓ વેદમાં અધિકાર વિનાના છે. તેઓને, સ્ત્રીઓને, અને અધમ બ્રાહ્મણોને એજ માર્ગ મોક્ષ આપનારો છે. જે ધર્મનું દેવોએ પણ પૂજન કર્યુંછે, તેમ મહામુનિઓએ પણ પૂજન

કહ્યું છે તે ધર્મ એ છે કે શ્રીશંકરની કથા શ્રવણ કરવી. જેથી સંસારભય નાશ થઇ તત્કાળ મુક્તિ થાય. અજ્ઞાનરૂપી અંધારાથી ઘેરાયલા આંધળાઓને માટે શંકરકથારૂપદીવો જ્ઞાન આપનારો છે. જેઓ ત્રણ ભુવનને પાવન કરનારી શંકરની કથા સાંભળે છે, તેઓ આ જગતમાં શંકર રૂપજ છે એમાં સંશય નથી. વળી શંકરની કથા સાંભળનારાઓના પગની રજ પણ પવિત્ર કરેછે. માટે જે પ્રાણીઓ સંસારસાગર તરવાની ઇચ્છાવાળા હોયછે, તેઓ ભક્તિથી સદા શંકરની કથા સાંભળેછે. જે નિરંતર કથા સાંભળવા અશક્તિમાન હોય, તેણે બે ઘડી પણ શંકરકથા સાંભળવી વળી દરેક દિવસે જે કથા સાંભળવા શક્તિમાન ન હોય તેણે પુણ્યમાસ અને પુણ્યદિવસમાં એ કથા સાંભળવી. શંકરની કથા બે ઘડી, એક ઘડી અથવા એક ક્ષણપણ જે સાંભળે છે, તેની સ્વપ્નમાં પણ દુર્ગતિ થતી નથી. હે ઋષિઓ કળીયુગમાં પુરાણ સાંભળવા સરખો બીજો મુક્તિ આપનાર ધર્મ નથી. તેમ મારા શ્રવણથી ઉત્તમ બીજું કીર્તન પણ નથી. કારણ કે કળીયુગમાં, મનુષ્યો થોડાં આયુષ્યવાળાં, દુર્બળ, વ્યાધિથી પીડાયલાં, અધર્મી અને આચાર વિનાના દુખી થશે એમ જાણી ભગવાન્ વેદવ્યાસે પુરાણ રૂપી અમૃત કર્યું, જે અમૃત પાન કરતાં મનુષ્ય અજરામર (જન્મ મરણ વિનાનો) થાય. પછી હે ઋષિઓ પુરાણને જાણનાવાળા બ્રાહ્મણનું હમેંશ પૂજન કરવું. તે બ્રાહ્મણ ઉપર કાંઇ નિચ બુદ્ધિ કરવી નહિ કારણ કે પુરાણીક બ્રાહ્મણના પુરાણ રૂપી વાણી કામધેનુની પેઠે સર્વને ઇચ્છીત ફળ આપનારી છે, જગતમાં ગુરૂ જન્મથી અને ગુણથી થાય છે. તેમાં પુરાણ જાણનાર ગુરૂ શ્રેષ્ટ છે કારણ કે સંસારમાં વારંવાર જન્મથી થતાં દુઃખને પોતાની વાણીથી દુર કરે છે એનાથી શ્રેષ્ટ ગુરૂ બીજો કોણ ? હે ઋષિઓ જ્યારે પુરાણીક વ્યાસ આસન ઉપર બેઠા હોય, ત્યારે, પોતાનો પ્રસંગ પૂર્ણ થયા સિવાય તેઓએ કોઇને પણ નમસ્કાર કરવા નહિ. અને પુરાણ જાણનારાઓએ, જે ધુતારા, પાપીઓ, અને નબળી વૃત્તિવાળા હોય તેમની આગળ કથા કહેવી નહિ. કથા દુર્જનોમાં ન કહેવી, તેમ દ્યુત રમવાની જગાએ પણ ન કહેવી. પુણ્ય કથા સારા મનુષ્યો હોય, સાઇક્ષેત્ર, દેવાલય હોય, નદી તીર હોય, તો ત્યાંજ કહેવી. જે મનુષ્યો અનેક ઉપહારથી પુરાણ પૂજન કર્યા સિવાય કથા શ્રવણ કરે છે. તેઓ અનેક જન્મ સુધી દરીદ્રી થાય છે કથા થતી હોય, અને જે મનુષ્યો તેને નહિ સાંભળી (અનાદર કરી) ત્યાંથી ચાલ્યા જાય છે. તો તે આ સંસારના અનેક,

સુખ વિનાનો થઇ નબળી ગતિને પામે છે. જેઓ માથા ઉપર પાઘડી, ટોપી, ફેંટા વિગેરે રહેવા દઇ કથા સાંભળે છે, તે અધમ મનુષ્યો નીચ યોની પામે છે. જે મનુષ્યો પાવન કથા સાંભળતાં પાન આદી મુખવાસ ખાય છે, તે નરક પડી પોતાની વિષ્ટા ભક્ષણ કરે છે. જે ઉંચા આસન ઉપર બેસીને દાંભિક વૃત્તિથી કથા સાંભળે છે તે અનેક વખત સુધી નરક ભોગવી અંતે કાગડા થાય છે. જેઓ વીરાસનપર બેસી, અથવા ખાટલે બેસી કથા સાંભળે છે, તેઓ અન્ય (બીજા) જન્મમાંઝાડ થાય છે. પુરાણ અને પુરાણીકને પ્રણામ કર્યા સિવાય જે કથા સાંભળે છે, તેઓ વિષ (ઝેર) ના ઝાડ થાય છે. જેઓ પુરાણીકને અથવા કથાને નિંદે છે, તેઓ સો જન્મ સુધી પશુ થાય છે. કથા ચાલતી વખતે જે માણસો બોલ બોલ કરે છે, તેઓ બીજા જન્મમાં ગધેડા અને ત્યાર પછી કાચબા થાય છે. જેઓ કોઇ પણ વખતે કથા સાંભળતા નથી. તેઓ ઘોર નરક ભોગવીને જંગલમાં ડુક્કર થાય છે. કથા થતી હોય અને ત્યાં આવીને જેઓ વિઘ્ન કરે છે, તે અનેક નર્ક ભોગવી પછી કૂતરા થાય છે. જે મનુષ્યોને પુણ્ય કારક કથા સંભળાવે છે, તે કોટી કલ્પ સુધી બ્રહ્મ પદમાં રહે છે. જે પુરાણ જાણનાર બ્રાહ્મણને આસન આપે છે, તે સ્વર્ગ લોકમાં અનેક ભોગ પામે છે. પુરાણ જાણનારને જે વસ્ત્ર આપે છે, તેઓ જ્ઞાનવાળા થઇ દુનિઆમાં અનેક ભોગો ભોગવે છે. હે ઋષિઓ એ મહિમા જાણવા માટે એક દૃષ્ટાન્ત કહું છું. દક્ષિણ ભાગમાં એક બાતુંલ નામનું ગામ છે, ત્યાં સર્વ મનુષ્યો મૂર્ખ, અને કર્મ વિનાના રહેતા હતા. ત્યાં બ્રાહ્મણો પણ આચાર વિનાના, જપ અને કર્મ વિનાના, અને પરસ્ત્રી ઉપર આસક્ત હતા. ખેડુતો પણ શસ્ત્ર ધારણ કરી જાણતા પણ સ્વધર્મ જાણતા નહિ. ત્યાં સ્ત્રીઓ પણ દુરાચાર વાળી, પાપી અને કામ લોભ વાળી રહેતી. ત્યાં એક વિદુર નામે દુરાચારી બ્રાહ્મણ હેતો હતો. તે પોતે સ્ત્રીવાળો છતાં, કુમાર્ગે (નબળે રસ્તે) ચાલતો હતો. તેની સ્ત્રી પણ રાતે સ્વામી નહિ રહેવાથી જાર કર્મ કરતી હતી. તે સ્ત્રીને એક વખતે જાર-પુરૂષ સાથે દુરાચાર કરતી જોઇને તે સ્ત્રીને મારવા દોડયો. જાર નાશી ગયો. અને પોતાની સ્ત્રીને ખુબ મારી. માર ખાતાં સ્ત્રીને ક્રોધ થયો અને બોલી તમો હમેશ રાત્રીએ વેસ્યાને ત્યાં જાઓછો, ત્યારે મારે શું કરવું ? એવું સાંભળી તેનો સ્વામી બોલ્યો હે સ્ત્રી જાર પાસે ધન લઇને તેની જોડે વીહાર કર, અને તે ધન સર્વ મને આપ હું વેસ્યાને આપીશ. હે સ્ત્રી એમ કરવાથી તારો અને મહારો બેઉનો મનોરથ સચ-

વાશે. એ સાંભળી સ્ત્રીએ હા કહી. એ પ્રમાણે તે દંપત્તિ (સ્ત્રી, પુરૂષ). દુરાચાર કરતાં, પેલો પુરૂષ ઘણે વખતે મરણ પામ્યો. સ્વામી મરી ગયા પછી તેની સ્ત્રીની અવસ્થા વધી ગઇ માટે જારકર્મ છોડી દઇ પોતાના પુત્ર સાથે આશ્રમમાં રહી. એમ કરતાં એક પુણ્ય દિવસને સમયે તે સ્ત્રી લોકો એકઠું તીર્થમાં જતા હતા તેની સાથે ગઇ. ત્યાં તીર્થના પાણીમાં સ્નાન કરીને આગળ ચાલે છે એટલે દેવલાયમાં એક બ્રાહ્મણને કથા કરતાં જોયા. તેની કથા સાંભળવા બધાંએ જોડે તે સ્ત્રી પણ બેઠી. પુરાણીક મહારાજ કથા કરે છે કે જે સ્ત્રીઓ જાર કર્મ કરે છે, તેઓને યમરાજાના સેવકો તપેલાં લોઢામાં નાંખીને બાળે છે. એવું પુરાણીનું કહેવું સાંભળીને તે સ્ત્રી અંતસુધી બેશી રહી. અને એકાન્તમાં તેને બોલાવીને કહે છે. હે મહારાજ યુવાવસ્થામાં અજાણતામાં મેં ઘણી કુટીલતાથી મહાપાપ કર્યું છે. અને તમારૂં પુરાણ વચન સાંભળીને મને તેની મોટી ચીંતા થાય છે. અને શરીર ધ્રુજે છે. અરેરે ! દુષ્ટ ઇંદ્રીયોમાં આસક્ત અને જાર કર્મ કરનારી મને ધિક્કાર છે. એક થોડા દિવસના સુખ માટે મોટું નર્ક મને મળશે. હે મહારાજ મારા મરણ વખતે ઘોર યમદુતો આવશે તેને હું કેમ જોઇશ ? અને વળતી પાશ બાંધશે તે કેમ સહન થશે. વળી નરકમાં દેહના કડકા કરશે તે કેમ સહન થશે ? આજથી મને ભોજન પણ ભાવશે નહિ, અને રાત્રે ઉંઘ પણ આવશે નહિ, હે વિધિ, હું બળી ચાલી અરે ! મારાં દુષ્ટકર્મોથી હું હણાઇ પર્વતથી પડતાં માણુસને જે દુઃખ થાય છે, તેથી પણ કોટી ગણું દુઃખ મને છે હાય !" દશ હજાર અશ્વમેઘ કરે અને જન્મ સુધી ગંગાસ્નાન કરે તો પણ મારાં પાપ દુર થાય એમ નથી. હે મહારાજ હવે હું શું કરૂં, અને ક્યાં જાઉ ? દુઃખ સાગરમાં ડબુંછું. માટે હવે તો આપ ઉદ્ધાર કરો. એ પ્રમાણે બોલીને ચરણમાં પડેલી સ્ત્રીને ઉઠાડી બ્રાહ્મણ કહે છે હે સ્ત્રી કથા સાંભળી તને જ્ઞાન થયુ એ ઘણુંજ સારૂં થયું. તુ બીહિશ નહિ. તારી ગતીનો રસ્તો હું કહુંછું. સતકથા સાંભળવાથી તારી આ ઉત્તમ બુદ્ધિ થઇ છે. અને ઇંદ્રીય ઉપર વૈરાગ્ય થયો છે; તેમ મોટો પશ્ચાતાપ પણ તને થયો છે. હે સ્ત્રી પશ્ચાતાપ સર્વ પાપને દુર કરે છે. હજારો પ્રાયશ્ચિત માણુસ કરે, અને પશ્ચાતાપ જો ન કરે તો તેનાં પાપ દુર થાય નહિ, સત્‌કથા સાંભળવાથી, સજ્જનની સેવાથી, પુણ્ય ક્ષેત્રમાં રહેવાથી ચીત્ત શુદ્ધ થાય છે. જેમ આરસીને વારંવાર લુછવાથી તે નિર્મળ થાય છે, તેમ ઘડી ઘડીએ સત્‌કથા સાંભળવાથી ચીત્ત નિર્મળ થાય છે.

જ્યારે ચીત શુદ્ધ થાય છે ત્યારે શંકરનું ધ્યાન માણસના મનમાં થાય છે. અને તે ધ્યાનથી અનેક પાપો બળી ભસ્મ થાય છે. ત્યાર પછી તે શંકરના ચરણ કમળમાં જાય છે. માટે પાપી મનુષ્યોને સતકથારૂપી મુખ્ય સાધન છે. કથાથી ધ્યાન થાય છે, અને ધ્યાનથી મુક્તિ મળે છે. સર્વ કલ્યાણનું મૂળ સતકથા છે. જે તે કથા સાંભળતા નથી તે પશુ સરખી ગતીને પામે છે. માટે હે સ્ત્રી તું પણ સર્વ વિષયોથી નિવૃત્ત થઇને સતકથા સાંભળ કથા સાંભળતાં તારૂં ચીત્ત શુદ્ધ થશે. તેથી શંકરનું ધ્યાન થશે. ત્યાર પછી. તારી મુક્તિ થશે. હે સ્ત્રી શંકરનું ધ્યાન ધરનારને એક જન્મેજ મુક્તિ મળે છે. આ મારૂં વાક્ય તું નિશ્ચય અને સત્ય જાણજે. એવું સાંભળીને સ્ત્રી પ્રણામ કરીને બોલી, હે મહારાજ આજથી હું કૃતાર્થ થઇછું. પછી તે સ્ત્રી તેજ ક્ષેત્રમાં રહી. અને તેજ બ્રાહ્મણના મુખમાંથી નીકળતી સત્ કથા સાંભળવા લાગી. તે બ્રાહ્મણે પણ તે સ્ત્રીના કલ્યાણ હેતુથી ભક્તિ ઉત્પન્ન કરનારી શિવ કથા કહેવા માંડી. જેમ જેમ તે સ્ત્રીનું મન સંધાતું ગયું, તેમ તેમ ધીમે ધીમે શંકરના ધ્યાન યોગમાં તે ઉતરી. એમ કરતાં તેના રજોગુણ અને તમો ગુણના મળો નાશ થયા. અને નિરન્તર તેના હૃદયમાં શંકરનું ધ્યાન થવા લાગ્યું. એ પ્રમાણે સદ્ગુરૂ મળવાથી તે સ્ત્રીને સારી બુદ્ધિ મળી. અને શંકરનું, સદ્ચીદાનંદ સ્વરૂપનું તે ધ્યાન ધરવા લાગી. તે સ્ત્રી નિત્ય તીર્થમાં સ્નાન કરી વલ્કલ (ઝાડની છાલ) પહેરવા લાગી. સર્વાંગે ભસ્મ અને રૂદ્રાક્ષના અલંકારો પહેરતી. ભક્તિમાં લીન થઇને વાણી નીયમિત કરીને ગુરૂની સેવામાં તત્પર થઈ તે સ્ત્રી, પુત્ર અને સંબંધીઓના સ્નેહથી જુદી થઈ. પછી તે સ્ત્રીએ શંકરની સ્તુતિ કરવા માંડી. હે વિશ્વેશ્વર, હે વિશ્વના ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનાર, હે વિશ્વરૂપ, જગત્ વંદ્ય હે શંકર મારા ઉપર કૃપા કટાક્ષ (કૃપા દ્રષ્ટિ) કરો. હે શંકર, હે ચંદ્રશેખર, હે ગંગાધર, હે નાગહાર (સર્પના હારવાળા) મારા ઉપર કૃપા કરો. એ પ્રમાણે તે સ્ત્રી દિવસે દિવસે શંકરની પ્રાર્થના કરી પછી સતકથા સાંભળતી હતી. જેથી તેના અનેક કર્મ બંધનો નાશ થયાં. એમ કરતાં તે સ્ત્રીનો કાળ થયો તે વખતે તેને શંકરના સેવકો કૈલાસમાં લઇ ગયા. ત્યાં અનેક દેવોએ સેવાતા ત્રણ લોચન (આંખ) અને પાંચ મુખને ધારણ કરનારા, અને વામભાગે (ડાબે અંગે) પાર્વતીજીને ધારણ કરનારા શંકરને જોઇને તે સ્ત્રીએ સાષ્ટાંગ પ્રણામ કર્યા. શંકરને પ્રણામ કરી તેના (શંકરના) ચરણ કમળમાં આનંદના આંસું સીંચ્યાં.

એવી અતી ભક્તિ જોઈ પાર્વતીજી સહિત, શંકરે પ્રસન્ન થઇ પોતાના શરણુમાં તેને રાખી. અનાહત (અવિનાશિ) સુખ તેને આપ્યું. પછી એક વખત તે સ્રી પાર્વતીજી પાસે જઈ પુછે છે, હે ભવાનિ મારા સ્વામી શી ગતિ પામ્યા ? તે કહો એવું સાંભળી પાર્વતીજી બોલ્યાં, હે પવિત્ર સ્રી તારો પતિ અનેક વખત સુધી નર્ક દુઃખ ભોગવીને વિંધ્યાંચળ પર્વત ઉપર હાલ પીશાચ થયો છે. સ્રી બોલી, હે માતુશ્રી તે મારા સ્વામી સદ્દગતિ શી રીતે પામે? તે કૃપા કરીને કહો. પાર્વતી કહે છે હે સ્રી તે જો હમારી કથા સાંભળતામાં અનેક પાપ દૂર કરનારી છે. તે કોઇવાર પણ સાંભળે તો સર્વ દુર્ગતિ (દુષ્ટગતિ) તે તરીને આ લોકમાં આવે. એવું ભવાનીનું કહેવું સાંભળી સ્રીએ પોતાના હાથ જોડીને પોતાના પતિના પાપ દુર કરી શુદ્ધ કરવા માટે દેવીની પ્રાર્થના કરી. ત્યારે પાર્વતીએ તુંબરૂ નામના ગંધર્વને બોલાવીને કહ્યું. હે તુંબરૂ તું આ સ્રી સાથે વિંધ્યાચળ પર્વત ઉપર જા. ત્યાં આ સ્રીનો સ્વામી પીશાચ થયેલો છે. તેની આગળ જઇને હમારી પુણ્ય કથા તું કહે. તેથી તેના પાપ દુર થશે અને પછી તેને તું શંકર ચરણુમાં લઇ આવ. એ પ્રમાણે પાર્વતીજીનું વચન સાંભળી તુંબરૂ ગાંધર્વ વિમાનમાં તે સ્રી સાથે વિંધ્યાચળ પર્વત ઉપર ગયો. ત્યાં જુએ છે તો મોહટા શરીર-વાળો રાતાં નેત્રવાળો, મોટી દાઢી વાળો, અને પ્રચંડ શબ્દ કરનારો પી-શાચ જોઈ તેને મહા પરાક્રમથી પકડીને પાશથી બાંધ્યો. પછી તુંબરૂ ગાંધર્વે હાથમાં વાજીંત્ર લઇ, પાર્વતી પતિની ઉત્તમ કથાનું ગાન કર્યું. દૈત્યને નાશ કરનારા શંકરની કથા સાંભળી એટલે તે પીશાચના સર્વ પાપો નાશ થયાં. અને પૂર્વ જન્મની તેને સ્મૃતિ (યાદ) આવી. જેથી તેણે પૂર્વ કર્મ સંબંધી ઘણોજ પશ્ચાતાપ કર્યો. તેમ વારંવાર ગાંધર્વે શંકરની કથા સંભ-ળાવી એટલે તે નિષ્પાપ (પાપ વિનાનો) થઈ ગયો. ત્યારે તેપણ પીશા-ચનું રૂપ છોડી દેવ સમાન રૂપ ધારણ કરી શંકર કથાનું ગાન કરવા લાગ્યો. પછીથી તે તુંબરૂ સાથે પોતાની સ્રી સહિત વિમાનમાં બેસી શંક-રના મનોહર ગુણોનું ગાન કરતાં શિવપદમાં આવી પહોંચ્યો. સૂતપુરાણીક કહે છે. હે ઋષિઓ આ અનેક પાપને દુર કરનારૂં, શંકરને પ્રસન્ન કર-નારૂં, અને નિર્મળ જ્ઞાન આપવા વાળું આખ્યાન મેં તમોને કહી સંભ-ળાવ્યું છે. જે મનુષ્ય આ પાપ નાશક શંકર ગુણનું વર્ણન સાંભળે અથવા કહે તે આ લોકના અનેક ભોગો ભોગવીને ઉત્તમ ગતિને પામે છે. હે ઋષિઓ તમે મહા પવિત્ર છો. જેથી હમેશ શંકરની પવિત્ર કથાનું પાન

કરો છો. હે ઋષિઓ જે મનુષ્ય પ્રેમથી શંકરનું ધ્યાન ધરે છે. જેઓની વાણી શીવગુણની સ્તુતી કરે છે, જે શંકરની કથા સાંભળે છે તેઓજ આ લોકમાં જન્મ લેનારા જાણવા. અને તેઓજ સંસાર સાગરને તરે છે. અનેક ગુણ (સત્વ, રજ અને તમ) ના ભેદ વડે જે સ્વરૂપ નિત્ય છે. અને અસ્પષ્ટ (ન ઓળખી શકાય એવું) છે. વળી જગતમાં બાહ્ય અને અંતરમાં પોતાના મહિમાથી રહેલો છે. અને પોતાના તેજમાં વિહાર કરનારા અને વાણી; મન અને વૃત્તિથી દુર એવા શંકરને હું શરણે જાઉંછુ.

विविध गुण वि भेदै र्नित्य मस्पष्ट रूपं ।
जगति चबहिरंत वां समानं महिम्ना ॥

ઇતિ શ્રી સ્કંદ પુરાણે બ્રાહ્મોત્તર ખંડે પુરાણી શ્રવણ મહિમા નામ દ્વાવિ શોઽ: ॥ ૨૨॥

स्व महसि विहरन्तं वाङ् मनोवृत्ति दूरं
परम शिव मनं तानंत सांद्रं प्रपद्ये ॥ १२२ ॥

શ્રી શિવપુરાણનો ૭૩ મો અધ્યાય.

શિવરાત્રી મહાત્મ્ય.

ऋषय ऊचुः ॥ सूतते वचनं श्रुत्वाआनंदं परमंगताः ॥
प्रभावश्च व्रतस्याऽस्य श्रुतो विस्तरशः पुनः ॥ १ ॥

ૠષિયો કહે છે હે સુત તમારૂં વચન સાંભળી અમને પરમ આનંદ થયો ને આ વ્રતનો પ્રભાવ અમે વિસ્તારથી સાંભલ્યો પણ ફરીથી તમને પુછીયે છીએ હે મહાબાહો અત્રણે વ્રત કરીને કોને ઉત્તમ ફળ પ્રાપ્ત થયું ને શું ફળ મલ્યું તે કહો સુત કહે છે હે શ્રેષ્ટ ૠષિયો સર્વ પાપનો નાસ કારક ભીલનો પ્રાચીન ઇતિહાસ હું તમને કહું તે સાંભળો વનમાં રૂરૂદ્રહ નામે કોઇ ભીલ હતો તે બહુ બલવાનને પાપ કર્મ કરવામાં તત્પર શરીરે પણ ભયંકરને કુટુંબી હતો તે ભીલ નિત્ય વનમાં જઇને અનેક મૃગને મારતો ને વનમાં અનેક તરેહની ચોરી પણ કરતો ને બાલ પણામાંથી આરંભીને કોઇ દીવસ તેણે સારૂં પુણ્ય કર્મ કર્યું નહતું તે દુષ્ટને વનમાં એમ કરતાં ઘણો કાલ ગયો પછી કોઇક દિવસે ઉત્તમ શીવરાત્રી ત્યાં આવી પણ દુષ્ટ ભીલે આજ ઉત્તમ શીવરાત્રીનું વ્રત છે એમ જાણ્યું નહિ ને એ

દિવસે તુચ્છ ધર્મવાળા તેના માબાપ તથા તેની સ્ત્રીએ ભીલની પ્રાર્થના કરીને કહ્યું કે હે વને ચર તું અમને ભક્ષ આપ એમ તેની પ્રાર્થના કરી જે ભીલ ઉતાવળો ધનુષ લેઇને મૃગને મારવા માટે ચાલ્યો ને બધુ વન ભમ્યો પણ દૈવયોગથી તેને તે દીવસે કાંઇ પણ મલયું નહિ. ને સુર્ય અસ્ત થયો તેસમે તે દુ:ખી થયાં ત્યારે વિચાર કરવા લાગ્યો કે મારે હવે શું કરવું ને ક્યાં જવું મને કાંઈ પણ ભક્ષ મલ્યું નહિ મારે ઘેર બાલકો છે ને મારાં માતપિતા છે તેમનું શું થશે ને મારી સ્ત્રી છે તેનું શું થશે માટે મારે કાંઇ પણ લેઇને ઘેર જવું એવો વિચાર કરી ને કોઈ સ્થાન હતું ત્યાં ગયો ને જ્યાં બીલીનું સ્થાન હતું ત્યાં જઇને બેઠો અહિં પાણી પીવાને જરૂર કોઇ પણ જનાવર આવશે એમ માનીને એક બિલીનુ વૃક્ષ હતું તેના ઉપર એક પાણીનો ઘડો લેઇને ચડીને ત્યાં બેઠો ને રાત્રે ત્યાં બેસીને આવતા જનાવર પર દૃષ્ટિ રાખીને કયારે કોઇ જનાવર આવશે ને તેને હું કયારે મારીશ એમ બુદ્ધિ કરીને ભુખે મરતો ત્યાં બેઠો દિવસે જેને ઉપવાસ થયો છે ને ભક્ષ કાંઇ મલ્યું નહિ તે સમે એક પહોર રાત્રી ગઇ ત્યારે એક મૃગલી ત્યાં આવીને તરસથી આકુલ વ્યાકુલ થયેલીને ડોડતી તથા કુદકારા મારતી આવી તેને જોઇને તે ભીલે ધનુષ ઉપર બાણ ચડાવ્યું એટલે તે ભીલને બાણ ચડાવતી વખતે તેની પાસેથી જલને બીલીના પાના નીચે પડયાં હે રૂષિયો તથા તેના નીચે એક શિવલિંગ હતું તેના ઉપર પડયાં તેથી તેને પ્રથમ પહોરની શિવ પુજા થઇ તે પુજનના મહિમાયે કરી તેનું કેટલુંક પાપ તે સમે ગયું ને તે વૃક્ષ નીચે શબ્દ થએલો સાંભળીને હરિણી ભયથી આકુલ વ્યાકુલ થઈ ને તે ભીલને દેખ્યો તેથી જાણ્યું કે હાય આ બાણવડે મને મારશે. હું શું કરૂં ને કયાં જાઉં હું કાંઇ ઉપાય કરૂં એમ વિચાર કરીને મૃગલી ત્યાં વચન બોલી કે હે વ્યાધ તું શું કરવા ઇચ્છે છે મૃગલીનું વચન સાંભળીને ભીલ બોલ્યો હે મૃગલી મારૂં કુટુંબ સર્વ ભુખ્યું છે તે તને મારીને તારા માંસથી તેનું તૃપ્ત કરીશ ભીલનુ દારૂણ વચન સાંભળીને ભયંકર એવા તે વનેચરને દેખીને હરીણી ખુશી થઇને બોલી કે હે વ્યાધ સતમ મને ધન્ય છે કારણ કે મારા માંસવડે સુખ થશે તેથી અનર્થ કરનાર આ દેહવડે ઉપકાર કરનારને જે પુણ્ય થાય છે તેમને થશે ને તે પુણ્ય સો વર્ષ સુધી પણ ગણી શકાય નહિ એવું છે ને અસાર આમારૂં શરીર છે તે મને સફળ થશે પરંતુ મારા આ આશ્રમમાં મારાં નાના બચ્ચાં છે તેને મારી બેનને તથા મારા સ્વામીને વિધિ

શ્રમમાં મારાં નાનાં બચ્ચાં છે તેને મારી બેનને તથા મારા સ્વામીને વિધિ પ્રમાણે સુપ્રત કરી હું પછી આવીશ પછી તને મારાં માંસથી સર્વથા સારી તૃપ્ત થશે એવું તે મૃગલીએ કહ્યું પણ તે વ્યાધે તેનું વચન માન્યું નહિ, ને બોલ્યો કે હે મૃગલી સંકટ પડે ત્યારે સર્વ જૂઠું બોલે છે. એવું વ્યાધનું વચન સાંભળીને ફરીથી હરિણી બોલી હે વ્યાધ તૈતિરીયે મહોપનિષદમાં કહ્યું છે કે સત્યવડે વાયુ સૂર્ય વગેરે સર્વ દેવતાઓ પોતપોતાના કામમાં સમય પ્રમાણે સાવધાન થઇને વર્તે છે, સત્યવડે સમુદ્રો પણ મર્યાદા મુકતા નથી, સત્યવડે મેઘ પણ સર્વ વખત ઉપર વૃષ્ટિ કરે છે, ને સર્વ સત્ય ઉપર રહ્યું છે. માટે હે પશુને મારનાર ભીલ તું મારૂં વચન જૂઠું જાણીશ નહિ એમ હરિણીએ કહ્યું. તોપણ તેનું વચન માન્યું નહિ, ત્યારે ફરીથી મૃગલી બોલી હે વ્યાધ હું કહું તે તું સાંભળ. જો હું પાછી નહિ આવું તો વેદના વેચનાર બ્રાહ્મણને ત્રિકાલસંધ્યા વગરના બ્રાહ્મણને પોતાના સ્વામિની આજ્ઞા ઉલ્લંઘન કરનાર સ્ત્રીઓને, કૃતઘ્ની માણસને, ભગવાનથી જે વિમુખ છે તેને પોતાના ગુરૂનો દ્વેષ કરનારાને અને ધર્મનું ઉલ્લંઘન કરનારાને જે પાપ લાગે છે, તે સર્વ પાપ મને લાગે. એવા અનેક તરેહના સોગન ખાઇને મૃગલી ત્યાં ઉભી રહી તે સમે ભીલ બોલ્યો, મૃગલી તું તારે ઘેર જલદી ખુશીથી જા. તે સાંભળી હરિણી રાજી થઇને જલપાન કરીને પોતાના આશ્રમમાં ગઈ એટલે હે ઋષિયો તે ભીલને પ્રથમ પહોર રાત્રી નિદ્રા વગર ગઈ ને બીજો પહોર થયો. એટલે તેજ મૃગલીની બેન બીજી મૃગલી જે રહી હતી તે પણ પાણી પીવા માટે પ્રથમ મૃગલીના માર્ગને જોતી જોતી ત્યાં આવી તેને જોઇને ફરીથી ધનુષ્ય ખેંચીને બીજે બાણ ચઢાવ્યું તેથી પ્રથમની પેઠે જલ તથા બીલીપત્ર ફરીથી શિવના ઉપર પડયાં, તેથી બીજા પહોરની પણ શિવપૂજા તેને થઈ. તે મૃગલી પણ ભીલને દેખીને બોલી હે વનેચર તું આ શું કરે છે! મૃગલીનું વચન સાંભળીને ભીલ બોલ્યો કે મારાં માબાપ સ્ત્રી, પુત્ર વગેરે સર્વ ભૂખ્યાં છે. તને મારીને તારા માંસથી સર્વને હું તૃપ્ત કરીશ. ભીલનું વચન સાંભળીને મૃગલીએ હર્ષ પામીને કહ્યું કે વ્યાધશ્રેષ્ઠ સાંભળ, મને ધન્ય છે. મારો જન્મ સફળ થયો કારણકે, અનિત્ય શરીરે કરીને ઉપકાર થશે, પરંતુ મારાં નાનાં બાળક ઘેર છે તેને મારા સ્વામીને સોંપીને પાછી નીશ્ચે હું આવીશ. મૃગલીનું વચન સાંભળીને વ્યાધ બોલ્યો હે મૃગલી તારૂં વચન હું માનતો નથી, ને તને હું મારીશ એમાં સંદેહ નહિ. વ્યાધનું વચન સાંભળીને મૃગલી ફરી બોલી કે હે વ્યાધ હું કહું તે તું

સાંભળી જો હું પછી નહિ આવું તો જે અસત્ય બોલે છે તેનું પ્રથમનું પુન્ય નાશ થઈ જાય છે નેતેના પાપથી પૃથ્વી વારંવાર કાંપી ઉઠે છે, પોતાની સ્ત્રી-નો ત્યાગ કરીને બીજી સ્ત્રીની પાસે જે પુરૂષ જાય છે, વેદ ધર્મનો ત્યાગ કરીને આધુનિક વેદ વિરૂદ્ધ કલ્પેલા માર્ગવડે જે ચાલે છે, વિષ્ણુનો ભક્ત થઇને જે શિવની નિંદા કરે છે, પોતાનાં માબાપનું શ્રાદ્ધ જે કરતા નથી ને તે દીવસ ખાલી કાઢે છે. તેમને જે પાપ લાગે છે તે પાપ મને લાગે, એવું મૃગલીએ કહ્યું ત્યારે વ્યાધ બોલ્યો કે હે મૃગલી તું જા ને પાછી આવજે ત્યારે તે હરિણી ખુશી થઇ પાણી પીને પોતાના આશ્રમ પ્રત્યે ગઈ હે ઋષિયો એ પ્રમાણે તે ભીલને બીજો પહોર પણ ઉંઘ વગર ગયો. ને ત્રીજો પહોર થયો એટલે તે મૃગલીઓનો સ્વામી મૃગ પોતાની મૃગલીઓને જોતો જોતો પાણીના માર્ગમાં આવ્યો. તે મૃગ બહુ પુષ્ટ હતો. તેને જોઇને પેલો ભીલ ખુશી થઇને બોલ્યો કે આ મૃગમાં બહુ માંસ છે. તેથી સર્વ કુટુંબને બહુ તૃપ્તિ થશે. એમ જાણી બાણુ ખેંચીને મૃગ મારવાને ભીલે ઉદ્યમ કર્યો. તે સમે ફરીથી જળ ને બીલીપત્ર શિવના ઉપર પડ્યાં તેથી હે ઋષિસત્તમ ત્રીજા પહોરની શિવપુજા તે ભીલને થઇ, ને કૃપાળુપણાવડે જોતા શિવે તે પૂજા અંગીકાર કરી તે ભીલના ધનુષ્ય ખેંચવાથી શબ્દ થયો તે સાંભળીને મૃગ બોલ્યો હે વ્યાધ તુ શું કરે છે? ત્યારે વ્યાધ પૂર્વની પેઠે ફરીથી બોલ્યો કે તને મારીને તારા માંસથી મારા કુટુંબનું પોષણ કરીશ. ભીલનું વચન સાંભળીને મૃગ ખુશી થઇને ફરીથી બોલ્યો કે હું પુષ્ટ છું, આજ મને ધન્ય છે, કારણ કે મારા શરીરે કરીને તમારા કુટુંબને તૃપ્તિ થશે જેનું શરીર બીજાના ઉપયોગમાં આવ્યું નહિ તેનું જીવિત વ્યર્થ છે, જે પુરૂષ સામર્થ્યવાળો છે ને બીજાનો ઉપકાર કરતો નથી તેનું સર્વ સામર્થ્ય નિષ્ફળ છે. એમાં સંદેહ નહિ, માટે આજ બહુ સારૂં થયું જે આ શરીરવડે તને તૃપ્તિ થશે. પરંતુ મારાં નાનાં બાળક છે તેમને તેમની માને સોંપી આવું, ને તે સર્વની આસનાવાસના કરીને હું જરૂર પાછો આવીશ એવું મૃગે કહ્યું ત્યારે વ્યાધ ફરીથી બોલ્યો કે જે જે મૃગ અહિં આવ્યા તે સર્વે જેમ તું કહે છે તેમજ કહી કહીને ગયા પણ હજુ સુધી કોઇએ આવ્યા નહિં. ને હું તો ઠગાયો. તુ પણ એવી રીતે સંકટમાં જૂઠું બોલીને જતો રહીશ ત્યારે હે મૃગ મારૂં જીવવું શી રીતે થશે? એવું ભીલનું વચન સાંભળીને મૃગ ફરીથી બોલ્યો કે હે વ્યાધ હું કહું તે સાંભળ. મારે વિષે અસત્ય છેજ નહિ. સત્યવડે સર્વ ચરાચર બ્રહ્માંડ ઉભું રહ્યું છે. જે પુરૂષ

જે માણસ કઠોર વચન–અસત્ય ભાષણ કરે છે તેનું પુણ્ય ક્ષણમાત્રમાં નાશ થાય છે તો પણ હે ભીલ તું મારૂં વચન સત્ય માનતો નથી તો હું ફરીથી કહું તે તું સાંભળ. સંધ્યાકાળે જે મૈથુન કરે છે, શિવરાત્રીના દિવસે જે ભોજન કરે છે, જે જૂઠી સાક્ષી પુરે છે, જે માણસ બીજાની મળેલી થાપણ દબાવી પડે છે, જે બ્રાહ્મણ સંધ્યા કરતો નથી, જે માણસ શિવનું નામ મુખથી લેતો નથી, સમર્થ થઇને બીજાને ઉપકાર કરતો નથી, જે દીવસે જે મૈથુન કરે છે, જે પાપે થાય છે તથા સંક્રાંતિ, અમાવાસ્યા, ગ્રહણ વગેરેના દીવસે જે અભક્ષ્યનું ભક્ષણ કરે છે, એમને જે પાપ લાગે છે તે સર્વે પાપ જો હું તને ઠગીને જાઉં ને પાછો ન આવું તો મારે માથે છે. એવું તે મૃગનું વચન સાંભળીને વ્યાધ બોલ્યો કે ઠીક ત્યારે તું જલદી જા ને પાછો આવજે. એમ ભીલે કહ્યું ત્યારે મૃગ પાણી પીને પોતાના આશ્રમમાં ગયો. પછી હે ઋષિઓ તે સર્વે પોતાના આશ્રમમાં ભેગાં થયાં ને મૃગની કહેલી વાર્તા સર્વે એ પરસ્પર કહીને સાંભળી. પછી સત્યના પાશવડે બંધાયલા તેમણે આપણે નિશ્ચે જવું એમ વિચાર કરીને પોતાનાં બાળકોની આસનાવાસના કરીને ત્યાં જવા માટે તૈયાર થયાં તે સમે મોટી મૃગલી હતી તે પોતાના સ્વામી પ્રત્યે બોલી કે હે મૃગ જ્યારે આપણે ત્રણે જઇશું ત્યારે અનાથ એવાં આ બાળક અહીં શી રીતે રહેશે અને હે પ્રભો મેં પ્રથમ પ્રતિજ્ઞા ત્યાં કરી છે માટે હું ત્યાં જાઉં છું ને તમે બે અહિં રહો. મોટી મૃગલીનું વચન સાંભળીને તે સમે નાની મૃગલી બોલી કે હું તમારા બે જણની દાસી કહેવાઉં તેથી હું જાઉં છું ને તમે બે અહિં રહો નાનીનું વચન સાંભળીને મૃગ બોલ્યો કે હું જઇશ. એવું મૃગનું વચન સાંભળીને મૃગલીઓએ વિચાર્યું કે વિધવા થઇને જીવવું ધિક્કાર છે એમ જાણીને પોતાનાં છોકરાંની આસનાવાસના કરીને પોતાના સહવાસી બીજા મૃગ હતા તેમને તે બાળકો સોંપીને જ્યાં પેલો વ્યાધ બેઠો હતો ત્યાં તે સર્વે ગયાં. ભીલ તેમની વાટ જુવે છે તેવામાં સત્યપાશથી બંધાયલાં તે સર્વે ત્યાં આવ્યાં તેમને જોઇને તે વ્યાધ ઘણો ખુશી થયો ને ધનુષ ઉપર બાણ ચડાવ્યું તેવામાં તો તે બાળકો પણ માબાપની જે ગતિ થશે તે આપણી થશે એમ જાણીને સર્વે માબાપના પછાડી દોડતાં ત્યાં આવ્યાં. તે વખત પણ ફરીથી તે ભીલથી જલ ને બીલીપત્ર શીવના ઉપર પડયાં તેથી ચોથા પહોરની શિવપૂજા તેને થઈ તેથી તે ભીલનું સર્વ પાપ બળીને ભસ્મ થઈ ગયું તે બાણ સાધીને ઉભો છે તે સમે મૃગલીઓ સુદ્ધાં મૃગ બોલ્યો કે હે વ્યાધ તું અમને મારીને અમારૂં માંસ ભક્ષણ કરીને અમારા દેહનું સાર્થક જલદી કર.

એવું તે મૃગ લોકોનું વચન સાંભળીને વ્યાધ વિસ્મય થયો ને શિવપૂજાના પ્રભાવથી તેને જ્ઞાન થયું તેથી તે વ્યાધે વિચાર્યું જે આ મૃગોને ધન્ય છે, એ પશુ છે, જ્ઞાન વિનાના છે તો પણ સર્વને માનવા યોગ્ય છે, શાથી કે પોતાનાં શરીર વડે પરોપકાર કરવાને તત્પર થયાં છે તો મનુષ્ય જન્મ પામીને મેં શું સાધન કર્યું? બીજાનાં શરીરને પીડા કરીને પોતાના શરીરનું ને કુટુંબનું પોષણ મેં કર્યું છે ને પૂર્વે પણ ઘણા લોકોને પીડા કરીને સર્વ કુટુંબનું પોષણ કર્યું માટે હવે મારી શી ગતિ થશે? મેં તો જન્મથી પાપજ કર્યું છે માટે કેવી કેવી ગતિને હું પામીશ એમ હવે હું ચિંતન કરૂં છું. મારા જીવીતને ધિક્કાર છે. એવી રીતનું જ્ઞાન જેને થયું છે તે ભીલ ધનુષ ઉપરથી બાણ ઉતારીને તે સમે બોલ્યો, હે મૃગો, તમે તમારા આશ્રમ પ્રત્યે જાઓ, તમને ધન્ય છે. એમ જ્યારે તે ભીલે કહ્યું ત્યારે તેજ વખત શંકર પ્રસન્ન થયા. પૂજા જેની કરી છે એવા શંકરે, યોગી જેનું નિરંતર ધ્યાન કરે છે, પાંચ મુખ છે, ત્રણ નેત્ર છે, દશ હાથ છે અને મસ્તક વિષે ગંગા છે એવું સ્વરૂપ ભીલને દેખાડ્યું. પછી કરૂણારૂપી અમૃતના સાગર મહાદેવ કૃપા વડે ભીલને તેવું રૂપ દેખાડીને બોલ્યા કે હે વનેચર હું પ્રસન્ન છું તું વર માગ. એમ કહ્યું ત્યારે તે વ્યાધ પણ શિવનું દર્શન કરીને તેજ વખતે જીવન મુક્ત થયો ને શિવરૂપ થયો ને શિવના ચર્ણારવિંદમાં આવીને પડ્યો ને કહ્યું મને હમણા સર્વ મળ્યું. પછી શંકરે પણ તેને ગુહ નામે સ્થાપી વરદાન આપીને કહ્યું કે હે વ્યાધ સાંભળ, હમણા તું તારા મનવાંછીત ભોગ ને રાજધાની ભોગવ ને દેવતાઓ પણ જેની સ્તુતિ કરે ને કોઇ દિવસ જેનો નાશ થાય નહિ એવી તારા વંશની સારી વૃદ્ધિ થશે ને હે વ્યાધ તારા ઘર વિશે રામચંદ્ર પણ આવશે એમાં સંદેહ નહિ. ને તે રામચંદ્રની પૂજા કરીને સર્વ સજ્જન લોકોને તથા મોટા મુનીઓને દુર્લભ એવી મુક્તિને પ્રાપ્ત થઇશ એમાં સંદેહ નહિ ને તારા વંશના સર્વ બળવાન ને મારી પૂજામાં તત્પર થશે. એમ શિવે ભીલને કહ્યું એવા સમયમાં પેલા મૃગ લોકોએ શિવનું દર્શન કર્યું તેના પ્રભાવથી પોતાનાં બાળકો સહીત મૃગયોનિથી છૂટીને દિવ્ય દેહધારણ કરી વિમાનમાં બેસીને શિવના દર્શન માત્રથી સંસારના બંધનથી મુક્ત થઇને તેજ વખતે સ્વર્ગમાં ગયાં ને તે અર્બુદાચલ પર્વત ઉપર શિવ પોતે વ્યાધેશ્વર નામે થઇને રહ્યા. હે ઋષિઓ તે વ્યાધ પણ તે દિવસથી આરંભીને રાજ્યવૈભવ ભોગવીને રામચંદ્રની કૃપાપ્રાપ્ત થઇને શિવની સાયુજ્ય મુક્તિને પામ્યો એવી રીતે અજ્ઞાનપણાથી આ વ્રત કરીને ભીલ સાયુજ્યપણાને પ્રાપ્ત થયો.

ભક્તિ અને તેની આવશ્યકતા.

આ દુનિયામાં માણસ અને બીજાં સર્વ પ્રાણી તરફ નજર કરતાં માલમ પડે છે કે તે દરેક પ્રવૃત્તિ માર્ગ તરફ વળેલાં હોય સુખની ઇચ્છા કરતાં જણાય છે; પણ તેમાંનો કોઇ જીવ સુખી હોય એમ માલમ પડતું નથી. કારણ કે સર્વ દેહધારી પ્રાણીઓ જન્મ અને મરણનાં દુઃખોથી, બાળપણ, જુવાની અને વૃદ્ધાવસ્થાના દુઃખોથી, અને આધિ વ્યાધિ ઉપાધિ વગેરેથી પીડાતાં જણાય છે; કોઇને કોઈ તો કોઇને કાંઇ દુઃખ હોય હોય ને હોયજ.

દુઃખ મટાડવાની ને સુખ મેળવવાની દરેક પ્રાણી ઇચ્છા કરે છે અને તે માટે પ્રયત્ન પણ કરે છે પરંતુ નિવૃત્તિ માર્ગવાળા સિવાય કોઇએ ખરૂં સુખ મેળવેલું હોય એમ જણાતું નથી. તેઓ કરોળીઆના જાળામાં પકડાયલી માખીની પેઠે વધારે વધારે બંધાતા જઇ દુઃખી થતા માલમ પડે છે, તેનું કારણ સત્ય માર્ગનો અનાદર કરી અસત્ય માર્ગે પ્રવર્તે છે.

હાલનો ચાલતો સમય જેને કળીયુગ કહીએ છીએ. એ યુગનું મહાત્મ્ય પ્રાણીઓને નિવૃત્તિ માર્ગથી ખસેડી દઇ કેવળ પ્રવૃત્તિ માર્ગમાં ધકેલનારૂં છે, જેથી કરીને એક દિવસમાં પાંચ મિનિટ પણ માણસ ખરા સુખનો માર્ગ જે નિવૃત્તિ તેનો આનંદ ભોગવવા પામતો નથી અને યુગના સ્વાભાવિક ગુણને લીધે માણસો નાના પ્રકારનાં પાપો કરવાને ઉશ્કેરાય છે ને તેને લીધે નાના વિધના દુઃખો ભોગવે છે. આવા વિચિત્ર સમયમાં પરમ કૃપાળુ મહાત્માઓએ માણસના સુખને માટે એવો ઉત્તમ રસ્તો બતાવેલો છે કે તે ગ્રહણ કરનાર પાપમાર્ગથી દૂર રહી આ લોક અને પરલોકનું સુખ સહજ પ્રાપ્ત કરી શકે છે અને તે એ છે કે—

मोक्ष कारण सामग्र्यां भक्तिरेव गरीयसी ।
स्वस्वरुपानु संधानं भक्ति रित्यभिधीयते ॥

એ પ્રમાણે મોક્ષની સામગ્રીરૂપ તથા પોતાનું ઓળખાણ કરાવનાર ભક્તિ એજ સુખનું સાધન છે. સંસારી માણસને તો ખરા સુખના સાધન રૂપ ભક્તિ સિવાય અન્ય માર્ગો કેવળ નકામાજ છે. એક મહાત્મા કહે છે કે—

"જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર."

મહાત્માનું આ વચન કેટલું બધું સાર્થક કરનારૂં છે તે જોવા બેશીએ તો સ્પષ્ટ જણાશે કે મનુષ્ય જીંદગી જો કંઈ પરમાર્થ કરી શકતી

હોય તો તે ઉપરના ત્રણ સિવાય બીજાની નહિજ. તેમાં પહેલે નંબરે ભક્ત, બીજે નંબરે દાતા, ને ત્રીજે નંબરે શૂરાની જીંદગી પર કલ્યાણ કરી શકે છે. કારણ કે ભક્ત જનમાં દાતા અને શૂરપણાના ગુણ પણ સર્વાંશે સમાયલા છે, અને દાતા અને શૂરમાં તો ભક્તિનો અંશ હોય કે ન પણ હોય.

મનુષ્ય જીંદગીનો હેતુ જો સંસાર વ્યવહારના કર્મમાં લાગી રહી ઉદર પોષણ કરવાનો જ હોય તો સ્પષ્ટ સમજાય તેવું છે કે પશ્વાદિ પ્રાણીઓ અને જડ પદાર્થો કરતાં પણ માણુસને ઉતરતા દરજ્જામાં મૂકવો પડશે, કારણકે પશ્વાદિ પ્રાણીઓ અને જડ પદાર્થો પણ પોતાને મળેલો સઘળો વખત કેવળ પરમાર્થમાંજ ગાળે છે, તે સહજ સમજાય તેવું છે. દાખલા તરીકે ગાય, બકરાં વગેરે જીવતાં પણ મનુષ્યને ઉપકાર કરે છે, ને મુઆ પછી હાડ, ચામ વગેરે પણ બીજાના ઉપયોગ માટે આપે છે. પક્ષી વગેરે તરફ જોઇશું તો કાગડા, ગીધ, વગેરે આરોગ્યનો નાશ કરનાર પદાર્થો પોતે ખોરાકમાં લઇ તે માર્ગે ઉપકાર કરે છે. નાનામાં નાના કીટાદિપણ એ પ્રમાણે પરમ ઉપકાર કરે છે, એ જરા ઝીણા વિચારથી જોતાં તરત સમજાય તેવું છે; તો પછી સૃષ્ટિના અન્ય જીવો કરતાં મનુષ્યજીંદગીએ જ્યારે વધારે બક્ષીસ મેળવી છે તો એ જીંદગીનો હેતુ પણ મોટોજ હોવો જોઇએ. તે એ જણાય છે કે પોતે જન્મ મરણ આદિ દુઃખોથી છૂટા થઇ બીજાને છૂટા કરવા. એવું શાસ્ત્રો અને બીજાં ધર્મપુસ્તકો પણ પોકારી પોકારીને કહે છે અને તે સર્વની જાણમાં છે.

ભક્તિ વિષયમાં ચંચળ બુદ્ધિનો માણુસ વધારે કરી શકે ને સ્થૂળ બુદ્ધિવાળો ઓછું કરી શકે એમ કંઇ નથી, પણ એમાંતો માણુસ ગમે તેવી બુદ્ધિનો હોય છતાં જે માત્ર દૃઢ શ્રદ્ધાવાળો હોય તેજ તરે છે. એટલે પોતાના ઇષ્ટ દેવના ઉપર દૃઢ શ્રદ્ધા રાખી તેનાજ શરણમાં જઇ તે પ્રીત્યર્થેજ જગતનાં કાર્યો કરનારને કલ્પવૃક્ષરૂપે ઐહિક અને પારમાર્થિક એ બન્ને વિષયો તરફથી તે ઇષ્ટદેવ શરણાગતનું કલ્યાણ કરે છે.

ભક્તિમાર્ગની તથા પુરાણની વાતો ગપ્પાં નથી પરંતુ ખરો માર્ગ દેખાડનારાં અને સુખને સ્થાનકે પહોંચાડનારાં સાધન છે, એની પુષ્ટિ માટે હાલના ચાલતા સમયમાંજ થયલા અને જેમનો પ્રસાદ ઘણા માણસોએ લીધેલો એવા થોડાએક ભક્ત મહાત્માઓના સાર રૂપ ટૂંક જીવન ચરિત્ર આ પુસ્તકમાં આપું છું.

હાલમાં કેટલાક વિદ્વાન તરીકે ગણાતા માણસો પણ જગતકર્ત્તા પરમાત્માને સર્વશક્તિવાન, અશરણશરણ વગેરે ગુણોથી યુક્ત નામ વડે સંભારે છે; છતાં પરમકૃપાળુ પરમાત્માએ ભકતોનાં લાલન પાલન કરેલાં તેમાં શંકા અને કુતર્કો કરે છે કે નૃસિંહ મહેતાને વૈષ્ણવ લોકો વારે વારે મદદ કરતા, અને મંડળીક રાજાની માતા પણ મદદ કરતી પણ તેની ભક્તિનો પ્રભાવ મોટો નહોતો એને તો ભોળા લોકોજ ચમત્કાર માને, અમે ન માનીએ. પણ ભલાભાઇ! જરા વિચાર કરો કે ઇશ્વરને સર્વશક્તિમાન તથા અશરણશરણ વગેરે નામો આપણા નામોની પેઠે વ્યર્થજ આપવામાં આવ્યાં છે કે શું ?

મારા સ્વદેશી બંધુઓ, સ્વધર્મ કર્મ આચરો, ને ઇષ્ટદેવના તરફ દઢ શ્રદ્ધાથી રહો, પછી જુઓ કે શું થાય છે ? કરવું કશું નહિ ને નાહક કુતર્ક કરવા તેથી શું વળે ? એતો કંજુશ માણુસ દાતાની નિંદા કરી તેનો દ્વેષ કરે તેના જેવું થાય. આ સાથે આપેલાં ભકતોનાં ચરિત્રો વાંચવાથી ખાત્રી થશે કે મારૂં લખવું ખરૂં છે.

દેવ મામલતદાર.

ચાલતા સૈકામાં દક્ષિણમાં પંઢરપૂરથી ઉત્તરમાં ૬ એક ગાઉ દૂર ભૉસ ગામ છે, ત્યાંના રહેવાસી બ્રાહ્મણ અંગ્રેજી રાજ્યમાં મામલતદારની નોકરીમાં હતા. તેઓ સ્વધર્મ કર્મમાં તત્પર રહેતા તે સાથે તેમને એવો નિયમ હતો કે પોતાને ઘેર આવેલા અતિથિને હરેક વાતે સંતોષવા. આ પ્રમાણે પોતાની ટેક પાળવા સારૂ હરેક પ્રકારની ઉપાધિ વહોરી લેતા. મામલતદારના પગારમાં પણ તેમનું પૂરૂં થતું નહિ. એક વખત એવો આવ્યો કે પોતાની પાસે કંઇ પણ નાણું મળે નહિ ને બારણે આવેલા ભીક્ષાર્થીને પાછા તો કાઢવા નહિ તેથી નિયમ સાચવવાને પરોપકાર અર્થે સરકારી ત્રીજોરીમાંથી રકમ ઉપાડવા માંડી, એમ કરતાં જ્યારે વધારે રકમ ઉપડી ગઇ ત્યારે તાલુકાના ત્રીજોરરની ધીરજ રહી નહિ ને તેણે ગભરાઇ એકદમ કલેકટરને તાર કર્યો. આ ઉપરથી કલેકટરે સરકારી પૈસા ખાનગી કામમાં મામલતદારે વાપર્યા તે સારૂ તરતજ તપાસ કરવા નક્કી કર્યું. જેમ બને તેમ તાકીદે તેઓ મામલતદારની કોર્ટમાં આવ્યા પણ ને વખત, કોર્ટનો વખત નહિ હોવાથી મામલતદારને ઘેર બોલાવવા મોકલ્યું. મામલતદાર એ વખતે પોતાના નિત્ય કર્મમાં લાગેલા હતા તેથી સિપાઇને કહ્યું કે હું પરવારીને આવું છું, એમ કહી આવેલી ઉપાધિમાંથી મુક્ત કરવા ઇશ્વર પ્રાર્થના કરી. ત્રિજો-

રરને ખબર થતાં તે કચેરીમાં જઈ પહોંચ્યો, એટલે બનેલી સઘળી હકીકત કલેકટરે તેને પૂછી લીધી. મામલતદારની ગેરહાજરીમાં ત્રિજોરી નહિ ઉઘાડતાં તે આવે ત્યારેજ ઉઘાડવા તેમણે નિશ્ચય કર્યો. મામલતદાર પોતાના નિત્ય કર્મથી પરવારી કચેરીમાં આવ્યા. તેને કલેકટરે નાણાં સંબંધી હકીકત પૂછી તે વખતે પોતે જેવી હકીકત બની હતી તેવી કહી દીધી. પછી ત્રિજોરી ખોલી સિલિક ગણી તો રોજમેળ સાથે બરાબર મળી રહી, ત્યારે કલેકટરે વિચાર કર્યો કે આ શું? ત્રિજોરરે મને ઠગ્યો, માટે એને સખત નશીયત કરવી જોઇએ. તેટલા માટે મામલતદારને તે સંબંધી રીપોર્ટ કરવા કહ્યું. ભક્ત મામલતદારે કલેકટર સાહેબના કાલાવાલા કરી, ત્રિજોરરનો વાંક નથી પણ એણે ખરીજ હકીકત જાહેર કરી હતી, એમ કલેકટરની ખાત્રી કરી આપી, ત્યારે કલેકટર સાહેબે તે ત્રિજોરરને માફી આપી. આ દૈવી ચમત્કાર જોઇ લોકોએ તે દિવસથી તે મામલતદારને દેવ મામલતદાર એવું પદ આપ્યું. એ નામથી આજ પણ તે છબીના રૂપે પૂજાય છે, ને દક્ષિણના ભાવિક માણસો તેની છબીને પોતાના ઘરમાં રાખી દેવ તરીકે માને છે. ગુજરાતમાં પણ કેટલેક ઠેકાણે તેની છબીઓ ગૃહસ્થોના ઘરમાં જોવામાં આવે છે તેમાં વિશેષે કરીને દક્ષિણી કુટુંબોમાં.

ઉપરનો બનાવ બનવાથી દેવ મામલતદારના મનમાં સંપૂર્ણ ખાત્રી થઈ કે સત્ય કર્મમાં પરમ કૃપાળુ પ્રભુ હમેશાં સહાય થાય છે એવો દૃઢ વિશ્વાસ ચોંટયો ત્યારથી દાન ધર્મ માટે એક કપડાંનો ભંડાર તથા એક અનાજ પાણી વગેરે સીધાં સામાનનો ભંડાર રાખી તેમાંથી અનેક અતિથિઓને ઇશ્વરરૂપ માની તેમનો સત્કાર કરવા લાગ્યા. એકવાર એક સાધુએ આવીને એમની પાસે પોતાની ધર્મપત્નીની માગણી કરી તે પ્રમાણે તેઓએ સ્વપત્ની સાધુને સોંપી હતી. સાધુ તે ધર્મપત્નીને લઇ જતાં થોડેક દૂર જઈ અદૃશ્ય થઇ ગયા જેથી રડતાં રડતાં તે સ્ત્રી પાછી આવી. ઇશ્વરે પોતાની કસોટી કરી જોઇ એમ માની દેવને સંતોષ મળ્યો. નોકરી છોડયા પછી પણ કરોડાધિપતિથી પણ ન સચવાય એવો પોતાનો નિયમ ઇષ્ટ કૃપાથી જીંદગી સુધી અખંડ રીતે પાળ્યો હતો. એઓ છેક વૃદ્ધાવસ્થામાં પણ પોતાને હાથેજ દાન કરવાનો આગ્રહ સાચવી રહ્યા હતા. બીજા અદૃસ્ય દેવોની માફક લોકો તેમની પ્રત્યક્ષ દેવ તરીકે માનતા રાખતા ને જે માણસ જેવી ઇચ્છાથી આવતો તેની તે ઇચ્છા દેવ મામલતદાર કલ્પવૃક્ષની પેઠે પૂરી પાડતા. ધન્ય છે, અનંતવાર ધન્ય છે એવા મહાત્માઓને કે જેઓ પોતે

ખરૂં સુખ ભોગવી બીજાને ભોગવાવીને પાછળનાને માટે દાખલારૂપ થઇ અમર થયા છે. પરમ કૃપાળુ પ્રભુની કેટલી બધી દયા દેખાય છે કે તે પામર જીવોના ઉદ્ધાર માટે આવા આવા મહાત્માઓ ઉત્પન્ન કરે છે.

લક્ષ્મીરામ (લખુભટ).

સુરત જીલ્લાના ઓરપાડ તાલુકામાં ભાદોલ કરીને ગામ છે ત્યાં ઔદીચ્ય બ્રાહ્મણ જ્ઞાતિમાં લક્ષ્મીરામ શીવરામ કરીને બ્રાહ્મણ હતા. નાનપણથી જ તેમને પોતાના નિત્ય કર્મ ઉપર શ્રદ્ધા હતી. તેમનું લગ્ન એજ તાલુકાના દીહેણ ગામમાં ધીરજરામની પુત્રી પાર્વતી વેરે થયું હતું. લક્ષ્મીરામનો બાપ દાદાનો ધંધો અનાવલા બ્રહ્મણ જ્ઞાતિના ગોરપદાંનો હતો. પણ તે તેમને પસંદ પડયો નહિ, કારણ કે યજમાનોને કર્મ કરાવતાં યોગ્ય અયોગ્યની કિંમત નહિ, તેથી પોતાની મરજી પ્રમાણે કર્મ કરાવવાનું કહે, તે લક્ષ્મીરામને રૂચે નહિ, કેમકે ખરૂં કર્મ કરાવતાં વખત તથા પૈસાનો વ્યય વધારે થાય, તે યજમાનોને રૂચે નહિ. આ પ્રમાણે થવાથી અને પોતે સત્યતાથી વર્ત્તતા હોવાથી બાપદાદાનો ધંધો છોડી પોતાની ૮–૧૦ વીઘા જમીન ઉપર નિર્વાહ ચલાવવાનો નિશ્ચય કર્યો. આચાર વિચાર એટલો બધો પાળતા કે પોતાની પત્નીની કે સ્વહસ્તે કરેલી રસોઈ જમતા હતા. પ્રાતઃકાળથી માંડી રાત્રીનો ઉંઘવાનો વખત બાદ કરતાં બાકીનો રહેલો તમામ વખત પોતાના નિત્ય કર્મ અને ઇશ્વર ભજનમાંજ ગાળતા હતા. ભીક્ષુક બ્રાહ્મણ હોવાથી અને તેમના સત્કર્મના પ્રતાપે લોકોની તેમનાપર શ્રદ્ધા હતી, તેથી અન્નવસ્ત્રાદિ દાન તરીકે ઘણા જણ તેમને આપવા આવતા, પણ ભટ પોતે તેમને ના કહેતા કે મારે કંઇ જરૂર નથી. છતાં અતિશય આગ્રહ અને સામાના જીવને દુઃખ થાય એમ ધારી ગ્રહણ કરતા. પણ તે અનાથ એવાં સ્ત્રી પુરૂષોને શોધી કાઢી તેમને વહેંચી દેતા. ઘણી વખત તો લાડુ વગેરે ખાવાનું બનાવી રાત્રે કૂતરાં વગેરેને ખવરાવવા નીકળતા. ભગવાનજી (ભગુભટ) નામના સુરત અંગ્રેજી સ્કુલમાં એક માસ્તર છે, જેમને સારો પગાર મળે છે. તે તેમના ભાઇ થાય. તેમની પાસે કોઇ દિવસ એક પાઇ સરખી પણ તેમણે માગી નથી અને આપવા માંડેલી લીધી નથી, પરંતુ કેવળ અશરણ શરણ એવા શ્રીઇષ્ટ પરમાત્માનાં શરણમાં રહી આતિથ્ય સત્કારાદિ ગૃહસ્થના ધર્મ સંપૂર્ણ રીતે પાળ્યા હતા. ભટનો ચ્હેરો એવો તો શાંત અને નિર્વિકાર દેખાતો કે માણસ માત્ર તેને જોતાંવારજ પોતાનું અભિમાન મૂકી દઇ ઇશ્વર તરફ

પોતાના મનને નહિ લગાડેલું માટે પસ્તાવો કરતો. હિંદુ ધર્મના માણસો એમ કરતાં એટલુંજ નહિ પણ મુસલમાન જેવા પરધર્મીઓ પણ તેમને પરમ પૂજ્યભાવથી જોતા. દાખલા તરીકે સુરત જીલ્લાના ડી. ડે. કલેકટર મી. કાદરી તો જ્યારે ને ત્યારે તેમને મળવા જતા ને ધર્મ વિષયની વાતો કરતા. કહે છે કે એ કાદરી સાહેબે એમને કેટલીક જમીન વેચાણ લઇ આપવા ઘણો આગ્રહ કરેલો છતાં ભટે તે લેવાની ચોખ્ખી ના પાડી હતી. તેમ બીજા પણ ઘણા લોકો તેમને જમીન વગેરેનું દાન આપવા કહેતા, તે પણ એમણે વિના જરૂરે કશું દાન ગ્રહણ કર્યું નથી. તેમને સંપૂર્ણ ભરોંસો હતો કે ગર્ભમાં જેણે પોષણ કર્યું તે પોષણ કરે છે ને કરશે જ.

ઘણા માણસો એમને દેવ જેવા માની પોતાનું કાર્ય થવા માટે બાધાઓ લેતા ને ફળીભૂત પણ થતી હતી. હમેશાં એમને ચાર વાગતાથી પાંચ વાગતા સુધી એક કલાક ધ્યાનમાં બેસવાનો આગ્રહ હતો તે એક કલાકના અરસામાં આજુબાજુ ગમે તે થાય તો પણ તેની તેમને ખબર પડતી નહોતી. તે સાથે હમેશાં ભાગવતનાં અમુક ભાગનું પારાયણ કરવાનો તથા વરસમાં એકવાર સમાહ કરવાનો નિયમ હતો. હાલ તેઓએ આ વર્ષમાં શાન્ત ચિત્તે પુખ્ત ઉમરે દેહ ત્યાગ કર્યો છે. એમનું વર્તનજ લોકોને ઉત્તમ બોધ આપનારૂં થઇ પડયું હતું, જેમના સમાગમથી ઘણા માણસો શુદ્ધ વૃત્તિવાળા થયલા છે.



નાગર ભક્ત.

ઓરપાડ તાલુકાના દીહેણ ગામમાં અનાવલા બ્રાહ્મણ ન્યાતિમાં નાગર ભક્ત કરીને એક શંકર ભક્ત હતા. દીહેણ ગામથી દેઢેક ગાઉ ઉપર પશ્ચિમ દિશામાં તેના કરીને ગામ છે ને ત્યાં તેનેશ્વર નામના મહા દેવ છે. નાગર ભક્ત શિવભક્તિમાં પરાયણ હોવાથી લુચ્ચા શાહુકારોએ તેનો અવળો લાભ લઇ તેમનાં ઘરબાર હરાજ કરાવી દીધાં ને કેટલીક જમીન પણ ગીરો લખાવી લીધી. તેથી તેમના ધણીઆણીને પોતાનાં નાંનાં છોકરાં લઇને પોતાના પીયેરમાંજ ઊછેરવાનો પ્રસંગ આવ્યો હતો. પણ તેથી નાગર ભક્તે તો માત્ર ભક્તિમાં પરાયણ રહી પોતાના નિયમમાં મગ્ન રહી શિવ ભજનમાં પોતાનો વખત પુરે પુરો ગાળવા માંડયો.

ભક્તને એવો નિયમ હતો કે, દરરોજ પ્રાતઃકાળમાં ઊઠી પુષ્પ, પત્ર વગેરે પૂજાનું સાહિત્ય મળે તે લઇ તેનેશ્વર મહાદેવ જઇ કૂવામાંથી

કાઢી પોતે નાહી શંકરને સ્નાન કરાવીને લઇ ગયલા સાહિત્યવડે
રીને શંકરનું આખો દિવસ ધ્યાન કરવું. પૂજા કર્યા પછી નૈવેદ્ય
જોઇએ; પણ પોતાનું ગામ દૂર હોવાથી ઘેરથી થાળ લઇ જવાનું
હે; માટે શંકરની પ્રાર્થના કરતા, કે હે પ્રભુ ઘેર પધારો મારાં માજી
રી રાહ જોતાં હશે. એ પ્રમાણે શંકર અને પાર્વતી, ગણપતિ,
અને નંદી એ પાંચેની પ્રાર્થના કરતા. પછી જાણે દેવળમાંથી તે
દેવો બહાર નીકળ્યા હોય તેમ ધારી લઇ મંદીરનાં બારણાં બંધ
ને રાત્રી થતાં ઘેર આવતા. ઘેર આવ્યા પછી પોતાનાં માજીને પૂ-
માજી રસોઇ તૈયાર થઇ કે ? મહારાજ પધાર્યા છે. માજી કહે,
, થઇ છે. ત્યારે ભક્ત કહે કે ચાલો થાળ કરો. થાળ તૈયાર થાય
પોતે એક ઓરડી કરી રાખેલી તેમાં થાળ મૂકી, બારણું બંધ
મવાની પ્રાર્થના કરે, ને નાના વિધના કાલા વાલા કરે, તથા આજે
પસંદ પડી કે કેમ વગેરે વગેરે સવાલ શંકરને પૂછે. આ પ્રમાણે
જાણે જમી રહ્યા હોય તેમ માની ઓરડીનું બારણું ઉઘાડે અને
મહારાજ હવે કાલે પધારજો. એ પ્રમાણે હમેશાં પોતે જીવતા
આશરે ૪૦ વર્ષ સુધી કર્યા કર્યું. દીહેણ અને તેના ગામની વચ્ચે
ડી છે. ચોમાસાના દિવસમાં તેમજ ભરતીના દિવસોમાં તે ઓળં-
રકેલ પડે, તો પણ ભક્ત પોતે જીવતા સુધી કોઇ દિવસ પૂજા કર્યા
ગ્યા નહોતા. ભક્તનો એ નિયમ તેના જીવિતના છેલ્લા દિવસ સુધી
પાળ્યો હતો. પુત્ર તરફથી લુગડાં વગેરે જે કાંઇ આવે તે પહેલાં
પહેરાવી ખુશી થતા ને પછી તે પોતે પહેરતા.

ભક્તનાં માતુશ્રી સંવત ૧૯૮૯ ના પોષ મહિનામાં સ્વર્ગ વાસી થયાં
મણે મરતા પહેલાં માજીને કહ્યું કે તમે મારી ફિકર કરશો નહિ હું
પંદરમાને દિવસે આવીશ. પોતાના માતુશ્રીની મર્ણ ક્રિયાનો ખર્ચ
પુત્ર ખંડુભાઇ, જેઓ હાલ પેટલાદ મહાલ ન્યાયાધીશ છે તેમણે
તે કર્યો હતો. માતુશ્રીના ત્રયોદશાને દિવસે ભક્તે પોતાના ચી૦
ને કહ્યું કે ભાઇ, મારૂં કર્તવ્ય હવે પૂરૂં થયું છે. માજીને વળાવ્યાં
ારે પણ પરમ દિવસે બપોરના ચાર વાગે જવાનું છે. તેથી તે
મે જલદી જમી ખાઇને પરવારી જજો આ પ્રમાણે કહ્યા છતાં
ભવિષ્ય વાણી ઉપરનાં માણસોનો વિશ્વાસ બેઠો નહિ, અને તે વાત
ગરની ગણી કાઢી. પણ જ્યારે પંદરમાનો દિવસ ઊગ્યો, ત્યારે ભક્તે
કે ભાઇઓ, મેં પરમ દિવસે કહેલું, તે તમોએ સાચું માન્યું નથી

પણ આજે ૪ વાગે મારે જવાનું છે, એ સાચું માની તમો વેળાસર પરવારી જજો. નહિ તો બધાંને આપદા પડશે. માટે બ્રાહ્મણ વગેરેને બોલાવી રસોઈ વગેરેનું કામ જલદી આરંભો, આ સાંભળી ખંડુભાઈએ વિચાર કર્યો કે પિતાજીએ પરમ દહાડે આ પ્રમાણે કહ્યું, તે આજે પણ કહે છે, માટે એમાં કાંઈ સત્ય હોવું જોઇએ. એમ જાણી વેળાસર બ્રાહ્મણ ભોજન તથા સગાં વહાલાંને જમાડી પોતે પરવારી ગયા. ભક્ત પણ વેળાસરપ રવારી ત્રણેકવાગે નિરાંતે સૂતા. તે શંકર શંકર કરતા કૈલાશવાશી થયા ભક્તને પોતાના, પોતાની બહેનના, તથા પોતાની માતાના મૃત્યુની આગળથી ખબર પડી હતી; એ તેમની દૃઢ ભક્તિનો પ્રભાવ હતો. અને તે પ્રભાવને લીધેજ તેમનું મૃત્યુ થતા પહેલાં છ મહિના અગાઉથી તેમને વાક્ય સિદ્ધિ પ્રાપ્ત થઇ હતી. તે પ્રમાણે તેઓ જે કંઇ બોલેલા તે, તેમના જીવતા સુધીમાં ખરૂં પડયું હતું અને તે પછી તેમની વાણી ફળીભૂત થયલી હોવાનું અનુભવવાળા તેમના સંબંધના માણસોને ખબર છે. ભક્તના પુણ્યપ્રતાપે આજે ખંડુભાઇ પણ શંકરની ખરા મનથી ઉપાસના કરે છે અને સર્વ વાતે સુખી છે. ભક્તનો નિર્વાહ પાંચ સાત વીઘાં જમીનના ગણોત ઉપરજ ચાલતો હતો. ખંડુભાઇએ ઘણી વખત પોતાના પિતાને પૈસા વગેરે આપવા માંડેલી, પરંતુ તે લેવાની ભક્તે ચોખ્ખી ના પાડી લીધા નહોતા.

પુરૂષોત્તમદાસ.

સંવત્ ૧૯૩૮ ની સાલમાં વેરાગી સાધુનું એક ટોળું શ્રી જગન્નાથજીની જાત્રા કરવા જતું હતું. તેમાં પુરૂષોત્તમદાસ કરીને એક વેરાગીને રસ્તામાં મરડો થયો અને મરડામાંથી સંગ્રહણી જેવા ઝાડા થવા લાગ્યા, તે એટલે સુધી કે કલાકે કલાકે ઝાડે જવું પડતું. સુભાગ્યે જગન્નાથજીથી એકાદ મજલ દૂર જઇ પહોંચ્યા. હવે રોગનું જોર બાવાજીને વધવા માંડયું ને દહાડે દહાડે અશક્તિ થતા લાગી હતી. ચાલી શકાય એમ નહોતું તેથી તથા ઘણા દહાડાથી તેનાથી કંટાળેલા તેના સાથીઓ તેને રસ્તામાં પડતો મૂકી ચાલ્યા ગયા. નિરાધાર પડેલા સાધુએ શ્રી જગન્નાથજીનું શરણ માગ્યું. જેથી અશરણશરણ એવા પરમાત્મા તે રસ્તેથી ગાડું લઇને જનાર એક ગાડીવાળાના હૃદયમાં ઉતર્યાઃ તેથી ગાડીવાલાએ માંદા સાધુને જોઇ ગાડી ઉભી રાખી અને તેથી પાસે જઇ હકીકત પૂછી તો ભાગતૂગ્ર બોલમાં તેણે જગન્નાથજીના દર્શણ કરવાની ઇચ્છા બતાવી જેથી ગાડીવાળાને દયા

ઉત્પન્ન થઈ ને તેને જગન્નાથજીમાં સાધુના અખાડામાં પહોંચાડ્યો. પ્રથમ પાંચ સાત દિવસ તો કેટલાક દયાળુ સાધુઓએ તેને દવા વીગેરે કર્યાં પણ કંઇ ઉપાયથી જ્યારે આરામ થતો ન જોયો ત્યારે આવી પડેલી ઉપાધિથી કંટાળી વેશધારી સાધુઓ તેને રાતની વખતે દરિયા કિનારે રેતીમાં નાંખી આવ્યા. એકાદ દિવસ રેતીમાં પડી રહી ટાઢ અને તડકો વેઠતાં પ્રારબ્ધયોગે જરા શુદ્ધિ આવી ત્યારે આંખ ઉઘાડી જોતાં એક સાધુને તેણે પોતાના આગળ પાણી લઇ ઉભેલો જોયો. હવે પછી જ્યારે જ્યારે ભૂખ યા તરસની ઇચ્છા થાય ત્યારે ત્યારે દૂધ અને પાણી તેને પેલો સાધુ આવીને પાઇ જતો. એમ કરતાં બે ત્રણ દિવસ થયા અને તેને આરામ થઇ ઉઠવાની શકિત આવી. બેઠા થઈ ભૂખ લાગી છે એવો વિચાર કરતાં દૂધ લઇને પેલો સાધુ આવ્યો, એટલે દૂધ પીધું. પછી વિચાર કરે છે કે આ નવા સાધુને મેં કોઇ દિવસ જોયા નથી છતાં પરમાત્માની પેઠે ઇચ્છા પ્રમાણે સર્વ વસ્તુ લાવી મૂકે છે તેમજ આ શૂન્ય જગામાં મારી ચાકરી કરે છે માટે નક્કી એ કોઇ મહાત્મા પુરૂષ હોવા જોઇએ એવા વિચારથી હાથ જોડી કહે છે હે મહારાજ આપ કોણછો ? મારી ઇચ્છા પ્રમાણે અંતરજામીની પેઠે ભૂખને વખતે ખાવાનું ને તરસને વખતે પાણી હાજર કર્યાં એવા આપ દયાળુ મહાત્મા કોણ છો તે જાણવાની મારી ઇચ્છા છે, તો જેમ બીજી ઇચ્છા તૃપ્ત કરી તેમ એ પણ કરશો, એમ કહેતાં પેલા માંદા સાધુની આંખમાં પ્રેમનાં આંસુ ભરાઇ આવ્યાં. તેજ વખતે ખરા પ્રેમથી વ્યાકુળ થઇ બોલાવનારને પ્રત્યક્ષ થનાર પરમાત્માએ પોતે સાધુની ઇચ્છા પ્રમાણે શ્રીજગન્નાથરૂપે દર્શન દીધાં. તે વખતે માંદા સાધુનો મદવાડ, જેમ સૂર્યના દર્શન થતાંજ અંધકારનો નાશ થાય, તેમ જતો રહ્યો. એક દમ પરમાત્માના ચરણકમળને પ્રેમાશ્રુવડે અભિષેક કર્યો. પરમાત્માએ પ્રસન્ન થઇ વરદહસ્ત મસ્તકપર મૂકી તેને સંસારના ભયથી મુકત કર્યો ને તે સ્વરૂપ અંતર્ધાન થયુ. એટલે સાધુ આનદયુકત શ્રી જગન્નાથજીના ધામમાં આવ્યા. ત્યાં ઓળખીતા સાધુઓ આશ્ચર્યથિ ચકિત થઇ પુરૂષોત્તમદાસને હકીકત પૂછવા લાગ્યા. સાજા થયલા પુરૂષોત્તમદાસને મોંઢેથી ખરી બીના સાંભળી તેઓ પસ્તાવો કરવા લાગ્યા. તેમનું સાંત્વન કરી કહ્યું કે મહારાજો તમારા પ્રતાપેથીજ હું પરમાત્માશ્રીના દર્શન કરી કૃતાર્થ થયોછું, મારા ઉપર હમેશનોએ ઉપકાર આપ મહાત્માઓનોજ છે. લક્ષ્મણદાસ નામના એક સાધુ, જેઓ ઉપલો બનાવ બન્યો તે વખતે શ્રી જગન્નાથજીમાં હતા, તેમણે આ વૃતાંત મને કહ્યું છે.

લાલો.

એ ભક્ત મહાત્માનો જન્મ કાઠિયાવાડના ઝાલાવાડ વિભાગના સિંધાવદર ગામમાં દશા શ્રીમાળી જાતના શ્રાવક વાણિયાને ત્યાં સંવત ૧૮૫૬ ના ચૈત્ર સુદી ૯ ને દિવસે થયો હતો. ખુટાશા શેઠને મોટી ઉમ્મરે આ એકજ સંતાન ને તેમાં વળી પુત્ર થયો તેથી અતિ આનંદ પ્રાપ્ત થયો. વૈષ્ણવોના સહવાસમાં રહેવાથી ખુટાશા શેઠ દરરોજ ઠાકોર દ્વારમાં સાંજે દર્શન વગેરે કરવા સારૂ જતા. તેઓ પોતાના એકના એક બાળકને પણ હમેશાં સાથે લઇ જતા. પૂર્વના સંસ્કારને લીધે, બાળકને ઠાકોરની મૂર્તિપર શ્રદ્ધા બેઠી હતી. બાળ રમતમાં પણ મંદિરમાં જેમ ઠાકોરજીની સર્વ પૂજા, આરતી વગેરે થાય તેમ આ બાળક એકાદ સુંદર પથ્થર શોધી કાઢી તેને ઠાકોર માની સ્નાનાદિ વિધિ કરાવતો ને ઘરમાંથી ખાવાનું વગેરે લાવી તેને નૈવેદ ધરાવતો ને આરતી પણ કરતો. પોતાની આ રમતમાં બીજા ગોઠીઆઓને પણ સામેલ કરતો. તેમાં વળી એજ ગામમાં એક સાધુ રહેતા હતા તેમને ત્યાં જઇ બોધ લેતો હતો એથી એને જગતના બનાવનાર ઇશ્વર ઉપર પૂર્ણ વિશ્વાસ આવ્યો કે સદાચરણથી ચાલી પરમેશ્વરની સેવા અને તેને નિમિત્તે કરેલો પરમાર્થ કોઇ દિવસ નકામાં જતાં નથી. સર્વ જગતનાં જીવોનું પાલન થાય છે તે મુજબ મારૂં પણ થશે માટે ભક્તિ એજ મનુષ્ય જીવનનું સાર્થક છે. એક વાર પોતાના બાપે તેને પરણવા સંબંધી વાત કરી ત્યારે તેણે ચોખ્ખી ના પાડી હતી અને સાધુ સેવા અને ભક્તિ કરવા તરફજ પોતાનું લક્ષ લગાડ્યું. એને સંસારી વ્યવસાય બિલકુલ ગમતો નહિ તો પણ પોતાના પિતાના આગ્રહથી દુકાનમાં કામકાજ કરતો. પાછળથી એક રામાનંદી સાધુનો સમાગમ થવાથી તેણે રામાનંદ પંથની દીક્ષા લીધી હતી. કહે છે કે સિંધાવદર ગામમાં એક મહાત્મા (સાધુ) એ આવી લાલાને ઇશ્વર ભક્તિ તથા સાધુ સેવા આદિ કર્તવ્યનો બોધ આપ્યો હતો ને તે સાધુ અંતર્ધાન થઇ ગયા હતા. તે વખતથી ભક્તની શક્તિ તથા જ્ઞાનમાં અપૂર્વ વધારો થયો હતો. ભક્ત પોતે ઇશ્વર ભક્તિમાં નિમગ્ન હોઇ સંસારમાં આસકિત રહિત વર્તતા.

એક વાર શિયાળામાં લાલાજી સવારમાં દુકાનમાં બેઠેલા હતા ત્યાં થઇને ૫૦-૬૦ સાધુઓનું ટોળું ટાઢે હુંઠવાતું જતું હતું. તેમાં વળી ઘરડા સાધુઓ તો ટાઢને લીધે ચાલવાને પણ અશક્તજ હતા. તે જોઇ ભક્તને બહુ દયા આવી, તેથી પોતાની દુકાનમાં ઓઢવાની ધાબળીઓની ગાંસડી

હતી તેમાંથી બાપની ગેર હાજરીમાં દરેક સાધુને એકેક કામળી આપી દીધી. એ બહુ ખુશ થયા. આજુ બાજુના લોકોને આથી બહુ આશ્ચર્ય લાગ્યું. ખુટાશા આવ્યા પછી તે લોકોએ વાત કરી તેથી તેઓ બહુ ચીડાઇ ગયા અને ધાબળીઓ ગણી જોઈ, પણ તે તો બરાબર થઇ રહી તેથી વાત કરનારા સર્વે જૂઠા પડયા. ધાબળીઓ સાધુઓને વહેંચેલી છતાં ઘટી નહિ એ વાત ખુટાશા તથા જોનાર સર્વને ખાત્રી થવાથી લાલાને તેઓ ચમત્કારી પુરૂષ માનવા લાગ્યા.

વળી એક વાર લાલાને તેના બાપે ઘોડા ઉપર ખાલી કુલ્લાં મૂકી રૂપિઆ આપી ઘી લેવા સારૂ પર ગામ મોકલ્યો ને સાથે ગુમાસ્તાને પણ મોકલ્યો હતો. રસ્તામાં ચાલતાં બે ચાર સાધુઓ પોતાનો સામન ઉંચકવા માટે ઘોડું લેવા લાલાની કીર્તી સાંભળી તેની પાસે જતા હતા પણ લાલો તો સીમમાંજ મળી ગયો. તેની પાસે માંગણી કરી લાલાએ ઘી લેવાના રૂપિઆ સાધુને આપી દીધા ને ગુમાસ્તાને ખાલી ઘોડા સાથે ઘેર વિદાય કર્યો. ગુમાસ્તો ઘેર પાછો આવ્યો ત્યારે ખુટાશાએ પૂછયું કે કેમ, ઘી આણ્યું ? ગુમાસ્તાએ મશ્કરીમાં હા કહ્યું, પણ ઘોડા પરથી કુલ્લાં ઉતારવા માંડતાં તે ભરેલાં જણાયાં. તેથી આશ્ચર્યપામી સઘળી વાત શેઠને કરી. ધાબળીઓની પેઠે આ વખતે પણ ભગવાને એને સહાય કરી જાણી ખુટાશા પુત્ર પ્રેમમાં ડોલવા લાગ્યા ને ત્યાર પછી એને અવતારી પુરૂષ તરીકે ગણવા લાગ્યા.

આ પ્રમાણે લાલાનીકીર્ત્તિ ઠેકાણે ઠેકાણે પ્રસરી ગઇ જેથી વાંકાનેરના એક શાહુકારની તેનાપર શ્રદ્ધા બેઠી તેથી લાલાને કહે કે લાલાજી તમારે કંઇ પૈસાની જરૂર પડે તો મંગાવજો લાલાને તો પરમાર્થ માટે પૈસાની જ્યારે ત્યારે જરૂર હતીજ તેથી તેજ વખત કહ્યું કે હાલજ આપો. નાણું ગણી લઇ ખતું પાડી આપ્યું. તે નાણું ઘણી મુદત થયા છતાં જ્યારે પાછાં ન વળ્યાં ત્યારે અધીરાઇ થવાથી ભક્તને બોલાવી ઠપકો દીધો

ભક્તે જે તે નાણું સાધુ સંતને જમાડવા વગેરેમાં વાપરી દીધાં. મનમાં ધાર્યું કે, પરમેશ્વર આપી રહેશે, એમ ધારી પરમેશ્વરને માથે નાંખી સંત મંડળીમાં બેઠા ભક્ત વાંકાનેરથી ગયા પછી થોડે દહાડે તીથલ ગામમાં ભજન મંડળીમાં ભજન કરતા તે વખતે વાંકાનેરમાં લાલાને રૂપે સાહુકારના નાણું ગણી આપ્યાં. નાણું લીધા પછી લાલારૂપને ખરો લાલો ધારી સાંજે વાળુનું નોતરૂં દીધું સારૂં કહી ત્યાંથી ચાલી નીકળ્યા. સાંજ પડતાં

પણ ભક્ત આવ્યા નહિ તેથી પેલા સાહુકારે શોધ કરાવી પણ લાલો કહીં મળે નહિ તેથી સત્રમાં નાણું તપાસી જોતાં વધારે કિમતી જણાયાં તેથી લાલાની શોધ ગામેગામ કરાવતાં માલમ પડયું કે તે ત્રણ દિવસથી તીથલમાં ભજન મંડળીમાં ભજન કરે છે, કહીં પણ ગયા આવ્યા નથી, એ જાણી આશ્ચર્યપામી વાંકાનેરના રાજા સાહેબને વાત કરી રાજા સાહેબે પહેલી તો ખ્યાતિ સાંભળેલી તેમાં વળી આ પ્રત્યક્ષ દાખલો તે જોઇ પ્રસન્ન થઇ કેટલીક જમીન ભક્તને બક્ષિસ આપીને સિંધાવદરમા મંદિર બંધાવી આપ્યું જે આજપણ લાલાભકતના મંદિરને નામે ઓળખાય છે. સિંધાવદરમાં ભક્તે સદાવ્રત ચાલુ કર્યું.

ભકતની આવી આવી વાતો સાંભળી સાયલાના ઠાકોર સાહેબે સામસે તેડાવ્યાને ત્યાં એક મોટું મંદીર બંધાવી આપી ત્યાંજ રહેવાને કાલાવાલા કર્યા. એથી ભકતે શ્રી રામલક્ષ્મણને સીતાની મુર્તિની પ્રતિષ્ટા કરાવી તેને પોતાનું મુખ્ય મંદીર કર્યું ને ત્યાં ગાદી સ્થાપી અને શીરાપુરીનું સદાવ્રત ચાલુ કર્યું હતું. એ સાયલામાં ભકને યજ્ઞ કર્યો તે વખતે હજારો ગાડાં સીધાં સામનનાં આવવા લાગ્યાં. ભક્તે તે બધાનો હિસાબ રાખ્યો હતો. યજ્ઞમાં લાખો માણસ ભેગાં થયાં હતાં, તે સર્વને વિદાય કર્યા પછી ભક્તે આવેલાં ગાડાંના સામાનની કિમત ચૂકવવા નાણાં મોકલ્યાં, પણ જે ગામમાં જઇ તપાસ કરે ત્યાં તે નામનો કોઇ માણસ ન મળે એમ સઘળેથી તપાસ કરતાં લાખો રૂપિઆનો માલ પરમાત્મા એજ મોકલેલો જાણી ભકતને અતિ આનંદ પ્રાપ્ત થયો હતો.

ભક્તે કાઠિયાવાડ અને ગુજરાતમાં મળી સેંકડો મદિરો બંધાવ્યાં હતાં ને દરેક ઠેકાણે સદાવ્રત ચાલુ કર્યાં હતાં જેમાંના ઘણા મંદિરો આજ પણુ ચાલે છે. એ ભક્ત મહાત્મા સંવત ૧૯૧૮ ની સાલમાં સાયલામાં શાન્ત ચિત્તે સ્વર્ગવાસી થયા હતા.

રણછોડ ભકત.

ખેડા જીલ્લાના કપડવણજ તાલુકાના તોરણા ગામમાં સંવત ૧૯.ના સૈકાની શરૂઆતમાં રણછોડ ભક્ત કરીને દશા ખડાયતા જાતિમાં પરમ વૈષ્ણવ ભકત હતા એમના પિતાનું નામ નરસિંહ હતું ને વતનનું ગામ ખડાળ હતું. ખડાળમાં રણછોડ ભગત સહેજ સાજ વ્યાજુનો તથા મોદીનો ધંધો કરતા હતા. બાલ્યપણુથીજ રણછોડ ભકતને ઇશ્વર ભક્તિ પર પ્રેમ

તેથી પોતાના ધંધામાંથી જે કમાઇ થાય તેમાંથી પોતાના ગુજરાન રાખી બાકીનું સાધું સંત તથા ગરીબ ગુરબાંને આપવામાં વાપરતા. વધારે ભણેલા નહોતા તો પણ પ્રભુ કૃપાથી પોતે ભજનો બનાવતા ને ભજનો હમેશાં ગાતાં. ભજન ગાતા ગાતાં એવા તલ્લિન થતા કે પરમેશ્વર આગળજ પોતે ઉભા હોય તેમ દીન ભાવથી અસરકારક સેવક ભાવ દર્શાવતા. તેમને બે નિયમ હતા. ૧ દરરોજ વધારે નહિ તો એક પણ સાધુને ભોજન કરાવી પછી જમવું. ૨ દર પૂનેમે ડાકોર શ્રી રણછોડજીના દર્શન કરવાં. એક દિવસ ભકત ડાકોરમાં હતા તે પૂજારીએ ભકતની પરીક્ષા કરવા સારૂ તેને આવતા જાણી દર્શન બંધ કરી દીધાં. પૂજારીને કહ્યા છતાં દર્શન ખોલ્યાં નહિ એથી ખેદ પામી આગે ઉભા રહી પૂર્ણ પ્રેમભાવથી ભજન કરવા માંડયું કે થોડી વાર-માં ડાકોરનાથના દરવાજા આપોઆપ ખુલ્લી ગયા, તે વખતનો ભકતનો આનંદ અવર્ણનીય દેખાતો હતો. ભકતની સાથે બીજા લોકો પણ દર્શન વિના નિરાશ થયલા, તેઓ દર્શન કરવાથી ખુશી થયા. એક દિવસ ભકત ઘેર પોતે નાહી ધોઇ સેવામાં બેઠેલા હતા તે વખતે પાડોશની એક બાઈ પરગામ જવાના સબબથી ઘરેણાનો દાબડો ભકતને સોંપવા આવી. ભકતે પોતાની પાસે પડેલી મજુસ બતાવીને કહ્યું કે આ ઉપર મૂકો હું પછી તે અંદર મૂકીશ. બાઇના ગયા પછી ભકત ધ્યાનસ્થ થયા ત્યારે પડોશમાં રહેનાર એક સોની તે દાબડો લઇ ગયો ને પોતાને ત્યાં છાણાંમાં સંતાડયો. પરગામ જવાનું બંધ રહેવાથી પેલી બાઇએ આવી ભક્ત પાસે દાબડો માગ્યો. ભકતે કહ્યું કે મેં હજી મૂકયો નથી, માટે જ્યાં તમે મૂકયો હોય ત્યાંથી લો. બાઇએ દાબડો જોયો નહિ ત્યારે ભક્તને કહ્યું કે દાબડો મૂકયો ત્યાં તો નથી. ભક્ત પોતે કશી વાત જાણતા નહિ હતા તેથી વિચારમાં પડયા, પણ પેલી બાઇએ તો અધીરી થઈ ભક્તને કડવા સુકન કહ્યા અને તે વખતના ત્યાંના સત્તાધીશ મકવાણામીઆં આગળ ફરિયાદ કરી. મીઆંએ ભક્તને પકડી મંગાવી નજરકેદ રાખ્યા. આથી ભક્તનો સાધુ જમાડવાનો નિયમ ભંગ થવા બેઠો તેથી તેમણે ઇષ્ટદેવને ફર્યાદ કરી. ઇષ્ટદેવે સાધુના વેશમાં સોનીને ત્યાંથી દાબડો લાવી દરબારમાં રજુ કરી ભક્તની લાજ રાખી. વિના અપરાધે મીઆંએ કેદ કરવાથી ભક્તને લાગ્યું તેથી ભકતે ડાકોરમાં જઈ રહેવા ઠરાવ કરી ત્યાંથી નીકળી જવા માંડયુ. રસ્તે ચાલતાં તોરણે આવ્યા, ત્યાં ભક્તના મિત્રો હતા, તે-મણે ભક્તને ત્યાંજ રહેવા આગ્રહ કર્યો, જેથી ભક્ત ત્યાં રહ્યા. અત્રે ભક્તને

ઉપરા ઉપરી ત્રણ વખત સ્વપ્નામાં થી રણછોડજીનાં દર્શન થયાં ને આજ્ઞા થઇ કે તમો અત્રેજ રહો ને ફલાણી જગ્યાએ મારી મૂર્તિ દટાયલી છે તે કાઢીને તેની પ્રતિષ્ઠા કરો, ને તેનીજ સેવા કરો. ત્રીજીવારના સ્વપ્નાથી ભક્તની ખાત્રી થવાથી બતાવેલી જગ્યાએ ખોદાવી જોતાં શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિ નીકળી તે માટે મંદીર બંધાવી ત્યાં તે મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી ને તોરણજ પોતાનું નિવાસસ્થાન કર્યું.

એકવાર પોતાના પુત્રના લગ્ન માટે પૈસાની જરૂર પડી ત્યારે સાધુ વેષે તુંબડીમાં રૂપિઆ ભરી ભક્તને ભક્તવત્સલ ભગવાને આપ્યા હતા. ભક્તે પ્રેમભક્તિનાં અનેક પદો વગેરે બનાવ્યાં હતાં, જે આજપણ લોકો ગાય છે. ભક્તને ઇશ્વરઆજ્ઞાથી શ્રીનાથદ્વારના ગોસાંઇજી મહારાજે વૈષ્ણવ સંપ્રદાયની ગાદીનો અધિકાર આપ્યાનું કહેવાય છે. આજપણ તોરણામાં તેમના વંશજની ગાદી છે. ભક્ત સો ઉપર વર્ષનું આયુષ્ય ભોગવી મુક્ત થયા હતા. આ વાત મને તેમના વંશજ રા. હરિવલ્લભદાસ મોરલીધર ભગત કે જેઓ અમદાવાદ ફીમેલ ટ્રેનિંગ કોલેજમાં હેડમાસ્તર છે, તેમણે સન. ૧૮૯૩ ની સાલમાં કહી હતી, અને તે ખરી છે એવી મારી ખાત્રી થઇ છે.

સુરદાસ.

આ ભક્તનો જન્મ પ્રાચીનકાળમાં દક્ષિણ પ્રાંતમાં વીણા નદીને કાંઠે ૧૬૪૦ માં ઉચ્ચકુળના બ્રાહ્મણને ઘેર થયો હતો. એમના પિતાનું નામ રામદાસ હતું. એ ભક્તનું પ્રથમ બિલ્વમંગલ નામ પાડવામાં આવ્યું હતું. તે સારા વિદ્વાન તથા ઇશ્વરભક્ત હતા, તે એટલે સુધી કે એ અકબર બાદશાહના વખતમાં સંદીલ પરગણામાં ઉજરાતદાર હતા તે વખત એકવાર આવેલી ઉપજ મંદિરમાં અર્પણ કરી દીધી હતી. પણ દૈવજોગથી નદીને બીજેકાંઠે એક ચિંતામણી નામની વેશ્યા રહેતી હતી, તેની સાથે એને પ્રેમ બંધાયો; અને અહર્નિશ તેના વગર તેના મનમાં બીજી વાત આવતી નહિ, તેથી ઇશ્વરભક્તિમાં ખલેલ પહોંચવા લાગી; એવો ક્રમ ચાલતાં ચાલતાં એક દહાડે તેને બિલ્વમંગલને ત્યાં તેના પિતાનું શ્રાદ્ધ હતું, તેને લીધે તે દહાડે ચિંતામણીને ત્યાં જવાને વખત મળ્યો નહિ, અને રાત્રે પણ કેટલાક ભાઇબધ જમવા આવવાના હતા તેથી મધ્યરાત સુધી તેને વખત મળ્યો નહિ. આખરે બધું પરવાર્યા પછી ઘણી આતુરતાથી મધ્યરાત્રીના સમયે તે તેણીના તરફ જવા નીકળ્યો. પણ બહાર જુએ છે તો વરસાદ ચ-

ણોજ જોરભેર વરસતો હતો, ચોતરફ વિજળીના ઝબકારા થતા હતા, તથા વાદળાંનો ગગડાટ ઘણોજ ગંભીરરીતે થતો હતો. તેથી હવે કેવી રીતે જવું એ વિચારમાં તે પડયો. આજે આખા દહાડામાં આપણે તેના તરફ ગયા નથી માટે હવે મારે તેના તરફ જવું જોઇએ, એવો નિશ્ચય કરીને તે મોટા ઉમંગથી ચાલવા લાગ્યો, અને જેમ બને તેમ કરીને તે નદીને કિનારે આવી પહોંચ્યો; પણ નદી બંને કાંઠે ભરપૂર વહેતી હતી, તે જોઇને તે અટકયો. અને હવે પાછા ફરવું કે આગળ જવું તે વિષે તેને કાંઇ ગમ પડી નહિ.

એવી સ્થિતિમાં તે ત્યાં ઉભો હતો એવામાં સર્વવ્યાપક દયાળુ, પરમાત્માશ્યામસુંદર પ્રભુએ વિચાર કર્યો કે, એ ગૃહસ્થ પહેલાં એક વખતે મારો પરમભક્ત હતો, પણ હાલ વેશ્યાની લતમાં પડીને ખરાબ થયો છે; એના ઉપર હવે આપણે અનુગ્રહ કરવો જોઇએ.

અહીંઆં, બિલ્વમંગલને તે વેશ્યાનું ધ્યાન લાગવાથી તેણે નિશ્ચય કર્યો કે, જો કે અહીંઆં હોડી વગેરે કાંઇ સાધન દેખાતું નથી તોપણ એક વખત અંદર ભૂસકો મારીશું એટલે પેલે કાંઠે કોઇ પણ ઠેકાણે જઇ પહોંચીશું. એવો વિચાર કરીને હવે ભૂસકો મારવા જાય છે. એટલામાં સામેથી એક વહેતું આવતું શબ તેની નજરે આવ્યું, પણ વિષયાંધતને લીધે તેને તે શબ છે, એમ ન ભાસતાં લાગ્યું કે, અહાહા ! મારી પ્રિયાએ મને આ હોડી મોકલી આપી છે; માટે એમાં બેસીને હવે આપણે પેલે તીર જઇશું. એવો વિચાર કરીને, તે મડદા ઉપર બેસીને તજવીજથી વહેતો વહેતો, પેલે કાંઠે તો ગયોજ. અને તેણે તે હોડી પણ કિનારા ઉપર બાંધી રાખી પછી તેણીના ઘર પાસે આવીને તેને ઘણી હાંકો મારી. પણ આટલી મોડી રાત્રીએ એટલે ઘાડી ઉંઘની વખતે તથા ચોતરફ વરસાદનો ઘુઘવાટો ચાલી રહ્યો છે આવી સ્થિતિમાં તે એની હાંકો શી રીતે સાંભળી શકે ? ઘરની આજુબાજુએ ફરતાં ફરતાં એક બારી ઉઘાડી જણાઇ. તેના તળઘરપરથી એક સાપ લટકતો હતો; તેને આ ભાઇએ દોરડી સમજીને, તથા મારી પ્રિયાએ ઉપર ચઢવાને માટે એ ખાસ સગવડ કરી મૂકેલી છે, એવી કલ્પના કરીને બીજે માર્ગે ત્યાં સુધી ચઢીને તે સાપની પૂંછડી પકડી લીધી અને ઉપર ચઢવા લાગ્યો, ત્યારે તેની મદદથી એ ભાઇપણ સહેજ રીતે ઉપર ચઢી ગયા. ગયા પછી પ્રથમ તે વેશ્યાને જગાડી, ત્યારે તે એકદમ ઝબકી ઉઠી અને જુએ છે તો તેની આગળ બિલ્વમંગલને દીઠો ! તે આશ્ચર્યથી ચકિત થઇને કહેવા લાગી કે, અરે ! આટલી મોડી

રાત્રે અને આવી ઘનઘોર વૃષ્ટિમાં તમે ઉપર શી રીતે આવ્યા? ત્યારે તેણે કહ્યું કે, તેં હોડી મોકલી હતી, તથા દોરડાની સગવડ કરી મૂકી હતી; તેમની વડે હું અહીં સૂધી આવી પહોંચ્યો. તેણે કહ્યું કે દોરડું તથા હોડી ક્યાં છે તે મને બતાવો; ત્યારે તે તેને પોતાની સાથે લઇ ગયો અને તે બતાવી, પણ દીવાથી તપાસી જોતાં તે હોડી ન નીકળી પણ છિન્ન ભિન્ન થઇ ગયેલું શબ હતું એવું દેખાયું અને દોરડાને ઠેકાણે ટાઢથી હુંઠવાઇ ગયેલો એક મોટો સાપ નજરે પડ્યો!! તે જોઇને તે વેશ્યા અતિ વિસ્મય પામીને બોલી, અરે ગૃહસ્થ, તું જાતે બ્રાહ્મણ હોઇ આ ગામમાંના પ્રતિષ્ઠાવાળાં ઘરો પૈકી તારૂં ઘર એક પ્રતિષ્ઠિત ગણાય છે. તું પૂર્વે પંડીતોમાં ગણાતો હતો; પણ હાલ તું મારાપર આવો આસક્ત થઇને પોતાના આયુષ્યનો નાશ કરે છે અને મરણ પછી અક્ષય નરકમાં પડવાનું કામ કરે છે, આ સાહસ અને આ પ્રેમ જો તું પરમેશ્વર તરફ રાખીશ તો તારો તથા તારા સંપૂર્ણ કૂળનો ઉદ્ધાર નહિ થશે કે? ખરેખર થશે. તેથી તું હવે અહીંથી જા અને નરકના માર્ગથી નિવૃત્ત થા, એવો ધિક્કાર સાથે બોધ કર્યો. (સઘળી વેશ્યાઓ દુષ્ટ સ્વભાવની હોય છે એમ નથી. તેમાં એકાદ સુબુદ્ધિ આપનારીએ હોય છે, તેમાં વળી પરમેશ્વરની પ્રેરણા, પછી શું પૂછવું?) તેના આવા ઉપદેશને લીધે તથા પ્રેત, સર્પ વગેરેનો ભયંકર પ્રકાર ખરેખરો તેની નજરે આવ્યો તેથી તેના મનને ઘણી લાગણી થઇ ને તે ઘરબાર છોડીને, પ્રભુના દર્શનને સારૂ એકદમ વૃંદાવન જવા નીકળ્યો.

પ્રભુચરણવિષે એક સરખું જેનું ધ્યાન લાગેલું છે, અને મુખથી અહર્નિશ ભજન ચાલેલું છે; એવે પ્રકારે જતાં જતાં વચમાં એક ગામ આગળ તળાવને કાઠે પાણી પીવા સારૂ એક ક્ષણવાર તેણે મુકામ કર્યો. એટલામાં કોઇ સાહુકારની પરમ રૂપવતી સ્ત્રી પાણી ભરવા સારૂ તેજ તળાવ ઉપર આવેલી હતી તેને જોઇ એને ફરી મોહ ઉત્પન્ન થયો. કારણ હજી તેને દૃઢ વૈરાગ ઉત્પન્ન થયો નહોતો. અને કામ વિકારનો તડાકોજ એવો છે કે, તેમાં મોટા મોટા તપસ્વીઓ તથા મહાત્માઓ વખતે ફસાઇ જાય છે, તો પછી પેલા નવીન અભ્યાસી બિલ્વમંગલનો શો ભાર? તે, તેવોજ તે સ્ત્રીની પુઠે પુઠે તેના ઘરનાં બારણાં સુધી ગયો; તે અંદર ગઇ ને એ બહાર ઉભો રહ્યો. તેના ભરથારે આપણા બારણામાં આ કોઇ સાધુ ઉભો છે એવું સમજીને તેને કહ્યું કે સાંજ થઇ છે ને આ અતિત થાકી આવ્યો છે માટે ઝટપટ રસોઇ તૈયાર કરો. તેણીએ કહ્યું સ્વામિન્, તે સાધુ નથી; કોઇ કામી પુરૂષ છે. આ વચન તેને સારૂં ન લાગતાં તેણે ફરમાવ્યું કે, ગમે

તે મહો, અમારે અહીંથી. અતિત વિમુખ જવો ન જોઇએ. તે સાધ્વી પણ પતિવચન પ્રમાણે વર્તનારી હોવાથી તેણીએ પતિવચનનો અનાદર ન કરતાં રસોઇ તૈયાર કરી. પછી ભરથારે તેને આજ્ઞા કરી કે, તું વસ્ત્રાભૂષણવડે અલંકૃત થઇને પંચારતી લઇને સાધુની પૂજા કરી આવ. તે પ્રમાણે તે ગઈ, ત્યારે તે સાધ્વીનું તેજ અને તેના ભરથારની નિષ્ઠા જોઇને બિલ્વમંગલના બધા વિચારો બદલાઈ ગયા અને મનમાં કહેવા લાગ્યો કે રામ, રામ !! મારા મનમાં એ શી પાપબુદ્ધિ આવી હતી ? ! હું હજી સુધી પુરો સાધુ થયો નથી, કેવળ સાધુનો વેષ લીધો છે, એવી સ્થિતિમાં જોકે લોકો મને આટલા ભજે છે, તો જો હું ખરેખર સાધુ થઇશ તો પછી લોકો મને કેટલા ભાવથી. ભજશે વારૂ ! ! ! એવો વિચાર મનમાં લાવીને તેણે તે સાધ્વીને કહ્યું કે, હે કન્યા ભોજન પીરસતાં પહેલાં તું મને બે સોયા લાવી આપ. સોયા શા માટે જોઇએ તેની, ઉતાવળને લીધે કાંઇ પણ પૂછપરછ ન કરતાં તેણીએ તે લાવી આપ્યા, અને પોતે ભોજનની તૈયારી કરવા સારૂ ઘરમાં ગઇ. અહીં બિલ્વમંગલે વિચાર કર્યો કે, ઘણુંકરીને પાપવાસના પેદા થવાને મૂળ કારણ આ નેત્ર છે, તેથી એમનો વેપાર પ્રથમ બંધ પાડવો જોઇએ એવું કહીને તેણે તે બન્ને સોયા બન્ને આંખોમાં એકદમ ઘોચ્યા, અને પોતાની આંખો ફોડી નાંખી. તે સાધ્વી તેને જમવા સારૂ બોલાવવાને ફરી ત્યાં આવી પણ જુએ છે તો તેની આંખોમાંથી લોહીની ધાર ઝરે છે, તે વિલક્ષણ પ્રકાર જોઇ ગભરાઇ જઇને, તેણીએ તે વૃતાંત પોતાના સ્વામીને જણાવ્યું. ત્યારે તેના જીવને બહુ ખોટું લાગ્યું પણ હવે ઉપાય શો ? આખરે બિલ્વમંગલે તે બન્નેનું સમાધાન કરી ભોજન પરવાર્યા પછી વૃંદાવનનો માર્ગ સ્વીકાર્યો. એજ ભગવદ્‌ભક્ત પછી આગળ "સુરદાસ" એ નામથી પ્રસિદ્ધિમાં આવ્યો. અસ્તુ. આ પ્રમાણે તે પૂર્ણ વિરાગશાળી બનીને શ્રીકૃષ્ણચરણનું ધ્યાન કરતો કરતો વૃંદાવન તરફ જવા લાગ્યો ત્યારે રસ્તામાં એક મોટો ખાડો આવ્યો. હવે એ પોતે આંધળો થયેલો તેથી એ ખાડો એને ક્યાંથી સૂઝે ? તેથી શ્યામસુંદરપ્રભુને ચિન્તા પડી કે, મારો ભક્ત એ ખાડામાં પડશે, માટે હવે તેને મદદ કરવી જોઇએ. એવો વિચાર કરીને પોતે પરમાત્મા સુંદર નાના બાળકનું રૂપ લઇને કહેવા લાગ્યા કે, હે બિલ્વ મંગલ, આગળ મોટો ખાડો છે, તું જમણા હાથને રસ્તે જજે. બિલ્વમંગલે મનમાં વિચાર્યુ કે આવા ઘોર અરણ્યમાં માણસનો અને તેમાં વળી બાળકનો શબ્દ ક્યાંથી હોય ? તેથી એ ઘણું કરીને શ્રીકૃષ્ણપરમાત્માજ હશે એવું જાણીને તે વળી વધારે વધારે પેલા ખાડા ભણી જવા લાગ્યો; ત્યારે

તે બાળકે ફરીથી બૂમ પાડીને તેમજ કહ્યું. એણે પણ સાંભળ્યું ન સાંભળ્યું કરીને મનમાં વિચાર્યું કે, જે ભક્તજનોને સંસારરૂપી મહાન્ ખાડામાંથી બહાર કાઢે છે (ઉદ્ધાર કરે છે) તે, મને આ સામાન્ય ખાડામાંથી ઉગાર્યા વિના રહેશે કે ? ના, કદી રહેવાનો નથી. એવું કહીને આગળ આગળ ચાલ્યો ને હવે નક્કી ખાડામાં પડશે એવું જ્યારે પેલા વેષધારી બાળકે જોયું, ત્યારે પાસે આવીને તેણે તેનો હાથ પકડ્યો અને યોગ્ય રસ્તો બતાવ્યો. (ઘણુંકરીને આંધળાને દોરી જનારા બાળકજ હોય છે) બિલ્વમંગલે પણ એનો હાથ મજબૂત પકડ્યો અને પ્રાર્થના કરી કે, હે દીનવત્સલ, કૃપાઘન, પરમાત્મન્, તમે વાયુ ભક્ષણ કરીને તીવ્ર તપ કરનારા બ્રહ્માદિ દેવોના હાથમાં પણ આવતા નથી, તે હવે મુજ રાંકના હાથમાં ઠીક સપડાયા છો ! હવે હું તમને શાનો છોડું ? એવું કહીને એનું ગળું ભરાઈ આવ્યું અને હૃદયમાંથી પ્રેમનાં પૂર ઉભરાઇ જવા લાગ્યાં ! ! ત્યારે તે બાળક મને ભૂખ લાગી છે, મને જવા દો એવું કહીને હાથમાંથી છૂટીને નાસી ગયો. ઠીકજ છે. અનંત બ્રહ્માંડ પોતાના નખ ઉપર નચાવનાર પ્રભુ આગળ બિચારા બિલ્વમંગલનું શું ચાલે ! ! ! આખરે એણે કહ્યું કે, હે ભગવાન,

(दोहरा.)

बाहु मरोडे जात हो । निबल जानके मोय ॥
हृदय तें जो जाहुगो । बली बखानुं तोय ॥

એટલે જો કે આપ મારા હાથમાંથી છૂટી ગયા તો પણ મેં મારા હૃદયમાં તમને બાંધી રાખ્યા છે; જોઉં વારૂ ત્યાંથી હવે તમે કેવી રીતે નાશી જાઓ છો ?

તાત્પર્ય, ભક્તજનપાલક પરમાત્મા પોતાના ભક્તોને સારૂ અનેક પ્રકારના અવતાર ધારણ કરીને સંકટની વખતે તેમની વહારે ચઢે છે, અને જગતમાં પોતાના ભક્તોની મહત્તા વધારે છે.

એ ભક્તે સૂરસાગર ગ્રંથ તથા કૃષ્ણ સ્તુતિનાં ૧૨૫૦૦૦ પદ બનાવ્યાં છે. કવિત્વ શક્તિમાં તે સૂર્યના જેવા હતા જે નીચેના દોહરાથી સમજાશે.

દોહરા.

સૂર સૂરજ તુળશી શશી, ઉડુગણ કેશવદાસ
અન્ય કવિ ખદ્યોતસમ, ઘર ઘર કરત પ્રકાશ.

તુલસીદાસ.

ઉત્તર હિંદુસ્તાનના બાંદા જીલ્લાના રાજાપૂર ગામમાં બ્રાહ્મણ ગ્નાતિના એક મામલતદાર હતા. તેમની સ્ત્રી તુલસીબાઇને પેટે તુલસીદાસને જન્મ સંવત ૧૬૩૧ માં થયો હતો. તુલસીદાસના પિતાએ સારે પૈસો પેદા કર્યો હતો. તુલસીદાસના પિતા કમનશીએ તુલસીદાસને સાત આઠ વરસને મૂકી મરી ગયા. એકને એક છોકરો ને વળી લાડકવાયો તેથી ભણી પણ શક્યો નહિ. પંદર સોળ વર્ષની ઉમરે તેનું લગ્ન એક સારા ગૃહસ્થની અતિ રૂપાળી કન્યા જોડે થયું. સ્ત્રી સ્વરૂપવાન હોવાથી ને ધંધો રોજગાર નહિ તેથી તુલસીદાસ સ્ત્રીવિષયમાં એવો લુબ્ધ થઈ ગયો કે રાત દિવસ તેની પાસેજ બેસી રહી પૈસા વગેરેનો ખર્ચ મનસ્વી રીતે કરતો આથી બાપે મૂકેલી પુંજી ખલ્લાસ થઈ ગઇ. આથી તુલસી માતાને ઘણો ખેદ થયો જેથી પુત્રને નોકરી ચાકરી વગેરે ધંધો કરવા ઘણી શીખામણ દીધી, પણ કેવળ સ્ત્રીના પ્રેમમાંજ બંધાયલા તુલસીદાસના મનપર તેની કંઈ પણ અસર ન થઇ. એમ પાંચ છ વરસ ગયા પછી કન્યાને પીયર લઇ જવા માટે માણસો તેડવા આવ્યા તેને તુલસીદાસે તરછોડીને હાંકી કાઢયા. પછી માતાએ તે લોકોને એકાંત બોલાવી કહ્યું કે તુલસીદાસ દરરોજ સહવારમાં જમનાજી પર નહાવા જાય છે તે વખત તમો મ્યાનો લઇને આવજો એટલે હું વહુને તેમાં મોકલીશ. બીજે દિવસે તુલસીદાસ જમનાજી પર ગયા ત્યારે સંકેત પ્રમાણે તે લોકો વહુને પીયર તેડી ગયા.

હવે તુલસીદાસ પોતાનો નિત્યવિધિ પરવારીને ખાંધ ઉપર ધોયેલું ધોતીયું તથા હાથમાં લોટો ને એક નાનકડું પંચિયું પહેરેલું, એવી રીતે ઘેર આવ્યો. તેણે પ્રથમ ઘરમાં, રસોડામાં, વચલા ઓરડામાં, દેવગૃહમાં તથા બીજે બધે ઠેકાણે જોયું પણ પોતાની સ્ત્રી નજરે પડી નહિ ત્યારે તેણે પોતાની માને પૂછતાં તેણીએ તેને પીયેર મોકલ્યાની વાત કહી. એ વાત સાંભળતાંજ તુલસીદાસ એની એજ સ્થિતિમાં પાછલે પગે, ઓડે માથે હાથમાં લોટો તથા ખાંધ ઉપર ધોતીયું લઇ સસરાને ઘેર ગયો. રસ્તામાં ચાલતાં આપણે વસ્ત્રહીન સ્થિતિમાં છીએ એ વિશે તેને બીલકુલ ભાન નહોતું. સસરાના ઘરનો માર્ગ લઇને તે ઝપાટાબંધ ચાલવા માંડયો. પ્રેમરૂપી દોરડીથી તે એવો બંધાઇ ગયો કે તેનામાં લોક લજ્જા, મન લજ્જા, વગેરે કંઈ પણ રહી નહિ. પણ આ નિષ્કપટ પ્રેમ જોઇને પરમ કરૂણા વાળા ભક્તવત્સલ શ્યામસુંદરપરમાત્માએ દયાયુક્ત અંતઃકરણ વડે વિચાર

કર્યો કે, એનો આ વિશુદ્ધ પ્રેમ જો મારે વિષે ચોંટશે તો એનો કેટલો ઉપયોગ થશે વારૂ ? માટે એના વિશુદ્ધ પ્રેમનું વલણ મારા તરફ વાળી લઈ, એના ઉપર અનુગ્રહ કરવો એવો પરમ દયાળુ ભગવાને વિચાર કર્યો. હવે તુલસીદાસ પોતાના સસરાને ઘેર આવતાની સાથે સસરાને તથા બીજાઓને એમ લાગ્યું કે જ્યારે જમાઇ આવી રીતે ઓડે માથે આવ્યા છે, ત્યારે એમની વૃદ્ધ માતા ગુજરી ગઈ કે શું ? તેથી જનરૂઢી પ્રમાણે તેમની આંખે આંસું આવ્યાં. એ લોકોને રડતાં જોઇ તુલસીદાસને લાગ્યું કે મારી ભાર્યાને કાંઇ ઓછું વત્તું થયું તેથી એ લોકો રડે છે. આવો વિચાર મનમાં આણીને તે પણ રડવા લાગ્યો. આવી રીતે બધો ગોટાળો વળી જવાથી દાસી તરફથી એ વાત એમની સ્ત્રીના જાણવામાં આવી. ત્યારે તે ચતુર હોવાથી પોતાના પતિનો દોષ ઢાંકવાને માટે પિતાને કહ્યું કે મારા સ્વામીને કોઇ કોઈ વાર એવો ઉન્માદવાયુ થાય છે, તેથી તેઓ આવા ઉધાડા ફરે છે. માટે રડવાનું કાંઇ કારણ નથી. આ વાત જાણીને તેઓએ જમાઇને લૂગડાં લત્તાં આપીને પોતાની વહુ તરફ જવાની આજ્ઞા આપી. તુલસીદાસ જેવા ઉમરાની અંદર પગ મૂકે છે એટલામાં ભગવતની માયા—તેથી તે સ્ત્રીએ તેમને તરછોડીને ઉપદેશ કર્યો કે—હે સ્વામિન્ મારે માટે આપ આટલું કષ્ટ વેઠીને, અને લોકોની તથા મનની શરમ છોડીને આવ્યા છો, પરંતુ તમારો આવો વિશુદ્ધ પ્રેમ જો પરમકૃપાનિધિ ભક્તવત્સલ શ્યામસુંદર કમલનેત્ર, ચાપપાણી શ્રી રામચંદ્રજી તરફ લગાડશો તો કેવું સારૂં અને અક્ષય સુખનું સાધન થશે વારૂ ! વાસ્તવિક જોતાં મારૂં આ શરીર મળમૂત્રથી પરિપૂરિત, નાક, કાન તથા મોં એમાં અનેક જાતના મેલ ! શરીરમાં ફક્ત માંસાદિ નો સંચય ! માટે એવા નજીવા મેલા તથા નાશવંત શરીર ઉપરના પ્રેમનું વલણ આપ શ્યામસુંદર ભક્ત વત્સલપ્રભુ તરફ અવશ્ય લગાડશો એવી મને દૃઢ આશા છે.

આ ઉપદેશથી તુલસીદાસજીને વિરાગ ઉત્પન્ન થયો. તેઓ ઝપાટાબંધ તુરત કાશીનો પંથ કાપતાં કાપતાં ત્યાં જઇ પ્હોંચ્યા ને ત્યાં મણિકર્ણિકા ઉપર આવીને રહ્યા. ઘાટ ઉપર પડેલા છે, રામ નામનો ઘોષ મુખથકી ચાલેલો છે અને શ્યામસુંદરનાં દર્શન થવા સારૂ કોઇ ગુરૂ કરવો એવી મનમાં ઘણી ઉત્કંઠા થયેલી છે, એટલામાં શ્રી નરહરસ્વામી પ્રાતઃકાલના સ્નાન સંધ્યાદિ નિત્ય કર્મથી પરવારીને પોતાના આશ્રમ તરફ જવા નીકળેલા છે. તેમણે એ હૃદયદ્રાવક રામ નામનો ઘોષ સાંભળીને કોઇ સંસારથી પીડાયલો અને પ્રેમી માણસ છે એવું જાણીને તેઓ પાસે ગયા અને પૂછ-

પૃચ્છા કીધી, ત્યારે તુળસીદાસજીએ પોતાનું વૃત્તાંત અથથી તે ઇતિ સુધી કહી સંભળાવી જણાવ્યું કે આ દેહને જો શ્રી રામચંદ્રજીના દર્શન અપાવવાની ખાત્રી આપતા હો તો આ દેહ રાખુંછું, નહિ તો ગંગાજીમાં અર્પણ કરી નાંખુંછું. ત્યારે સ્વામીજીએ વિચાર કર્યો કે, ભક્તને જો આંસુ આવે તો પરમકરૂણાવાન પરમાત્મા વહારે ચઢે છે. તો પછી જે ઘણો આતુર અને સંપૂર્ણ દેહાર્પણ કરવાને સિદ્ધ થયેલો છે તેને ભગવાનની પ્રાપ્તી કેમ ન થાય વારૂ ? એવું મનમાં આણીને કહ્યું કે, ઉઠ, કાંઇ ચિંતા કરીશ નહિ.

આ દેહમાં ને આ જન્મમાં તને દર્શન થશે. તે પછી ગુરૂચરણ ઉપર મસ્તક મૂકીને તેમની સેવા ચાકરી કરી અને પાંચ છ વરસ સુધી ઉત્તમ રીતે વેદાધ્યયન કર્યું, અને ઉત્તમ ભક્તિ પણ કરી. પછી એક દિવસ હોડીમાં બેશીને ગંગાજીને પેલે કાંઠે નિત્ય વિધિ સારૂ ગયા ત્યારે બહિરદીશાએ જઇ આવ્યા પછી લોટામાંનું શિલક રહેલું અપવિત્ર પાણી ફેંકી દીધું તેથી એવો બનાવ બન્યો કે તેમના એ અપવિત્ર જળથી ત્યાં આગળ કોઇ એક પિશાચ હતો તે બહુ પ્રસન્ન થયો અને તેણે આગ્રહથી કહ્યું કે મારી પાસે કાંઇ સોનું હીરા અથવા મોતી માગો. ત્યારે તુલસીદાસજીએ કહ્યું કે મને એ વસ્તુઓની કાંઇ જરૂર નથી. મને શ્રી શ્યામસુંદરનું દર્શન અપાવો. ત્યારે તે ભુતે જવાબ આપ્યો કે, એ વાત મારાથી થવી અશક્ય છે. જો કે એ વાત મારાથી બનવાની નથી, તો પણ હું આપને એક ઉપાય કહુંછું, તે આપકરો, એટલે આપનું કાર્ય સિદ્ધ થઇ શકશે. તે ઉપાય એ કે હાલ ગંગાજીને કાંઠે વાલ્મિકિરામાયણ વંચાય છે, તે વખતે શ્રોતાઓમાં એક ખૂણે પતિયારોગી જેવો એક પુરૂષ બેસે છે, તેને પુરાણ પુરૂં થતાંજ મળીને તેના ચરણને મજબૂત પકડી રાખજો, એટલે તે તમને શ્રી રામચંદ્રજીનું દર્શન કરાવશે. તે પ્રમાણે તુળશીદાસજી પુરાણ બંધ થયા પછી તે પુરૂષની પાછળ પાછળ જવા લાગ્યા. ઘણે છેટે ગામ બહાર ગયા પછી તે રોગીએ પૂછ્યું કે તમે મારી સાથે શા માટે આવો છો ? તમને શું જોઇએ છીએ ? ને મારા જોવાથી તમને શું મળવાનું છે ? ત્યારે તુળશીદાસજીએ કહ્યું કે મને શ્રી રામચદ્રજીનાં દર્શન કરાવો. પછી જ્યારે એમ જણાયું કે આ માણસ હવે આપણો કેડો મૂકતો નથી ત્યારે તે રોગીએ પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. ત્યારે તુલસીદાસે જાણ્યું કે તે હનુમાનજી છે. તેમણે તુલસીદાસજીનો પૂર્ણ ભક્તિભાવ તથા નિશ્ચય જાણીને વચન આપ્યું કે તમને શ્રી રામચંદ્રજીનું દર્શન થશે, કોઇ પણ જાતની ફિકર કરવી નહિ, અને મારૂં સ્મરણ કરશો

ત્યારે હું દર્શન આપીશ. ત્યારપછી કેટલાક દિવસ વિત્યાબાદ તુલસીદાસજી ગંગા કાંઠે ઘાટ ઉપર રામાયણ લખવા બેઠા હતા, ને કાન ઉપર કલમ રાખીને જરાક વિસામો લેતા હતા, એટલામાં ગંગાજીને પેલે કાંઠે અશ્વારોહણ કરેલી એવી શ્યામસુંદરની મૂર્તિ પ્રગટ (આવિર્ભાવ) થઇ. પણ તુલસીદાસજીએ તે તરફ જોઇને શંકાયુક્ત થઇને મનમાં વિચાર્યું કે, એ કોઇ સુંદર રાજકુમાર હશે, થોડા વખત પછી તેજ ઠેકાણે તે મૂર્તિનો લોપ (તિરોભાવ) થઇ ગયો. ઘણા દિવસ વિત્યા તોપણ હજી શ્રી રામચંદ્રજીનાં દર્શન થતાં નથી, મન ઘણુંજ આકુળ વ્યાકુળ થઇ રહ્યું, ત્યારે તેમણે ફરીથી હનુમાનજીને પ્રાર્થના કરતાંજ હનુમાનજી પ્રગટ થયા, ત્યારે તુલસીદાસજીએ પૂછ્યું કે હે વાયુસુત! આપ હજી સુધી ભગવાન શ્રી રામચંદ્રજીનું દર્શન કેમ નથી કરાવતા? તે ઉપર હનુમાનજીએ કહ્યું કે ફલાણે ફલાણે દિવસે ગંગાજીને સામે કાંઠે ઘોડા ઉપર શ્યામસુંદરની મૂર્ત્તિ પ્રગટ થઇ હતી, છતાં આપ કેમ ના કહોછો? ત્યારે તુલસીદાસે પોતાના મનમાં આવેલી રાજપુત્ર વિશેની શંકા જણાવી પરમકરૂણા જનકસ્વરથી પરમેશ્વરની પ્રાર્થના કરીકે હે શ્યામસુંદર, પરમકૃપાનિધે હું કેવો અભાગીઓ, કે આપને ખાસ તસ્દી પડી છતાં મને આપના દર્શનનો પૂર્ણલાભ ન થયો. મારામાં રોમેરોમ પાપ વ્યાપેલું છે, પરંતુ હે દીનબંધો, આપે અજામિલાદિકનો ઉદ્ધાર કર્યો છે. અને આપ શરણે આવેલાનો ત્યાગ કરતા નથી, એવું શ્રુતિસ્મૃતિ કહે છે. માટે હે કૃપાસાગર હું આપને શરણે આવેલો છું, તેથી આપ મને દર્શન આપીને મારો ઉદ્ધાર કરશો. ત્યારે હનુમાનજીએ તેને છાતી સાથે રાખીને તેનું સમાધાન કરીને કહ્યું, તમે ધીરજ છોડશો નહિ, ફરી દર્શનનો જોગ ખાસ આવશે. હવે આપ ચિત્રકુટ જઇ ત્યાં એવીજ પ્રભુસેવા કરતા રહેજો. એટલે અલ્પકાળમાં શ્યામસુંદરનું આપને દર્શન થશે. તે પ્રમાણે ચિત્રકુટપર જઇને તુલસીદાસજી સેવાધર્મ આચરતા છતાં ઘણા દિવસ વીતી ગયા, તોપણ દર્શનનો જોગ આવ્યો નહિ. એક દિવસ ચંદન ઘસતા હતા ત્યારે અંતઃકરણ પ્રભુદર્શન સારૂ આકુળવ્યાકુળ થઇ જઇને નયનમાંથી અશ્રુ ઝરવા માંડયાં. સાધારણ જોગી સંન્યાસીઓ જ્યારે કાષ્ટમાળાના મણકા ફેરવે છે ને શ્યામસુંદર પ્રસન્ન થઇ તેમને દર્શન દેછે તો પછી જે ભક્ત પોતાનાં અશ્રુબિંદુઓ રૂપી મણકાની માળા ટપોટપ ફેરવે છે. તેની વહારે કરૂણાસિંધુ પ્રભુ કેમ નહિ આવી ચઢે? અસ્તુ, એ પ્રમાણે શ્યામસુંદરે મનમાં કરૂણા આણીને વિચાર્યું કે હવે

એ ભક્ત શિરોમણીનું વધારે સત્વ જોવાનો આ વખત નથી. પછી તરતજ અન્તર્યામક પરમમનોહરરૂપ ધારણ કરીને તુલસીદાસની પાસે આવીને બાવાજી કહીને તેમને નમસ્કાર કર્યો ને પાસે બેઠા, તુલસીદાસજીને પણ એ સુંદરબાલસ્વરૂપ જોઇને ઘણો હરખ થયો, પણ તેમને શંકાએ ફરીથી ઘેરી લેવાથી તથા તેમનું મન ઘણું વ્યાકુળ હોવાથી જેવી રીતે એ બાળક તરફ ખેંચાવું જોઇએ તેવી રીતે તેમનું ધ્યાન ખેંચાયું નહિ. તેથી હનુમાનજીને ફરીથી ચિન્તા થઇ કે ફરી વળી એ જોગ નિષ્ફળ થાય છે કે શું ? તેથી પોતે પોપટનું રૂપ લઇને પાસેના એક વૃક્ષ ઉપર બેઠા. હવે આ તરફ રામચંદ્રજીએ તુલસીદાસને પૂછ્યું કે બાવાજી હું મારે હાથે આપને ચાંલ્લો કરૂં કે ? ત્યારે તુલસીદાસજીએ હા પાડી એટલે તરતજ પ્રભુ શ્યામ સુંદર રામચંદ્રજી પોતાને હાથે સારી રીતે જાળવીને તેમને ટીલું કરવા મંડ્યા ત્યારે હનુમાનજીએ (પોપટે) નીચેનો દોહરો કહ્યો.

चित्रकोटके घाटपे भै संतनभीड ॥
तुलसीदास चंदनघसे तिलक करे रघुवीर ॥ १ ॥

આથી પણ તુલસીદાસનું ધ્યાન ખેંચાયું નહિ, પછી બીજીવાર પોપટજીએ એજ દોહરો બોલી બતાવ્યો, તોપણ તેમનું ધ્યાન ગયું નહિ. આખરે શ્રી રામચંદ્રજીએ કહ્યું, બાવાજી, હું હવે આપને દર્પણ દેખાડું છું એટલે તરતજ તે દર્પણની અંદર શ્રી શ્યામસુંદરની કોમળ અંગુલીઓ તુલસીદાસજીના જોવામાં આવી, એટલામાં વળી તે પોપટે ત્રીજીવાર દોહરો કહ્યો એટલે તરતજ તુલસીદાસજીનું ધ્યાન તે તરફ ખેંચાયું કે આ શ્યામસુંદર કમળનેત્ર રામચંદ્રજી છે. તેથી પરમ આનંદથી તેમની પ્રાર્થના કરીને દર્શનનો સાક્ષાત અનુભવ લીધો. મતલબ કે શ્રી નરહરીસ્વામીના ઉપદેશવડે તુલસીદાસજી અત્યંત પ્રેમી ભક્ત બન્યા ને તેમનું અંતઃકરણ ભક્તિ રસથી છલકાઇ જઇને શ્યામસુંદરની પ્રાપ્તિ થઇ.

રામદાસ સ્વામી.

દક્ષિણમાં ગોદાવરી નદીને તીરે આવેલા જાંબ નામે ગામમાં સૂર્યાજી પંત કરીને બ્રાહ્મણ હતા તેની રાણુબાઇ નામે સ્ત્રીને પેટે શકે ૧૫૩૦ ના ચૈત્ર સુદી ૯ ને દિવસે પુત્રનો જન્મ થયો તેનું નામ નારોબા (નારાયણ) પાડ્યું હતું. ૭ વર્ષની ઉમરના નારોબા થયા એટલે તેમના પિતાનું મૃત્યુ

થયું. નારોબાનું મન નાનપણથીજ ઇશ્વર સંબંધી વિચારો તરફ લાગેલું હતું ને સંસારી વિષયોથી વૈરાગ્યવાળુ હતું. તેથી પોતાની માતા વગેરેનો આગ્રહ છતાં પણ તે પરણ્યા નહોતા. ને ૧૨ વર્ષની ઉમરમાંજ તે કારણથી નાસિક તરફ નાશી ગયા ને ત્યાં પંચવટીમાં શ્રી રામચંદ્રની મૂર્ત્તિના દર્શન કરી તે ધ્યાનમાં રાખી ત્યાંથી અર્ધા ગાઉ ઉપર એક ગુફામાં રહેઠાણ કર્યું. રોજ પંચવટીમાંથી આવી બ્રાહ્મણોને ત્યાંથી માધુકરી (રાંધેલા અન્નની ભિક્ષા) માગી લાવી તેનું શ્રી રામચંદ્રને નૈવેદ્ય ધરાવી ભોજન કરતા ને આખો દિવસ ભગવત ભજનમાં ગુજારતા. એમ લાગટ ૧૨ વર્ષ કર્યા પછી શાકે ૧૫૫૪ માં તીર્થાટન કરવાને ઇરાદે નીકળ્યા ને કાશી, અયોધ્યા, ગોકુળ, મથુરા, વૃન્દાવન વગેરે તથા ત્યાંથી દ્વારકાં, પ્રભાસ વગેરે ઠેકાણે તીર્થો કરી પૂર્વમાં જગન્નાથજીના દર્શન કરી દક્ષિણમાં શ્રી રામેશ્વરના દર્શન કર્યાં. ને ત્યાંથી દક્ષિણના તીર્થો કરતા કરતા ભરૂચ આવી ત્યાંથી શુકલતીર્થ અને તેને સામે કાંઠે કબિર વડ આગળ કબિરજીનું ધામ છે તેના દર્શન કરી પાછા દક્ષિણમાં મહાબળેશ્વર (ગોકર્ણ તીર્થ) થઇ પંચવટીમાં આવ્યા. એ વખતે એમની ઉમર ૩૬ વર્ષની થઇ હતી.

એ વખતના તુકારામબાવા વગેરે સાધુમંડળીઓમાં નારોબાના ચમત્કાર બહુ જોવામાં આવ્યા. તેથી સાધુઓએ તેમને સમર્થ એવું નામ આપ્યું હતું. શિવાજીએ સમર્થની કીર્ત્તિ સાંભળી તેમના દર્શન કરવાની ઇચ્છા કરી બે ચાર વખત ચાંફળખોરે સમર્થનો મુકામ હતો ત્યાં ગયા પણ દર્શન થયાં નહિ તેથી જ્યાંની ખબર મળે ત્યાં ગયા પણ પત્તો લાગ્યો નહિ, એથી શિવાજીએ નિયમ લીધો કે, “સમર્થ સ્વામીના દર્શન કર્યા સિવાય અન્ન લેવું નહિ.” મહારાજા શિવાજી દર્શન માટે વાઇ થઇ માહુલીમાં આવ્યા ત્યારે સમર્થનો કાગળ લઇને એક શિષ્ય આવ્યો તેથી શિવાજી પ્રસન્ન થયા ને ખીંડીમાં સ્વામીને મળ્યા. ત્યાં મહારાજાએ સોનું, જવાહીર વગેરે ઘણું દ્રવ્ય મહારાજાના પગ આગળ મૂકી સ્વામીના ચરણમાં માથું મૂક્યું. સ્વામી શિવાજીની ભક્તિ જોઇ પ્રસન્ન થયા ને મંત્રોપદેશ કર્યો; તથા માથાપર હાથ મૂકી એક નાળીયર, એક મૂઠી માટી, એક મૂઠી લાદ, એક મૂઠી કાંકરા એ વસ્તુઓનો પ્રસાદ આપ્યો. અને રાજનીતિ વિષયનો સારો બોધ આપ્યો. શિવાજીએ ભેટ કરેલું દ્રવ્ય બ્રાહ્મણ વગેરેમાં વહેંચી દીધું. એ દિવસથી શિવાજીની ચઢતીનો સમય શરૂ થયો હતો. શિવાજી ઘેર આવ્યા ત્યારે રાજમાતા જીજી બાઇએ પ્રસાદ જોઇ તેનું કારણ પૂછ્યું.

ત્યારે શિવાજી મહારાજે માટીથી પૃથ્વીનો લાભ, કાંકરાથી કિલ્લાનો લાભ, ને લાદથી ઘોડાનો લાભ થવાનું પ્રસાદનું મહાત્મ જણાવ્યું સ્વામી એકવાર પંઢરપૂર ગયા ત્યારે પંઢરીનાથના દર્શનને બદલે તેજ મંદિરમાં ધનુષ બાણ સહિત શ્રી રામચંદ્રના દર્શન કર્યાં હતાં પંઢરપુર તે અયોધ્યા ને ભીમા નદી તે સર્યુનેરૂપે દેખાયાં એ દઢ ભક્તિનો ચમત્કારજ છે. એક વાર શિવાજી મહારાજ ચાંફળ ગયા તે વખતે રસ્તાના તાપ ને તરસથી અકળાયલા તે જોઇ પાણી માટે સમર્થે એક પત્થર ફેંક્યો તેથી ત્યાં પાણી નીકળ્યું તે આજ પણ ડુબડી નામે પ્રસિદ્ધ જળાશય છે. શિવાજીએ સમર્થને સેવા સ્વીકારવા વિનતિ કરી ત્યારે સમર્થે કહ્યું કે (૧) દર વરસે શ્રાવણ માસમાં એક કરોડ શિવલિંગ કરવાં ને તેને અંગે બ્રાહ્મણ ભોજન કરવું. (૨) દર વર્ષે શ્રાવણ માસમાં બ્રાહ્મણને નિયમપૂર્વક દક્ષિણા આપવી. (૩) જુહારને બદલે મરાઠાએ કાગળમાં રામ રામ કરવા ને અરસપરસ મળતી વખતે પણ રામરામજ બોલવા. તથા બીજી વારની સેવામાં શિવાજી પાસે જે ગામ નહોતાં તેની સનંદ કરી માગી એ પરથી શિવાજીને જણાવ્યું કે તે ગામ તમારા કબજામાં આવશે ને થયું પણ તેમજ. સદાશિવશાસ્ત્રી દેવસજીત થઇને ફરતા હતા તેને શિવાજીના અને સભાના રૂબરૂ એક અતિ શૂદ્ર પણ સમર્થનો સેવક હતો તેની પાસે હરાવ્યા હતા. શિવાજીએ એમના પ્રતાપને લીધેજ મરાઠી રાજ્યની સ્થાપના કરી હતી. સ્વામીના ચમત્કારો અનેક છે તેમાંના થોડા અત્રે આપુંછું.

૧—પાળ ગામમાં સ્વામીનો એક શિષ્ય કૂવામાં પડી ગયો ને મરણ પામ્યો તેને રામ નામથી હાંક મારી જીવતો કર્યો હતો ને તેનું નામ કલ્યાણ પાડ્યું.

૨—એકવાર અચાનક શિવાજી મહારાજ બે હજાર લશ્કરી માણસ તથા ૫૦૦ બ્રાહ્મણો સાથે જંગલમાં સ્વામીના દર્શન કરવા ગયા ત્યાં બધાના ભોજન માટે એક ગુફામાં જાણે માણસની સંખ્યા પ્રમાણે પત્રાળાં ઉત્તમોત્તમ રસોઇથી પીરસેલાં બતાવી સર્વને સંતોષ્યા હતા.

૩—એકવાર રામનવમીના ઉત્સવપર સ્વામી જાંબમાં ગયા હતા ત્યારે બધી રસોઇ પીરસાઈ પણ ઘી આવી પહોંચ્યું નહોતું, તેથી મુંજે નામના બ્રાહ્મણે સ્વામીને તે વાત કહી તેથી સમર્થે એક ગાગર બતાવી કહ્યું કે નદીમાંથી ભરી લાવ, પછી પાણી ભરી આણેલી ગાગરને સ્વામીએ સ્પર્શ કર્યો કે તરતજ ઘી થઇ ગયું ને તે પીરસવામાં આવ્યું. આજ પણ

તે ગાગર મુંજેના ઘરમાં રાખવામાં આવે છે. ઉત્સવને દહાડે તેમાં ઘી ભરે છે, તેથી ઘીનો ટોટો પડતો નથી.

૪—ઈંદોરમાં એકવાર બ્રાહ્મણો પાણીમાં ઉભા રહી વરસાદ માટે અનુષ્ઠાન કરતા હતા તેને સ્વામીએ બહાર કાઢી કોયલા વતી હનુમાનની છબી ચિતરી તે ઉપર અભિષેક કરાવ્યો ને બ્રાહ્મણો બપોરે જમી રહ્યાપછી એકદમ વાદળી ચઢી આવી સર્વત્ર વૃષ્ટિ થઇ પણ સ્વામી હતા ત્યાં કોરૂંજ રહ્યું.

૫—રામઘળીના જંગલમાં પણ એકવાર એ પ્રમાણે ૬૦ બ્રાહ્મણો માટે પત્રાળાં તથા રસોઇ અણધાર્યાં બતાવી સર્વને સંતોષી દક્ષિણાપણ વહેંચી હતી.

૬—નાશક પાસે ટાંકળી ગામની નજીક દશપંચક નામના ગામનો તલાટી મરણ પામ્યો ને તેની સ્ત્રી સતિ થવા આવી. તેનો વિલાપ સાંભળી સમર્થને દયા આવી તેથી શબના ઉપર ગંગાજળ છાંટી જીવતું કર્યું ત્યાર પછી તેને પૂત્ર થયેલ તે સ્વામીને અર્પણ કર્યો, તેનું નામ ઉદ્ધવ ગોસાંઇ પાડયું હતું.

૭—કપિલા છઠને દિવસે માહુલી સંગમ ઉપર સમર્થ નહાવા ગયા. નહાતી વેળા બ્રાહ્મણોએ સ્નાનનો સંકલ્પ કરાવ્યો. સમર્થ પાસે પૈસા નહોતા તેથી નદીમાંના કાંકરા લઇ બ્રાહ્મણોને દક્ષિણા તરીકે આપ્યા. સઘળા બ્રાહ્મણોએ મશ્કરી સમજી કાંકરા ફેંકી દીધા પણ એક બ્રાહ્મણ ધોતીએ બાંધી ઘેર લઇ ગયો ને છોડી જોતાં તે કાંકરા સોનાના જણાયા એ વાત જાણી ફેંકી દેનારાઓને બહુ પસ્તાવો થયો હતો. એ પ્રમાણે અનેક માણસોનાં દુઃખો સ્વામીશ્રીએ ટાળ્યાં હતાં.

સ્વામીએ પોતે શાકે ૧૬૦૩ ના માઘવદી૮ ને શુક્રવારે બ્રાહ્મણ ભોજનનો મોટો સમારંભ કર્યો ને ૯ ને શનિવારને દિવસે પ્રાતઃકાળમાં નાહિ ધોઈ સંધ્યા વગેરે કરી પરબારી મઢીમાં જઇને બેઠા ને રામનામની એક કલાક સુધી ધુન મચાવી છેવટે ૧૧ વાર હરહર શબ્દનો ઉચ્ચાર કરીને પ્રાણને દેહથી છૂટો પાડી રામ સાથે જોડી દીધો.

સ્વામીએ ઠેકાણે ઠેકાણે રામમંદીર તથા હનુમાનજીનાં મંદીરો બંધાવ્યાં છે, પણ કોઇની પાઇ ગ્રહણ કરી નથી. એઓ શ્રીહનુમાનજીનો અવતાર હતા એમ કહેવાય છે. સ્વામીએ પણ દાસબોધ અને રાજનીતિ, વગેરેના ઘણા ગ્રંથો બનાવ્યા છે.

મિરાંબાઈ

મિરાંબાઈનો જન્મ ૧૪૮૦ માં થયો હતો, ને ચિતોડના સૂર્યવંશી રાજા કુંભાને મિરાંબાઈ ૧૪૯૫ માં પરણી હતી. તે બહુ રૂપાળી તથા સદ્‌ગુણી હતી. નાનપણમાં એક દહાડો તે પોતાની માની સાથે દેવદર્શન સારૂ જતી હતી, ત્યારે રસ્તામાં લગ્નનો એક વરઘોડો જતો હતો; તેને જોઈને તેણે પોતાની માતાને પૂછ્યું કે, આ ગડબડ શાની? અને પાલખીમાં આ પાસે પાસે કોણ બેઠું છે? ત્યારે તેની માએ કહ્યું કે આ વિવાહ સમારંભ છે. અને પાલખીમાં બેઠેલા આ વરરાજાનું તેની પાસે બેઠેલી કન્યા સાથે લગ્ન થયું છે, ને તેને પોતાને ઘેર લઈ જાય છે. ત્યારે તેણે વળી એવું પૂછ્યું કે, હે માતાજી, મારૂં લગ્ન ક્યારે થશે? ને મારો વર કોણ? તેના જવાબમાં માએ કહ્યું કે, બાપુ, તારૂં લગ્ન હવે વહેલુંજ થશે ને તારો સ્વામી ગોપાલ કૃષ્ણ મંદિરમાં ગયા પછી તેની માતાએ શ્રી ગોપાલ કૃષ્ણ તરફ આંગળી દેખાડીને લાડથી કહ્યું કે, બાપુ, જોજે આ તારા સ્વામી. ને તે તેને ખરૂં લાગ્યું અને તે શ્યામસુંદર મનોહર રૂપ જોઈને તેની મૂર્તિ તેના મનમાં એટલી ઠસી ગઈ કે, તે રમતમાં સુદ્ધાં તેવી મૂર્તિ કરીને તેની પૂજા કરતી. તેના નાનપણની આ બાળચેષ્ટાની રમતથી સૌને કુતૂહલ થતું ને આનંદ લાગતો; પણ પછી ખરેખરા લગ્નનો વખત આવી પહોંચ્યો, ત્યારે રીત પ્રમાણે લગ્નનો સમારંભ તો થયોજ, પણ તેથી હવે સાસરીમાં જવાનું ઠર્યું. ત્યારે તો તેણીએ કહ્યું કે, મને શ્રીગોપાલ કૃષ્ણ વગર અન્ય ભરથાર નથી, તેને મૂકીને હું જરા વાર પણ બીજે ઠેકાણે જવાની નથી. ત્યારે તેની સાથે ગોપાલ કૃષ્ણની મૂર્તિ આપી અને જેવી તેવી રીતે મનાવીને તેને સાસરીમાં વળાવી. ત્યાં એના સાસરામાં નવી વહુ આવે તેને બહારનો કાંઈ વળગાડ ન લાગે તે માટે બુદ્ધામંગલ નામના દેવને પગે લગાડવાનો ચાલ હતો. તે પ્રમાણે તેને પણ ત્યાં પગે લાગવા કહ્યું. તો તેનો તેણે ચોખ્ખો જવાબ વાળ્યો કે, હું એક ગોપાળ કૃષ્ણ વગર કોઈને પગે લાગતી નથી. તેથી તેની સાસુને લાગ્યું કે વહુ ઘણી ખરાબ તથા જક્કી છે. અહીંઆં એ સારી રીતે ઘરસંસાર ચલાવે એમ લાગતું નથી! એ ધારણા ખરી પડી, ઉમર લાયક થઈ તોપણ તેનું ધ્યાન સંસારમાં ન લાગ્યું. તેણે પતિની સાથે લોકાચાર પ્રમાણે વર્તન ન રાખ્યું; એ ત્રાસથી ઘણા કંટાળી જઈને સાસુ સસરાએ તેને આખરે ગિરિધર ગોપાલકૃષ્ણના મંદિરમાં રાખી, ને દિકરાને બીજી કન્યા પરણાવી.

હવે મિરાંબાઈ ગોપાલકૃષ્ણની ઉત્તમ પ્રકારે સેવા કરવા લાગી. અને તેના ભજન પૂજનમાં રાત દહાડો રહેવા લાગી. એ ખબર ચોતરફ*થતાંજ જૂદા જૂદા પ્રદેશના સાધુ સંતો તેનાં દર્શન સારૂ આવવા માંડયા. તેમની સાથે તે ભજન તથા કીર્તન કરવા લાગી. એટલે કેટલાક ખંધા લોકોએ, મિરાંબાઈ સાધુ સંતાદિ પરપુરૂષોની સાથે સહવાસ રાખે છે, એ વર્તણુક આપણા રજપૂત કૂળની આબરૂને બટ્ટો (કલંક) લગાડનારી છે એવું તેના સાસુ સસરાના મનમાં ભેરવી દીધું. તેથી એ વાતનો બંદોબસ્ત કરવા, કોઈ પણ પરપુરૂષ એ મંદિરમાં ન જઈ શકે તે સારૂ સાસુ સસરાએ મંદિરની ચોતરફ પહેરા બેસાડયા અને મીરાંબાઈને મારી નાંખવા ઝેરનો અર્ક તૈયાર કરાવી, આ દેવતીર્થ છે એમ કહી, પોતાની કન્યાને હાથે તેને તે અપવાની તજવીજ કરી. રાજાના પ્રમાણે તેની પુત્રી મીરાંબાઈની નણંદ વિષનો પ્યાલો લઈને ભોજાઈ પાસે ગઈ. જઈને પિતાની આજ્ઞાનુસાર ' આ તીર્થ છે ' એમ કહીને તે પ્યાલો મીરાંબાઈની આગળ ધર્યો; પણ તેના પેટમાં દયા આવી કે વિના કારણ અમે એનો જીવ લઈએ છીએ, એ વાત સારી નથી, આખરે તેના મનની ગ્લાનિ પ્રકટ થઈ.

તેણે મીરાંબાઈને બધો વૃત્તાંત ખરેખરો કહી દીધો; કહ્યા વિના રહેવાયુંજ નહિ અને વિશેષમાં કહ્યું કે આ તું ન પીતી. ત્યારે તેણે કહ્યું કે ના, એ ગોપાલકૃષ્ણનું તીર્થજ છે, જમનાજીમાં કાલિંદ સર્પની ફેણ ઉપર નૃત્ય કરનારા શ્યામસુંદર પ્રભુની તેજસ્વી મૂર્તિ મને એમાં દેખાય છે, તેથી જરૂર હું એ પીશજ; તમે બીશો નહિ. એમ કહીને તેણી તે વિષ સત્વર ગટગટાવી ગઈ. પ્રભુની પૂર્ણ કૃપા હોય તો વિષથી પણ શું થાય? તે તો ઉલટું અમૃતરૂપ બન્યું એ વિષે દોહરો પ્રસિદ્ધજ છે.

चरणामृत कहि विष दियो भयो सुमंगल मूल ॥

અસ્તુ—નણંદ ઘેર ગઈ. મીરાંબાઈ ભક્તિ રસમાં ચકચૂર થઈને પ્રભુની પ્રાર્થના કરવા લાગી કે, "હે ભગવાન ભક્તજનો પ્રેમ સાથે આપનું ધ્યાન કરીને આપને બોલાવે એટલે આપ સત્વર દોડી આવો છો, એવી આપની કીર્તિ છે. અને મેં તો છેક નાનપણથી આપની સાથે વિવાહ કર્યો છે ને રોજ આપને હાંકો મારૂં છું એમ છતાં, એક વખત સુદ્ધાં આપના દર્શનનો લાભ મને ન થયો, તેથી હું મોટી પાપી છું એમાં શક નથી. હવે જો આપ દર્શન નહિ આપો તો હું આ દેહ રાખવાની નથી. વિષપ્રાશન કર્યું છે તેનું પરિણામ થઈને દેહ નષ્ટ થાય તો સારૂંજ છે. એટલે તેથી સુકેજ

આપના ચરણારવિંદને પામીશ." એ પ્રાર્થના સાંભળીને પ્રભુને ઘણી દયા આવી. તેના ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી રાત્રે શ્યામસુંદરરૂપ ધારણ કરીને પ્રભુએ તેને તેની ઇચ્છા પ્રમાણે પ્રત્યક્ષ દર્શન આપ્યાં, પછી તો દરરોજ એ પ્રમાણે ક્રમ ચાલવા લાગ્યો. એથી મિરાંબાઇનો આનન્દોદધિ ક્યમાં પણ સમાયો નહિ. બંને જણ ચોરસ રમતાં હતાં તેનો અવાજ પહેરાવાળાઓને કાને પડવા લાગ્યો તેથી તેમના પેટમાં ફાળ પડી કે હવે આપણી નોકરીપર પાણી ફરશે! આટલી મોડી રાતે ચોતરફ પક્કો બંદોબસ્ત છતાં અહીં પરપુરૂષનો પ્રવેશ શી રીતે થયો? તેમણે બારણાંની ફાટમાંથી ધીરે રહીને જોવા માંડયું તો કોઇ પુરૂષ તો નજરે ન પડયો; પણ "છત્તાન-નવ, પત્ર-બાર, કચ્ચી તેર" એવા પુરૂષના અવાજ માત્ર સારી પેઠે સંભળાવા લાગ્યા. છેલ્લે તેમણે નિશ્ચય કર્યો કે ગમે તેમ હો, પણ આ વાતની ખબર તો રાજાને કહેવી જોઇએ. તેથી તેમણે તે પ્રમાણે સવારમાં રાજાને વરદી આપી. રાજાને ઘણો ક્રોધ ચઢયો અને તે દિવસે રાત્રે હાથમાં તરવાર લઇને તે પેલા મંદિરમાં પેઠો. જોરથી બારણું ઉઘાડીને અંદર ગયો તો તેની નજરે મિરાંબાઇ કોઇ પરપુરૂષ સાથે ચોસર બાજી રમે છે એમ આવ્યું એટલે તે તેમના ઉપર તલવાર કાઢીને દોડયો, તો ગોપાલકૃષ્ણ, આગળ નાસવા માંડયા ને મિરાંબાઇ તેમની કેડે બાઝી પડીને કહેવા લાગી કે અરે દીનવત્સલ! મને તે વળી આવે સમે છોડીને ક્યાં જાઓ છો? આવી રીતે કરૂણસ્વરે કહેતી કહેતી તે તેમની પછવાડે ગઇ ને આખરે તે બન્ને જણ પેલી પાષાણની મૂર્તિમાં પેસીને અંતર્ધાન થઇ ગયાં. અંતર્ધાન થતાં થતાં, તેની સાડીની થોડી કિનાર જરાક બહાર રહી ગઇ. રાજા ગભરાઇને આમ તેમ જોવા લાગ્યો પણ ત્યાં પુરૂષ નથી, સ્ત્રી નથી, કાંઇજ નથી. આ બનાવ બન્યો, તેથી તે પેલી મૂર્તિ પાસે જઇને નિહાળી નિહાળીને જોવા લાગ્યો તો પેલી સાડીની કિનાર તેની નજરે આવી. તેથી તો તે બહુજ ગભરાયો, અને વિચાર્યું કે હું કાંઇ સ્વપ્નામાં છું કે મને કાંઇ ભ્રાંતિ થઇ છે? સ્ત્રી કહીએ તો તે દેખાતી નથી; તદ્દન મૂર્તિ દેખાય છે; વારૂ તે નથી એમ કહીએ તો સાડીની કિનાર બહાર જણાય છે. "એવા અનેક પ્રકારના વિકલ્પ ઉત્પન્ન થઇને તે ઘણો ગોટાળામાં પડયો, તેનું વર્ણન કવિએ કર્યું છે કેઃ—

कि सारीमध्य नारी है। कि नारीमध्य सारी है॥
कि सारी है कि नारी है। किनारी है कि सारी है॥

સારી-સાડી "સાડીમાં નારી છે કે નારીમાં સાડી છે ? તદન સાડીજ છે કે નારી છે ? સાડી હોય તો તે આખી છે કે એકલી કિનારજ છે ? એવા તુરંગમાં તેની મતિ ગુમ થઇ. ત્યારે આકાશવાણી થઇ કે, "આ તારી વહુ ભક્ત શિરોમણિ, પરમ પવિત્ર, ઉભય કુળને તારનાર એવી હતી, તે હવે ગોપાલકૃષ્ણના સ્વરૂપમાં ભળી ગઇ છે." એ શબ્દ સાંભળતાંજ રાજા ત્યાંને ત્યાં ઠરી ગયો. હું કેવો અધમ ! કેવો પાપી ને કેવો નીચ ! કે આવું અઘોર કૃત્ય કરવા પ્રવૃત્ત થયો ! એવું કહીને પેલી ઉઘાડીતરવાર પોતાનાજ પેટમાં ભોકવા લાગ્યો, એટલામાં તેના ઉપર પણ અનુગ્રહ કરવાની બુદ્ધિથી શ્રી કૃષ્ણજીએ પોતાનું રૂપ ફરી પ્રગટ કર્યું, તેનો હાથ ઝાલ્યો ને તેને કૃતાર્થ કર્યો. કારણ એ રાજા પણ મોટો પ્રેમાળ ભક્ત હતો અને માટેજ શ્રી કૃષ્ણજી રમતા હતા તે ત્યાંથી ઉઠીને નાસી જવા લાગ્યા, ત્યારે તેમનાં દર્શન તેને થયાં હતાં. બાકી અધમ પામર જીવને તો એટલી દર્શન પ્રાપ્તિ પણ ક્યાંથી થાય ? પણ આ તો ફક્ત લોકોના કહેવાથીજ આ કૃત્યમાં ફસાઇ ગયો હતો અને તેનો એને પશ્ચાતાપ પણ થયોજ; ફરી દર્શન પણ મળ્યાં સારાંશ કે:—"**ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम्.**" એવું જે ભગવાનના શ્રીમુખનું અભિવચન છે, તેને અનુસરીને તે પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરેછેજ.

દામાજીપંત.

મુસલમાની રાજ્યની શરૂઆતમાં એટલે ચૌદમાં સૈકામાં પંઢર પુરથી દક્ષિણમાં છએક ગાઉ ઉપર મગળવેઢા કરીને ગામછે ત્યાં મુસલમાન બાદશાહ તરફથી દામાજીપંત કરીને એક બ્રાહ્મણ સૂબાની નોકરીમાં હતા. તે દામાજીપંત પોતે બ્રાહ્મણ ધર્મમાં ચુસ્ત હોવાથી પોતાનું નિત્યકર્મ કેજે ત્રિકાળસંધ્યા, બ્રહ્મયજ્ઞ નિત્યતર્પણ, વૈશ્વદેવ, શિવપંચાયતનપૂજા તથા અતિથિસત્કાર વગેરે ગૃહસ્થધર્મના કર્મ ઉત્તમરીતે કરતા હતા. એમને એવો નિયમ હતો કે દરરોજ વધારે નહિ તો એક પણ અતિથી (એટલે ભોજન સમયે ભોજનની ઇચ્છા વાળો આવી પહોંચેલો માણસ) ને ભોજન કરાવ્યા સિવાય પોતે ભોજન કરવુંજ નહિ. એક સમય એવો આવ્યો કે દક્ષિણમાં સર્વત્ર દુકાળ પડયો ને સર્વ માણસો ભૂખના દુઃખથી પીડાવા લાગ્યાં. તેવખતના રાજના ધારા મુજબ જમીનના કરને પેટે પાકેલાં અનાજ વગેરેનો હિસ્સો ઉઘરાવી તેમાંનો અમુક ભાગ

શંજ્યકોઠારમાં સંઘરી રાખતા તે પ્રમાણે ગયા વર્ષનો અનાજનો એક જ-થો મંગળવેઢામાં દામાજીપંતના તાબામાં રાખેલો હતો. ભૂખના દુઃખથી કં-ટાળેલા માણસો એકઠા થઈ ઉપાય શોધવા લાગ્યા તેઓમાંનો એક બ્રાહ્મ-ણ જે પોતાનાં બાઇડી છોકરાંને ચાર પાંચ દિવસના અપવાસ થવાથી આક્રંદ કરતાં ન જોવાવાને લીધે ઘણો અકળાયલો હતો તે બોલી ઉઠયોકે દામાજી-પંત હમેશાં અતિથિને ભોજન કરાવે છે માટે તેને ત્યાં ચલો. એ સાંભ-ળી ક્ષુધાતુર થયલા સર્વેજણ મંગળવેઢે જવા માટે ચાલતા થયા. સઘળું ટો-ળું ત્યાં પહોંચ્યું તે વખને મધ્યાહ્નનો વખત થયલો હતો તેથી દામાજી પંતની સ્ત્રી ને દામાજીપંત બનેજણ અતિથિની રાહ જોતાં ઉભાંહતાં એટ લામા સામેથી ભૂખના પોકાર કરતું મોટું ટોળું આવતું જોઇ આનંદ પામ્યા ને ઘરમાં આજ્ઞા કરીકે આવેલા સર્વ અતિથિઓ માટે રસોઇ તૈયાર કરાવો. (કારણકે આટલાં બધાં માણસોની રસોઇ તૈયાર નહોતી) ને ટોળાના સર્વ મા-ણસોને ખબર આપીકે રસોઇ તૈયાર થતાં સુધી આપ સૌ થોભો, વધારે વાર નહિ લાગે. આવું સાંભળતાં બાઇડી છોકરાંને માટે અન્ન ખોળવા નીક-ળેલો પેલો બ્રાહ્મણ બોલી ઉઠયો કે મહારાજ ઘેર બાઈડી છોકરાં ભૂખે ટળવળે ને અમે નિરાંતે ખાઇએ તો અમારાં માબાપને પણ ધિક્કાર છે, માટે મહારાજ રસોઇનું માંડી વાળી અમને થોડું થોડું અનાજ આપી વિદાય કરો. અતિથિને ઇશ્વરરૂપ માનનાર દામાજીપંત દિલગીર થયા કે આ સઘળા માણસો ભૂ-ખ્યા જાય એ ઠીક નહિ એમ ધારી પોતાની સ્ત્રી સામું જોયું ત્યારે તે ધર્મપત્ની હાથ જોડી બોલી કે મહારાજ ફિકર શું કામ કરોછો. દરબારી અન્નના કોઠાર ભર્યાછે તેમાંથી સર્વને આપણે સંતોષ પમાડીશું. અને આ બ્રાહ્મણનાં બા-ઇડી છોકરાં માટે તો હાલ તરત એને ઘેર થોડું અનાજ મોકલી આપો એ-ટલે એ જમશે. નિરાશ થવાનું કંઇ કારણ નથી. સ્ત્રીનું વચન સાંભળી ધર્મ પાલન કરવામાટે ભયને દૂરકરી તે બ્રાહ્મણને સંતોષ પમાડી ટોળાના સર્વ માણસો સાથે જમાડયો ને પજેલાગ્યો. આવેલા માણસો માટે કોઠાર ઉઘાડી આપી જેનાથી જેટલું લઇજવાય તે પ્રમાણે અનાજ લઇજવા દીધું, એથી કોઠાર ખાલી થયા, આ વાતની ખબર દામાજીપંતના દ્વેષીઓએ પાદશાહને જાહેર કરતાં સુબાને પકડી મંગાવવા માણસો મોકલ્યાં. આથી દામાજીપંત પ્રથમતો ગભરાયા પણ ઇષ્ટદેવના ઉપર શ્રદ્ધા રાખી ધર્મપત્નીને રક્ષણસારૂ પંઢરપૂર મુકવા નીકળ્યા. રસ્તામાં પંઢરપૂર આગળ આવતાં પંઢરીનાથના દર્શન કરી સ્ત્રીને મંદિરમાં સોંપી પંઢરીનાથની સ્તુતિ કરી કે હે અશરણ

શરણ ભગવાન લાજ રાખવી તમારા હાથમાં છે. હું જીવતો આવું કે ન આવું તોપણ આ સ્ત્રીનું રક્ષણ કરજો, એમ કહી ચાલવા માંડયું. અંતરજામી પ્રભુ સ્વધર્મ પાળનાર ટેકીને સહાય થવામાટે પોતે ઢેડનો વેશ લઇ એક થેલીમાં સોના મહોર ભરી દરબારમાં ગયા ને ખબર કહી કે મંગળવેઢાથી દામાજીપંતે વીઠલા માહાર (ઢેડ) ને અનાજનું નાણું લઇ જમા કરાવવા મોકલ્યોછે. તે પરથી પાદશાહે લેણી નીકળતી રકમ જોવરાવી સોના મહોરો તે પ્રમાણે ગણી લેવરાવી. નાણું લેનાર માણસે એકજ નાની કોથળીમાંથી આટલી મહોરો વીઠલા માહારે કાઢી આપી તે તથા ઢેડ છતાં મનોહર મૂર્તિછે એવાં વખાણ કર્યા. પાદશાહ તે સાંભળી વીઠલાને જોવા આવે છે એટલામાં વીઠલો ક્યાંનો ક્યાં જતો રહ્યો! પાદશાહને આથી દામાજીપંત તરફ ચલાવેલી વર્તણુક માટે પસ્તાવો થવા લાગ્યો, માટે પાલખીમાં બેસાડી લાવવા હુકમ કર્યો. રસ્તામાં દામાજીપંત એક ઠેકાણે નદી કિનારે સ્નાન સંધ્યા કરવા બેઠા ને પાઠની પોથી ઉઘાડવા જતાં વીઠલા માહાર સાથે નાણાની મોકલેલી રકમની પાદશાહના હાથની પહોચ જોઇ એટલામાં સામેથી દરબારી પાલખી આવી. લેવા આવનાર અનુચરોએ સઘળી હકીકત કહેવાથીસત્યધર્મનું પાલન કરવા માટે પરમાત્માને મારે સારૂ ઢેડનો વેષ લેવો પડયો તે સારૂ દીન દયાળુ પ્રભુની પ્રેમાશ્રુના જળ વડે અભિષેકાત્મક પૂજા કરી વારંવાર ક્ષમા માગવા લાગ્યા ને કેવળ બ્રહ્માનંદના અનુભવમાં લીન થયા. દરબાર આગળ ગયા પછી સઘળી હકીકત જાહેર થતાં પાદશાહની વીઠલા માહારને જોવાની ઇચ્છા થઇ ને દામાજીપંતની માફી માગી વીઠલાના દર્શન કરાવવા કહ્યું. દામાજીપંત પાદશાહ સાથે પંઢરપૂર આવ્યા. ત્યાં પાદશાહ બહાર ઉભા રહ્યા ને દામાજીપંતે પંઢરીનાથની સ્તુતિ કરી જેથી પાદશાહને વીઠલારૂપે ને પાછળથી પંઢરીનાથને રૂપે દર્શન દીધાં. એ સદ્ધર્મી નોકરના પૂન્ય પ્રતાપે રાજા પ્રજા સર્વનું કલ્યાણ થયું. એ સ્વધર્મ પાલનના ટેકનો પ્રભાવજ! બીજું શું હોય! દક્ષિણમાં દામાજીપંતના ઇતિહાસ વિષે ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે. ભારતભૂમિમાં એવા ધર્મ પાલન કરના રાઓ વારંવાર ઉત્પન્ન થાઓ, તથાસ્તુ.

शुद्धि पत्रक.

પૃષ્ટ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨	૧	भवानी शंकराभ्या	भवानी शंकराभ्यां
,,	૨	ज्योति मात्र	ज्योति र्मात्र
૩	૨૨	અશક્ય	અસમર્થ
૫	૧૮–૧૯	(પોતાની ધર્મપત્ની સાથે)	એ શબ્દો ન જોઇએ
,,	૨૬	अथ्यान्यदपि	अथान्यदपि
,,	૨૭	येनाष	येनाशु
,,	૨૯	મહાત્મ્ય	માહાત્મ્ય
૬	૩	બાજુ	(બાજુ)
૯	૨૫	ગ્રહીલે	ગ્રહીને
૧૧	૭	દર્શણ	દર્શન
૧૭	૨૪	परमाद्भूत	परमाद्भूतं
૧૮	૧૫	ભોળે	એ શબ્દ ન જોઇએ
૨૧	૩	कित्तये	कित्तंये
૨૫	૧૫	ન દોષ	પ્રદોષ
૨૮	૨૯	परिहाराथः	परिहारार्थं
૨૯	૧૨	માહિકાના	માતૃકાનું
,,	,,	ધ્યાના	ધ્યાના–
૩૧	૨૪	જંતુના	જાતનાં
૩૨	૮	પ્રગટયો	પ્રગટો
,,	૧૬	કૃપાળ	કૃપાળ,
,,	૨૮	શાન્તિ	શાન્ત
૩૩	૪	બાંધી જ જેરે	બાંધીજ લેરે
,,	૮	રાજપુત્ર વિના	રાજપુત્રવિના
૩૪	૧	સરખો માલમ પડેછે	સરખો પુત્ર માલમ પડેછે
,,	૩૧	ગયાં	ગયા
૩૫	૧	ગંધર્વ પતિએ	ગંધર્વપતિ
૩૬	૮	कुर्वानरन्त	कुर्वंतिरंत
,,	૧૩	शास्तं	शातं
૩૯	૬	કરતુમ કરતુમન્યથા	કરતુમ, કરતુ મકરતુ મન્યથા કરતુ, મનિવારીત
,,	૧૩	બિચારો	તારો
,,	૨૦	એ	એવો
૫૫	૨૭	विश्वव्यापिनयमीश्वरम्	विश्वव्यापिनमीश्वरम्,
૫૬	૪	પ્રાકાશ	પ્રકાશ
૬૩	૩	महीपतिः	महीपतिं ॥

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
,,	૧૫	દયાસિંધો	દયાસિંધો
૬૬	૨૯	કહીને	કહીને
૬૭	૭	કરીને	કરીને
,,	૨૧	છોડકર	છોડ
૬૯	૧૬	થયો	થયાં
,,	,,	પૂવ	પૂર્વ
૭૨	૨૪	કેટલોક	કેટલાક
,,	,,	બંગલા	બગલા
,,	૨૫	કઢિમુખ	દિમુખ
૭૩	૯	વાસા	વાળા
,,	૧૮	વાન પુરૂષને	વળી પુરૂષને
,,	૩૧	सद्योनातम्	सद्योजातम्
૭૪	૧	अंघ्रारोव	अंघ्रारति
,,	,,	जानस्तोके	मानस्तोके
,,	૩	आयुपम्	त्र्यायुषम्
,,	૩	સુંધ	સ્કંધે
,,	૪	કરવું	કરવી
,,	૮	અંગુઠાએ	અંગુઠાએ કરેલી
,,	૧૪	અશ્વવ	અશ્વ
૭૫	૧	ઉધ્ધરણ	ઉદ્ધરણ
,,	૮	સાપુજ્ય	સાયુજ્ય
,,	૧૦	શ્રેયસુર	શ્રેયસ્કર
,,	૧૧	મહાત્મને મતને	માહાત્મ્ય મેં તમને
,,	,,	પ્રાણીઆમાં	પ્રાણીઓમાં
,,	૨૯	किर्ति	कीर्ति
,,	,,	ससते	संसृते
,,	,,	हेतु	हेतुं
,,	,,	शिवयोगी	शिवयोगि
,,	,,	शांध्र	शांघ्रि
,,	૩૦	स्र्वयांति	स्वयांति
,,	,,	ज्ञासिमाळे	ज्ञासिमाळे
,,	,,	जनन्या	जनन्या
,,	,,	भजस्तः	भजेरन्:
૭૬	૧	वेदवेदांगत	वेदवेदांग
,,	,,	तत्त्वज्ञे	तत्वज्ञे ।
,,	,,	गुंरुभिं	गुरुभिं
,,	,,	ब्रह्मयादिभिः	ब्रह्मवादिभिः

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
,,	૨	સદ્ય	સદ્યઃ
૭૭	૧૦	રાજપુત્ર વિનોદ	રાજપુત્રે વિનોદમાં
,,	૧૯	ક્યાં	કયાં
૭૭	૨૩	થયલો	થયલા
	૩૦	પરાર્થ	પરાર્થે
,,			
૭૮	૧	પૂવે	પૂર્વે
,,	૪	ચંડક	ચંડક
,,	૮	ધારીને	ધરીને
૭૯	૧૬	पुरुयोस्ति	पुरुषोस्ति
,,	૧૮	धर्मोत्तमात्तमम्	धर्मोत्तमोत्तमम्
	૨૭	વદરથ	વેદરથ
૮૦	૧૯	પાથીજો	પામીને
,,	૨૧	ઉપર	ઉખર
૮૨	૫	બ્રાહ્મણનું	બ્રાહ્મણના
૮૩	૧૬	શ્વજન	પૂજન
૮૪	૫	પ્રથમથી	પ્રથમની
,,	૮	સ્રીને	(સ્રીને)
,,	૨૫	વસ્પ્નમાં	સ્વપ્નમાં
,,	,,	નગરમાં	નગરના
૮૫	૧૮	વિદ્વાનોના	વિદ્વાનોને
૮૬	૧	સવ	સર્વ
,,	૯	પવ	પર્વ
૮૯	૧૪	રમતાં	રમતા
,,	૧૬	સુનાના	સોનાના
,,	૧૮	રૂદ્રાક્ષના	રૂદ્રાક્ષના અલંકારે
૯૦	૭	નિરંનર	નિરંતર
,,	,,	વીનોદ	વિનોદ
,,	૧૫	નિરભીમાની	નિરાભિમાની
૯૧	૧	શીવલીંગ	શિવલિંગ
,,	૧૫	શાન્તિ	શાન્ત
,,	૩૦	પણ	એ શબ્દ ન જોઇએ
૯૨	૭	વાર	વા'ર
,,	૧૨	સામું	સામા
,,	,,	ધ્યાન	દયા ન
,,	૩૦	પ્રેવેશ	પ્રવેશ
૯૩	૧૦	કૌલાસ	કૈલાસ
,,	૧૫	મારા	ત્હારા

પૃષ્ટ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
,,	૨૦	समुद्दाहृता	समुदाहृतो
,,	૨૪	प्रा जलि	प्रांजलिः
,,	,,	प्रावित्	परात्
૯૪	૨૨	પરાદુઃખ	પરાઙ્મુખ
,,	૨૮	મા	જો
,,	૨૯	કહેછે	રહેછે
૯૬	૧	પામેશ	પામશે
,,	૩	રૂદ્રાધ્યાનો	રૂદ્રાધ્યાયનો
૯૯	૨૪	હેતા	રહેતા
૧૦૦	૬	દેવલાયમાં	દેવાલયમાં
,,	૧૨	ચીંતા	ચિંતા
૧૦૧	૭	ચીત્ત	ચિત્ત
૧૦૨	૬	પીશાચ	પિશાચ
૧૦૩	૨	શીવગણ	શિવગણ
,,	૮	वि भेद	विभेदै
,,	૯	चबहिरंत वां	च बहिरंत वां
,,	૧૨	मनं तानंत	मनंतानंत
,,	,,	सांद्रंप्र पचे	सांद्रं प्रपचे
,,	૧૯	અત્રણે	એ ત્રણે
,,	,,	શીવરાત્રી	શિવરાત્રી
૧૦૪	૨	વનેચર	વનચર
,,	૩	સુર્ય	સૂર્ય
,,	૫	થયાં	થયા
,,	૧૮	તથા	તે
,,	૨૭	વ્યાધ સતમ	વ્યાધસત્તમ
,,	૨૯	તમને	તે મને
,,	૩૧	આખી લીટી કાઢી નાખવાની છે.	
૧૦૫	૨	પછી	પાછી
,,	,,	તૃમ	તૃમી
,,	૨૫	તૃપ	તૃમ
,,	૨૭	સાંળળ	સાંભળ
૧૦૬	૧	પછી	પાછી
૧૦૭	૧	જે માણસ	એ શબ્દો ન જોઇએ
,,	૭	જે	એ શબ્દ ન જોઇએ
,,	,,	કરે છે	કરે છે તેને
,,	૨૨	ધિક્કાર	ધિક્કાર
૧૦૮	૩૨	સાયુજ્યપણાને	સાયુજ્યપણાને

અગાઉથી ગ્રાહક થનાર સદ્ગૃહસ્થોનાં મુબારક નામો.

ભરૂચ.

રા. રા. મોતીલાલ ચુનીલાલ દેશાઇ. ૫
રા. રા. લખમીરામ મહીપતરામ ૫
,, ગોપાલ બળવંત ૧
,, ધીરજલાલ ૧
,, હીરાલાલ ગોકળભાઇ ૧
,, ગૌરીશંકર રણછોડ ૧
,, ઘેલાભાઇ પ્રભાશંકર ૧
,, અનુપરામ રામચંદ્ર ૧
,, શ્રીધરવિષ્ણુ કાથવડે ૧
,, ભવાનીશંકર રામશંકર જોશી. ૧
,, માણેકલાલ ગુલાબરાય દેશાઇ. ૧
,, ભગવંતરાય કાંશીભાઇ ૧
,, કસનજી રણછોડજી ૧
,, ઝીણાભાઇ પરાગજી ૧
,, હરિકૃષ્ણ રણછોડજી ૧
,, ત્રંબકલાલ હિમતરામ ૧
,, સીતારામ આબાજીરાવ ૧
,, નરભેરામ ૧
,, દુરગારામ શંભુરામ ૧
,, ઠાકોરલાલ અમ્રતલાલ ૧
,, ઠાકોરલાલ તુળશીદાસ ૧
,, માણેકલાલ મૂળચંદ ૧
,, સાકરલાલ ડાહ્યાભાઇ વકીલ. ૧
,, નરહરીશંકર રમાશંકર ૧
,, રતનરામ જીવણરામ ૩
,, કૃષ્ણલાલ ઉત્તમરામ મલજી. ૧
,, મગનલાલ મોતીલાલ વકીલના. ૧
,, મણીલાલ ત્રિભોવનદાસ ૧
,, ૫. નાથાભાઇ બાપુભાઇ ૧
,, સાકરલાલ ગોરધનદાસ ૧
,, નાનાભાઇ ગોવિંદલાલ ૧
,, પુરશોત્તમ કાશીભાઇ ૧
,, મોહનલાલ ઉત્તમરામ ૧
,, કૃષ્ણાવલ્લભ દલપતરામ ૧
,, ઠક્કર દયાળજી જગજીન ૧
,, અંબાલાલ બહેચરદાસ ૧
,, મુકુન્દરાય શ્રીપતરાય ૧
,, માણેકલાલ સાકરલાલ ૧
,, રેવાશંકર દલપતરામ વ્યાસ. ૧
રા. રા. ધનસુખરામ ધીરજરામ ૫
રા. રા. સાકરલાલ બાળવંતરાય ૧
રા. રા. ચંદુલાલ નગીનદાસ સુખડીઆ. ૧
" મગનલાલ હરદેરામ ૧
,, નૃસિંહ પુસ્તકાલય ૧
,, મોતીરામ દયાશંકર પંડયા. ૧
,, રામજી કીકાભાઇ ૧
,, રતનચંદ કેશવજી ૧
,, બાળકૃષ્ણ મંછારામ ૧
,, નર્મદાશંકર જગનાથ ૧
,, નવનીતલાલ બહેચરદાસ ૨

,, ભોગીલાલ પરસોતમદાસ ૨
,, બાઇ ગુલાબ ગીરજાશંકર ૧
પરસોતમની દીકરી
,, લાલભાઇ ગોપાળદાસ ૧
,, ચત્રુભુજદાસ માધવરામ ૧
,, ગોગીલાલ બાપુજી ૧
,, કાળીદાસ તુળશીદાસ ૧
,, મણિલાલ નથુરામ ૧
,, ગોરધનદાસ હરકીશનદાસ ૧
,, મોતીરામ દયાશંકર પં-
ડ્યા. ૧

દસાડી.

,, કલ્યાણરાય શીવલાલ ૧
,, હરરાય મૂળશંકર ૧
,, ચંદ્રશંકર પ્રાણશંકર ૧
,, મોહનલાલ પ્રાણજીવન ૧
,, જેશંકર દયાળજી ૧
,, દયાશંકર શિવરામ ૧
,, પરસોતમરાય છોટાલલ ૧
,, ભૂપતરાય દલપતરામ ૧
,, પોપટલાલ વેલસી ૧
,, કરસનદાસજી ઇંદરજી ૧
,, હરિશંકર આદીતરામ ૧

ઝાડેશ્વર.

,, બીખાભાઇ ૧
,, ધનેશ્વર પુરાણી ૧
,, કાશીભાઇ ઝવેરભાઇ પ. ૧
,, અમીન કાળીદાસ પર-
ભુદાસ. ૧
,, લલ્લુભાઇ પટેલ. ૧

ધરમપોર.

,, મહારાણા સાહેબ, બર્જ-
દેવજી. ૧
નારણ દેવજી

આડવી.

રા. રા. ખુશાલસીંગજી હમીર-
સીંગજી. ૧
,, અનુપરામ દાજીભાઇ. ૧
,, ગીરજાશંકર હરિનારાયણ ૧

ગોથાણ.

,, ભગવાન પરભુ નાયક. ૧
,, રતનજી કસનજી. ૧
,, જેસીંગજી હીમતસીંગજી. ૧
,, રણછોડજી રઘનાથજી. ૧
,, છીતા અદીભાઇ. ૧

હાંસોટ.

,, ભગુભાઇ પ્રાણવલવ, ૧
,, સાકરલાલ દુવારકાંદાસ ૧
,, બાળમુકનદાસ પ્રાણજીવ-
નદાસ. ૧
,, હરિનારાયણ માધવરામ ૧

વડોદરા.

,, ભાનુશંકર ઇચ્છારામ
જોશી. ૧
,, માધવલાલ કાળીદાસ. ૧
,, મણીભાઇ ડાહ્યાભાઇ. ૧
,, મકનજી ભીખાભાઇ. ૧

ભૂજ.

,, નથુરામ જગનાથ. ૧
,, જેશંકર દાજીભાઇ. ૧
,, હરિકૃષ્ણ નરશીરામ જોશી ૧
,, રામજી ત્રિકમજી. ૧

કાવી.

દલસુખરામ જયશંકર વ્યાસ. ૫

અદાડા.

,, મણિપ્રસાદ વિષ્ણુરામ.૧૦

ભદેલી.

,, પરાગજી નાનાભાઇ. ૩
,, ભીખાભાઇ અખુભાઇ. ૧

દમણ.

,, જનાર્દન ભાસ્કરરાવ કરણીક. ૧

ઉમર સાડી.

,, ભાણાભાઇ કેશવજી. ૨૫

બોરસદ.

,, સુરજરામ મહીપતરામ.૧૦

ધરાસણ.

,, ખંડુભાઇ નાગરજી. ૧૮

વાવ.

,, નાગરજી રઘનાથજી. ૧

સરખેજ.

રા. રા. શાસ્ત્રી પ્રેમાનંદ કેશવરામજી. ૧
,, ત્રવાડી. લક્ષ્મીરામ ઇશ્વલાલ. ૧
,, કેશવલાલ છગનલાલ. ૧
,, દામોદરદાસ રણછોડજી. ૧
,, ડાહ્યાશંકર બાપુજી. ૧
,, ગીરધરભાઇ હરિનારાયણ.૧
,, લલ્લુભાઇ મોતિરામ. ૧

રૂપાલ.

રા. રા. યાજ્ઞીક ભગવાન મોતીરામ. ૧

કોશમાડા.

રા. રા. ગોપાળજી ગોવિંદરાજી. ૮

કરજણ.

રા. રા. દુલભભાઇ ભીમભાઇ.૧૦

અમલેશ્વર.

રા. રા. રણછોડજી નાગરજી. ૫

અંકલેશ્વર.

રા. રા. કાળીદાસ મનોરભાઇ ૫

મુંબાઇ.

રા. રા. પ્રાણભાઈ નીછાભાઇ. ૧
,, ગોરધન ભીમજી. ૧
,, લાલજી સુંદરજી ૧
,, કલ્યાણજી ગોવિંદજી. ૧

દઠાળ.

રા. રા. ભગવાનજી મંછારામ. ૨

વડનગર.

રા. રા. નટવરલાલ છોટાલાલ ૧
,, નરશીલાલ જગજીવનદાસ૧

પીપલગ ભાણ.

રા. રા. રણછોડજી ડાહ્યાભાઇ. ૨

પેટલાદ.

રા. રા. ખંડુભાઇ નાગરજી. ૨

જંબુસર.

રા. રા. રામપ્રસાદ કાશીભાઈ. ૧

પીંજરત.

રા. રા. ખંડુભાઇ ખુશાલભાઇ. ૧

ચિત્રાવડ.

રા. રા. શેવકરામ વિશ્વનાથ ગવળ૧

સિસોદ્રા.

રા. રા. મોતીલાલ સાલીગરામ. ૧

પારખેત.

રા. રા. જોશી ધીરજરામ જય-
શંકર. ૧

કોસંબા.

રા. રા. વલ્લભભાઇ રઘનાથજી ૧

પીપલધરા.

રા. રા. લલ્લુભાઇ કલ્યાણજી. ૧

વેસદડા.

રા. રા. જમનાશંકર કૃષ્ણરામ
" મણીશંકર હીરપાશંકર. ૧

વાંશી.

રા. રા. રેવાશંકર ગીરધરલાલ
ભટ. ૧



